# પ્રસાદ નં. 303

## સમયસાર ગાથા ૨૮૨

*(શ્રાવણ વદ ૧૨, બુધવાર, સવારે, ૨૦૦૭)*

જુઓ! અનંતકાળમાં પ્રથમ તો મનુષ્યદેહ મળવો મુશ્કેલ છે, અને તેમાં પણ આત્માના સ્વરૂપનું સાચું શ્રવણ મળવું અનંતકાળે દુર્લભ છે. આત્માના ભાન વગર અનાદિકાળથી જીવ સંસારની ચાર ગતિમાં રખડે છે, તેમાં મનુષ્યની સંખ્યા બહુ થોડી છે અને મનુષ્ય-દેહ મળે તેવા ભાવ કરનારા જીવો પણ ઘણા થોડા છે, મનુષ્યભવમાં સત્યનું શ્રવણ પણ મહાદુર્લભ છે, સત્યના શ્રવણ વગર તેની રુચિ ક્યારે કરે ?

અત્યારે આત્મસ્વભાવની ઘણી સરસ વાત આવી છે, સાધારણ વાત તો અનંતવાર સાંભળી છે, પણ આ આત્મતત્ત્વની ઊંચી વાત કદી નથી સમજ્યો. રાજા થયો ને દયા-દાન કરીને સ્વર્ગમાં ગયો, પણ વાસ્તવિક આત્મતત્ત્વના ભાન વગર કલ્યાણ થયું નહિ, આત્મા એક પદાર્થ છે; તેને કર્મ વગેરે બીજા તત્ત્વો સાથે જે સંયોગ દેખાય છે તેનું કારણ શું? પોતાના સ્વભાવથી વસ્તુમાં વિકાર-દુઃખ કે સંયોગ ન હોય. આત્માને નહિ જાણવાથી અજ્ઞાની અનંતકાળથી બંધાયેલો છે, સંસારમાં જે વસ્તુ લેવી હોય તે વસ્તુને પહેલાં ઓળખે છે, તેના ભાવ-તાલ જાણે છે, તો જેને ધર્મ કરવો હોય તેણે, આ આત્માને ધર્મ કેમ થાય? તે પ્રથમ ઓળખવું જોઈએ. આત્મવસ્તુ શું છે તેને ઓળખ્યા વિના ધર્મ થાય નહિ, આત્માનો મૂળ સ્વભાવ તો સ્વચ્છ જ્ઞાતાદ્રષ્ટા છે; એવા સ્વભાવનો જે અજાણ છે એવા અજ્ઞાની જીવને જે રાગ-દ્વેષ-મોહાદિ પરિણામો છે, તે જ બંધનું કારણ છે.

યથાર્થ તત્ત્વનો નિર્ણય કરવો–તે અનંતકાળે નહિ કરેલી એવી ક્રિયા છે; આવી સત્ય વાત જ્યાં સાંભળવા મળે ત્યાં વારંવાર સમાગમ કરવો જોઈએ, સ્વાધ્યાય અને ચર્ચા-વિચારણા કરીને તત્ત્વને નક્કી કરવું જોઈએ, તે પણ ધર્મની ક્રિયા છે. ધર્મીને સ્વભાવદ્રષ્ટિમાં 'આત્મા' જ છે એટલે તેને તો જૂનું કર્મ નિમિત્તપણે પણ નથી, અજ્ઞાનીને દ્રષ્ટિમાં આત્મા નથી એટલે તેને જ કર્મ નિમિત્તરૂપે છે, જ્ઞાનીને સ્વભાવનો ઉદય છે ને કર્મનો ઉદય નથી, અજ્ઞાનીને કર્મનો ઉદય છે ને સ્વભાવનો ઉદય નથી, ધર્મી ગૃહસ્થપણામાં હોય ને અલ્પ રાગ-દ્વેષ થતા હોય તોપણ સ્વભાવદ્રષ્ટિમાં તેને ગણ્યા જ નથી.

પૂર્વે વિકારભાવ કરેલો તેનાથી જે કર્મ બંધાયું, તે કર્મ ફરીને રાગ-દ્વેષ-મોહનું નિમિત્ત કોને થાય ? કે જેને આત્માનો વિશ્વાસ નથી અને કર્મ તરફ જ વલણ છે એવા અજ્ઞાનીને જ પૂર્વ કર્મ રાગ-દ્વેષ-મોહનું નિમિત્ત થાય છે. ધર્મીને તો સ્વભાવની દ્રષ્ટિના પરિણમનને લીધે શુદ્ધતા જ વધતી જાય છે. અજ્ઞાનીને નિમિત્તાધીન દ્રષ્ટિ હોવાથી, કર્મના નિમિત્તે જે રાગ-દ્વેષ- મોહાદિ ભાવો થાય છે, તે જ નવાં કર્મબંધનનું કારણ છે, અને તે નવાં કર્મો તે અજ્ઞાનીને ફરીને ઉદય વખતે પણ મોહ ભાવમાં નિમિત્ત થશે. પરમેશ્વરની પ્રતીતિ નથી ને કર્મના નિમિત્ત ઉપર દ્રષ્ટિ છે, તેવા અજ્ઞાનીને કર્મની પરંપરા ચાલ્યા કરે છે. નિમિત્ત ઉપર દ્રષ્ટિ હોવાથી, તેને કર્મ સાથેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ રહ્યા જ કરે છે. દ્રવ્યના સ્વભાવને જાણ્યા વિના મિથ્યાબુદ્ધિ ટળશે નહિ, અજ્ઞાનીને વર્તમાન તો મિથ્યાત્વ છે, ને ભવિષ્યમાં પણ કર્મના ઉદય વખતે તેને મિથ્યાત્વ જ થશે, કેમકે તે જ્યાં જ્યાં જશે—સમવસરણમાં જશે, તોપણ ત્યાં તેની દ્રષ્ટિ  તો સંયોગ અને વિકાર ઉપર જ પડી છે એટલે તે વખતે પણ તે મિથ્યાત્વભાવને જ ઉત્પન્ન કરે છે.

સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા જીવને કદાચિત્ અલ્પ રાગાદિ હોય તોપણ તેને દ્રષ્ટિના જોરમાં બંધન થતું જ નથી. જુઓ! એકવાર આત્મા માટે એમ ઊછાળો આવવો જોઈએ કે અરે! મારા અજાણપણે મારે સંસાર રહે તે કેમ પાલવે! સાદિ-અનંતકાળ આત્માને માટે આપીને પણ મારે મારું હિત કરવું છે—એમ આત્માની ધગશ કરીને સત્સમાગમ કરવો જોઈએ, વારંવાર અંદરમાં પરિચય કરવો જોઈએ. આ તો જેને આત્માના જન્મ-મરણ ટાળવાં હોય તેને માટે વાત છે.

મિથ્યાદ્રષ્ટિ જીવ કદાચ પુણ્ય બાંધશે અને સમવસરણમાં જશે તો ત્યાં પણ તે કર્મના ઉદયમાં દ્રષ્ટિ રાખીને ફરીને મિથ્યાત્વ જ ઉત્પન્ન કરશે, તેને નિમિત્તાધીન દ્રષ્ટિમાં પુણ્ય ભવિષ્યમાં ધર્મનું નિમિત્ત નહિ થાય, પણ તે પુણ્યના ઉદય વખતે પણ તે તો તેને મિથ્યાત્વનું જ નિમિત્ત થશે, 'અજ્ઞાનીને કર્મ વિકાર કરાવે છે' એમ નથી પણ દ્રષ્ટિ ઊંધી છે તેથી તેને કર્મ ફરી ફરીને મિથ્યાત્વનું જ નિમિત્ત થાય છે. તેની પોતાની રુચિ જ ઊંધી છે, ત્યાં ભગવાન શું કરે! ભગવાન પાસે જઈને પણ તે ભગવાનને સમ્યક્ત્વનું નિમિત્ત નહિ બનાવે પણ કર્મને જ નિમિત્ત બનાવીને મિથ્યાત્વભાવને કરશે. એ રીતે આ બંધ અધિકારમાં અજ્ઞાનીને જ બંધન ગણ્યું છે, અજ્ઞાનીને ઊંધા ભાવમાં ભવિષ્યમાં કર્મનું નિમિત્તપણું આવશે પણ સત્સમાગમનું નિમિત્તપણું તેને નહિ થાય.

''અત્યારે પુણ્ય કરીને પછી ભગવાન પાસે જશું અને ત્યાં ભગવાનના નિમિત્તે નિશ્ચય સમ્યક્ત્વ પામશું'' એમ કેટલાક કહે છે, તેની દ્રષ્ટિ ઊંધી છે.

ભવિષ્યમાં પણ તેને કર્મ જ મિથ્યાત્વનું નિમિત્ત થશે, કેમકે તેની દ્રષ્ટિ પહેલેથી જ કર્મ ઉપર પડી છે, માટે તેવા અજ્ઞાનીને જ રાગ-દ્વેષ-મોહ પરિણામથી બંધન છે.

આત્મવસ્તુ પોતે વિકારની કર્તા નથી, વિકારનું કર્તૃત્વ પર્યાયબુદ્ધિમાં છે. સ્વભાવથી તો આત્મા રાગાદિકનો અકર્તા જ છે, આવા સ્વભાવને ચૂકીને એકલા વર્તમાન પૂરતા વિકારને જ જે ભાવે છે તે અજ્ઞાની છે, તેને અહીં 'આત્મા' ગણ્યો નથી. ત્રિકાળી સ્વભાવ રાગ રહિત છે તે સ્વભાવની દ્રષ્ટિથી જે રાગનો અકર્તા થયો તેને જ અહીં "આત્મા" ગણ્યો છે.

અહીં શિષ્ય પૂછે છે કે પ્રભો ! આત્મા રાગાદિકનો અકારક જ શી રીતે છે? શિષ્યને એટલી વાત તો બેઠી છે કે આખો આત્મા કાંઈ રાગાદિકનો કર્તા નથી, જો આત્મા રાગાદિકનો કર્તા હોય તો તે કદી ટળી ન શકે, તેથી પ્રશ્ન પૂછયો કે પ્રભો! આત્મા રાગાદિકનો અકારક જ શી રીતે છે ? તેનું સમાધાન આચાર્યદેવ આગમનું પ્રમાણ આપીને ત્રણ ગાથામાં કરે છે :—

**અણ પ્રતિક્રમણ દ્વયવિધ, અણપચ્ચખાણ પણ દ્વયવિધ છે,**
**—એ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૩**
**અણપ્રતિક્રમણ બે—દ્રવ્યભાવે, એમ અણપચ્ચખાણ છે,**
**—આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૪**
**અણપ્રતિક્રમણ વળી એમ અણપચ્ચખાણ દ્રવ્યનું, ભાવનું,**
**આત્મા કરે છે ત્યાં લગી, કર્તા બને છે જાણવું. ૨૮૫.**

આગમ કેવા હોય અને આગમની આજ્ઞા શું છે તે વાત પણ આમાં આવી જાય છે, આ અલૌકિક ગાથાઓ છે, પહેલાં સ્ફટિકના દ્રષ્ટાંતે યુક્તિથી તે આત્મા રાગાદિકનો અકર્તા છે તે વાત કહેવાઈ ગઈ છે. અહીં આગમનો આધાર આપીને તે વાત સમજાવે છે.

ટીકા :—આત્મા પોતાથી રાગાદિનો અકારક જ છે; કારણ કે, જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિભાવોનો કારક હોય તો) અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ.

રાગાદિભાવને કરવાનો જો આત્માનો સ્વભાવ હોય તો તે રાગાદિ રહિત કદી થઈ શકે નહિ, વસ્તુસ્વભાવથી જોતાં આત્મા વ્યવહાર રત્નત્રયના રાગનો પણ અકર્તા જ છે–આવા આત્માની દ્રષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે અને એ જ ધર્મ છે. "વિકાર છોડ" એવો જે આગમનો હુકમ છે, તે એમ બતાવે છે કે વિકાર કરવાનો આત્માનો સ્વભાવ નથી, જેમ ઘરમાં ઊંચો દાગીનો આવતાં બધાય માણસો તેને

જોવા ભેગા થાય છે, તેમ ખરી રીતે તો આવા આત્માના સ્વભાવને જોવા માટે બધાએ ભેગા થવું જોઈએ.

આત્મા વિકારનો અકર્તા જ છે કેમકે જો આત્મા પોતે વિકારનો કર્તા હોય તો વિકારને છોડવાનો આગમનો જે હુકમ છે તેમાં વિરોધ આવે છે—કઈ રીતે? તે વિશેષ કહેવાશે.

# પ્રસાદ નં. ૩૦૪

## સમયસાર ગાથા ૨૮૩-૮૪-૮૫

*(શ્રાવણ વદ ૧૩, ગુરુવાર, ૨૦૦૭)*

આ અધિકાર સૂક્ષ્મ અને અપૂર્વ છે.

આત્મા કાયમ જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. તેમાં સ્વભાવથી વિકાર નથી, વિકાર તો ક્ષણે ક્ષણે પરાશ્રયે ઉત્પન્ન થઈ નાશ પામે છે, આચાર્ય ભગવાન કહે છે કે વસ્તુ સ્વભાવથી જોતાં તો આત્મા વિકારનો અકારક જ છે, માટે "તું વિકારને છોડ" એવો આગમનો ઉપદેશ છે, જો વિકારનો કર્તા થવાનો આત્માનો સ્વભાવ હોય તો તે છોડવાનો ઉપદેશ કેમ હોય?

જીવ પર ઉપર રુચિ કરે તો અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન રહે છે, તેનો અર્થ એ થયો કે સ્વભાવ ઉપર દ્રષ્ટિ કરે તો તે વિકારનો કર્તા નથી, 'મારો આત્મસ્વભાવ ઠીક નહિ ને પર પદાર્થ હોય તો મને ઠીક' એવો જે ભાવ છે તે બંધનભાવ છે, જ્યાં સુધી પરને અને પરના આશ્રયે થતા વિકારને ઠીક માને ત્યાં સુધી જીવને અપ્રતિક્રમણ છે; પણ "તું પરદ્રવ્યના આશ્રયે થતા વિકારની રુચિ છોડ" એવો જે ભગવાનનો ઉપદેશ છે તે એમ જણાવે છે કે ખરેખર આત્મા સ્વભાવથી વિકારનો કર્તા નથી. "પરથી તું પાછો ફર"—એવો જે ઉપદેશ છે, તે આત્માના અકર્તાપણાને જ જાહેર કરે છે, જો આત્મા વિકારનો અકર્તા ન હોય તો "તું પરથી પાછો ફર ને સ્વતરફ વળ"—એવો ઉપદેશ જ ન બની શકે.

ભગવાન! તું એકવાર આત્માને જો તો ખરો, કે મારો આત્મા વિભાવનો અકર્તા જ છે; સ્વભાવની દ્રષ્ટિથી જોતાં, આત્માને વિભાવનું કર્તાપણું છે જ નહિ, પર નિમિત્ત અને તેના લક્ષે થતો વિકારભાવ, તેની સંધિ તોડ, એવો ઉપદેશ આત્માના અકર્તાપણાને જાહેર કરે છે.

પૂર્વે મને અમુક પરવસ્તુ મળી તો ઠીક અને પૂર્વે મને વિભાવ થયો તે ઠીક—એવો ભાવ તે અપ્રતિક્રમણ છે, ને ભવિષ્યમાં તીર્થંકર વગેરે પરવસ્તુ મળે તો ઠીક, તેના લક્ષે થતો વિભાવ ઠીક એવો ભાવ તે અપ્રત્યાખ્યાન છે, તે ભાવને તું છોડ એવો ઉપદેશ છે, તે વિભાવોનું અનિત્યપણું બતાવે છે, ને સ્વભાવનું નિત્યપણું બતાવે છે, માટે આત્મા સ્વભાવથી, તે વિભાવનો કર્તા નથી. આત્મા પરભાવોથી પાછો ખસીને સ્વભાવ તરફ આવી શકે છે કેમકે વિભાવ તે આત્માનો સ્વભાવ નથી.

ચિદાનંદસ્વરૂપ ભગવાન આત્મા ક્ષણિક વિકારનો કર્તા નથી. તું પર ઉપર લક્ષ ન કર, તું પરલક્ષે થતા વિભાવને સારા ન માન, એવો જે ઉપદેશ છે તે આત્માના અકર્તાપણાને જાહેર કરે છે, વિકાર તે કાયમની ચીજ નથી, પર નિમિત્તનું લક્ષ કાયમની ચીજ નથી. તે ક્ષણિક છે. તે ક્ષણિકભાવોને તું છોડ, એટલે કે તેના કર્તાપણાને છોડીને સ્વભાવ તરફ વળ, આવો ઉપદેશ આત્માને સ્વભાવથી વિકારનું અકર્તાપણું બતાવે છે.

ભૂતકાળના કે ભવિષ્યકાળના વિભાવની રુચિ તો વર્તમાનમાં છૂટે છે, વર્તમાનમાં સ્વ તરફ વળ્યો ત્યાં ભૂત-ભવિષ્યનું અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન છૂટી ગયું. માટે નક્કી થાય છે કે ભગવાન આત્મા સ્વભાવથી વિકારનો અકર્તા જ છે. જે અજ્ઞાની જીવ પર્યાયદ્રષ્ટિથી વિકારનો કર્તા થઈ રહ્યો છે તેને આ સમજાવે છે કે જો ભાઈ ! સ્વભાવદ્રષ્ટિથી તું વિકારનો અકર્તા છો, માટે વિકારની અને નિમિત્તની દ્રષ્ટિ છોડ.

"અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ (બે પ્રકારનો) ઉપદેશ છે તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો, આત્માના અકર્તાપણાને જ જણાવે છે."

(૧) પૂર્વના પરદ્રવ્યથી પાછું ન ખસવું, તે દ્રવ્ય અપ્રતિક્રમણ છે.

(૨) પૂર્વના વિભાવથી પાછું ન ખસવું, તે ભાવ અપ્રતિક્રમણ છે.

—એમ દ્વિવિધ અપ્રતિક્રમણ છે.

(૧) ભવિષ્યમાં આ પરદ્રવ્ય મળે તો ઠીક, એવો ભાવ તે દ્રવ્ય અપ્રત્યાખ્યાન છે.

(૨) ભવિષ્યનો વિકારભાવ ઠીક, એવો ભાવ તે ભાવ અપ્રત્યાખ્યાન છે.

—એમ બે પ્રકારે અપ્રત્યાખ્યાન છે.

આ બન્ને પ્રકારના અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન છોડવા જેવા છે. એવો જે આગમંનો ઉપદેશ છે તે આત્માના અકર્તાપણાને જ બતાવે છે. જો આત્મા સ્વભાવથી તેનો કર્તા હોય તો તે છોડવાનો ઉપદેશ હોઈ શકે નહિ. દ્રવ્ય અને ભાવના ભેદથી જે અપ્રતિક્રમણનો ઉપદેશ છે તે એમ જાહેર કરે છે કે પરદ્રવ્ય તે નિમિત્ત છે, ને તેના આધારે થતો વિકારભાવ નૈમિત્તિક છે, આમ વિકારમાં પર સાથેના નિમિત્ત–નૈમિત્તિકપણાની જાહેરાત થાય છે, પણ તેમાં આત્માની જાહેરાત થતી નથી. એટલે કે દ્રવ્ય અને ભાવનો જે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે તે આત્માનું

અકર્તાપણું બતાવે છે. નિમિત્ત-નૈમિત્તિકસંબંધ દ્રષ્ટિ છે ત્યાં સુધી જ આત્માને અપ્રતિક્રમણાદિનું કર્તાપણું છે, પણ સ્વભાવથી, આત્મા વિકારનો કર્તા નથી.

અહીં જે દ્રવ્ય અને ભાવનું નિમિત્ત—નૈમિત્તિકપણું છે તે અજ્ઞાનીને જ છે, ને તે જ બંધનનું કારણ છે. જ્ઞાનીને સ્વભાવની દ્રષ્ટિમાં પર સાથે નિમિત્ત–નૈમિત્તિકપણું તૂટી ગયું છે, આત્મા સિવાય જગતની, બધી ચીજો પરદ્રવ્ય છે, તેની રુચિથી મિથ્યાત્વની ઉત્પત્તિ થાય છે, તું પરની રુચિ છોડ ને સ્વભાવ તરફ વળ–એવો ઉપદેશ ક્યારે બને? કે સ્વભાવથી આત્મા વિકારનો અકર્તા જ હોય તો જ તે ઉપદેશ બની શકે.

વિકારભાવ તે નૈમિત્તિક, ને પરદ્રવ્ય તે નિમિત્ત, એમ વિકારનું નિમિત્ત—નૈમિત્તિકપણું પર સાથે છે, પણ આત્માના સ્વભાવ સાથે નથી, માટે આત્મા તેનો અકર્તા જ છે. આવા આત્મસ્વભાવની રુચિ થતાં જ મિથ્યાત્વનું પ્રતિક્રમણ થઈ જાય છે. મિથ્યાત્વનું પ્રતિક્રમણ કરવું પડતું નથી, પણ જ્યાં સ્વભાવ તરફ વળ્યો ત્યાં મિથ્યાત્વનું પ્રતિક્રમણ થઈ જ જાય છે.

જુઓ! આ પ્રતિક્રમણ કરવાની વાત ચાલે છે, પહેલું પ્રતિક્રમણ મિથ્યાત્વનું થાય છે; જેણે મિથ્યાત્વનું પ્રતિક્રમણ કરવું હોય તેણે શું કરવું? કે આત્માનો જ્ઞાનસ્વભાવ વિકારનો અકર્તા છે, એમ સમજીને તે સ્વભાવની દ્રષ્ટિ કરતાં મિથ્યાત્વનું પ્રતિક્રમણ થઈ જાય છે, ને ભવિષ્યના મિથ્યાત્વનું પ્રત્યાખ્યાન પણ ભેગું જ થઈ જાય છે.

વિભાવમાં પરદ્રવ્ય નિમિત્ત છે. વિભાવ પરના આશ્રયે થાય છે. પણ આત્માના આશ્રયે થતો નથી, માટે આત્મા વિકારનો અકર્તા છે, ભગવાન આત્માનો સ્વભાવ પરનાં અવલંબન વિનાનો છે, ને પરાવલંબને થતા વિકાર વિનાનો છે, એને ન માનતાં જેણે એક પણ પરદ્રવ્યની કે પરના આશ્રયે થતાં વિકારની રુચિ કરી, તેણે ત્રણેકાળના વિભાવનું અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાન છે. તે છોડીને જો તારે ધર્મ કરવો હોય તો પરવસ્તુ અને તેના આશ્રયે થતા વિભાવથી રહિત એવો ચૈતન્યસ્વભાવ કાયમ છે તેની દ્રષ્ટિ કર, જેણે અંતર્મુખ દ્રષ્ટિ છોડીને બહુર્મુખ વલણથી લાભ માન્યો તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે. તું પરચીજની અને પરચીજના આશ્રયે થતા વિકારની રુચિ છોડ ને સ્વભાવની રુચિ કર, એવો સર્વજ્ઞના આગમનો હુકમ છે, તે આત્માને વિકારનું અકર્તાપણું છે એમ જાહેર કરે છે.

સમ્યગ્દ્રષ્ટિને સ્વભાવની ભાવના હોય છે, આત્માનો સ્વભાવ પોતે વિકારનું કારણ નથી, વિકારનું નિમિત્ત પરવસ્તુ જ છે, આમ જે દ્રવ્ય અને ભાવનો સંબંધ ભગવાને કહ્યો છે તે આત્માના અકર્તાપણાને જાહેર કરે છે. જેણે નિમિત્ત–

નૈમિત્તિકની સંધિ તોડી નાંખી ને સ્વભાવ સાથે સંધિ જોડી તે વિકારનો કર્તા થતો નથી. રાગ અને નિમિત્તના સંબંધને જાહેર કરતું જ્ઞાન આત્માના સ્વભાવમાં જોડાણ કરે છે ને નિમિત્ત સાથેના સંબંધને તોડી નાખે છે, માટે આત્મા વિભાવનો અકર્તા છે. આવા આત્માની દ્રષ્ટિ કરવી તે ધર્મ છે.

આ વાત સમજ્યા વિના મિથ્યાત્વનાં મૂળ ઊખડે નહિ,

સ્વભાવને ન અનુમોદતાં નિમિત્ત–નૈમિત્તિકભાવને અનુમોદવો તે જ મિથ્યાત્વનું મૂળ છે ને પર સાથેના નિમિત્ત નૈમિત્તિક સંબંધની દ્રષ્ટિ છોડીને સ્વભાવ સામે જોવું તે ધર્મનું મૂળ છે. ***

# પ્રસાદ નં. ૩૦૫
## સમયસાર ગાથા : ૨૮૩-૨૮૪-૨૮૫

*(શ્રાવણ વદ ૧૪, શુક્રવાર, સવારે, ૨૦૦૭)*

આત્માના સ્વભાવથી જુદા જેટલા પરપદાર્થો છે તે બધાય નિમિત્ત છે અને તેના આશ્રયે થતો વિકારભાવ તે નૈમિત્તિક છે. આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તે જ બંધનનું કારણ છે; એટલે અજ્ઞાનીને જે નિમિત્ત તરફની બુદ્ધિ છે, તે જ મિથ્યાત્વ અને સંસારનું કારણ છે.

આત્મા સિવાયની કોઈપણ બીજી ચીજ મને ઠીક છે, એવી માન્યતા તે મિથ્યાદ્રષ્ટિનું અપ્રતિક્રમણ છે. ભવિષ્યમાં કોઈપણ પરપદાર્થ મળે તો ઠીક એવો જે અત્યાગભાવ રહેવો તેનું નામ મિથ્યાદ્રષ્ટિનું અપ્રત્યાખ્યાન છે, પોતાનો વાસ્તવિક સ્વભાવ શું છે તેના ઉપર અનાદિથી દ્રષ્ટિ કરી નથી ને પરચીજ હોય તો ઠીક એમ માન્યું તે જ સંસારનું મૂળ છે. પરચીજમાં પછી દેવ-ગુરુ-શાસ્ત્ર હોય, કે સ્ત્રી-કુટુંબ-શરીર હોય, તે કોઈથી પણ લાભ-નુકશાન માને તો તેને આત્માના સ્વભાવની રુચિ નથી, પણ નિમિત્તની રુચિ છે. આત્માના સ્વભાવથી બંધન થાય નહિ પણ નિમિત્તના સંબંધની બુદ્ધિથી જ બંધન છે.

આ બંધ-અધિકાર છે, બંધનો અધિકારી કોણ છે?—કે અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ જીવ બંધનો અધિકારી છે, કેમકે તેને નિમિત્તના આશ્રયની બુદ્ધિ છે, તે જ બંધનું કારણ છે; આત્માના સ્વભાવથી બંધન નથી, બંધનો ભાવ પર નિમિત્તના સંગથી જ થાય છે, તે એમ જણાવે છે કે આત્મા સ્વભાવથી તો તેનો અકર્તા છે.

પરદ્રવ્ય નિમિત્ત છે ને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે. આત્માનો સ્વભાવ પોતે રાગાદિકનું નિમિત્ત નથી. માટે આત્મા રાગાદિનો અકર્તા જ છે. આત્મા સિદ્ધ સમાન છે એવી દ્રષ્ટિ જ્યાં સુધી ન કરે અને રાગાદિને જ પોતાનું સ્વરૂપ માનીને તેનો કર્તા થાય ત્યાં સુધી તે જીવ મિથ્યાત્વનું પ્રતિક્રમણ કરતો નથી. પરદ્રવ્ય તરફ વળે છે, તે ભાવ જ અપ્રતિક્રમણ છે. સ્વભાવ ઉપર દ્રષ્ટિ થતાં ધર્મી જીવને નિમિત્ત સાથેના સંબંધની બુદ્ધિ છૂટી ગઈ છે, એટલે તે રાગાદિભાવનો કર્તા થતો નથી.

અજ્ઞાનીને જે મિથ્યાત્વાદિ ભાવ છે તે આત્માના આશ્રયે થયેલો નથી. પણ પર તરફના જ વલણથી થયેલો છે; એટલે પરવસ્તુ નિમિત્ત છે ને આત્માનો વિકારભાવ નૈમિત્તિક છે; જો એમ ન માનવામાં આવે તો દ્રવ્ય અપ્રતિક્રમણ અને દ્રવ્ય અપ્રત્યાખ્યાનનો કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય, અને તે નિરર્થક થતાં એક આત્માને—સ્વભાવથી જ—રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં નિત્ય કર્તાપણાનો પ્રસંગ આવવાથી મોક્ષનો અભાવ ઠરે.

આત્માનો અત્યાગભાવ તે નૈમિત્તિક અને પરવસ્તુ નિમિત્ત એનો જે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, તે જ બંધનનું કારણ છે. ગયા કાળે જે પરદ્રવ્યને સારા માન્યાં

તેનું અપ્રતિક્રમણ અને ભવિષ્યમાં જે પરદ્રવ્યને સારાં માને તેનું અપ્રત્યાખ્યાન છે, તેમાં પર સાથે નિમિત્ત-નૈમિત્તિકપણું છે, સ્વભાવની દ્રષ્ટિમાં બંધન થાય નહિ, આત્માની દ્રષ્ટિ છોડીને નિમિત્તને પકડે છે તે જીવ નિમિત્તનું અપ્રતિક્રમણ કરે છે. નિમિત્ત તરફનો વલણભાવ જ બંધનનું કારણ છે, એમ કહેતાં આત્માનો સ્વભાવ બંધનનું કારણ નથી એમ નક્કી થાય છે. પરદ્રવ્ય વિકારમાં નિમિત્ત છે, માટે પર નિમિત્ત તરફના વલણને પાછું ખેંચ—એમ ભગવાને ઉપદેશ કર્યો છે. તે આત્માના અકર્તાપણાને બતાવે છે. જો આત્મા સ્વભાવથી જ વિકારનો કર્તા હોય તો જે દ્રવ્ય અપ્રતિક્રમણ અને દ્રવ્ય અપ્રત્યાખ્યાનનો ઉપદેશ છે તે નિરર્થક થાય, અહીં આત્મા રાગાદિભાવનો અકર્તા કઈ રીતે છે તે સમજાવવું છે. આ વાત મુદ્દાની છે.

**“બંધનનું નિમિત્ત કોણ ?**
**બંધનનું નિમિત્ત આત્મા નથી પણ પર છે.”**

આત્મા એટલે ત્રિકાળી સ્વભાવ. તે બંધનનું નિમિત્ત નથી, પણ પરવસ્તુ જ બંધનનું નિમિત્ત છે, એટલે આત્માનો સ્વભાવ તે મોક્ષનું કારણ ને પરનિમિત્ત તરફનું વલણ તે બંધનનું કારણ છે. જે જીવ પરદ્રવ્યનું લક્ષ નથી છોડતો તે જીવને નિમિત્ત તરફના વલણથી બંધન થાય છે. આત્મા સિવાય પંચ પરમેષ્ઠી ભગવાન તરફનું વલણ તે પણ આત્માને બંધભાવનું કારણ છે ને આત્માના સ્વભાવ તરફનું વલણ તે જ મોક્ષનું કારણ છે. પરવસ્તુને જ બંધનનું નિમિત્ત કહ્યું તે એમ જાહેર કરે છે કે આત્મા પોતાના સ્વભાવથી તો બંધનનો અકર્તા જ છે. આવા આત્માને સમજે તે જીવ વિકારનો કર્તા થતો નથી.

જો પર નિમિત્ત વગર જ વિકાર થતો હોય તો તો આત્મા પોતે સ્વભાવથી જ વિકારનો કર્તા થઈ જાય. એટલે મોક્ષનો અભાવ ઠરે. જો આત્મા સ્વભાવથી જ રાગનો કર્તા હોય તો દ્રવ્ય અપ્રતિક્રમણ કહીને ભગવાને જે બંધનું નિમિત્ત બતાવ્યું છે તે નિરર્થક જાય, નિમિત્તના આશ્રય વિના વિકાર થતો નથી, એટલે કે આત્માનો સ્વભાવ પોતે વિકારનું કારણ નથી, એ રીતે આત્મા રાગાદિનો અકારક જ છે એમ ભગવાનના ઉપદેશથી સિદ્ધ થાય છે.

દ્રવ્યનું અપ્રતિક્રમણ તે બંધનું કારણ છે એમ કહીને આચાર્યદેવે નિમિત્તનો આશ્રય છોડવાનું કહ્યું છે, નિમિત્તના આશ્રયે ધર્મ થતો નથી, પણ સ્વભાવના આશ્રયે જ ધર્મ થાય છે. નિમિત્ત તરફનું વલણ જ દોષનું કારણ છે ને સ્વભાવ તો ગુણનું કારણ છે માટે સ્વભાવ તરફના વલણથી આત્મા બંધનનો અકર્તા જ છે.

જુઓ ભાઈ! અનંતકાળે માંડ મનુષ્યપણું મળ્યું છે, તેમાં આત્માની સમજણ વિના જો આંખ મીંચાણી તો મનુષ્યપણું સ્વપ્ના જેવું થઈ જશે. આત્માને ન સમજ્યો તો કીડીના ભવમાં અને માણસના ભવમાં શું ફેર? આત્માની સમજણ કોઈ બીજા પાસેથી મળી જાય તેમ નથી. અંતરમાં પોતાના આશ્રયે જ ભાન થાય છે. નિમિત્તના આશ્રયે તો બંધન થાય છે. સ્વભાવની સમજણમાં કોઈ બહારનું

કારણ નથી. અકારણીય સ્વભાવ દ્રષ્ટિમાં આવવો જોઈએ. ભલે રાગ હોય અને દેવ-ગુરુ-શાસ્ત્ર વિગેરે નિમિત્ત ઉપર લક્ષ જાય પણ જ્ઞાનીને ભાન છે કે મારો ધર્મ તો મારા આત્માના આશ્રયે જ છે, નિમિત્ત તરફના વલણવાળો જેટલો ભાવ છે તે બધોય રાગ છે—દોષ છે. નિમિત્તનો સંબંધ તો બંધનભાવને જાહેર કરે છે. બંધનભાવ નિમિત્તને આશ્રયે થાય છે ને સ્વભાવના આશ્રયે થતો નથી માટે સ્વભાવથી આત્મા રાગાદિનો કર્તા છે જ નહિ, આવા આત્માને સમજે તેને મિથ્યાત્વનું પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન થઈ જાય છે. આનું નામ પ્રથમ ધર્મ છે.

બાપુ ! તું શાંત થા ! જો તારે અનાદિના મિથ્યાત્વના મૂળિયાં ટાળવાં હોય તો એમ સમજ કે કોઈપણ પરદ્રવ્યના અવલંબને લાભ નથી. સ્વભાવના આશ્રયે લાભ છે.

નિમિત્તના આશ્રય વગર જ આત્મા પોતે સ્વભાવથી જો બંધનનું કારણ થાય તો આત્માને નિત્ય વિકારનું કર્તાપણું આવી પડે એટલે કદી મોક્ષ થાય નહિ માટે પરદ્રવ્ય જ આત્માને બંધનનું નિમિત્ત છે. નિમિત્ત તરફ વલણ કરે તેને જ બંધન થાય છે. સ્વભાવ તરફ વલણ કરે તેને બંધન થતું નથી. માટે આત્માને બંધનનું અકર્તાપણું સિદ્ધ થાય છે.

જેણે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને નિમિત્ત તરીકે રાખ્યાં છે, તે જીવને ગ્રહીત મિથ્યાત્વનું અપ્રતિક્રમણ છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનાં નિમિત્ત તરફ વલણ કરીને તેનાથી જેણે લાભ માન્યો છે તેને પણ મિથ્યાત્વનું અપ્રતિક્રમણ છે અને જ્ઞાનીને અસ્થિરતાથી જેટલું નિમિત્ત તરફ વલણ જાય છે તેટલો રાગભાવ થાય છે એ રીતે જેટલો પરદ્રવ્યનો આશ્રય ઊભો છે તેટલો તેટલો તે પ્રકારનો બંધનભાવ પણ ઊભો જ છે. જેને સ્વભાવ તરફ વલણ છે તેને પરનિમિત્ત સાથેનો સંબંધ છૂટી ગયો છે ને તે પ્રકારનો નૈમિત્તિકભાવ પણ છૂટી ગયો છે. જે નિમિત્તનો આશ્રય છોડતો નથી, તેને નૈમિત્તિક એવા રાગાદિભાવનો પણ ત્યાગ નથી. જેણે પરદ્રવ્યને લાભ કે નુકશાનનું કારણ માન્યું છે તેણે પરદ્રવ્યને મિથ્યાત્વનું નિમિત્ત બનાવ્યું છે, તેની રુચિ પર નિમિત્ત ઉપર ગઈ તે જ મિથ્યાત્વ છે, માટે પરવસ્તુ જ તેને મિથ્યાત્વનું નિમિત્ત છે; આત્માનો સ્વભાવ તો મિથ્યાત્વનું નિમિત્ત થતો નથી માટે આત્મા તો રાગાદિનો અકારક જ છે. આ પ્રમાણે સ્વભાવથી તો આત્માને અકર્તાપણું જ છે, એમ વસ્તુસ્વભાવ સિદ્ધ કર્યો. જેને તેવા આત્મસ્વભાવ ઉપર દ્રષ્ટિ છે તે જીવ તો સ્વભાવદ્રષ્ટિના પરિણમનમાં વિકારનો અકર્તા જ છે.

* * *

# પ્રસાદ નં. ૩૦૬

## સમયસાર ગાથા : ૨૮૩-૨૮૪-૨૮૫

*[શ્રાવણ વદ ૦)), શનિવાર, સવારે, ૨૦૦૭]*

જુઓ! આ આત્માની અપૂર્વ સૂક્ષ્મ વાત છે. ‘આત્મા મને ન સમજાય,’ એમ માને તો આત્માને સમજ્યા વિના ધર્મ ક્યાંથી થવાનો હતો ? કેવળજ્ઞાન તો આત્મામાંથી જ થવાનું છે, મારા આત્મામાં કેવળજ્ઞાન થવાની તાકાત છે, જે અનંતા સિદ્ધો થયા તેમની જ જાતનો હું છું, સિદ્ધ સમાન અશરીરી મારો આત્મા છે, સિદ્ધોની પંક્તિમાં બેસવાની મારી તાકાત છે—એમ અંતરમાં રુચિનો ઉલ્લાસ લાવીને આ વાત સમજવી જોઈએ, જે જીવ આવો આત્મસ્વભાવ સમજશે તે જ સિદ્ધપદને પામશે.

આત્માનો સ્વભાવ રાગાદિનો અકર્તા જ છે, એ વાત અહીં આચાર્યદેવ સમજાવે છે. ભગવાને અપ્રતિક્રમણ બે પ્રકારનું કહ્યું છે, એટલે આત્માના એકલા સ્વભાવની દ્રષ્ટિ ચૂકીને પર સાથે જોડાણ કરવું તેનું નામ અપ્રતિક્રમણ છે, સ્વભાવ સિવાય બીજા નિમિત્તનો સંગ કરે તો “બગડે બે” એટલે કે વિકારભાવની ઉત્પત્તિ થાય છે. પરચીજના નિમિત્ત તરફ વલણ હોય અને તે ભાવથી આત્માને લાભ થાય, એમ કદી બનતું નથી.

આત્મા સ્વભાવથી તો વિકારનો અકર્તા છે એ વાત સિદ્ધ કરી; તોપણ જ્યાં સુધી અજ્ઞાની જીવ નિમિત્તભૂત પરદ્રવ્યની દ્રષ્ટિ છોડીને સ્વભાવની દ્રષ્ટિ કરતો નથી ત્યાં સુધી તે વિકારનો કર્તા થાય છે; તે જ બંધનનું કારણ છે.

અહીં તો પહેલી જ ગાથામાં આચાર્ય ભગવાને આત્મામાં સિદ્ધપણું સ્થાપીને સમયસારની શરૂઆત કરી છે. જેમ સિદ્ધને વિકાર નથી તેમ આ આત્માના સ્વભાવમાં પણ વિકાર નથી. સિદ્ધમાં અને આ આત્મામાં ફેર માને તેને ધર્મની શરૂઆત થતી નથી. માટે પહેલાં અંદરથી ઉલ્લાસ આવવો જોઈએ કે જેટલી સિદ્ધની તાકાત છે તેટલી જ તાકાત મારમાં ભરી છે. એમ આત્માનો વિશ્વાસ કરીને આત્મા તરફ વલણ થતાં નિમિત્તો તરફનું વલણ છૂટી જાય છે એટલે નૈમિત્તિક વિકાર પણ છૂટી જાય છે, એનું નામ પ્રતિક્રમણ અને પચ્ચખાણરૂપ ધર્મ છે.

આત્માના સ્વભાવની દ્રષ્ટિ ચૂકીને જે નિમિત્ત તરફ વલણ કરે છે તે તો મિથ્યાદ્રષ્ટિ છે, તેને મિથ્યાત્વનું અપ્રતિક્રમણ છે.

(૧) જે જીવ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રથી લાભ માને છે, તે જીવને ગૃહીત મિથ્યાત્વના ભાવનો અત્યાગ છે.

(૨) જે જીવ કુદેવાદિને તો નથી માનતો પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના વલણથી લાભ માને છે, તે જીવને અગૃહીત મિથ્યાત્વનો અત્યાગ છે.

(૩) જેણે પોતાના સ્વભાવની દ્રષ્ટિ કરી છે ને પરથી લાભની બુદ્ધિ છોડી છે, તેને શ્રદ્ધા અપેક્ષાએ તો નિમિત્ત તરફનું વલણ છૂટી ગયું છે એટલે તેને મિથ્યાત્વનો તો ત્યાગ થયો છે છતાં જેટલું અસ્થિરતાથી નિમિત્ત તરફ વલણ જાય છે તેટલી રાગની ઉત્પત્તિ થાય છે ને તેટલું બંધન થાય છે. એટલે જેટલું નિમિત્ત તરફનું વલણ જાય તે બંધનનું જ કારણ છે. ને સ્વભાવ તરફના વલણથી બંધનની ઉત્પત્તિ થતી નથી માટે સ્વભાવથી આત્મા બંધનનો અકર્તા જ છે.

જીવ જ્યાં સુધી નિમિત્તના આશ્રયને છોડતો નથી ત્યાં સુધી નિમિત્તના આશ્રયે થતા નૈમિત્તિક ભાવને પણ છોડતો નથી. ચૈતન્ય સ્વભાવમાં દ્રષ્ટિ કરીને જેટલી એકાગ્રતા કરે તેટલું એકપણું (મોક્ષભાવ) ઉત્પન્ન થાય છે અને જેટલું પર તરફ વલણ જાય તેટલું દ્વૈતપણું (બંધભાવ) ઉત્પન્ન થાય છે.

આત્મા સિવાય પરચીજથી લાભ થાય એવી માન્યતાને જ્યારે આત્મા છોડે છે ને સ્વભાવની દ્રષ્ટિ કરે છે ત્યારે તે નિમિત્ત તરફના વલણથી થતા મિથ્યાત્વાદિભાવને છોડે છે, મિથ્યાત્વાદિભાવને છોડવા તે પણ ઉપચારથી છે; કેમકે જેટલું સ્વભાવ તરફ વલણ થયું તેટલો નિમિત્ત તરફના વલણવાળો વિકારીભાવ ઉત્પન્ન થતો નથી, તો કોને છોડે? માટે સ્વભાવ દ્રષ્ટિ કરીને તેમાં વળ્યો તે જ મિથ્યાત્વાદિનું પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન છે.

જુઓ; ભાઈ, સમ્યગ્જ્ઞાની તો પોતાના આત્માને આવો સમજે છે કે :-

**ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો;**
**મોહ મહાતમ આતમ અંગ, કિયો પરસંગ મહાતમકેરો,**
**જ્ઞાનકલા ઉપજી અબ મોહિ, કહૂં ગુણ નાટક આગમ કેરો,**
**જાસુ પ્રસાદ સધે શિવમારગ, વેગિ મિટે ભવવાસ-વસેરો.**

(સમયસાર નાટક, પૃષ્ઠ-૧૨)

જેને પર્યાયબુદ્ધિ તૂટીને સ્વભાવબુદ્ધિ પ્રગટ થઈ તેને જ્ઞાનકલા ઉપજી કહેવાય છે; ને સ્વભાવમાં વલણ થતાં પર નિમિત્ત તરફના વલણવાળા ભાવની ઉત્પત્તિ થતી નથી. પર તરફના વલણવાળો કોઈપણ ભાવ તે ધર્મ નથી. સિદ્ધ સમાન ચૈતન્યસ્વભાવ હું છું. મારામાં રાગનો કણિયો પણ નથી—એમ સર્વથા રાગ રહિત સ્વભાવની જ્યાં દ્રષ્ટિ થાય ત્યાં રાગ કેટલો મંદ પડી જાય! અને તેને લક્ષ્મી

વગેરે ઉપરની તીવ્ર મમતા તૂટી જ જાય, એટલે દાન, ભક્તિ વગેરેનો શુભભાવ સહેજે હોય જ, પણ અહીં શુભરાગની મુખ્યતા નથી; રાગ રહિત સ્વભાવ તે જ ધર્મ છે.

જે જીવ પોતાના સ્વભાવને જાણીને તે સ્વભાવ તરફ વલણ કરે છે, તે પર નિમિત્ત તરફના વલણને છોડે છે, એટલે નૈમિત્તિકભૂત વિકારી ભાવોને પણ છોડે છે, તેથી તે જીવ સાક્ષાત્ અકર્તા જ છે.

ભાવાર્થ : અતીતકાળમાં જે પરદ્રવ્યોનું ગ્રહણ કર્યું હતું તેમને વર્તમાનમાં સારા જાણવા, તેમના સંસ્કાર રહેવા, તેમના પ્રત્યે મમત્વ રહેવું, તે દ્રવ્ય અપ્રતિક્રમણ છે અને તે પરદ્રવ્યોના નિમિત્તે જા રાગાદિભાવો થયા હતા તેમને વર્તમાનમાં ભલા જાણવા, તેમના સંસ્કાર રહેવા, તેમના પ્રત્યે મમત્વ રહેવું, તે ભાવ અપ્રતિક્રમણ છે. તેવી રીતે આગામી કાળ સંબંધી પરદ્રવ્યોની વાંછા રાખવી, મમત્વ રાખવું, તે દ્રવ્ય અપ્રત્યાખ્યાન છે અને તે પરદ્રવ્યોના નિમિત્તે આગામી કાળમાં થનારા જે રાગાદિભાવો તેમની વાંછા રાખવી, મમત્વ રાખવું, તે ભાવ અપ્રત્યાખ્યાન છે.

પરાશ્રયે થતા કોઈપણ ભાવને જે સારો માને છે તેને પ્રતિક્રમણ કરતાં આવડતું નથી. નિમિત્ત કે નિમિત્તના આશ્રયે થતા વિકારીભાવને જે સારા માને છે તેને દ્રવ્યનું કે ભાવનું પ્રતિક્રમણ કરતાં આવડતું નથી, ભાવના તો પોતાના સ્વભાવની જ હોય, એ સિવાય કોઈ પર નિમિત્તની કે નિમિત્તના આશ્રયે થતાં ભાવની ભાવના કરવા જેવી નથી. પૂર્વે મહાવિદેહાદિ ક્ષેત્ર હતું તો ઠીક હતું અથવા મનુષ્યપણું મળ્યું, તેવો શુભભાવ પૂર્વે થયો તે ઠીક થયો, એમ જે માને છે તેને દ્રવ્યનું ને ભાવનું અપ્રતિક્રમણ છે, એટલે કે મિથ્યાત્વ છે. એ જ પ્રમાણે ભવિષ્યમાં કોઈ પર પદાર્થ મળે—તીર્થંકર ભગવાન મળે તો ઠીક તેમજ ભવિષ્યમાં શુભરાગ થાય તો ઠીક એમ જે માને, તે જીવને દ્રવ્યનું અને ભાવનું અપ્રત્યાખ્યાન છે.

કોઈ જીવે પૂર્વે તીર્થંકરપણું બાંધ્યું હોય તો પૂર્વે જે ભાવે તીર્થંકર પ્રકૃતિ બંધાણી તે ભાવને કે તે પ્રકૃતિને તે ધર્માત્મા સારાં માનતો નથી. એ જ પ્રમાણે ભવિષ્યમાં તીર્થંકરપ્રકૃતિ બંધાય તો ઠીક ને તેવો ભાવ થાય તો ઠીક—એવી ભાવના જ્ઞાનીને હોતી નથી.

અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન એ બંનેમાં દ્રવ્ય અને ભાવ એવા બે પ્રકાર છે, તે દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને બતાવે છે. એટલે કે વિકારીભાવો પર નિમિત્તના આશ્રયે થાય છે, એમ તે બતાવે છે, માટે આત્માના સ્વભાવથી વિકારભાવ થતા નથી, તેથી આત્મા રાગાદિનો અકર્તા છે, એક સમયમાં

અનંતગુણોથી શોભાયમાન, ચૈતન્ય જ્ઞાયક અમારો આત્મા જ સુંદર છે; શરીર સુંદર હો કે બેડોળ હો, તવંગર હો કે ગરીબ હો, રોગી હો કે નીરોગી હો, પુરુષ દેહ હો કે સ્ત્રીનો દેહ હો, તે કાંઈ અમે નથી, અમે તો જ્ઞાયક ચૈતન્યમૂર્તિ આત્મા છીએ—એમ ધર્માત્મા જાણે છે. ધર્માત્મા વિકારનો પણ કર્તા થતો નથી, તો પછી દેહ વગેરેનો કર્તા થાય એ કેમ બને? મારામાં તો સિદ્ધની સાથે બેસવાની તાકાત છે, એમ પોતાના સ્વભાવના આશ્રયે જ ધર્મ થાય છે, હે જીવ ! તારા સિવાય કોઈ બીજા પદાર્થના અવલંબને તારો ધર્મ નથી. ભગવાન ! તું તારા આત્મા સિવાય કોઈપણ બીજા પદાર્થના અવલંબને તારી હીનતા કે અધિકતા માનીશ નહિ, તારા સ્વભાવથી તારી પૂર્ણતા છે. તેનું અવલંબન કર ને પરનું અવલંબન છોડ, તે જ ધર્મ છે, એ સિવાય જેટલું પરનું અવલંબન છે, તે વિકારનું જ કારણ છે.

કોઈપણ નિમિત્ત તરફના વલણથી વિકાર જ થાય છે, એટલે વિકારને અને પરદ્રવ્યને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, પણ સ્વભાવ તરફના વલણથી વિકાર થતો નથી, પર તરફના વલણના અભાવમાં આત્માને વિકાર થતો નથી. માટે આત્મા સ્વભાવથી વિકારનો અકર્તા જ છે. સ્વભાવ તરફની એકતાથી આત્માને વિકાર થતો નથી, માટે એકલો આત્મા સ્વભાવ દ્રષ્ટિએ વિકારનો અકર્તા જ છે, તો પણ જ્યાં સુધી સ્વભાવની દ્રષ્ટિ અને એકાગ્રતા ન કરે, ને પર તરફની દ્રષ્ટિ અને એકાગ્રતાને ન છોડે ત્યાં સુધી તે આત્મા પરભાવને અને પરદ્રવ્યને પ્રતિક્રમતો તથા પચખતો નથી, એટલે કે તે વિકારનો કર્તા થાય છે. નિમિત્તના આશ્રયે જ વિકાર થાય છે પણ જો નિમિત્તના આશ્રયથી ખસે ને સ્વભાવનો આશ્રય કરે તો આત્મા વિકારનો કર્તા થતો નથી. એ રીતે સ્વભાવ તરફ જે આત્મા વળ્યો તે આત્મા સાક્ષાત્ અકર્તા છે.

પહેલાં સ્વભાવની દ્રષ્ટિ કરી ત્યાં મિથ્યાત્વનું પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન થઈ ગયું. તે આત્મા મિથ્યાત્વનો અકર્તા થયો.

પછી સ્વભાવમાં જેટલો લીન થયો તેટલું નિમિત્તનું અવલંબન તૂટયું એટલે તેટલું અસ્થિરતાનું પણ પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન થઈ ગયું. તે આત્મા અસ્થિરતાનો પણ અકર્તા થયો.

આ પ્રમાણે સમજીને, પર્યાય અને પરના નિમિત્ત-નૈમિત્તિક સંબંધની દ્રષ્ટિ છોડીને, પર્યાયને ત્રિકાળી સ્વભાવની સન્મુખ કરીને દ્રવ્ય-પર્યાયની એકતા કરવી તે ધર્મ છે, તે જ બધાનો સાર છે. (ગાથા-૨૮૩-૨૮૪-૨૮૫ પુરી)

* * *

# પ્રસાદ નં. ૩૦૭

## બંધ અધિકાર

## સમયસાર ગાથા : ૨૮૬-૨૮૭

*(ભાદરવા સુદ ૩, મંગળવાર, સવારે, ૨૦૦૭)*

આત્મા અનાદિ અનંત વસ્તુ છે, તે દેહથી જુદો પદાર્થ છે. તેને અનંતકાળથી પરિભ્રમણ કેમ થાય છે? અને તે કેમ ટળે? તે જાણ્યું નથી. કોઈ પરની કૃપાથી કલ્યાણ થાય, એવી જે મિથ્યા માન્યતા તે પરિભ્રમણનું કારણ છે. આત્મા સિવાયની ગમે તે ચીજ હો, તેનાથી લાભ થાય એવી જે માન્યતા છે, તે પોતાના સ્વભાવનો અનાદર છે અને તે જ સંસારનું મૂળ છે. સ્વભાવને ચૂકીને નિમિત્ત તરફની એકતાથી જે નૈમિત્તિક ભાવ થાય છે, તેનાથી જ રખડી રહ્યો છે. સ્વભાવ તરફ વળીને એકતા કરે તો નિર્મળતા અને ધર્મ થાય. તેને બદલે નિમિત્ત તરફના વલણથી મને નિર્મળતા થાય એવી માન્યતાને ભગવાન અધર્મ કહે છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બંધનું કારણ છે.

આત્મા સિવાય શરીર-મન-વાણી, સ્ત્રી-કુટુંબ-પરિવાર કે દેવ-ગુરુ-શાસ્ત્ર ગમે તે પરપદાર્થરૂપ નિમિત્ત તરફના લક્ષે થતો ભાવ તે વિકાર છે, અહીં મુનિની ભૂમિકામાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું દ્રષ્ટાંત આપ્યું છે. મુનિની ભૂમિકામાં સદોષ આહાર સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તૂટી જાય છે.

નિમિત્તની અનુકૂળતાથી લાભ થાય એમ માને, તેને તો આખે આખો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઊભો છે એટલે મિથ્યાત્વ છે. ધર્મીને સ્વભાવની દ્રષ્ટિમાં પર સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તૂટી ગયો છે, અસ્થિરતા પૂરતો જે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, તે અલ્પ રાગનું કારણ છે, ને તેટલું અલ્પ બંધન થાય છે. પહેલાં એ વાત સમજવી જોઈએ કે પર નિમિત્ત તરફનું વલણ મને લાભનું કારણ નથી. પણ સ્વભાવ તરફનું વલણ જ મને લાભનું કારણ છે. આમ સમજે તો નિમિત્ત તરફના વલણનું જોર તૂટી જાય. નિમિત્તથી લાભ થાય—એવી રુચિવાળાને ભગવાન મિથ્યાત્વ કહે છે. તે મિથ્યાત્વ ટળ્યા પછી પણ સદોષ આહાર કે પોતાને માટે કરેલો આહાર લેવા ઉપર લક્ષ જાય તો ત્યાં નૈમિત્તિક વિકારભાવ ઊભો છે, એટલે મુનિદશા હોતી નથી. મુનિદશામાં સ્વભાવની શાંતિ એવી વધી જાય છે કે

ત્યાં સદોષ આહાર કે પોતાના માટે કરાયેલા આહાર ઉપર લક્ષ જતું નથી. એટલે મુનિને સદોષ આહારનું નિમિત્તકર્તાપણું નથી, કેમકે નૈમિત્તિક એવા વિકારભાવનો પણ કર્તા તે થતો નથી. આવી સહજ નિર્ગ્રંથ મુનિદશા છે.

અત્યારે હિંદુસ્તાનમાં આવી મુનિદશાનાં દર્શન પણ દુર્લભ છે. આ જિંદગીમાં હજી તો આવા મુનિ જોયા નથી. મુનિદશા આવે ત્યારે અંતરના ભાનપૂર્વક વસ્ત્રાદિ રહિત નિર્ગ્રંથદશા હોય છે. આનાથી વિરુદ્ધ મુનિપણું માને તે વીતરાગદેવના વેરી, મિથ્યાદ્રષ્ટિ છે. આવું મુનિપણું આવ્યા વગર આત્મભાન રાખે તો સાધકદશા-બ્રહ્મચારીપણું—હોય, ચોથું-પાંચમું ગુણસ્થાન હોય, ત્યાં વસ્ત્રાદિ હોઈ શકે પણ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનરૂપ મુનિદશા તો તેને હોય નહિ. મુનિદશા ન હોય છતાં જો મુનિપણું માને તો સમ્યક્‌શ્રદ્ધા-જ્ઞાન પણ રહેતાં નથી.

આત્માના આનંદમાં ઝૂલતાં ઝૂલતાં, તત્ત્વજ્ઞાનપૂર્વક જેણે સદોષ આહાર પ્રત્યેની લાગણીને છોડી દીધી છે તેણે તે પ્રકારના વિકારીભાવને છોડ્યો છે. હું આહારનાં ગ્રહણ-ત્યાગનો કર્તા છું એવી જેની બુદ્ધિ છે તેને તત્ત્વજ્ઞાન નથી, નિમિત્તથી લાભ-નુકશાન માને તે એકાંત મિથ્યાદ્રષ્ટિ છે, તેનો ત્યાગ તત્ત્વજ્ઞાનપૂર્વક નથી; દયાદિના શુભભાવથી ધર્મ માને તેણે નિશ્ચય-વ્યવહારને એક માન્યા છે, તે એકાંત માન્યતા છે; જેણે નિશ્ચય-વ્યવહારને જુદા નથી જાણ્યા પણ એક માન્યા છે, તે એકાંત મિથ્યાત્વ છે. સ્વ-પર જુદા છે છતાં જેણે પરથી લાભ માન્યો તેને ભગવાને એકાંત મિથ્યાદ્રષ્ટિ કહ્યો છે. તે જીવ નિમિત્તાધીનદ્રષ્ટિથી વિકારનો કર્તા થાય છે એટલે પરનો પણ તે નિમિત્તકર્તા થાય છે. નિમિત્તથી લાભ-નુકશાનની જેને બુદ્ધિ છે તેને નૈમિત્તિકભાવમાં મિથ્યાત્વ ઊભું થાય છે.

બે હજાર વર્ષ પહેલાં આચાર્યદેવે તીર્થંકરની વાણીને જાહેર કરી છે કે જો ભાઈ, મુનિદશા તો તત્ત્વજ્ઞાનપૂર્વક જ હોય. તત્ત્વજ્ઞાન વગર મુનિદશા માને તે મિથ્યાદ્રષ્ટિ છે. નિમિત્તથી વિકાર થતો નથી, ને વિકારથી ધર્મ થતો નથી. સ્વભાવના આશ્રયે ધર્મ છે, ને નિમિત્ત તરફના વલણથી વિકાર છે—એમ તત્ત્વજ્ઞાનપૂર્વક જેણે સદોષ આહારાદિને છોડ્યા છે, તેણે તેના નિમિત્તે થતા વિકારને પણ છોડ્યો છે. તીર્થંકર ભગવાન પણ પર છે, તેમના લક્ષે શુભરાગ છે.

તેનાથી ધર્મ નથી—આમ જે જાણતો નથી ને પરના આશ્રયે લાભ માને છે, તેને તો તત્ત્વજ્ઞાન જ સાચું નથી, તેને ધર્મ કે મુનિદશા હોતી નથી.

મહાવીર ભગવાને ૨૫૦૦ વર્ષ થયાં, તે વખતે જે ધર્મ હતો તે જ ધર્મ અત્યારે છે. તીર્થંકરનો માર્ગ વિપરીતપણે માને તે મિથ્યાદ્રષ્ટિ છે. ત્રણે કાળે માર્ગ તો એક જ છે. કાળ ફરતાં ધર્મનું સ્વરૂપ પણ ફરી જાય—એ માન્યતા મિથ્યાદ્રષ્ટિની છે. પદ્મનંદી આચાર્યદેવ ઋષભજિન સ્તોત્રમાં તો કહે છે કે હે નાથ ! અસંખ્ય અબજ વર્ષ પહેલાં આપે જે મોક્ષમાર્ગ પ્રકાશિત કર્યો તે જ માર્ગ આજે પ્રવર્તી રહ્યો છે, ને તે જ માર્ગે ચાલીને ભવ્ય જીવો આજે મોક્ષને સાધી રહ્યા છે. ભગવાન જે માર્ગે મોક્ષને પામ્યા તે જ માર્ગ આજે છે, ભગવાનનો માર્ગ જુદો, ને આજનો માર્ગ જુદો—એમ નથી. ભલે આજે કેવળજ્ઞાન આ ભરતક્ષેત્રમાં ન હોય, તીર્થંકર ન હોય, પણ તીર્થંકર ભગવાને કહેલો આત્મા તો એ જ છે કે બીજો? આત્મા એ જ છે, તો આત્માના મોક્ષનો માર્ગ પણ એ જ છે. ''એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ'' આજે પણ આત્માના શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા તે જ મોક્ષનો ઉપાય છે. એ સિવાય ચોથે આરે કે પંચમ આરે, મહાવિદેહમાં કે ભરતમાં કોઈનો મોક્ષ કદી થતો નથી.

મૂઢ મિથ્યાદ્રષ્ટિ કહે છે કે આ કાળે પરની સેવા કરવી તે જ ધર્મ છે. પણ કોઈ પરનું કાંઈ કરી શકે છે? ત્રણ કાળ ત્રણ લોકમાં એક રજકણને પણ ફેરવવાની તાકાત કોઈ આત્મામાં નથી. છતાં હું પરનું કરી શકું—એવી ઊંધી માન્યતા છે, તે મહામિથ્યાત્વ છે. તે મિથ્યાત્વનું પાપ સાત મહાવ્યસનના પાપ કરતાં પણ મોટું છે. તે ઊંધી માન્યતાવાળો જીવ અનંતા તીર્થંકરોનો-સંતોનો ને તેમણે કહેલા આત્માના સ્વભાવનો અનાદર કરીને મિથ્યાત્વના મહાન પાપને સેવે છે.

બધા ધર્મ સરખા, બધા ગુરુ સરખા એમ માનીને કુદેવ-કુગુરુને પણ જે આદરે છે, તે વિનય મિથ્યાદ્રષ્ટિ છે; વિનય મિથ્યાદ્રષ્ટિ એટલે મોટો અધર્મી. વસ્ત્રવાળા મુનિ પણ સાચા ને નિર્ગ્રંથ મુનિ પણ સાચા—એમ માનનારા વિનય મિથ્યાદ્રષ્ટિ, વીતરાગમાર્ગના વેરી, સત્યનો વિરોધ કરનારા છે. એવા જીવને વ્રત, તપ, ત્યાગ કાંઈ સાચું હોતું નથી. માટે અહીં 'તત્ત્વજ્ઞાનપૂર્વક ત્યાગની' ખાસ વાત કરી છે.

મુનિને વસ્ત્ર-પાત્ર તો ત્રણકાળમાં ન હોય. વસ્ત્ર-પાત્ર સહિત મુનિદશા માને તે મુનિ તો નથી, શ્રાવક પણ નથી ને સમકિતી પણ નથી, પણ તે તો મિથ્યાદ્રષ્ટિ છે. અહીં તો કહે છે કે મુનિને પોતાને માટે કરેલો આહાર લેવાની વૃત્તિ પણ ન ઊઠે. જેણે તત્ત્વજ્ઞાનપૂર્વક સ્વભાવનો આશ્રય કરીને જેટલો સચિત્ત વગેરેનો ત્યાગ કર્યો તેટલાં પચ્ચખાણ છે. ભગવાન! તારે તારું કલ્યાણ કરવું છે ને! તો તે કલ્યાણ કઈ રીતે થાય, તેની આ વાત છે. અંદર સ્વભાવ શું છે? તેના તત્ત્વજ્ઞાન વગર કલ્યાણ થાય નહિ.

તત્ત્વજ્ઞાનપૂર્વક એટલે સમ્યગ્જ્ઞાનપૂર્વક આત્માના આશ્રયે જેટલો રાગ તૂટ્યો તેટલાં નિમિત્ત છૂટ્યાં ને તેટલાં પચ્ચખાણ કર્યાં કહેવાય છે. એ સિવાય “હું આહાર છોડું” એવી જેની બુદ્ધિ છે, તેને તત્ત્વજ્ઞાન નથી ને તેને પચ્ચખાણ પણ હોતાં નથી. પરથી ભિન્ન ચૈતન્યસ્વભાવના ભાનપૂર્વક જે પોતાના સ્વભાવના આશ્રયે તીવ્ર હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ ને પરિગ્રહનો ત્યાગ કરે છે તેને તેના નિમિત્તે થતા ભાવનો ત્યાગ વર્તે છે. જેટલા અંશે સ્વભાવનું અવલંબન લીધું તેટલા અંશે નિમિત્તનું અવલંબન તૂટયું અને તેટલા અંશે નૈમિત્તિક વિકારભાવ છૂટ્યો, તેને પચ્ચખાણ કહેવાય છે.

શાસ્ત્રનો સ્વાધ્યાય કરતો હોય, તે વખતે શાસ્ત્રના નિમિત્ત તરફનો જે ભાવ છે તે રાગ છે, શાસ્ત્ર પણ રાગનું નિમિત્ત છે. છતાં શાસ્ત્ર તરફના વલણથી મારું જ્ઞાન ખીલે એવી જેની બુદ્ધિ છે, તેને મિથ્યાત્વ છે. ધર્મીને શાસ્ત્ર તરફ લક્ષ જાય તેટલો રાગ છે પણ ત્યાં તે શાસ્ત્રના નિમિત્ત તરફના વલણથી લાભ માનતો નથી એટલે મિથ્યાત્વનો રાગ નથી પણ અસ્થિરતાનો રાગ છે.

એ જ રીતે સાક્ષાત્ સર્વજ્ઞદેવ તરફ લક્ષ જાય, તે પણ રાગનું કારણ છે, કોઈ પણ નિમિત્ત તરફનું વલણ થાય તેટલું સ્વભાવ તરફનું વલણ ખસે છે ને રાગ થાય છે.

***

# <u>પ્રસાદ નં. ૩૧૦</u>

## <u>સમયસાર : મોક્ષ અધિકાર</u>

*(ભાદરવા સુદ ૬, શુક્રવાર, ૨૦૦૭)*

મોક્ષ તે આત્માની પૂર્ણ શુદ્ધ પર્યાય છે. મોક્ષ તે આત્માનું ત્રિકાળી સ્વરૂપ સ્વરૂપ નથી. જો મોક્ષ તે ત્રિકાળી સ્વરૂપ હોય તો તો અનાદિથી મોક્ષ હોવો જોઈએ. મોક્ષ અનાદિથી નથી પણ નવો થાય છે.

પ્રથમ મંગલાચરણ કરે છે :

કર્મબંધ સૌ કાપીને, પહોંચ્યા મોક્ષ સુથાન;
નમું સિદ્ધ પરમાતમા, કરું ધ્યાન અમલાન.

કર્મને કાપવા તે નિમિત્તનું કથન છે. ચૈતન્યસ્વભાવમાં એકાગ્ર થતાં વિભાવની ઉત્પત્તિ જ ન થાય અને તેના નિમિત્તે કર્મબંધન ટળી જાય—તેનું નામ આત્માએ કર્મને કાપ્યા—એમ નિમિત્તથી કહેવાય છે. જડકર્મ તો સ્વતંત્ર અજીવ ચીજ છે, તેની અવસ્થા કરવાનો આત્માનો અધિકાર નથી. પોતે પોતાના સ્વરૂપમાં ઠરીને પૂર્ણ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ કરી તે મોક્ષપદ છે, ક્ષેત્ર અપેક્ષાએ ઉપર જવાની વાત કરી છે. એવા નિર્મળ મોક્ષપદને પામેલા સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરીને હું શુદ્ધ આત્માનું ધ્યાન કરું છું—એમ માંગળિક તરીકે નમસ્કાર કર્યા છે.

“પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કે “હવે મોક્ષ પ્રવેશ કરે છે.”

જીવ અનાદિઅનંત છે, બંધ એક સમયનો વિકારી પર્યાય છે ને મોક્ષ એક સમયનો નિર્વિકારી પર્યાય છે. બંધ અને મોક્ષ બંને સ્વાંગ છે. તેને સમ્યગ્જ્ઞાન યથાર્થપણે જાણી લ્યે છે. તેથી અધિકારની શરૂઆતમાં આચાર્યદેવ સમ્યગ્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છે.

### <u>કળશ ૧૮૦</u>

બંધતત્ત્વનું વર્ણન કર્યું. તે બંધતત્ત્વને અને આત્માના સ્વભાવને પ્રજ્ઞારૂપી કરવત વડે જુદા કર્યા. <u>પ્રજ્ઞા એટલે આત્માના જ્ઞાનની નિર્મળદશા.</u> તે પ્રજ્ઞામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે. આવી પ્રજ્ઞા તે જ મોક્ષમાર્ગ છે. એ સિવાય દયા કે પુણ્ય તે કાંઈ મોક્ષમાર્ગ નથી, કેમકે તે કાંઈ આત્માને બંધનથી જુદા પાડતા નથી પણ ઉલટું બંધન કરે છે. આ પ્રજ્ઞારૂપી કરવત જ આત્માને બંધનથી જુદો પાડે છે.

આત્મા કાયમી ચીજ છે અને અવસ્થામાં ક્ષણિક ભૂલ છે. એમ જાણીને ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ તરફ વળેલા જે વર્તમાન પ્રજ્ઞારૂપી દશા છે, તે જ બંધનને જુદા પાડવાનું સાધન છે. વ્યવહાર રત્નત્રયના વિકલ્પ તે પ્રજ્ઞા નથી પણ બંધભાવ છે. નિરુપાધિ સ્વભાવ તરફ વળેલું જ્ઞાન તે જ પ્રજ્ઞા છે. પર તરફ વળતો ભાવ તો બંધન છે. વ્યવહાર રત્નત્રય પણ પર તરફ વળેલો ભાવ છે. ચૈતન્ય સ્વભાવમાં વળેલી પ્રજ્ઞારૂપી કરવત શુદ્ધ આત્માને અને બંધનને જુદા કરી નાખે છે. આવી પ્રજ્ઞામાં આર્જવધર્મ વગેરે દસે ધર્મ આવી જાય છે. આત્મા કાયમી ચીજ છે, તેના કાયમી સ્વભાવમાં દોષ નથી—એમ જાણીને જ્યાં સ્વભાવમાં વળ્યો ત્યાં બંધનની ઉત્પત્તિ જ થતી નથી.

આત્મા તો અનુભૂતિ વડે જ નિશ્ચિત છે, જેટલું સ્વરૂપનું અનુભવન છે તેટલો જ આત્મા છે. વિકારને અહીં આત્મા જ ગણ્યો નથી. સોળકારણ ભાવનાનો જે શુભરાગ છે તે પણ ચૈતન્યસ્વરૂપથી ભિન્ન છે. પુરુષ એટલે આ દેહની વાત નથી પણ અંદર ચૈતન્ય સ્વરૂપ આત્મા છે તે જ પુરુષછે. તે પોતાની અનુભૂતિથી જ નિશ્ચિત છે. પ્રજ્ઞા વડે એવા આત્માને બંધનથી જુદો પાડીને, સાક્ષાત્ મોક્ષ પમાડતું પૂર્ણજ્ઞાન જયવંત વર્તે છે. અહો! જે કેવળજ્ઞાન પ્રગટ્યું તે સાદિ અનંત એવું જયવંત રહે છે. મોક્ષદશામાં બહારમાં સ્ત્રી-પૈસા-શરીર-મકાન વગેરે કાંઈ હોતું નથી. ત્યાં તો આત્માનું પૂર્ણજ્ઞાન અને આનંદનો અનુભવ હોય છે. એવા અનુભવમાત્ર જ આત્મા છે, રાગ-દ્વેષ પણ ખરેખર આત્મા નથી; પહેલાં આવી દ્રષ્ટિ કરવી જોઈએ.

સંયોગ પોતાની ચીજ નથી. સંયોગ પડ્યા રહે ને પોતે બીજે ચાલ્યો જાય; અથવા તો આત્મા રહે ને સંયોગી ચીજો ચાલી જાય, પોતે રાખવા માગે તોપણ રહે નહિ. પોતાની ચીજ હોય તો પોતાથી જુદી કેમ પડે? માટે તે ચીજો તો પોતાથી જુદી જ છે અને રાગ-દ્વેષ પણ ખરેખર પોતાથી જુદા છે, તે પણ છૂટી જાય છે અને પ્રજ્ઞા વડે બંધનને છેદીને જે કેવળજ્ઞાન અને મોક્ષદશા પ્રગટી તે સાદિ અનંત ટકી રહેશે. માટે કહ્યું કે પૂર્ણજ્ઞાન જયવંત વર્તે છે. તેને પછી ફરીને અવતાર હોતો નથી.

વળી તે જ્ઞાન કેવું છે?

તે જ્ઞાન સાથે જ સહજ પરમ આનંદ પ્રગટે છે; એટલે પ્રગટ થતા સ્વાભાવિક પરમ આનંદ વડે તે જ્ઞાન સરસ છે, આત્મજ્ઞાન રસ વગરનું ન હોઈ શકે. સંસારનું જ્ઞાન તો આકુળતાવાળું છે, પણ આત્માનું કેવળજ્ઞાન પ્રગટે તે તો આનંદસહિત છે, ઉત્કૃષ્ટ છે અને કૃતકૃત્ય છે. 'कृतसकलकृत्यं' અર્થાત્ પોતાને

કરવાયોગ્ય એવા મોક્ષકાર્યને તેણે કરી લીધું છે. બહારનાં કામ તો કોઈ કરી શકતો નથી. અજ્ઞાનીએ રાગનાં કામને પોતાનું માન્યું હતું, તે સંસાર હતો. ને જ્યાં રાગરહિત ચૈતન્યસ્વભાવને જાણ્યો ત્યાં ધર્મી શ્રદ્ધામાં તો કૃતકૃત્ય થઈ ગયો પણ હજી સ્વરૂપમાં ઠરવાનું કામ બાકી હતું, તે કામ પણ પૂરું કરીને કેવળજ્ઞાન થયું; ત્યાં જ્ઞાન કૃતકૃત્ય થઈ ગયું. આવું જ્ઞાન જયવંત વર્તો—એમ કહીને મોક્ષ-અધિકારનું માંગળિક કર્યું. મોક્ષના માણેકસ્થંભ રોપ્યા.

સંસારમાં જેમ આકુળતાનો રસ આવે છે. તેમ આત્મસ્વભાવ તરફ વળેલા જ્ઞાનમાં અનાકુળતાનાં રસ આવે છે. જ્ઞેયમાં જ્ઞાન એકાગ્ર થાય તેને 'રસ' કહેવાય છે. પરજ્ઞેયને લક્ષમાં લઈને રાગમાં એકાગ્ર થાય તે જ્ઞાનમાં વિકારનો રસ છે—આકુળતા છે—દુઃખ છે ને જ્ઞાન સ્વજ્ઞેયમાં એકાગ્ર થાય તે શાંતરસ છે—તે અનાકુળ છે. તેને જ અહીં 'સરસ' કહ્યું છે. રાગમાં એકાગ્ર થાય તે જ્ઞાનને સરસ કહ્યું નથી. સ્વભાવમાં એકાગ્ર થતાં જ્ઞાનમાં સહજ આનંદરસનો અનુભવ થાય છે તેથી તે જ્ઞાન જ સરસ છે.

ભાવાર્થ :—જ્ઞાન બંધ-પુરુષને જુદા કરીને, પુરુષને મોક્ષ પમાડતું થકું, પોતાનું સંપૂર્ણ સ્વરૂપ પ્રગટ કરીને જયવંત વર્તે છે. આમ જ્ઞાનનું સર્વોત્કૃષ્ટપણું કહેવું તે જ મંગળવચન છે.

જે કેવળજ્ઞાન થયું તે કાયમ વર્તે છે. તીર્થંકરના સમવસરણ કે ચક્રવર્તીના રાજ, તે કાંઈ કાયમ રહેતાં નથી પણ જે કેવળજ્ઞાન પ્રગટ્યું તે તો કાયમ જયવંત વર્તે છે. ભગવાનનું કેવળજ્ઞાન જયવંત વર્તે છે. પણ સમવસરણનો સંયોગ તો ભગવાન મોક્ષ પધારતાં વીંખાઈ જાય છે. ચૈતન્ય સ્વભાવમાં લીન થતાં જે કેવળજ્ઞાન પ્રગટ્યું તે આત્માની સાથે જયવંત વર્તે છે. આવા કેવળજ્ઞાનનો મહિમા કરવો ને તેને જ સર્વોત્કૃષ્ટ કહેવું તે માંગલિક છે.

એ પ્રમાણે માંગળિક કર્યું.

હવે, મોક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય છે—તે કહે છે. તેમાં પ્રથમ તો, જે જીવ બંધનો છેદ કરતો નથી પરંતુ માત્ર બંધના સ્વરૂપને જાણવાથી જ સંતુષ્ટ છે, તે મોક્ષ પામતો નથી—એમ કહે છે.

## ગાથા ૨૮૮-૨૮૯-૨૯૦

**જ્યમ પુરુષ કો બંધન મહીં પ્રતિબદ્ધ જે ચિરકાળનો,**
**તે તીવ્ર-મંદ સ્વભાવ તેમજ કાળ જાણે બંધનો. ૨૮૮.**

**પણ જો કરે નહિ છેદ તો ન મુકાય બંધનવશ રહે,**
**ને કાળ બહુયે જાય તોપણ મુક્ત તે નર નહિ બને. ૨૮૯.**
**ત્યમ કર્મબંધનનાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગને,**
**જાણે છતાં ન મુકાય જીવ, જો શુદ્ધ તો જ મુકાય છે. ૨૯૦.**

**અર્થ :** જેવી રીતે બંધનમાં ઘણા કાળથી બંધાયેલો કોઈ પુરુષ તે બંધનના તીવ્ર-મંદ (આકરા-ઢીલા) સ્વભાવને અને કાળને (અર્થાત્ આ બંધન આટલા કાળથી છે એમ) જાણે છે, પરંતુ જો તે બંધનને પોતે કાપતો નથી તો તેનાથી છૂટતો નથી અને બંધનવશ રહેતો થકો ઘણા કાળે પણ તે પુરુષ બંધનથી છૂટવારૂપ મોક્ષને પામતો નથી; તેવી રીતે જીવ કર્મ-બંધનોનાં પ્રદેશ, સ્થિતિ, પ્રકૃતિ તેમજ અનુભાગને જાણતાં છતાં પણ (કર્મબંધથી) છૂટતો નથી, પરંતુ જો પોતે (રાગાદિને દૂર કરી) શુદ્ધ થાય તો જ છૂટે છે.

કર્મની ૧૪૮ પ્રકૃતિ, તેમાં આ ગુણસ્થાને આટલી પ્રકૃતિ બંધાય, ને આટલી છૂટે—એમ કર્મ સામે જોયા કરવું—તે કાંઈ મોક્ષનું કારણ નથી. કર્મપ્રકૃતિને જાણવાથી મોક્ષ થઈ જશે એમ કેટલાક માને છે. તે અસત્ય છે. કોઈ જીવ આચાર્ય નામ ધરાવીને એમ કહે કે પહેલાં સમયસાર નહિ પણ પહેલાં મહાબંધ ચાહીએ. એટલે તે પહેલાં શુદ્ધ આત્માને જાણવાની જરૂર નથી પણ કર્મના જ્ઞાનની જરૂર છે એમ કહે છે, તે મિથ્યા છે. પહેલાં આત્માના ભાન વિના કર્મનાં પલાખાં ગોખ્યા કરે તેથી કાંઈ ધર્મ થતો નથી. કર્મબંધનને જાણવાથી કાંઈ તે છૂટી જતાં નથી. આત્માને અને બંધનને જુદા કરવા તેનું નામ મોક્ષ છે. પણ તે કઈ રીતે થાય? માત્ર બંધને જાણ્યા કરે પણ આત્માને જાણીને આત્મા તરફ વળે નહિ તો બંધન છેદાય નહિ. 'પહેલાં બંધનને જાણે તો તેનાથી પાછો ફરે' એમ અજ્ઞાની કહે છે, પણ આત્માને જાણ્યા વિના કોના તરફ જોઈને બંધને ટાળશે?

અજ્ઞાનીને બંધન અને આત્મા જુદા કેમ પડે તે સમજાવે છે. એટલે અજ્ઞાનીનું અજ્ઞાન ટાળવા માટે આ સમયસાર છે. આત્માને જાણે નહિ ને માત્ર કર્મબંધનનું જાણપણું કર્યા કરે તો તે કાંઈ મોક્ષનું કારણ થતું નથી. પગમાં બેડીથી જે બંધાયેલો હોય, તેને તે બેડીનું જ્ઞાનમાત્ર બંધનથી છૂટવાનું કારણ નથી. આ બેડી આટલા વખતથી બંધાયેલી છે, તેનું આટલું વજન છે. એમ બંધનને જાણે તેથી કાંઈ તે બેડીનું બંધન ટળી જતું નથી, તેમ કર્મબંધનની પ્રકૃતિ-સ્થિતિ વગેરેને જાણ્યા કરે પણ બંધનરહિત જે આત્મસ્વભાવ છે, તેને ન જાણે તો કર્મબંધન તૂટે નહિ. કર્મબંધનનું જ્ઞાન તે તો પર તરફનું જ્ઞાન છે. શુદ્ધ ચૈતન્યના

ભાન વિના એકલા પર તરફનું જ્ઞાન તે તો મિથ્યાજ્ઞાન છે. અજ્ઞાનીને પણ પર તરફનો જ્ઞાનનો ઉઘાડ તો થાય છે, તે કાંઈ મોક્ષનું કારણ નથી.

આથી, એકલા કર્મબંધનની રચનાના વિસ્તારને જાણવામાં જ જે સંતુષ્ટ છે તેને ઉત્થાપવામાં આવે છે. એટલે કે તેને મોક્ષમાર્ગમાં ગણ્યા નથી. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ તરફના જ્ઞાન વગરના કર્મના પ્રકારને ખૂબ વિસ્તારથી જાણ્યા તોપણ તેથી આત્માને મોક્ષમાર્ગ ખીલતો નથી. જડ કર્મપ્રકૃતિનું જ્ઞાન કરી લીધું અને તેને મોક્ષમાર્ગ માન્યો તો આચાર્યદેવ તેને ઉત્થાપે છે કે તારી વાત સાચી નથી.

ચૈતન્યસ્વભાવનું જ્ઞાનમાત્ર તો મોક્ષનું કારણ છે, પણ કર્મનું જ્ઞાનમાત્ર કાંઈ મોક્ષનું કારણ નથી. મૂળસૂત્રમાં તો કહે છે કે “मुच्चइ सो चेव जइ सुद्धो” સ્વભાવ તરફ વલણ કરે તો શુદ્ધતા થાય છે, ને ત્યારે જ જીવ મુકાય છે. એકલા કર્મ તરફનું વલણ તે તો અશુદ્ધતા છે, તે મુક્તિનું કારણ થતું નથી. કર્મ તરફના વલણને મોક્ષમાર્ગમાંથી ઉત્થાપવામાં આવ્યું છે. સ્વતત્ત્વના જ્ઞાનમાં કર્મનું જ્ઞાન પણ આવી જાય છે. “જો શુદ્ધ તો જ મુકાય છે” એટલે જો ચૈતન્યસ્વભાવને જાણીને તેના તરફ વળે તો જ કર્મબંધનથી મુકાય છે. “કર્મપ્રકૃતિના જ્ઞાન વગર તારી જિંદગી એળે ગઈ” એમ એક અજ્ઞાની કહેતો હતો. જ્ઞાની તો કહે છે કે જો ચૈતન્ય સ્વભાવને ન જાણ્યો ને કર્મને જ જાણવામાં અટક્યો તો તારું તે બધુંય એળે જવાનું છે. શુદ્ધ ચૈતન્યનું ભાન થયું તેમાં નવે તત્ત્વનું જ્ઞાન આવી જાય છે. સ્વભાવના ભાનપૂર્વક કર્મને જાણે ભલે,પણ એકલા કર્મ તરફના જ જ્ઞાનથી કોઈ મોક્ષ માને તો તેમને ઉત્થાપવામાં આવે છે. કર્મના જ્ઞાનથી મોક્ષ થાય એ વાત ઉત્થાપવામાં આવે છે ને આત્મસ્વભાવના જ્ઞાનથી મોક્ષ થાય એ વાત સ્થાપવામાં આવે છે.

***

# પ્રસાદ નં. ૩૧૨

## સમયસાર : ગાથા ૨૮૮-૨૯૦ (ભાવાર્થ)

## મોક્ષ અધિકાર

*(ભાદરવા સુદ ૭, શનિવાર, ૨૦૦૭)*

આ મોક્ષ અધિકાર છે. મોક્ષ એટલે આત્માની સંપૂર્ણ શુદ્ધ પર્યાય.તે મોક્ષ કેમ થાય? કે એકલા કર્મબંધનના જાણપણાથી મોક્ષ થતો નથી. એકલા કર્મને જાણવું તે તો પર તરફનો બોધ છે, તે કાંઈ આત્માનો બોધ નથી, તેથી તે મોક્ષનું કારણ નથી. પણ આત્માના શુદ્ધ સ્વભાવની દ્રષ્ટિ અને સ્થિરતાથી જ બંધન કપાય છે. “જ્ઞાનમાત્ર મોક્ષનું કારણ નથી” એમ કહ્યું તે તો કર્મ તરફના જ્ઞાનની વાત છે. સ્વભાવ તરફનું રાગ વગરનું જે એકલું જ્ઞાન છે તે તો મોક્ષનું કારણ છે.

જેમ કોઈ પુરુષ બેડીથી બંધાયેલો હોય, તે બંધનને જાણે તેથી કાંઈ તેનું બંધન છૂટી જતું નથી. તેમ કર્મથી બંધાયેલો છે તેને કર્મને જાણવામાત્રથી કર્મ છૂટી જતાં નથી.

હવે કહે છે કે બંધના વિચાર કર્યા કરવાથી પણ બંધ કપાતો નથી:—

## ગાથા ૨૯૧

**બંધન મહીં જે બદ્ધ તે નહિ બંધચિંતાથી છૂટે,**
**ત્યમ જીવ પણ બંધો તણી ચિંતા કર્યાથી નવ છૂટે. ૨૯૧**

**અર્થ :**—જેમ બંધનથી બંધાયેલો પુરુષ બંધોના વિચાર કરવાથી મોક્ષ પામતો નથી (અર્થાત્ બંધથી છૂટતો નથી), તેમ જીવ પણ બંધોના વિચાર કરવાથી મોક્ષ પામતો નથી.

**ટીકા :** ‘બંધ સંબંધી વિચાર શૃંખલા મોક્ષનું કારણ છે’ એમ બીજા કેટલાક લોકો કહે છે, તે પણ અસત્ છે.

કર્મનો બંધ, ઉદય, ઉદીરણા વગેરેનું ચિંતવન કર્યા કરે પણ આત્મા તરફ ન વળે તો તેને પણ મોક્ષ થતો નથી. ધર્મ તો આત્માના સ્વભાવમાં છે, કાંઈ કર્મમાં નથી. ઘણા લોકો કહે છે કે “જૈન જેવું કર્મનું વર્ણન બીજે ક્યાંય નથી, માટે કર્મનો વિચાર કરવાથી ધર્મ થઈ જશે.” તો તેની વાત અસત્ છે. જૈન જેવું કર્મનું વર્ણન બીજે નથી. તો પછી જૈન જેવું આત્મસ્વભાવનું વર્ણન બીજે ક્યાં હતું? આત્મસ્વભાવના આધારે મોક્ષ છે કે કર્મના આધારે? માટે એકલા કર્મના વિચારની

પરંપરા તે બંધનથી છૂટવાનું કારણ નથી. પણ બંધનને કાપવાની ક્રિયા કરે એટલે કે આત્માના સ્વભાવ તરફ વળે તો જ કર્મ તૂટે છે. કર્મના જ્ઞાનથી કે કર્મના વિચારથી મોક્ષ થતો નથી.—આમ કહીને (૧) એકલા કર્મના જ્ઞાનમાત્રથી મોક્ષ માનનારને ઉથાપવામાં આવે છે અને (૨) કર્મ તરફના વિચારના શુભભાવથી જેની બુદ્ધિ આંધળી થઈ ગઈ છે એટલે કે શુભ ધ્યાનને જ જે મોક્ષનું કારણ માની રહ્યા છે તેવા જીવોને સમજાવવામાં આવે છે. શુભભાવરૂપ જે ધર્મધ્યાન છે તેને મોક્ષનું કારણ માને તો તેને આચાર્યદેવે આંધળી બુદ્ધિવાળા કહ્યા છે. ''બેડી બેડીમાં ને હું છૂટો'' એવા શુભ વિકલ્પમાં અટકીને તેને મોક્ષનું કારણ માને તો તે પણ અંધબુદ્ધિવાળા છે. જો શુદ્ધસ્વભાવને નક્કી કરીને તે તરફ ઢળી જાય તો તે પર્યાય શુદ્ધ થઈ જાય છે ને બંધન તૂટી જાય છે. બેડીના બંધનનું તો દ્રષ્ટાંત છે, ત્યાં તો બેડી પર છે, અહીં આત્મા તરફ ઢળે ત્યાં કર્મબંધન ન ટળે એમ બને નહિ.

શુભભાવમાં એકાકાર થઈ ગયો અને આત્માનો સ્વભાવ શું છે તે જાણ્યો નહિ તો તેની બુદ્ધિ આંધળી છે. હજી તો જે પર્યાયને ન માને, પર્યાયમાં બંધનને ન માને, કર્મને ન માને તેવા જીવો તો મૂઢ છે. તેને તો બંધનથી છૂટવાની દરકાર નથી. પણ જે મોક્ષની વાત કરે છે અને એમ કહે છે કે કર્મના જ્ઞાનથી મોક્ષ થઈ જશે, તો તે પણ મિથ્યાદ્રષ્ટિ છે. બંધન તરફના વલણથી બંધન કપાય નહિ. પણ સ્વભાવ તરફના વલણથી બંધન કપાય.

કોઈ એમ કહે કે ''समयसार पहले नहीं चाहिये, पहले महाबन्ध चाहिए'' તો તેનો અર્થ એ જ થયો કે 'પહેલા વ્યવહાર અને પછી નિશ્ચય'—એ વાતનું અહીં આચાર્યદેવ ખંડન કરે છે કે કર્મબંધનના જ્ઞાનમાત્રથી આત્માને કાંઈ લાભ નથી. શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક તરફ વળતાં જે નિશ્ચય પ્રગટ્યો ત્યારે શુભરાગને વ્યવહારનો ઉપચાર કર્યો. એકલો શુભરાગ તો અનાદિનો છે તેમાં પહેલો કહેવો કોને? બંધનું જ્ઞાન તે વ્યવહાર છે. પણ ક્યારે? અબંધ સ્વભાવને જાણીને નિશ્ચય થયો ત્યારે બંધના જ્ઞાનને વ્યવહાર કહેવાય છે. જેમ વ્યવહારનો આશ્રય મોક્ષનું કારણ નથી તેમ બંધ તરફનું જ્ઞાન પણ મોક્ષનું કારણ નથી. જે વ્યવહારના આશ્રયમાં મૂઢ છે તેને આચાર્યદેવે ''અનાદિરૂઢ વ્યવહારમાં મૂઢ'' કહ્યો છે.

સંસારના વેપાર-ધંધાનું જ્ઞાન તે જેમ મોક્ષનું કારણ નથી, ત્યાં તો સાથે પાપભાવ છે, તેમ શાસ્ત્રના નામે જે કર્મ તરફનું જ્ઞાન છે તે પણ મોક્ષનું કારણ નથી, તેમાં સાથે શુભભાવ છે તે પુણ્યબંધનું કારણ છે, પણ મોક્ષનું કારણ નથી. સ્વભાવ તરફ વળે તે જ્ઞાન જ બંધનથી છૂટવાનું કારણ થાય છે. જે શુભરાગની રુચિમાં અટક્યા છે તે ચૈતન્યસ્વભાવની સન્મુખ જવા માટે આંધળા છે. બહારની

કળામાં મોટા ડહાપણ બતાવે તે કળા ચૈતન્યમાં કામ આવે તેવી નથી અને મંદકષાય કરીને શાસ્ત્ર તરફનો અભ્યાસ કર્યા કરે તો તેમાં પરજ્ઞેય તરફનો ઉઘાડ થાય છે, પણ તે ઉઘાડ આત્માના સ્વભાવની કળા ખીલવાનું કારણ થતું નથી, એટલે કે પર તરફના જ્ઞાનનો ઉઘાડ તે આત્માને કલ્યાણનું કારણ નથી. પર તરફના વલણને જે મોક્ષનું કારણ માને છે તેને સમજાવે છે કે અરે આંધળા! પરના વિચાર તને મોક્ષનું કારણ નહિ થાય. પર તરફનો જ્ઞાનનો ઉઘાડ તે પુણ્યબંધનું કારણ છે પણ ચૈતન્ય સ્વભાવ તરફની સન્મુખતા વગર મોક્ષ થવાનો નથી.

લૌકિકમાં વકીલાત કે દાક્તરપણું વગેરેની ઘણી બુદ્ધિ હોય, તેને ધર્મ સમજવો સહેલો પડે—એમ કોઈ માને એ વાત જૂઠી છે. સ્વભાવ તરફ જે વળે તેને ધર્મ સમજવો સહેલો પડે. પર તરફની બુદ્ધિ તે જુદી ચીજ છે ને સ્વભાવ તરફની ચૈતન્યકળા તે જુદી ચીજ છે; આચાર્યદેવ સ્પષ્ટ કહે છે કે તારાં દુનિયાના ડહાપણ તો અહીં કામ નહિ આવે, પણ કર્મના થોકડા જાણ્યા ને તેનો વિચાર કર્યો તે પણ અહીં આત્માના મોક્ષ માટે કામ નહિ આવે; અંતરમાં શુદ્ધ જ્ઞાનમૂર્તિ આત્મા તરફ વળેલું જ્ઞાન જ મોક્ષનું કારણ થશે.

**ભાવાર્થ :** કર્મબંધની ચિંતામાં મન લાગ્યું રહે તોપણ મોક્ષ થતો નથી. એ તો ધર્મધ્યાનરૂપ શુભ પરિણામ છે. જેઓ કેવળ શુભપરિણામથી જ મોક્ષ માને છે તેમને અહીં ઉપદેશ છે કે—શુભપરિણામથી મોક્ષ થતો નથી.

ચૈતન્ય સ્વભાવ પરિપૂર્ણ સુખ ને આનંદથી ભરેલો છે તેને બહારનું કોઈ શરણ નથી, તે વસ્તુ જ અકારણીય છે, ને તે વસ્તુની રુચિ પણ અકારણીય છે. બહારના કારણને શોધવા તે મફતની વ્યગ્રતા જ છે. ચૈતન્ય સ્વભાવ સન્મુખ થઈને તેની રુચિ કરવી તેમાં બહારનું કે રાગનું કોઈ કારણ છે જ નહિ. નિરપેક્ષ અકારણીય સ્વભાવને દ્રષ્ટિમાં લેવો તે જ ધર્મ છે. ભાઈ! બંધ તરફના વિચારને છોડીને અંતરના અબંધ સ્વભાવની સન્મુખ થા તો બંધન ટળે. એ સિવાય બંધનનું જ્ઞાન કે બંધનના વિચારનો શુભભાવ તે કાંઈ મોક્ષનું કારણ નથી.

શુભ પરિણામ મોક્ષનું કારણ નથી, એમ જે સમજશે તે શુભ છોડીને અશુભને તો કેમ આદરશે? શુભ-અશુભ રહિત ચૈતન્યસ્વભાવની રુચિ....તેની હા....તેનું પોષણ...તેનો આદર... તે જ આગળ વધવાનું કારણ છે, શુભરાગ તે આગળ વધવાનું કારણ નથી. ॥૨૯૧॥

હવે શિષ્યને મોક્ષનું કારણ જાણવાની ઝંખના જાગી, એટલે તે પ્રશ્ન પૂછે છે :

“(જો બંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી પણ મોક્ષ નથી અને બંધના વિચાર કરવાથી પણ મોક્ષ નથી) તો મોક્ષનું કારણ ક્યું છે?” એમ પૂછવામાં આવતાં હવે મોક્ષનો ઉપાય કહે છે :—

## ગાથા ૨૯૨

**બંધન મહીં જે બદ્ધ તે નર બંધછેદનથી છૂટે,**
**ત્યમ જીવ પણ બંધોતણું છેદન કરી મુક્તિ લહે. ૨૯૨.**

અર્થ : જેમ બંધનથી બંધાયેલો પુરુષ બંધોને છેદીને મોક્ષ પામે છે, તેમ જીવ બંધોને છેદીને મોક્ષ પામે છે.

“सा विद्या या विमुक्तये” સ્વભાવ તરફની વિદ્યા તે જ મુક્તિનું કારણ છે. પર તરફનું જાણપણું તે મોક્ષનું કારણ નથી. સ્વભાવને ચૂકીને પર તરફનું જાણપણું તે ખરેખર વિદ્યા છે, ને તે જ મોક્ષનું કારણ છે.

“કર્મથી બંધાયેલાને બંધનો છેદ મોક્ષનું કારણ છે, કેમકે જેમ બેડી આદિથી બંધાયેલાને બંધનો છેદ બંધથી છૂટવાનું કારણ છે. તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધનો છેદ કર્મબંધથી છૂટવાનું કારણ છે.”

**“બંધનો છેદ”** એમ કહ્યું તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેય બંધના છેદનું કારણ છે. શુભભાવ તે બંધના છેદનું કારણ નથી પણ પુણ્યના બંધનું કારણ છે. બંધનો છેદ તે જ મોક્ષનું કારણ છે. તે છેદ કેમ થાય? કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી-અબંધ સ્વભાવી આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા કરતાં બંધનની ઉત્પત્તિ જ થતી નથી એટલે તેને બંધનો છેદ કહ્યો છે. “બંધ છે અને તેને કાપે છે’ એમ નથી, પણ, સ્વભાવ તરફની સન્મુખતામાં બંધનની ઉત્પત્તિ જ થતી નથી, એનું જ નામ “બંધનો છેદ કર્યો” એમ કહેવાય છે.

જેમ બેડીથી બંધાયેલાને બેડીનો છેદ કરવો—તે જ બંધનથી છૂટવાનો ઉપાય છે, તેમ કર્મબંધનથી બંધાયેલાને સ્વભાવની સન્મુખતાથી બંધનનો છેદ કરવો, તે જ મોક્ષનું એકમાત્ર કારણ છે. તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાઈ જાય છે. સ્વભાવની સન્મુખતામાં બંધનો અભાવ જ છે, એટલે ખરેખર ત્યાં બંધનનો છેદ કરવો તે વાત પણ રહેતી નથી. “આ બંધ છે અને તેને છેદે” એવી બુદ્ધિ કરે તો તે પણ પર્યાયબુદ્ધિ છે. તેમાં રાગની ઉત્પત્તિ થાયછે. બંધનનો છેદ કરવો તે નામમાત્ર છે. જેમ ૩૪મી ગાથામાં કહ્યું હતું કે આત્માને રાગના ત્યાગનું

કર્તાપણું પણ નામમાત્ર જ છે તેમ બંધનનો છેદ કરવો તે પણ ઉપચારથી નામમાત્ર છે.

આત્માને જડકર્મથી બંધાયેલો કહેવો તે વ્યવહારનયનું કથન છે.

આત્માને ભાવકર્મથી બંધાયેલો કહેવો તે અશુદ્ધ નિશ્ચયનું કથન છે.

આત્માએ બંધનનો છેદ કર્યો એમ કહેવું તે પણ ઉપચારનું કથન છે.

સ્વભાવમાં એકાગ્રતા થઈ ત્યાં બંધનની નાસ્તિ જ છે. નાસ્તિને વળી ટાળવું શું? એટલે બંધ સામે જોવાનું નથી રહેતું, પણ એકલા સ્વભાવની સામે જ જોવાનું રહે છે. શુદ્ધ સ્વભાવમાં જેટલી એકાગ્રતા તેટલાં સંવર-નિર્જરા છે, તેટલો જ મોક્ષમાર્ગ છે, ને તેટલો બંધનો છેદ છે. શુભ ને અશુભ બન્નેનો છેદ મોક્ષનું કારણ છે, પણ તે છેદ કેમ થાય? બંધ સામે જોવાથી તેનો છેદ ન થાય પણ જેમાં બંધન નથી એવા સ્વભાવની સન્મુખ થવાથી જ બંધની ઉત્પત્તિ થતી નથી એટલે બંધ છેદાઈ જાય છે.

જડ કર્મબંધનથી આત્મા બંધાયેલો છે, તે પણ નિમિત્તનું કથન છે. ઉપદેશમાં તો નિમિત્તનું કથન આવે. પણ ત્યાં એ વાત સમજી લેવી જોઈએ કે જેટલું પરના સંબંધવાળું કથન હોય તે બધુંય વ્યવહારનું કથન છે. શાસ્ત્રમાં કાંઈ દરેક ઠેકાણે તેનો ખુલાસો લખવા ન બેસાય, પણ એક સિદ્ધાંત બાંધ્યો તે મુજબ જ્યાં જ્યાં નિમિત્તથી કથન આવે ત્યાં સમજી લેવું જોઈએ કે આ વ્યવહારકથન છે.

બંધના વિચારથી મોક્ષ થતો નથી પણ "તું છો મોક્ષસ્વરૂપ" એમ સમજીને તારા અબંધ સ્વભાવની દ્રષ્ટિ અને એકાગ્રતા કર તો બંધન તૂટે.

"આ કથનથી, પૂર્વે કહેલા બન્નેને (—જેઓ બંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી સંતુષ્ટ છે તેમને અને જેઓ બંધના વિચાર કર્યા કરે છે તેમને—) આત્મા અને બંધના દ્વિધાકરણમાં વ્યાપાર કરાવવામાં આવે છે (અર્થાત્ આત્મા અને બંધને જુદા જુદા કરવા પ્રત્યે લગાડવામાં—જોડવામાં—ઉદ્યમ કરાવવામાં આવે છે.)"

આત્મા અને બંધ બન્નેને જુદા જુદા ઓળખીને સ્વભાવ તરફ વળ—એમ સમજાવ્યું છે.

* * *

# પ્રસાદ નં. ૩૧૩

## સમયસાર : ગાથા ૨૯૪

*(ભાદરવા સુદ ૧૦, સોમવાર, ૨૦૦૭)*

આત્માને બંધનથી જુદો પાડવો તે મોક્ષ છે. તે મોક્ષનું સાધન શું છે? એવો શિષ્યનો પ્રશ્ન છે, તેનો ઉત્તર ચાલે છે. આત્મા અને બંધને જુદા કરવારૂપ કાર્ય છે, તેમાં કર્તા તો આત્મા છે અને કરણ 'ભગવતીપ્રજ્ઞા' છે. સ્વતંત્રપણે કરનારો તો આત્મા છે, આત્માનો ધર્મ કોઈ બીજો કરી દેતો નથી ને કર્તાથી જુદું કરણ નિશ્ચયથી હોતું નથી, તેથી મોક્ષના સાધન વિષે ઊંડો વિચાર કરતાં ભગવતીપ્રજ્ઞા જ એક સાધન છે—એમ નક્કી થાય છે.

આત્મામાં બંધભાવની ઉત્પત્તિ જ ન થાય તેનું નામ આત્મા અને બંધનો છેદ છે. પણ "આ આત્મા છે આ બંધન છે" એવા દ્વૈતના લક્ષે તો રાગનો વિકલ્પ ઉત્પન્ન થાય છે; સ્વભાવ તરફ ઢળતાં આત્મામાં બંધભાવની અનુત્પત્તિ થવી તેનું નામ આત્મા અને બંધનો છેદ છે; એટલે <u>સ્વભાવ તરફ ઢળતું જ્ઞાન તેનું નામ પ્રજ્ઞાછીણી છે,</u> ને તે જ આત્મા અને બંધના છેદનું સાધન છે. પ્રજ્ઞામાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાઈ જાય છે. ભગવતી પ્રજ્ઞા જ આત્માના સ્વભાવ તરફ વળીને બંધનનો છેદ કરનારું સાધન છે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર ત્રણે નિરપેક્ષ છે, તેને બીજું કોઈ કારણ નથી. સ્વભાવમાં એકાગ્રતા થતાં બંધન થયું નહિ એટલે સ્વભાવ તરફ ઢળેલી ભગવતી પ્રજ્ઞાને બંધના છેદનું કારણ કહ્યું છે. આવી પ્રજ્ઞાવડે આત્માને અને બંધને છેદવામાં આવતાં તેઓ અવશ્ય જુદા પડી જાય છે. 'એક તરફ આત્મા રહી જાય અને એક તરફ બંધ રહી જાય છે'—એમ કાંઈ જુદા નથી પડતા, પણ જ્યાં જ્ઞાન અંતર્મુખ થયું ત્યાં બંધભાવ થતો જ નથી—એનું નામ આત્મા અને બંધ જુદા પડી ગયા કહેવાય છે. પ્રજ્ઞા વડે જ આત્મા અને બંધ જુદા પડે છે. પહેલાં સ્વભાવની સન્મુખ થઈને શ્રદ્ધા કરતાં અસ્થિરતાનું બંધન છૂટી જાય છે. 'પ્રજ્ઞા વડે જ' એમ કહીને આચાર્યદેવે એક જ સમ્યક્ મોક્ષમાર્ગ બતાવ્યો છે; પ્રજ્ઞા વડે પણ મોક્ષ થાય ને રાગ વડે પણ થાય—એમ માનવું તે મિથ્યા એકાંત છે. પ્રજ્ઞા એટલે સ્વસન્મુખ જ્ઞાન, તે વડે જ સમ્યગ્દર્શન થાય છે. તેનાથી જ સમ્યગ્જ્ઞાન થાય છે, સ્વસન્મુખતાથી જ સમ્યક્ચારિત્ર થાય છે, ને સ્વસન્મુખજ્ઞાનથી જ કેવળજ્ઞાન અને મોક્ષ થાય છે. માટે તે જ મોક્ષનું સાધન છે. આત્મા અને બંધને પ્રજ્ઞા વડે જ જુદા પડાય છે.

(અહીં હવે શિષ્ય સૂક્ષ્મ પ્રશ્ન કરે છે :) આત્મા ચેતક છે ને રાગાદિ બંધભાવો ચેત્ય છે, એ બન્નેને જ્ઞેયજ્ઞાયકપણાથી અત્યંત નિકટતા છે તેથી અજ્ઞાનીને એમ લાગે છે કે તે બન્ને જાણે કે એક થઈ ગયા હોય! આત્માનો સ્વભાવ તો રાગને પણ જાણવાનો જ છે, "વિકલ્પ ઊઠ્યો માટે જ્ઞાન થયું" એમ નથી. જો રાગને લીધે જ્ઞાન થાય તો તે જ્ઞાનનું જ્ઞાન ન રહ્યું પણ રાગનું જ્ઞાન થઈ ગયું. એટલે જ્ઞાન અને રાગના એકપણાની બુદ્ધિનું નામ મિથ્યાત્વ છે. અજ્ઞાનીને રાગથી જુદા એવા જ્ઞાનનું ભાન નથી એટલે ભેદવિજ્ઞાનના અભાવને લીધે જાણે કે રાગ પણ આત્મા જ હોય એમ અજ્ઞાનીને લાગે છે. રાગ તે હું—એમ માનવા જેવું નથી, પણ રાગ તે જ્ઞેય છે ને આત્મા જ્ઞાયક છે. આવું વસ્તુસ્વરૂપ છે, તેની ના પાડે તો મિથ્યાત્વ થાય છે ને હા પાડે તો વસ્તુ તરફ વલણ થાય છે.

જેવો રાગ થાય તેવું જ જ્ઞાન થાય. ભક્તિના રાગ વખતે રાગના આશ્રય વગર તે રાગને જાણે એવું જ્ઞાન થાય, આવો તેમને ચેત્ય-ચેતકભાવ છે. એટલે જાણે કે એક જેવાં થઈ રહ્યાં છે. એમ અજ્ઞાનીને લાગે છે. વ્યવહારરત્નત્રયનો પણ આત્મા ચેતક છે, ને તે વયવહારરત્નત્રય ચૈત્ય છે. તે પણ ખરેખર જ્ઞાનસ્વભાવથી જુદાં છે. પણ હું જ્ઞાન છું ને રાગ છે—એવા ભેદજ્ઞાનના અભાવને લીધે જાણે કે તે બંને એક ચેતક આત્મા જ હોય એવો તેમનો વ્યવહાર કરવામાં આવે છે. આટલી બધી નિકટતા છે તો તે બંધને અને આત્માને પ્રજ્ઞાવડે ખરેખર કઈ રીતે છેદી શકાય? એમ શિષ્યનો પ્રશ્ન છે.

વર્તમાન નિર્મળપર્યાયના કારણસ્વરૂપ ધ્રુવસ્વભાવ એકરૂપ છે, તેનાથી રાગ જુદો છે, આ જ્ઞાનસ્વભાવ અને રાગ જાણે કે એક હોય એવો વ્યવહાર કરવામાં આવે છે, તો હે ભગવાન ! તેમને કઈ રીતે છેદવા? પ્રજ્ઞાછીણીથી છેદાય એ વાત તો બેઠી છે, પણ પ્રજ્ઞાછીણીથી કઈ રીતે છેદી શકાય? તેમ પૂછે છે. રાગ અને આત્મા નિશ્ચયથી તો એક છે જ નહિ, પણ સમ્યગ્જ્ઞાનના અભાવને લીધે અજ્ઞાની તેને એક માને છે. વસ્તુસ્વભાવ તો ત્રણે કાળે એવો ને એવો રહેશે. અજ્ઞાની વિપરીત માને તેથી કાંઈ વસ્તુસ્વભાવ વિપરીત ન થઈ જાય.

વ્યવહારસાધન અને નિશ્ચય સાધ્ય—એમ ખરેખર નથી. વ્યવહારનો જે શુભરાગ છે તે તો આત્માને બંધન ઉત્પન્ન કરનાર છે. વ્યવહારરત્નત્રયની પર્યાય ખરેખર આત્માની છે જ નહિ. પર્યાયબુદ્ધિમાં તે પર્યાયને આત્માની ગણવામાં આવે છે, પણ સ્વભાવદ્રષ્ટિથી તો આત્મામાં રાગપર્યાય છે નહિ.

"નિશ્ચય અને વ્યવહાર એક છે, આત્મા અને રાગ એક છે" એવું પર્યાયબુદ્ધિમાં લાગે છે, પણ સ્વભાવથી જોતાં તો તે બન્ને જુદા છે. તેને પ્રજ્ઞા વડે

જુદા પાડી શકાય છે. તે કઈ રીતે જુદા પડે એમ અહીં શિષ્ય ઝંખનાથી પૂછે છે. પ્રભો! પ્રજ્ઞા વડે આત્માને અને રાગને જુદા પાડવા એમ આપે કહ્યુંપણ એક જેવા દેખાય છે તેને કઈ રીતે પ્રજ્ઞાથી જુદા કરવા? જુઓ, આ મોક્ષ વખતની વાત નથી પણ શરૂઆત કેમ થાય? તેની વાત છે. આત્મા અને બંધ એક જેવા લાગે છે તેને જુદા કેમ પાડવા, તે જ પ્રશ્ન પૂછ્યો છે.

તેનું સમાધાન આચાર્યદેવ કરે છે :

"આત્મા અને બંધના નિયત સ્વલક્ષણોની સૂક્ષ્મ અંતઃસંધિમાં (અંતરંગની સંધિમાં) પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને પટકવાથી (–નાખવાથી, મારવાથી) તેમને છેદી શકાય છે અર્થાત્ જુદા કરી શકાય છે એમ અમે જાણીએ છીએ."

જુઓ! સમજાવવાની શૈલીનું કથન છે. 'આ આત્માનું સ્વલક્ષણ અને આ બંધનું સ્વલક્ષણ' એમ બે ઉપર લક્ષ રહે ત્યાં સુધી તો વિકલ્પ રહે છે, પણ બંધનું લક્ષ છોડીને સ્વભાવ તરફ વળતાં આત્મા અને બંધ છેદાય છે. આત્માના જ્ઞાયકસ્વભાવ તરફ વળવું તે આત્માનું સ્વલક્ષણ છે, ને બહિર્મુખ વળવું તે બંધનું સ્વલક્ષણ છે. આત્મામાં અંતર્મુખ થતાં બંધભાવ સાથેની સંધિ તૂટી જાય છે. આત્માના સ્વભાવમાં વળ્યો તેણે પ્રજ્ઞાછીણીને પટકી. "સાવધાન થઈને" પટકવાનું કહ્યું. તેમાં અપૂર્વ જાગૃતિનો પુરુષાર્થ છે. ચૈતન્યને પકડવાની રીત સિવાય બીજો કોઈ માર્ગ જ નથી. <u>ચૈતન્યસ્વભાવ રાગનો જાણનાર છે પણ કરનાર નથી,</u> જ્ઞાતાપણાની જ અધિકતા છે, રાગની અધિકતા નથી. જગત પોકાર કરે કે અરે! વ્યવહાર ઊડી જાય છે ને નિમિત્ત ઊડી જાય છે. જગત એમ પોકાર કરે તો કરો,પણ વસ્તુસ્થિતિ જ આવી છે કે અંતરસ્વભાવની સન્મુખતા તે જ મોક્ષનો માર્ગ છે. વસ્તુને નગ્ન કર્યા વિના-એટલે કે રાગરહિત નગ્ન સ્વભાવને લક્ષમાં લીધા વિના—એકલી બાહ્યની નગ્નતા તે તો પશુ જેવી છે, તેમાં ક્યાંય આત્મકલ્યાણ નથી. આવો વસ્તુસ્વભાવ છે તે જ સમ્યગ્દર્શનનું ધ્યેય છે. ચૈતન્ય સન્મુખ થઈને ચૈતન્યને પકડવો તે જ એક ધર્મનો ઉપાય છે.

જેમ સાકરને અને ખાંડને સ્વાદના ભેદે જુદા પાડી દે છે, તેમ અંતરમાં જ્ઞાનના અને રાગના સ્વાદના ભેદથી તેમને જુદા પાડી શકાય છે. જ્ઞાયક ચૈતન્ય છું—એમાં અંતર્મુખ વલણ થવું તે જ સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધીનો ઉપાય છે. કારણદ્રવ્યનો આશ્રય કરીને તેમાં જેટલે અંશે એકાગ્ર થા તેટલું નિર્મળકાર્ય પ્રગટે, એટલે ધર્મના અંશથી માંડીને પૂર્ણતા સુધી એક કારણસ્વભાવનો આશ્રય કરવો તે જ ઉપાય છે. ચૈતન્ય ચમત્કાર આત્મા છે, તેમાં સાવધાન થઈને વળવું, સાવધાની તે મોહનો અભાવ બતાવે છે.

ચૈતન્ય સ્વભાવ તરફ ઢળતાં બંધભાવ જુદો પડી જાય છે, આત્મા અને બંધનાં જુદા જુદાં લક્ષણોની સૂક્ષ્મ અંતઃસંધિમાં પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને પટકવાથી તે જુદા પડી જાય છે—એમ અમે જાણીએ છીએ. નિઃસંદેહતાપૂર્વક પોતાની આત્મસાક્ષીથી કહે છે કે ચૈતન્યસ્વભાવમાં અંતર્મુખ થવાથી મિથ્યાત્વાદિ ભાવોની ઉત્પત્તિ જ થતી નથી, એ રીતે બંધને અને આત્માને છેદી શકાય છે,–એમ અમે જાણીએ છીએ.

હવે આત્મા અને બંધ—એ બંનેનાં સ્વલક્ષણો શું છે? તે ઓળખાવે છે :

આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે. રાગ તે આત્માનું સ્વલક્ષણ નથી. જો રાગ તે આત્માનું લક્ષણ હોય તો બધા આત્મામાં અને સદાય રહેવો જોઈએ. રાગ તો બંધનું લક્ષણ છે. આત્માનું લક્ષણ ચૈતન્ય છે, તે ચૈતન્યલક્ષણ રાગથી ભિન્ન છે. આત્મા ચૈતન્યલક્ષણથી ઓળખાય છે પણ રાગલક્ષણ દ્વારા તે ઓળખાતો નથી—આમ અનેકાંત છે.

* * *

# પ્રસાદ નં. ૩૧૪

## સમયસાર : ગાથા ૨૯૪ (પૃષ્ઠ ૩૫૭)

*(ભાદરવા સુદ ૧૧, મંગળવાર, બપોરે, ૨૦૦૭)*

આ મોક્ષ અધિકાર છે. મોક્ષ એટલે શું? આત્મા અને બંધને જુદા કરવા તે મોક્ષ છે. તેને જુદા કઈ રીતે પાડી શકાય, એમ શિષ્યે પૂછ્યું છે, તેનો આ ઉત્તર ચાલે છે. રાગ-દ્વેષ પુણ્ય-પાપ ભાવો છે તે વિકાર છે, ને આત્માનો સ્વભાવ ચૈતન્ય છે. તે ચૈતન્યલક્ષણ વડે આત્માને ઓળખવો, ને પુણ્ય-પાપ ને બંધનનું લક્ષણ જાણવું. એમ જાણીને ચૈતન્ય સ્વભાવમાં એકાગ્રતા પ્રગટે તે મોક્ષનો માર્ગ છે.

અશુભભાવ કે શુભભાવ તે બંને વિકારની જ જાત છે, ને આત્મા તો અનાદિથી ચૈતન્યલક્ષણવાળો જ છે. તેમાં ચૈતન્યને ચૂકીને આ રાગાદિભાવો પણ જાણે કે આત્મા જ હોય— એવી ભ્રમણાથી અનંતકાળ સંસારમાં ગાળ્યો છે. હવે આત્મા અને બંધને જુદા પાડીને મોક્ષ કેમ થાય, તેની આ વાત છે.

ચૈતન્યમૂર્તિ આત્મા છે. ચૈતન્યલક્ષણ વડે જ આત્મા લક્ષિત થાય છે. પુણ્ય-પાપ વડે આત્મા લક્ષિત થતો નથી પણ બંધન લક્ષિત થાય છે. આત્માનું સ્વલક્ષણ તો ચૈતન્ય છે. ચૈતન્ય એટલે નિરુપાધિક જ્ઞાન તે જ આત્માનું લક્ષણ છે. તે લક્ષણ વડે આત્મા ઓળખી શકાય છે. આત્માનું ચૈતન્યલક્ષણ છે તે સમસ્ત અન્ય દ્રવ્યોથી અસાધારણ છે.

આત્મામાં બે પડખાં છે. (૧) ત્રિકાળી નિરુપાધિક સ્વભાવ છે અને (૨) ક્ષણિક ઉપાધિભાવ છે; તે બંને પ્રમાણનો વિષય છે. પણ તેમાં ત્રિકાળી રાગરહિત ચૈતન્યસ્વભાવ તરફ વળીને જ્ઞાન તેને જાણે ત્યારે તે જ્ઞાનમાં ક્ષણિક વિકારને જાણવાની તાકાત પ્રગટે. ચૈતન્યલક્ષણથી ચેતનને લક્ષ્ય કર્યા વિના રાગને રાગપણે જાણવાનું સામર્થ્ય આવે નહિ, એકલા રાગને જાણતાં તો રાગ અને આત્માની એકત્વબુદ્ધિ થઈ  જાય છે.

જાણનાર-દેખનાર સ્વભાવ આત્માનો છે. આત્માનું ચૈતન્યલક્ષણ આત્મા સિવાય બીજા કોઈપણ પરદ્રવ્યમાં નથી. આત્માનું ચૈતન્યલક્ષણ જડ પદાર્થમાં તો નથી, પણ પોતાનું ચૈતન્યલક્ષણ બીજા આત્માઓમાં પણ નથી. આ આત્માના ચૈતન્યલક્ષણથી આ જ આત્મા લક્ષિત થાય છે, પણ આ આત્માના ચૈતન્યલક્ષણથી બીજો આત્મા લક્ષિત થતો નથી. એટલે આ આત્માનું ચૈતન્યલક્ષણ બીજાં બધાંય દ્રવ્યોથી અસાધારણ છે–ભિન્ન છે. બીજા સર્વજ્ઞ

પરમાત્માના જ્ઞાનથી પણ આ આત્મા લક્ષિત થતો નથી. તેમના જ્ઞાનથી તેમનો પોતાનો આત્મા જ લક્ષિત થાય છે. એમ દરેકે દરેક આત્માનો ચૈતન્ય સ્વભાવ ભિન્ન-ભિન્ન છે. સ્વનું ચૈતન્ય પરમાં નથી ને પરનું ચૈતન્ય સ્વમાં નથી. આવા ચૈતન્યલક્ષણથી આત્માને લક્ષિત કરવો. જુઓ! આ આત્માનો મોક્ષ કરવાની રીત કહેવાય છે. આ મોક્ષની ક્રિયાની વાત ચાલે છે.

જેણે પોતાના આત્માને બંધથી છૂટો પાડીને મોક્ષ કરવો હોય તેણે શું કરવું? કે ચૈતન્ય લક્ષણથી પોતાના આત્માને ઓળખવો. રાગ લક્ષણથી આત્માને ન ઓળખવો. ચૈતન્ય લક્ષણ વડે જ આત્મા પકડી શકાય છે. સમ્યગ્દર્શનમાં પણ ચૈતન્યલક્ષણ વડે જ આત્માની શ્રદ્ધા થાય છે. સમ્યગ્જ્ઞાનમાં પણ ચૈતન્યલક્ષણ વડે જ આત્મા પકડાય છે, ને સમ્યક્ચારિત્રમાં પણ ચૈતન્યલક્ષણ વડે જ આત્માને પકડીને એકાગ્ર થવાય છે. ‘ચૈતન્યલક્ષણથી આત્માને પકડવો’ તેમાં મોક્ષમાર્ગ સમાઈ જાય છે. આ સિવાય કોઈ રાગ કે પુણ્યનો વિકલ્પ તે ચૈતન્યને પકડવામાં કામ આવતો નથી ને તે મોક્ષમાર્ગ નથી. આવો ચૈતન્યલક્ષણથી લક્ષિત ચિદાનંદ ભગવાન આત્મા સદા શોભી રહ્યો છે.

આત્માનું ચૈતન્યલક્ષણ છે, તે ચૈતન્યલક્ષણ પ્રવર્તતું થકું જે જે પર્યાયને વ્યાપીને પ્રવર્તે છે અને નિવર્તતું થકું જે જે પર્યાયને ગ્રહણ કરીને નિવર્તે છે તે તે સમસ્ત સહવર્તી કે ક્રમવર્તી પર્યાયો આત્મા છે, એમ લક્ષિત કરવું—લક્ષણથી ઓળખવું.

ચૈતન્યલક્ષણ છે તે સમસ્ત ગુણોમાં વ્યાપીને પ્રવર્તે છે. ગુણને સહવર્તી પર્યાયો પણ કહેવાય છે. ચૈતન્યલક્ષણ છે તે બધાય ગુણોમાં વ્યાપીને પ્રવર્તી રહ્યું છે અને તે ચૈતન્યલક્ષણ પહેલાં પહેલાંની પર્યાયોને છોડતું થકું નવી નવી પર્યાયોને ગ્રહણ કરીને પ્રવર્તે છે. અહીં રાગપર્યાયના ગ્રહણની વાત નથી. રાગમાં તો ચૈતન્યલક્ષણ વ્યાપતું નથી. પણ રાગરહિત નિર્મળ પર્યાયોને ગ્રહીને ચૈતન્યલક્ષણ પ્રવર્તે છે. ચૈતન્યલક્ષણ નવી પર્યાયને ગ્રહણ કરીને જૂની પર્યાયોથી નિવર્તે છે. જે જે ગુણમાં કે પર્યાયમાં ચૈતન્યલક્ષણ વ્યાપે છે તે બધાય ગુણ-પર્યાયો આત્મા જ છે. ગુણની ધ્રુવતામાં વ્યાપીને પ્રવર્તે છે અને જૂની પર્યાયથી નિવર્તીને નવી નિર્મળ પર્યાયને ગ્રહતું થકું પ્રવર્તે છે. રાગ તે ચૈતન્યની જાત નથી, કેમ કે તેમાં ચૈતન્યલક્ષણ વ્યાપતું નથી. ચૈતન્યલક્ષણથી રાગ લક્ષિત થતો નથી પણ આત્મા જ લક્ષિત થાય છે.

ચૈતન્યલક્ષણથી જેણે આત્માને ઓળખ્યો તેને નવી નવી પર્યાયો ગુણમાં એકાગ્ર થતી જાય છે, એટલે વીતરાગતા વધતી જાય છે. સર્વજ્ઞે કહેલો જેટલો

વ્યવહાર અને શુભરાગ છે, તે બધાય ભાવો આત્માના ગુણ-પર્યાયમાં વ્યાપતા જ નથી પણ તે બંધલક્ષણથી લક્ષિત થાય છે. આત્માનું ચૈતન્યલક્ષણ નવી પર્યાયને ગ્રહતું થકું એટલે કે વીતરાગતાની વૃદ્ધિ કરતું થકું જૂની પર્યાયથી નિવર્તે છે. ચૈતન્યલક્ષણથી આત્માને લક્ષિત કરીને જ્યાં આત્મા તરફ વળ્યો ત્યાં ક્ષણે ક્ષણે નવી નવી પર્યાય વિશેષ નિર્મળ જ થતી જાય છે, ચૈતન્ય સામાન્ય તો એમ ને એમ ધ્રુવ સદ્રશ રહે છે, ને જૂની પર્યાય ટળીને નવી પર્યાય નિર્મળ થતી જાય છે, તેને ચૈતન્યલક્ષણ ગ્રહણ કરે છે. ચૈતન્યલક્ષણથી વ્યાપક આવા ગુણ-પર્યાયો તે આત્મા જ છે. રુચિ કરવાયોગ્ય ચૈતન્યસ્વભાવ આવો છે. આવા સ્વભાવની રુચિ વગર જ અનાદિથી અજ્ઞાની રખડી રહ્યો છે. ચૈતન્યલક્ષણ છે તે ગુણોને ટકાવીને પ્રવર્તે છે અને નવી નવી નિર્મળ પર્યાયોને ગ્રહણ કરીને જૂની પર્યાયોથી નિવર્તે છે. અહીં તો રાગને બંધમાં નાખ્યો છે એટલે તે રાગ પર્યાયને આત્મા નિવર્તાવે છે—એ વાત પણ રહેતી નથી, કેમકે તે તો આત્માથી ભિન્ન છે. ચૈતન્યલક્ષણગુણની સાથે એકત્વ થઈને નવી પર્યાયમાં વીતરાગતાની વૃદ્ધિ કરીને જૂની પર્યાયથી નિવર્તે છે. ચૈતન્યલક્ષણમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ઘે  છે. ચૈતન્યલક્ષણ સહભાવી પર્યાયોને સાથે રાખીને પ્રવર્તે છે ને ક્રમભાવી પર્યાયોમાં નવી નવી વીતરાગી પર્યાયોને ગ્રહીને જૂની પર્યાયોથી નિવર્તે છે. કઈ રીતે?   ક્યાં?

(૧) ચૈતન્યલક્ષણ પ્રવર્તે છે.— ક્યાં? કે ગુણોમાં વ્યાપીને.

(૨) ચૈતન્યલક્ષણ નિવર્તે છે— કઈ રીતે? કે નવી નવી પર્યાયમાં વીતરાગતાની વૃદ્ધિ કરીને તે પર્યાયને ગ્રહે છે ને જૂની પર્યાયથી નિવર્તે છે.

આ રીતે ચૈતન્યલક્ષણ વર્તી રહ્યું છે. સમ્યગ્દર્શનથી માંડીને ઠેઠ મોક્ષ સુધી વચ્ચે ક્યાંય રાગ વ્યાપતો નથી, પણ ચૈતન્યલક્ષણ જ વ્યાપે છે. જો પહેલી પર્યાય કરતાં બીજી પર્યાયમાં વીતરાગતા ન વધે તો તે જીવ સાધક નથી, તેણે ચૈતન્યલક્ષણને જાણ્યું નથી. અંદર પર્યાય અભેદ થતી જાય છે, તે પર્યાયને આત્મામાં અભેદ કરીને અહીં કથન કરે છે. રાગ તે ચૈતન્યલક્ષણનું સ્વ-પરપ્રકાશકપણું જણાવે છે, પણ જ્ઞાનને રાગપણે જાહેર કરતો નથી. ચૈતન્યલક્ષણ વડે આત્માને બંધભાવોથી જુદો પાડીને, બંધભાવને તો જ્ઞેય તરીકે ઓળખાવશે. જેમાં ચૈતન્યલક્ષણ ન વ્યાપે તેને અહીં આત્મા કહેતા નથી. રાગને આત્મા કહેતા નથી, કેમ કે રાગ ટળી જાય છે ને એકલું જ્ઞાન રહી જાય છે માટે રાગમાં ચૈતન્યલક્ષણ વ્યાપતું નથી. તેથી રાગ તે આત્મા નથી. અંતરમાં આવા ચૈતન્યલક્ષણથી આત્માને ઓળખે તો ધર્મ થાય છે. આ સિવાય પૂજા-ભક્તિ

આદિના બંધભાવ કરે તો તેનાથી આત્મા બંધાય છે, પુણ્યભાવથી કાંઈ આત્મા છૂટતો નથી. બંધભાવમાં કલ્યાણ માનવું તે તો રખડવાનો રસ્તો છે.

ચૈતન્યલક્ષણથી આત્માને લક્ષિત કરતાં નિર્મળ પર્યાય વધે છે. પણ રાગથી લાભ માનીને રાગની જેણે રુચિ કરી તે જીવને આત્માની ધ્રુવતાનું લક્ષ થતું નથી, તેમ જ તેની પર્યાય રાગથી નિવર્તીને નિર્મળ પર્યાયનું ગ્રહણ તેને થતું નથી, પણ તેની પર્યાય તો રાગને ગ્રહીને જ નિવર્તે છે. જેને રાગની કે નિમિત્તની રુચિ છે તે તો રાગને જ ટકતો ભાળે છે, પણ ચૈતન્યને ટકતો તે જોતો નથી; એટલે તેની નવી પર્યાય રાગને ગ્રહે છે પણ ચૈતન્યને ગ્રહતી નથી. જે ચૈતન્યલક્ષણને ટકતું જુએ છે તે જીવ રાગને ટકતો જોતો જ નથી. ચૈતન્યમાં રાગનો અભાવ જુએ છે. આવો ચૈતન્યનો અનુભવ તે મોક્ષનો માર્ગ છે.

આચાર્યદેવ પ્રવચનસારમાં તો કહે છે કે આજે જ ચૈતન્યને ચૈતન્ય પ્રબળપણે અનુભવો. ત્યાં ''આજે જ'' કહીને વર્તમાનની વાત કરી છે કે તારા વર્તમાનને સ્વમાં વાળીને ત્રિકાળ સાથે વર્તમાનની એકતા કર. વર્તમાન સિવાય બીજા વર્તમાનનો વાયદો ન કર. કાર્ય તો વર્તમાન પર્યાય કરે છે ને ! તે વર્તમાન પર્યાયને ત્રિકાળી દ્રવ્યમાં વાળીને આજે જ ચૈતન્યનો અનુભવ કરો.

જે કાયમ ટકતા ગુણો ને ક્રમબદ્ધ થતી પર્યાયોમાં ચૈતન્ય વ્યાપેલું છે તે સમસ્ત ગુણ-પર્યાયો આત્મા છે—એમ ચૈતન્યલક્ષણથી આત્માને લક્ષિત કરવો. રાગને આત્માનું લક્ષણ ન માનવું. વચ્ચે રાગ આવે તે અંતરના સાધનને મદદ કરનાર ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. રાગ લક્ષણથી આત્મા લક્ષિત જ થતો નથી, એક માત્ર ચૈતન્યલક્ષણથી જ આત્મા લક્ષિત થાય છે. અહીં આચાર્યદેવે સમ્યક્ એકાંત કહ્યો છે કે ''આત્મા એક ચૈતન્યલક્ષણથી જ લક્ષિત થાય છે'' આ એક જ લક્ષણથી આત્મા લક્ષિત થાય છે ને બીજા કોઈ પણ લક્ષણથી લક્ષિત થતો નથી—આમ અસ્તિ-નાસ્તિથી અનેકાંત છે. આ જ એક આત્માને ઓળખવાની રીત છે, બીજી કોઈ રીત નથી.

***

# પ્રસાદ નં. ૩૧૫

## સમયસાર : ગાથા ૨૯૪

*(ભાદરવા સુદ-૧૨, બુધવાર, ૨૦૦૭)*

આ મોક્ષ અધિકાર છે. તેમાં આત્માને અને બંધને જુદા કઈ રીતે પાડવા, તે વાત ચાલે છે. આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે, તે ચૈતન્યલક્ષણ બીજાં દ્રવ્યોથી અસાધારણ છે. જે ચૈતન્યભાવથી આત્મા જણાય તે ચૈતન્યભાવ બીજા અનંત આત્માઓ અને જડથી ભિન્ન છે, માટે તે ચૈતન્યભાવથી આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા કરી શકાય છે.

આત્માનું ચૈતન્યલક્ષણ છે, તે પોતાના જે ગુણ-પર્યાયમાં વ્યાપીને વર્તે છે તે જ આત્મા જ છે. આત્માનું ચૈતન્યલક્ષણ ગુણની ધ્રુવતાને ટકાવીને પ્રવર્તે છે ને જૂની પર્યાયનો વ્યય કરીને નવી નવી નિર્મળ પર્યાયોને ગ્રહણ કરીને પ્રવર્તે છે. પ્રથમ મિથ્યાત્વથી નિવર્તતું ને સમ્યગ્દર્શનને ગ્રહણ કરતું, ત્યારથી માંડીને ક્રમે ક્રમે અધૂરી પર્યાયથી નિવર્તતું ને નવી વિશેષ નિર્મળ પર્યાયોને અંગીકાર કરીને પ્રવર્તે છે. અજ્ઞાનથી માંડીને કેવળજ્ઞાનદશા સુધી ચૈતન્યલક્ષણ વડે જ આત્માની પક્કડ થાય છે. તે ચૈતન્ય લક્ષણથી જ આત્માને પકડતાં સમ્યગ્દર્શન ને કેવળજ્ઞાન પામી શકાય છે. એ સિવાય બીજી રીત નથી.

ચેતન દ્રવ્ય છે, ને ચૈતન્ય તેનો સ્વભાવ છે. તે ચૈતન્ય સ્વભાવ જે સહવર્તી ગુણોમાં ને ક્રમવર્તી પર્યાયોમાં વ્યાપીને પ્રવર્તે છે તે બધાંય એક આત્મા જ છે– એમ લક્ષિત કરવું. જીવને ધર્મ કેમ થાય? કે ધર્મી એવો જે આત્મા, તેનો કાયમી ચૈતન્ય સ્વભાવ છે, તે ચૈતન્ય વડે આત્માને લક્ષમાં લેતાં ધર્મ થાય છે. તે ચૈતન્યલક્ષણથી આત્માને પકડવો—તે જ ધર્મ છે. ચૈતન્ય લક્ષણથી આત્માને પકડીને એકાગ્ર થતાં મિથ્યાત્વ, અજ્ઞાન અને અવ્રતદશાનો અભાવ થઈ જાય છે.

ભગવાન આત્મા એક ચૈતન્યલક્ષણ વડે જ જણાય છે, એ સિવાય બીજા કોઈ બહારના લક્ષણથી કે રાગથી આત્મા જણાતો નથી. જ્ઞાનપર્યાય અંતર્મુખ થઈને આત્માને પકડે, તે જ આત્માને બંધથી જુદાં પાડવાની રીત છે.

અંદરમાં શક્તિનો ભંડાર આત્મા છે, તેમાં અંતર્મુખ એકાગ્રતા કરતાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર ને કેવળજ્ઞાન થાય છે. પહેલેથી આવી સત્યની શ્રદ્ધાનો હકાર આવવો જોઈએ. સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધી એક ચૈતન્યમૂર્તિ આત્માને પકડવો તે જ ઉપાય છે. આવી સત્યતાનો આદર, ઉલ્લાસ, હકાર અને રુચિ તે જ સત્યસ્વભાવ તરફ વળવાનો ઉપાય છે.

ગુણ-પર્યાયમાં વ્યાપક ચૈતન્યલક્ષણને ધ્રુવ ટકતું તેમ જ પલટતું સાબિત કર્યું. તે ચૈતન્યલક્ષણ પોતાની સાથે વર્તતા અસ્તિત્વ, શ્રદ્ધા વગેરે અનંત ગુણોમાં

વ્યાપક છે. ચૈતન્યલક્ષણ સાથે બીજા અનંતગુણો વર્તે છે. તેમની સાથે ચૈતન્યનું અવિનાભાવીપણું છે. ચૈતન્યલક્ષણ કહેતાં તેની સાથે અસ્તિત્વ, વસ્તુત્વ, સ્વચ્છત્વ, પ્રભુત્વ, કર્તા, કર્મ, કરણ વગેરે અનંત ગુણો આવી જાય છે, ને ક્રમવર્તી પર્યાયો અનંત છે, તેમાં પણ ચૈતન્યનું અવિનાભાવીપણું છે. એટલે તે બધા ગુણ-પર્યાયો પણ આત્મા જ છે. જ્યાં ચૈતન્યના ગુણ-પર્યાય છે, ત્યાં બીજા અનંત ગુણ-પર્યાયો પણ સાથે જ છે. અહીં આત્માને ચૈતન્યમાત્ર સિદ્ધ કરવો છે ને વિકારને બંધના લક્ષણમાં નાખવા છે. સ્વ તરફના વલણમાં દુઃખ નથી, માટે દુઃખ તે બંધના લક્ષણમાં આવી જાય છે. આત્માને ચૈતન્યલક્ષણવાળો કહ્યો, તેથી બીજા અનંતા ગુણોનો અભાવ થતો નથી, પણ ચૈતન્યને બીજા અનંત ગુણોની સાથે અવિનાભાવીપણું છે; પ્રભુ! તારી પ્રભુતાને પકડવી હોય તો ચૈતન્ય લક્ષણને સાધન બનાવ. કોઈ રાગ કે પુણ્ય-પાપ વિકાર, તે તારી પ્રભુતાને પકડવાનું સાધન નથી. એકલી જાણવા-દેખવાની પર્યાય જ વધતી નથી પણ તેની સાથે બીજા અનંત ગુણોની પર્યાય પણ થઈ જ રહી છે. ચૈતન્ય સ્વભાવ વિના અનંત ગુણ-પર્યાયો ન હોય, ને અનંત ગુણપર્યાયો વિનાનું ચૈતન્ય ન હોય. આમ ચૈતન્યલક્ષણથી આત્માને લક્ષિત કરવો તે ધર્મ છે.

ચૈતન્યલક્ષણ કહ્યું તેમાં તો એક ગુણ આવ્યો, પણ તે ચૈતન્ય સાથે બીજા અનંતગુણો ભેગા જ છે. ચૈતન્યલક્ષણથી આત્માને પકડ્યો ત્યાં તે ચૈતન્યની સાથે અનંત ગુણો ને તેની નિર્મળ પર્યાયો પણ ભેગી જ છે. અહીં તો નિર્મળ-ગુણ-પર્યાયોની જ વાત છે. ચિન્માત્ર આત્મા છે તેમાં અનંતગુણોને તેની નિર્મળ પર્યાયો પણ ભેગી જ છે. જ્ઞાતાદ્રષ્ટા છું—એમ નિર્ણય કર્યો તેમાં ભેગાં શ્રદ્ધા, ચારિત્ર વગેરે ગુણો પણ કાર્ય કરે છે. તે દરેક ગુણ ધ્રુવપણે ટકીને, જૂની પર્યાયથી નિવર્તતા થકા નવી નિર્મળ પર્યાયને ગ્રહણ કરે છે. એ રીતે આત્માના અનંત ગુણોની સાથે ચૈતન્ય અવિનાભાવી છે. માટે આત્મા ચિન્માત્ર જ છે—એમ નક્કી કરવું.

આટલું આત્માના સ્વલક્ષણ વિશે કહ્યું. આવા સ્વલક્ષણથી આત્માને ઓળખવો, અમને આ વાત ન સમજાય એમ માને તેણે ખરેખર આ વાત સાંભળી જ નથી. પોતાની ધારેલી વાત આવે તો ઠીક લાગે, પણ નવી વાત આવે ત્યાં કહે છે કે મને સમજાય નહીં—તો તેણે પોતાની કલ્પનાથી જ સાંભળ્યું છે, જ્ઞાની કહે છે તે પ્રમાણે તેણે સાંભળ્યું નથી. આચાર્યદેવ તો કહે છે કે ચિન્માત્ર આત્મા છે—એમ નિશ્ચય કર; તારા આગ્રહને છોડ, ને ચૈતન્યલક્ષણથી આત્માને પકડ. આટલું આત્માના સ્વલક્ષણ વિષે કહ્યું, તેમાં બધું આવી જાય છે.

ચૈતન્ય સાથે અનંત ગુણોને ભેગા બતાવ્યા. પણ તેમાં લક્ષણ તો ચૈતન્ય જ છે. અસ્તિત્વ વગેરે ગુણો ચૈતન્યની સાથે જ છે. પણ તેઓ આત્માનું અસાધારણ લક્ષણ નથી. માટે ચૈતન્યલક્ષણથી જ ચિન્માત્ર આત્માને ઓળખવો.

પહેલાં ચૈતન્યનું લક્ષણ ઓળખાવ્યું ને હવે બંધનું લક્ષણ ઓળખાવે છે.

"બંધનું સ્વલક્ષણ તો આત્મદ્રવ્યથી અસાધારણ એવા રાગાદિક છે." રાગાદિક ભાવો આત્મદ્રવ્યથી અસાધારણ એટલે કે જુદા છે, ને તે બંધનું લક્ષણ છે. રાગાદિકભાવો સદા ચૈતન્યથી ભિન્ન જ પ્રતિભાસે છે. ત્રણકાળમાં રાગાદિક ભાવો આત્મા સાથે એકમેક થયા જ નથી. ચૈતન્યલક્ષણથી આત્માને જાણીને તેમાં એકાગ્ર થતાં રાગ છૂટી જાય—તેનું નામ ત્યાગ છે. શુભરાગ થાય તે બંધનું લક્ષણ છે, તે આત્માથી ભિન્ન છે. વ્યવહારરત્નત્રય તે આત્માથી અત્યંત જુદા છે, ને નિશ્ચયરત્નત્રય તે આત્મા સાથે એકમેક છે. જેનાથી બંધન થાય તે ભાવ આત્માનું લક્ષણ નથી, તે ભાવ તો બંધનું લક્ષણ છે. ભગવાન આત્મા તો અબંધ સ્વભાવી છે, તેનું લક્ષણ ચૈતન્ય છે, જે રાગાદિક બધાય બંધભાવો થાય, તે તો બંધનની મિલકત છે, તે આત્માની મિલકત નથી.

લોકો કહે છે કે ભક્તિથી મુક્તિ મળે. હા, જે સ્વભાવની ભક્તિ કરે તેને તરત મળે મુક્તિ! પણ જે રાગની ભક્તિ કરે તેને દૂર ટળે મુક્તિ; ચૈતન્યલક્ષણ સિવાય જેટલા શુભાશુભભાવો છે તે બધાય આત્માથી જુદા છે, તેઓ આત્મા સાથે એકમેક પ્રતિભાસતા નથી. રાગને અને બંધનને એકતા છે, પણ રાગને અને આત્માને એકતા નથી. જેટલા વ્યવહારના ભાવો છે તે બધાય બંધના લક્ષણમાં જાય છે. તે રાગાદિભાવો અને આત્મા એકમેક ભાસતા નથી. આ સમજ્યા વિના બહારના જેટલા સંકલ્પ-વિકલ્પ કરે તે બધુંય સંસાર ખાતે છે.

જેમ વનસ્પતિમાં સાધારણ અને અસાધારણ એમ બે પ્રકાર છે, તેમાં એક શરીરના આશ્રયે ઘણા જીવો રહેલા હોય તેને સાધારણ વનસ્પતિ કહેવાય છે ને એક શરીરમાં એક જીવ રહેલો હોય તેને અસાધારણ વનસ્પતિ (પ્રત્યેક વનસ્પતિ) કહે છે. તેમ અહીં આત્માને અને રાગને એકપણું નથી પણ પ્રત્યેકપણું–જુદાપણું છે, તેથી તેઓ એકબીજાથી અસાધારણ છે, ચૈતન્યલક્ષણ આત્માનું છે, પણ રાગ આત્માથી જુદો છે. અહીં રાગ-દ્વેષને બંધનું લક્ષણ કહીને જડમાં ગણેલ છે. જે ભાવે તીર્થંકર નામકર્મ, આહારક શરીર કે સર્વાર્થસિદ્ધિનો ભવ બંધાય, તે ભાવ આત્માના સ્વકાળનો નથી. આત્માના સ્વકાળનો ભાવ તો આત્માની નિર્મળતાને વધારતો જાય છે. અસંખ્ય પ્રદેશે એવો ઉલ્લાસ આવવો જોઈએ કે અહો! હું અભેદ અખંડ ચૈતન્ય છું. એક રાગનો અંશ પણ મારો નથી. ચૈતન્યસ્વભાવમાં અધિકપણે થતો જે નિર્મળભાવ છે તે આત્માનો સ્વકાળ છે, તેમાં રાગાદિભાવો પ્રતિભાસતા નથી. જ્ઞાનમાં રાગ અને આત્મા એકમેક જણાતા નથી. રાગાદિકભાવો સદાય ચૈતન્ય ચમત્કારથી ભિન્નપણે જ પ્રતિભાસે છે, એકપણે ભાસતા નથી ને ભિન્નપણે જ ભાસે છે–એમ કહીને અનેકાંત કર્યું છે. જ્ઞાન આત્મામાં અંતર્મુખ થતાં રાગ તેમાં એકપણે ભાસતો નથી પણ ભિન્નપણે પ્રતિભાસે છે. એટલે નિશ્ચય અને વ્યવહાર જુદાપણે

પ્રતિભાસે છે. વ્યવહારના આશ્રયે નિશ્ચય થાય, એમ પ્રતિભાસતું નથી, પણ વ્યવહારના આશ્રયે થતો ભાવ નિશ્ચયથી ભિન્ન છે—એમ ભાસે છે. અબંધસ્વભાવમાં બંધ નથી, ને બંધમાં અબંધસ્વભાવ નથી. જે બંધભાવ છે તે ચૈતન્યસ્વભાવમાં ભાસતો જ નથી. હું તો અબંધ ચૈતન્યસ્વભાવી જ છું. વચ્ચે બંધનું જ્ઞાન થાય છે, પણ તે બંધ ભિન્નપણે પ્રતિભાસે છે.

સમ્યગ્દર્શનનું ધ્યેય જે આત્મા છે, તેમાં બંધન ભાસતું જ નથી. બંધમાં બંધ છે પણ મારામાં બંધ નથી. હું તો અબંધ ચૈતન્ય છું. આવા અબંધ સ્વભાવની દ્રષ્ટિથી જ ધર્મની શરૂઆત થાય છે, જેને રાગ સાથે આત્માની એકતા ભાસે છે, તે કદી રાગથી જુદો નહિ પડે. અહીં તો કહે છે કે આત્મા અને બંધ જુદા જ પ્રતિભાસે છે. જેને આવી દ્રષ્ટિ કરી તેને અબંધસ્વભાવની એકાગ્રતાથી બંધન ટળીને મુક્તિ થઈ જશે. વસ્તુસ્થિતિ જ આવી છે, આવી અબંધસ્વરૂપની દ્રષ્ટિ વિના વ્યવહારથી લાભ માને, તે તો મૂઢ છે. અબંધસ્વભાવના આશ્રય વિના અબંધદશા પ્રગટે–એમ બને નહિ. ભાઈ! તું મોક્ષના ભણકારા વગાડ કે મારો ચૈતન્યસ્વભાવ આત્મા છૂટ્યો! છૂટ્યો! આવા અબંધ સ્વભાવના જોરે છૂટકારો થઈ જશે. પણ “બંધાયેલો....બંધાયેલો” એમ જો બંધની દ્રષ્ટિ કરીશ તો બંધનથી છૂટકારો નહિ થાય. ભાઈ, અમે બે ભાગ જુદા પાડીને તને કહીએ છીએ કે જો આ રાગ તે તારો ભાગ નહિ ને ચૈતન્ય તે તારો ભાગ છે. અબંધસ્વભાવી મોટો ભાગ તારો છે, તું ઉલ્લાસ લાવીને તેની રુચિ કર.

જેટલું ચૈતન્ય ટકતું પ્રતિભાસે છે, તેટલા જ રાગાદિભાવો ટકતા પ્રતિભાસતા નથી. રાગ તો ટળી જાય છે ને રાગ વગરનું એકલું ચૈતન્ય રહી જાય છે. અંતર્મુખ થતાં રાગનો અભાવ હોવા છતાં ત્યાં ચૈતન્યનો આત્મલાભ થાય છે. રાગ કહો કે વ્યવહાર કહો, તે વ્યવહારના લક્ષ વિના પણ ચૈતન્યની પ્રાપ્તિ થાય છે, માટે રાગ તે આત્માનો સ્વભાવ નથી. રાગ વગરનો ચૈતન્યસ્વભાવ છે. તે સ્વભાવની દ્રષ્ટિથી આત્માનો નિર્ણય કરવો તે મોક્ષનું કારણ છે.

***

# પ્રસાદ નં. ૩૧૯

## સમયસાર : ગાથા ૨૯૪

*(ભાદરવા સુદ ૧૩, ગુરુવાર, ૨૦૦૭)*

આત્માની પૂર્ણ શુદ્ધપર્યાયને મોક્ષ કહે છે. તે મોક્ષની શરૂઆત કેમ થાય? કે આત્મા અને બંધનને તેનાં સ્વલક્ષણથી જુદાં જાણે તો મોક્ષની શરૂઆત થાય. આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે, તે આત્માના સમસ્ત ગુણ-પર્યાયોમાં વ્યાપ્ત છે. એટલે ચૈતન્ય લક્ષણથી આખો આત્મા લક્ષમાં આવતાં સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન વગેરે બધા ગુણો નિર્મળ થતા જાય છે. પહેલાં આત્માનું લક્ષણ ઓળખાવ્યું.

હવે બંધનું લક્ષણ ઓળખાવે છે :–

બંધનું લક્ષણ રાગાદિક છે. વ્રત-પૂજા વગેરેનો જે શુભરાગ છે તે વડે બંધન ઓળખાય છે. તે રાગાદિભાવો ચૈતન્ય સાથે એકમેક નથી પણ ભિન્ન છે. રાગને અને આત્માને એકપણું પ્રતિભાસતું નથી, કારણ કે રાગાદિ સદાય ચૈતન્યથી ભિન્નપણે જ પ્રતિભાસે છે.

પંચમહાવ્રતનો વિકલ્પ કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, તેનાથી આત્મા સમજાય—એમ કોઈ કહે તો તેણે બંધના અને આત્માના સ્વલક્ષણને જાણ્યા નથી. જેટલું ચૈતન્ય આત્માના સમસ્ત પર્યાયોમાં વ્યાપતું પ્રતિભાસે છે, તેટલા રાગાદિ પ્રતિભાસતા નથી. અનંતા ગુણોમાં ચૈતન્ય વ્યાપેલું પ્રતિભાસે છે પણ રાગ, અનંતા ગુણોમાં વ્યાપેલો પ્રતિભાસતો નથી, માટે નક્કી થાય છે કે બંધ આત્માથી જુદો છે; આત્મા અબંધ સ્વભાવી જ છે. "ચૈતન્યલક્ષણ આત્માના બધા ગુણ-પર્યાયમાં વ્યાપે છે ને રાગ થોડોક વ્યાપે છે." એમ અહીં નથી કહેવું, પણ રાગ આત્માના સ્વભાવમાં બિલકુલ વ્યાપતો જ નથી—એમ સિદ્ધ કરવું છે. જ્ઞાન વ્યાપતું પ્રતિભાસે છે, ને રાગ વ્યાપતો પ્રતિભાસતો નથી—એમ કહીને જ્ઞાન અને રાગની પરસ્પર વિરુદ્ધતા બતાવી છે. રાગ તો જ્ઞેય છે, ને જ્ઞાનનો સ્વભાવ તેને જાણી લેવાનો છે; પણ "રાગ તે હું" એમ જાણવાનો જ્ઞાનનો સ્વભાવ નથી. આ બંધભાવ છે ને હું ચૈતન્ય છું–એમ સ્વ-પરપ્રકાશકજ્ઞાન જાણે છે, પણ "મને બંધ છે" એમ જ્ઞાન જાણતું નથી. ચૈતન્ય તો પૂરું વ્યાપેલું ભાસે છે, ને રાગ તો અંશે પણ વ્યાપતો પ્રતિભાસતો નથી. જ્ઞાન સાથે રાગ ભાસે છે ને? એમ કોઈ કહે તો તેનો ઉત્તર એ છે કે તે તો જ્ઞાનના ચેતકપણાને લીધે જ્ઞેયપણે જણાય છે, પણ તે રાગ અને આત્મા એકમેક નથી. એકપણું અજ્ઞાનને લીધે જ ભાસે છે. જે અંતર્મુખ ચૈતન્ય તરફ વળ્યો તેને તો આત્મા નિમિત્ત અને રાગ વગરનો જ ભાસે છે. રાગ અને નિમિત્ત વિના પણ એકલો આત્મા રહી જાય છે, અને રાગ તથા નિમિત્ત હોય ત્યારે પણ સાધકને તે જ્ઞાનના જ્ઞેયપણે જ ભાસે છે.

શુભરાગરૂપ વ્યવહાર હોય ત્યારે પણ તે ચૈતન્યથી ભિન્નપણે જ જ્ઞાનીને ભાસે છે, ને શુભરાગરૂપ વ્યવહાર વગર પણ ચૈતન્યનો આત્મલાભ સંભવે છે. વ્યવહારને લીધે જ્ઞાન થાય—એમ તો નથી, પણ "આ રાગ છે ને હું જ્ઞાન છું"—એવું રાગ સાથે જ્ઞેયજ્ઞાયકપણું પણ સદાય રહેતું નથી, કેમકે રાગ છૂટીને એકલા ચૈતન્યનો આત્મલાભ થાય છે, ત્યારે તો રાગ જ્ઞેયપણે પણ રહ્યો નહિ. સાધકને જ્ઞાનની સાથે જે રાગ ઉત્પન્ન થતો દેખાય છે તે રાગ સાથે આત્માને ચેતકચેત્યસંબંધ છે પણ રાગને અને આત્માને એકપણું નથી. રાગ વગર ચૈતન્ય રહી શકે છે, માટે રાગ અને ચૈતન્ય ભિન્ન છે, ને રાગ હોય ત્યારે પણ ચૈતન્ય તેનાથી ભિન્ન છે.

"રાગાદિક વિના પણ ચૈતન્ય રહી શકે છે" એમ કહીને આચાર્યદેવ બે પ્રકાર સિદ્ધ કરે છે કે રાગ વખતે પણ ચૈતન્ય હોય છે, ને રાગના અભાવ વખતે પણ ચૈતન્ય રહે છે. માટે નક્કી થયું કે રાગને અને ચૈતન્યને એકતા નથી પણ ભિન્નતા છે. જે આવું ભિન્નપણું નથી જાણતો, તેને જ અજ્ઞાનથી રાગ અને જ્ઞાન એક જેવા લાગે છે, પણ રાગ અને આત્માની ભિન્નતા જાણીને સ્વભાવ તરફ વળેલું જ્ઞાન તો રાગને જ્ઞેયપણે જાણે છે. પણ તે રાગને લીધે સમ્યગ્દર્શન-જ્ઞાન કે ચારિત્ર છે એમ નથી. કેમકે તે રાગ ટળી જશે ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો આત્મામાં રહી જશે.

જે અંતર્મુખ થઈને સ્વભાવને શોધતો નથી ને બહારમાં નિમિત્તને કે વ્યવહારને શોધે છે તે રખડવાનો ઉપાય કરે છે. ચૈતન્યનો આશ્રય લીધો તેને રાગ પોતાપણે ભાસતો નથી. આ રાગ છે માટે ચારિત્ર ટક્યું, આ રાગ છે માટે શ્રદ્ધા-જ્ઞાન થયાં–એવું જ્ઞાનીને ભાસતું જ નથી.

તું જાણનાર-દેખનાર છો. એવા તારા સ્વભાવનું લક્ષ કર, તો રાગ તને પોતાપણે ભાસશે નહિ. સ્વભાવમાં વળેલા સાધકને અંશે રાગ રહે છે તે વખતે પણ તે રાગના આશ્રયે સાધકપણું નથી પણ આત્માના આશ્રયે જ સાધકપણું છે. ત્યાં જ્ઞાનના સ્વ-પરપ્રકાશક સામર્થ્યને લીધે રાગ પણ જણાય છે. પણ રાગ જણાય છે માટે તે રાગને અને જ્ઞાનને એકતા છે,–એમ નથી. જે સમયે જે જાતનો રાગ છે, તે જ સમયે તે જાતનું જ્ઞાન, સ્વના આશ્રયે ખીલેલું છે, રાગને લીધે નહિ. જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ ખીલ્યો છે તેથી તે રાગને જાણે છે, ત્યાં તે જ્ઞાનમાં જણાતા રાગાદિભાવો આત્માને રાગપણે જાહેર કરતા નથી પણ આત્માના જ્ઞાયકપણાને જ જાહેર કરે છે—આવું જ જ્ઞાનગુણની પર્યાયનું સતપણું છે કે સ્વના આશ્રયે રહીને રાગને પરપણે તે જાણે છે.

ચૈતન્ય લક્ષણવાળો આત્મા અબંધ છે. ને રાગ તે બંધનું લક્ષણ છે. આમ બન્નેનું ભિન્નપણું જાણીને અંતર્મુખ થયેલું જ્ઞાન, રાગને પણ જાણે છે, ત્યાં રાગનું

સામર્થ્ય નથી પણ જ્ઞાનનું સામર્થ્ય છે. આત્માએ પરદ્રવ્યને તો પકડ્યું નથી ને આત્માએ રાગને પણ પકડ્યો નથી. આત્મા તો ચૈતન્ય લક્ષણવાળો છે, આમ જેણે જાણ્યું તે રાગને પરપણે જાણે છે. રાગને અને જ્ઞાનને ચેત્યચેતકપણું છે, પણ કર્તાકર્મપણું કે કારણકાર્યપણું નથી. દ્રવ્યમાં પર્યાયની એકતા થતાં જે સ્વ-પરપ્રકાશક જ્ઞાન ખીલ્યું, તે જ્ઞાનની સાથે રાગની નિકટતા દેખાય છે ને? તો કહે છે કે તે તો જ્ઞાનના ચેત્યપણે જણાય છે, પણ જ્ઞાનના કારણપણે જણાતો નથી. તે રાગને લીધે તે જ્ઞાન થયું—એમ નથી. પણ જ્ઞાન સામર્થ્ય જ તે વખતે તેને જ જાણવાનું છે. રાગ તો ચારિત્રની વિપરીત પર્યાય છે. તેને લીધે જ્ઞાન ખીલે એમ બનતું નથી. માટે રાગને લીધે જ્ઞાન ખીલે એમ જે માને છે, તેને મિથ્યાત્વનું મોટું શલ્ય છે. જ્ઞાન અને રાગને જુદા જાણીને જ્ઞાન અંતર્મુખ થયું તે જ સત્-ક્રિયા છે. રાગનો ભાવ તે અસત્-ક્રિયા છે, તે ધર્મની ક્રિયા નથી.

અંતર્મુખ સ્વભાવમાં વળતાં જ્ઞાન જ એવું ખીલ્યું છે કે રાગને રાગપણે જાણે છે. રાગને આત્મા સાથે એકપણે જાણે તે તો મિથ્યાજ્ઞાન છે. આત્માનો જ્ઞાનસ્વભાવ છે, તે રાગથી ભિન્ન છે. ભગવાન કહે છે કે સર્વજ્ઞપણું મારા સ્વભાવમાંથી પ્રગટ્યું છે, ને તારા સ્વભાવમાં પણ સર્વજ્ઞપણાની શક્તિ પડી છે. તને રાગ સાથે એકતા ભાસે છે–તે તું છોડ, કેમકે રાગ વિના તારું હોવાપણું સંભવે છે. જો રાગ તારો સ્વભાવ હોય તો તે રાગ વિના તારું હોવાપણું સંભવી ન શકે. ચૈતન્ય વિના તારું હોવાપણું કદી ન સંભવે. પણ રાગ વિના તો તારું હોવાપણું સંભવે છે. માટે રાગથી તારો ચૈતન્ય સ્વભાવ ભિન્ન છે. આવા સ્વભાવનો હકાર આવે તો અંતરમંથન કરીને ઠરવાનું થાય. પણ હજી વાત જ અંતરમાં ન બેસે તો નક્કી કરીને ઠરે ક્યાંથી? રાગના અભાવ વખતે જેમ ચૈતન્ય રાગથી ભિન્ન છે, તેમ રાગ વખતે પણ રાગથી ચૈતન્ય ભિન્ન જ છે. તારે લીધે રાગ નથી ને રાગને લીધે તું નથી. આવી ભિન્નતા સમજવી, તે બંધથી ભિન્ન થવાનું એટલે કે મોક્ષનું કારણ છે.

આત્માના જ્ઞાનમાં જે રાગ જણાય છે. તે તો તેમના ચેત્યચેતકપણાને લીધે છે. પણ એકપણાને લીધે નથી. રાગ આંધળો છે. વ્યવહાર આંધળો છે, ને જ્ઞાન તો દેખતું છે, એ જ્ઞાન રાગને જાણે છે, પણ રાગમાં કાંઈ ચૈતન્યને જાણવાની તાકાત નથી. એ બન્ને ભિન્ન છે. વિકાર અને આત્મા ત્રણકાળમાં એકમેક નથી. અજ્ઞાનને લીધે એકપણું માન્યું છે. જ્ઞાનમાં જણાતો રાગ, જ્ઞાનથી ભિન્ન છે. જેમ દીપકનો પ્રકાશક સ્વભાવ હોવાથી તે ઘટાદિક પદાર્થોને પ્રકાશે છે ત્યાં દીપક પોતે ઘટાદિરૂપ થઈ જાય છે.—એમ તે પદાર્થો જાહેર કરતા નથી, પણ તે પદાર્થો તો દીપકના જ પ્રકાશકપણાની જાહેરાત કરે છે. દીપકે ઘડાને પ્રકાશ્યો ત્યાં દીપકમાં તે ઘડાનો અભાવ છે, જે ઘડો જણાય છે તે ઘડો દીપકના પ્રકાશકસ્વભાવની

જાહેરાત કરે છે. તેમ જ્ઞાનમાં જણાતો રાગ, જ્ઞાનના પ્રકાશકપણાને જ જણાવે છે, પણ જ્ઞાનના રાગપણાને નથી જણાવતો. રાગને જાણતાં શું જ્ઞાન રાગપણે થઈ જાય છે? ના, જે રાગ જણાયો તે તો જ્ઞાનના જ્ઞાયકપણાની જાહેરાત કરે છે. જાણ્યું છે જ્ઞાને, કાંઈ રાગે નથી જાણ્યું માટે રાગ અને જ્ઞાન ભિન્ન છે. રાગ તો બંધનું લક્ષણ છે ને જ્ઞાન તે આત્માનું લક્ષણ છે. આવું ભાન કરવું તે મોક્ષનો પ્રથમ ઉપાય છે.

"જ્ઞાનમાં રાગ જણાય છે ને? માટે રાગને લીધે જ્ઞાન થતું હશે?" તો કહે છે કે ના. જ્ઞાન રાગનું નથી પણ જ્ઞાન, જ્ઞાનનું છે. રાગને જાણ્યો તે તો જ્ઞાનનું સ્વ-પરપ્રકાશક સામર્થ્ય છે. ત્યાં રાગની અધિકતા નથી પણ ચૈતન્યના પ્રકાશની અધિકતા છે. ઘટને પ્રકાશવાનું સામર્થ્ય દીપકનું છે એમ રાગને જાણવાનું સામર્થ્ય રાગનું નથી પણ જ્ઞાનનું છે. જ્ઞાન પોતાને પણ જાણે છે ને પરને પણ જાણે છે. એવું જ્ઞાનનું સ્વ-પરપ્રકાશક સામર્થ્ય છે. રાગ વખતે એકલો રાગ જ જેને ભાસે છે ને જ્ઞાન ભાસતું નથી—તે મિથ્યાદ્રષ્ટિ છે. જ્ઞાની તો કહે છે કે મારા જ્ઞાનના સામર્થ્યના વિસ્તારમાં રાગ જણાય છે, એટલે તેને રાગ વખતે રાગની અધિકતા થતી નથી પણ જ્ઞાનની જ અધિકતા ભાસે છે. દર્પણમાં ઘણા પદાર્થો જણાય, તે દર્પણની સ્વચ્છતાને જણાવે છે તેમ જ્ઞાનમાં જે રાગ જણાય છે, તે તો જ્ઞાનની સ્વચ્છતાના સામર્થ્યની જાહેરાત કરે છે. પહેલાં આવા જ્ઞાનસામર્થ્યનો વિશ્વાસ આવવો જોઈએ.

ભાઈ! તું એમ વિશ્વાસ કર કે પરમેશ્વર થવાનું સામર્થ્ય મારામાં છે, ને મને પરમેશ્વર કરવા માટેની આ વાત સંતોએ કરી છે. એકવાર શ્રીમદ્ રાજચંદ્ર દૂર ફરવા ગયા હતા, ત્યાં કેટલાક ભરવાડો તેની સામે જોઈ જ રહ્યા. શ્રીમદ્ ને વિચાર આવ્યો કે આ મારું આટલું અનુસરણ કરે છે તો તેને કાંઈક કહું, તેનું પણ તે અનુસરણ કરશે. એમ વિચારીને કહ્યું કે **"ભાઈઓ! આંખ બંધ કરીને અંદર એમ વિચાર કરો કે 'હું પરમેશ્વર છું'** ભરવાડે તેમની વાતનું અનુસરણ કર્યું. ઓઘિકપણે ઓઘે ઓઘે પણ તેને તે વાત અંદર રુચિ. પણ મૂઢ જીવને તો પોતાના પરમેશ્વરપણાનો વિશ્વાસ બેસતો નથી, એટલે કહે છે કે અરે! હું પરમેશ્વર હોઉં! કાંઈક નિમિત્ત હોય, વ્યવહાર હોય પછી પરમેશ્વરપણું પ્રગટે. પણ આત્મામાં પરમેશ્વરપણાની તાકાત છે—તે વાતનો વિશ્વાસ તેને બેસતો નથી. અહીં આચાર્યદેવ કહે છે કે તારા જ્ઞાનમાં રાગને જાણવાનું સામર્થ્ય છે, રાગ જણાય તે તો તારા ચૈતન્યની પરમેશ્વરતા બતાવે છે, ચૈતન્યની સત્તામાં રાગ જણાય છે. રાગને લીધે ચૈતન્યની સત્તા નથી. અજ્ઞાનીને એમ લાગે છે કે રાગ છે માટે મારું જ્ઞાન છે. જ્ઞાની કહે છે કે હું છું માટે રાગ જણાય છે. આમ પૂર્વ-પશ્ચિમ જેટલો ફેર

છે. રાગ અને ચૈતન્યની ભિન્નતા જાણીને આત્મસ્વભાવમાં અંતર્મુખ થવું, તે જ બંધથી છૂટવાનો ઉપાય છે.

***

# <u>પ્રસાદ નં. ૩૧૯</u>

## <u>સમયસાર : ગાથા ૨૯૪</u>

*(ભાદરવા સુદ ૧૪,શુક્રવાર, ૧૪-૯-૫૧, ૨૦૦૭)*

આત્મામાં જે પુણ્ય-પાપના ભાવો છે તે બંધનસ્વરૂપ છે, તે કાંઈ આત્માના ધર્મસ્વરૂપ નથી. તે રાગ આત્માની અવસ્થામાં થાય છે—એમ દેખાય છે ને? તો કહે છે કે રાગ જણાય છે, તે તો જ્ઞાનના સામર્થ્યની જાહેરાત કરે છે. જેમ દીવો ઘટપટાદિને પ્રકાશે છે, ત્યાં દીપક વડે પ્રકાશવામાં આવતા ઘડો વગેરે તો દીપકના પ્રકાશની દ્વિરૂપતાને જાહેર કરે છે. દીપકનો સ્વભાવ એવો છે કે પોતાને તેમજ ઘટાદિને પ્રકાશે. તેમ આત્માનો જ્ઞાનસ્વભાવ છે, તેમાં જણાતો રાગ તો જ્ઞાનનું બેવડું સામર્થ્ય જણાવે છે કે જ્ઞાન પોતાને તેમજ રાગને જાણે છે. પણ તે રાગને જાણતું જ્ઞાન કાંઈ રાગપણે થઈ જતું નથી. ધર્મી જીવને ચૈતન્યની સન્મુખતામાં રાગાદિ પણ જ્ઞેયપણે જણાય, ત્યાં તો જ્ઞાનના સામર્થ્યની જાહેરાત થાય છે. પણ રાગને લીધે જ્ઞાન થાય છે—એમ નથી. રાગથી તો જ્ઞાન જુદું છે. <u>રાગ તે હું નહિ પણ રાગને જાણનારું જ્ઞાન તે હું</u>—એમ ભેદજ્ઞાન ન કરતાં રાગ તે જ હું—એમ માનવું તે અજ્ઞાનીનો ભ્રમ છે. હું તો જ્ઞાયક ચૈતન્યપ્રકાશ છું, હું મને પણ પ્રકાશું ને રાગાદિને પણ પ્રકાશું—એવું મારું સ્વપરપ્રકાશક સામર્થ્ય છે—આવી વાત અનંતકાળથી સમજવામાં આવી નથી તેથી જીવ વ્રતાદિના રાગમાં ધર્મ માની બેઠો છે પણ રાગ તો વિકાર છે, તે વિકારની અસ્તિને અજ્ઞાની સ્વીકારે છે. પણ વિકારને જાણનારું પોતાનું જ્ઞાન, વિકારથી ભિન્ન છે, તે જ્ઞાનના અસ્તિત્વને સ્વીકારતો નથી, તેને અંશબુદ્ધિ-મિથ્યાબુદ્ધિ જાહેર થાય છે, ને જ્ઞાનીને રાગથી ભિન્નતાના ભાનમાં ચૈતન્યસ્વભાવની બુદ્ધિ જાહેર થાય છે. હું તો ચેતન છું, રાગ ઉત્પન્ન થયો, તે વખતે જ મારા જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશક સામર્થ્ય ઉત્પન્ન થયું છે, તે રાગને પણ જાણે છે, એટલે રાગ વખતે હું રાગરૂપે થઈ જતો નથી પણ હું તો ચૈતન્ય છું એમ જ્ઞાની જાણે છે. રાગની ઉત્પત્તિ વખતે અજ્ઞાનીને આત્મા રાગપણે જ ભાસે છે, પણ ચૈતન્યસ્વભાવપણે ભાસતો નથી, તે મિથ્યાજ્ઞાન છે. જ્ઞાની કહે છે કે હું  તો ચૈતન્ય સ્વભાવી છું, રાગની ઉત્પત્તિ વખતે પણ મારું જ્ઞાન, રાગથી જુદું રહીને રાગને જાણે છે. રાગ વખતે પણ મારા ચૈતન્યની જ અધિકતા છે. <u>જે પર્યાયમાં જ્ઞાન છે તે જ પર્યાયમાં રાગ છે—આમ બંનેની અત્યંત નિકટતા છે.</u> ત્યાં જોકે જ્ઞાન અને રાગ બન્નેનાં લક્ષણ પૃથક્ પૃથક્ છે. પણ અજ્ઞાનીને ભ્રમથી તેમનું એકપણું લાગે છે. હું મારા જ્ઞાન સામર્થ્યથી રાગને જાણું છું. રાગને લીધે જ્ઞાન થતું

નથી; રાગ છે માટે જ્ઞાન થયું કે નિમિત્ત છે માટે જ્ઞાન થયું—એમ નથી. અજ્ઞાનીનો ઊંચામાં ઊંચો જે શુભભાવ છે તે દ્રવ્યલિંગી મુનિને હોય છે.પણ "આ વિકલ્પ છે તેથી ધર્મ થાય છે" "આ વિકલ્પને લીધે જ્ઞાન ખીલે છે." એવી બુદ્ધિ તેને ખસતી નથી. તેથી તે સંસારમાં રખડે છે. "રાગ છે તો જ્ઞાન છે" એમ નહીં પણ "હું જ્ઞાન છું તો રાગ જણાય છે"—એમ જ્ઞાન તરફ જોર આપવું જોઈએ. રાગ તો જ્ઞાનનું જ્ઞેય છે. તે રાગ હોય તો કલ્યાણ થાય, એવો અજ્ઞાનીનો અનાદિનો વ્યામોહ—ભ્રમ છે; તે કેમ છેદાય?—કે પ્રજ્ઞા વડે જ તે અનાદિનો વ્યામોહ છેદાય છે. અંતર્મુખ જ્ઞાન છું—એવા ભાન દ્વારા જ રાગ સાથેની એકતાબુદ્ધિનો વ્યામોહ અવશ્ય છેદાય છે.

વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે એવી માન્યતા તે અજ્ઞાનીનો વ્યામોહ છે—મિથ્યાત્વ છે. પણ આ રાગ અને જ્ઞાનનાં જુદાં જુદાં લક્ષણને જાણીને આત્મામાં અંતર્મુખ થતાં પ્રજ્ઞાવડે તે મિથ્યાત્વ જરૂર છેદાય છે. આ ત્રિકાળી નિયમ છે. રાગ અને જ્ઞાનની એકતાની માન્યતા તે મિથ્યાત્વ છે ને પ્રજ્ઞાછીણી વડે તેનો છેદ થાય છે. આમ મિથ્યાદ્રષ્ટિને સમજાવે છે. જે મિથ્યાદ્રષ્ટિ છે તેને મિથ્યાત્વ ટળીને ધર્મ કેમ થાય, તેનો આ સમયસારમાં ઉપદેશ છે. અનાદિનું મિથ્યાત્વ ટાળવું હોય તો આ જ ઉપાય છે કે પ્રજ્ઞાછીણી વડે તે છેદાય છે.

જુઓ ! શિષ્ય ભ્રાંતિને છેદવાનો જિજ્ઞાસુ છે. તેને આવો ઉપાય કહેનારા ગુરુ હોય તો જ તે સાચા ગુરુ છે. પણ શુભરાગ વડે કે વ્યવહાર વડે તારું મિથ્યાત્વ ટળશે—એમ જે કહેતા હોય તે સાચા ગુરુ નથી. સર્વજ્ઞે પણ આવું જ કહ્યું છે. આવો સ્વસન્મુખ ઉપાય કહેનારા જ દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્તપણે હોવા જોઈએ. કોઈ બહારનું સાધન બતાવે કે નિમિત્તના આશ્રયે કે વ્યવહારના આશ્રયે તને લાભ થશે—(એમ કહે)તો તે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર છે. અનાદિનો આત્મા છે, તેની પર્યાયમાં ભ્રમ છે. તે ભ્રમ સ્વભાવના આશ્રયે ટળે છે, ને તે ટાળવા વખતે આવું કહેનારા દેવ-ગુરુ-શાસ્ત્ર જ નિમિત્ત હોય કે તારો મોહ અંતર્મુખ સ્વભાવના આશ્રયે છેદાય છે.—આમ જાણ્યા વિના ભ્રમને છેદી શકાય નહિ. અંતર્મુખ સ્વભાવમાં વળવું—તેનું નામ પ્રજ્ઞા છે. તે પ્રજ્ઞા વડે મિથ્યાત્વ જરૂર છેદાય છે.

**ભાવાર્થ :—**આત્મા અને બંધ બન્નેને લક્ષણભેદથી ઓળખી બુદ્ધિરૂપી છીણીથી છેદી જુદા કરવા. જુઓ! આ પણ ઉપચારથી છે. ખરેખર અંતર સ્વભાવમાં જ્ઞાન વળ્યું ત્યાં બંધ થતો જ નથી, તેનું નામ બંધનો છેદ છે. પણ 'આ બંધ છે અને તેને હું છેદું' એવા લક્ષે કાંઈ બંધ છેદાતો નથી.

'આત્મા તો અમૂર્તિક છે અને બંધ સૂક્ષ્મ પુદ્‌ગલ પરમાણુઓનો સ્કંધ છે'. પહેલાં ચૈતન્ય અને રાગની એકતાને બંધ કહ્યો હતો, ને અહીં પુદ્‌ગલ પરમાણુના સ્કંધે બંધ કહ્યો. કેમકે જેને ચૈતન્યના અબંધ સ્વભાવ ઉપર દ્રષ્ટિ નથી તેની રુચિ જડ ઉપર છે, માટે જડ તરફના વલણવાળા ભાવને પણ જડ કહ્યો. **જેને ચૈતન્યની રુચિ નથી, તેને જડની રુચિ છે;** માટે તેણે જડ અને ચૈતન્યની એકતાની જ બુદ્ધિ છે. "આત્મા અને કર્મો એક છે" એમ અજ્ઞાનીને ભાસે છે તેમ કહ્યું, પણ કાંઈ અજ્ઞાનીને આત્મા કે કર્મો તો દેખાતાં નથી, પણ તેની માન્યતામાં શુદ્ધ ચૈતન્ય આત્મા નથી માટે તેના અભિપ્રાયમાં તે આત્માને અને કર્મોને એકપણે માને જ છે, તે અપેક્ષાએ અહીં કહ્યું છે.

અજ્ઞાની અનાદિથી જુદા ચૈતન્યને દેખતો નથી એટલે જડ ચેતનને એકપણે દેખે છે, તે અનાદિનું અજ્ઞાન છે. હવે તે ટાળવાની વાત કરે છે.

શ્રીગુરુએ ઉપદેશમાં એમ કહ્યું કે તું ચૈતન્ય છો ને રાગ તે બંધભાવ છે, તારા અંતર્મુખ થવાથી તને લાભ છે, ને પર તરફના વલણવાળો ભાવ તે બંધન છે. આમ રાગનું લક્ષ છોડીને ચૈતન્યનું સ્વલક્ષ કરવાનું ગુરુ સમજાવે છે. આવું જ શાસ્ત્રોનું તાત્પર્ય છે, તેને જે ઝીલે તેનું અજ્ઞાન ટળે છે. તારા સ્વભાવ તરફના વલણથી તને આત્મા જણાશે, ને અમારા તરફના વલણથી તો તને બંધ થશે, આત્મા નહીં જણાય. દેવ-ગુરુ-શાસ્ત્રનો આશય એમ કહેવાનો છે કે તું ચૈતન્યલક્ષણથી તારા આત્માને જાણ, તારા આત્માનો આશ્રય કર. જે જીવ આવો આશય પકડે, તે જીવે દેવ-ગુરુ-શાસ્ત્રનું કહેવું ખરેખર સાંભળ્યું છે. જેમ બાપે પાંચ શેર સાકર લાવવાનું કહ્યું હોય, ને અફીણવાળાની દુકાને જાય તો તેણે ખરેખર બાપનું કહેવું સાંભળ્યું નથી. સાકરવાળાની દુકાને જાય તો તેણે બાપનું કહેવું સાંભળ્યું છે. તેમ દેવ-ગુરુએ ઉપદેશમાં તો એમ કહ્યું છે કે તું તારા ચૈતન્યલક્ષણથી જણાય તેવો છો, રાગથી જણાય તેવો તું નથી. તારા ચૈતન્ય સ્વભાવ તરફનું વલણ તે જ તને મોક્ષનું કારણ છે. એ સિવાય પર તરફનું વલણ તે બંધનું જ કારણ છે. આ પ્રમાણે જે જીવ સ્વાશ્રયે ચૈતન્ય લક્ષણથી આત્માને ઓળખે તેણે જ ખરેખર દેવ-ગુરુનું કહેવું સાંભળ્યું કહેવાય. પણ જો વ્યવહારથી લાભ માનીને અટકે, તો તેણે ખરેખર દેવ-ગુરુનું કહેવું સાંભળ્યું જ નથી. તેથી અહીં કહ્યું કે : "શ્રીગુરુઓનો ઉપદેશ પામીને તેમનાં લક્ષણ જુદાં જુદાં અનુભવીને જાણવું કે ચૈતન્યમાત્ર તો આત્માનું લક્ષણ છે અને રાગાદિક બંધનું લક્ષણ છે તોપણ માત્ર જ્ઞેય-જ્ઞાયકભાવની અતિ નિકટતાથી તેઓ એક જેવા થઈ રહ્યા દેખાય છે."

પહેલાં ચૈતન્ય તે હું ને રાગ તે હું નહિ, સ્વ તરફના વલણવાળો ભાવ તે ધર્મ છે ને પર તરફના વલણવાળો ભાવ તે બંધ છે, આમ પહેલાં ભિન્નતાનો નિર્ણય કરીને તીક્ષ્ણ પ્રજ્ઞાછીણીને તે બન્નેની સંધિમાં સાવધાન થઈને પટકવી, એટલે કે અંતરસ્વરૂપમાં વળવું ને બંધનું લક્ષ છોડવું. આમ અંતર્મુખ એકાગ્ર થયો ત્યાં "ચૈતન્ય તે હું" એવો અસ્તિનો અનુભવ થાય છે, ને તેમાં "રાગ તે હું નહિ" એવું નાસ્તિનું જ્ઞાન પણ સાથે જ છે. ચૈતન્યની અસ્તિરૂપ ને રાગની નાસ્તિરૂપ પરિણમન થવા માંડે છે, એટલે રાગ અને આત્મા જુદા જુદા દેખાવા લાગે છે એમ કહ્યું. એમ બંને જુદા જુદા દેખાતાં, આત્માને જ્ઞાનભાવમાં જ રાખવો અને બંધને અજ્ઞાનભાવમાં રાખવો. એ રીતે ભિન્ન-ભિન્ન કરવા.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

## <u>કળશ ૧૮૧</u>

"આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી પ્રવીણ પુરુષો વડે કોઈપણ પ્રકારે (–યત્નપૂર્વક) સાવધાનપણે (નિષ્પ્રમાદપણે) પટકવામાં આવી થકી, આત્મા અને કર્મ—બન્નેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં (-અંદરની સાંધના જોડાણમાં) શીઘ્ર પડે છે."

રાગથી લાભ માને, વ્યવહારથી લાભ માને—તે પ્રવીણ નથી. પ્રવીણ તો તેને કહ્યો છે કે જે રાગ અને જ્ઞાનને ભિન્ન ભિન્ન ઓળખીને અંતરમાં જ્ઞાનને એકાગ્ર કરે. જ્ઞાનને અંતરમાં એકાગ્ર કરવું, તેનું નામ જ પ્રજ્ઞાછીણી છે.

"આ પ્રજ્ઞાછીણી" એમ કહીને આચાર્યદેવ પ્રજ્ઞાની વિદ્યમાનતા બતાવે છે. પ્રજ્ઞારૂપી પર્યાય સત્ છે. પ્રજ્ઞારૂપી છીણીને કોઈપણ પ્રકારે—યત્નપૂર્વક—સાવધાન થઈને પટકવાથી ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન થાય છે. કોઈ એમ કહે કે સમ્યગ્દર્શન દૈવથી થાય છે, તેમાં પુરુષાર્થ નથી, તો તે મિથ્યાદ્રષ્ટિ છે. અહીં તો કહ્યું કે યત્નપૂર્વક સાવધાન થઈને પ્રજ્ઞાછીણી પટકવાથી સમ્યગ્દર્શન થાય છે. વળી કર્મના ઉદય પ્રમાણે વિકાર કરવો જ પડે—એમ માને તો તેને પણ પુરુષાર્થ રહેતો નથી, તેને તો મિથ્યાત્વની તીવ્રતા છે. કર્મના ઉદય પ્રમાણે વિકાર થાય, એવી માન્યતાવાળાને કદી સ્વ તરફ વળવાનું રહેતું નથી. તે તો નિગોદનો આરાધક છે. આત્મા અને કર્મની સૂક્ષ્મ અંતઃસંધિના બંધમાં પ્રજ્ઞાછીણી શીઘ્ર પડે છે. એટલે સ્વમાં એકતાબુદ્ધિ થતાં, તે જ ક્ષણે પરમાં એકતાબુદ્ધિ છૂટી જાય છે, તેનું નામ ભેદજ્ઞાન છે. આવા ભેદજ્ઞાન પછી વ્રત-ચારિત્ર હોઈ શકે. માટે પહેલાં સ્વ-પરની

ભિન્નતા ઓળખાવીને સંધિ તોડાવી છે. ને ભેદજ્ઞાન કરાવ્યું છે. આવું ભેદજ્ઞાન તે પહેલો ધર્મ છે.

## સમયસાર : કળશ – ૧૮૧ (ચાલુ)

*(ભાદરવા સુદ ૧૫, શનિવાર, ૨૦૦૭, તા. ૧૫-૯-૫૧)*

આ મોક્ષ અધિકાર છે. અનાદિથી રાગ-દ્વેષ તે હું—એમ માને છે તે અજ્ઞાન છે; શરીરાદિ મારાં એ માન્યતા તો મિથ્યાત્વ છે જ, પણ પર્યાયમાં જે ક્ષણિક વિકારી પુણ્ય-પાપના ભાવ થાય છે તેને આત્માના સ્વભાવની ચીજ માને તો તે પણ મિથ્યાત્વ છે. તે મિથ્યાત્વથી જીવ સંસારમાં રખડે છે, મોક્ષનું સાધન શું છે, તેની આ વાત ચાલે છે.

મોક્ષાર્થી જીવને મોક્ષ માટે પૈસા કે શરીર તે સાધન નથી. મંદ રાગ થઈને ઉપવાસ આદિનો જે શુભભાવ થાય તે પણ બંધન છે, તે મોક્ષનું સાધન નથી. હું આ જ્ઞાનસ્વરૂપ છું—એવો નિર્ણય કરીને અંતરમાં જે જ્ઞાન એકાગ્ર થાય—તે જ્ઞાનનું નામ પ્રજ્ઞાછીણી છે ને તે જ આત્માને મોક્ષનું સાધન છે.

“આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી છે તે પ્રવીણ પુરુષો વડે પટકવામાં આવે છે.” પ્રવીણ કોને કહેવો? જે પોતાના જ્ઞાનને અંતરમાં વાળે, તે જ સાચો પ્રવીણ છે. લૌકિક ડહાપણવાળાને અહીં પ્રવીણ નથી કહેતા.

પુણ્યથી ધર્મ થાય એમ માને તે પણ ડહાપણવાળો નથી પણ પાગલ-ગાંડો છે. પહેલાં આવા અંતર્મુખ માર્ગની રુચિ અને શ્રદ્ધા કરવી જોઈએ. શરીર-મન-વાણી તો હું નહીં ને રાગ-દ્વેષ પણ હું નહિ, હું તો શુદ્ધ ચૈતન્ય છું—એમ જે જાણે તે જ પ્રવીણ છે. પુણ્ય-પાપ થાય છે ખરા પણ તેને સ્વરૂપમાં સાવધાની વર્તે છે કે હું તો ચૈતન્ય છું; આવા પ્રવીણ પુરુષને આત્મા અને બંધનું ભેદજ્ઞાન થાય છે.

તે પ્રવીણ પુરુષ વડે પ્રજ્ઞાછીણી પટકવામાં આવે છે,–કઈ રીતે? કે કોઈપણ પ્રકારે અત્યંત સાવધાનીપૂર્વક પટકવામાં આવે છે. અંદરના પ્રયત્નથી ને અંદરની સાવધાનીની આ વાત છે. બહારમાં હા—હા કરે કે પૈસા ખરચે, તેમાં જો રાગને મંદ પાડે તો પુણ્ય બંધાય, પણ તેનાથી ભેદજ્ઞાન ન થાય. ‘કોઈપણ રીતે’ એમ કહીને આચાર્યદેવે પુરુષાર્થ બતાવ્યો છે. હજી જેને ભેદજ્ઞાન થયું નથી પણ જે ભેદજ્ઞાન કરવાનો કામી છે, સ્વભાવની રુચિ કરી છે તેને પણ અહીં ‘પ્રવીણપુરુષ’ આચાર્યદેવે કહ્યો છે. તે પ્રવીણપુરુષ એમ જાણે છે કે હું તો ચૈત્યન્ય લક્ષણવાળો જ્ઞાતાદ્રષ્ટા છું ને રાગાદિ બંધભાવો તે મારા સ્વભાવથી ભિન્ન છે, તેથી તે રાગાદિ

ખરેખર બંધનું લક્ષણ છે, એમ જાણીને તે બન્નેની સૂક્ષ્મ અંતરંગસંધિની સાંધમાં પ્રજ્ઞાછીણીને પ્રયત્નથી સાવધાનીપૂર્વક પટકે છે—આ જ મોક્ષનો ઉપાય છે.

"હું જ્ઞાતા ચૈતન્યબિંબ છું," પુણ્ય-પાપનો કે શરીરાદિનો હું સ્વામી નથી, હું તો ચૈતન્યનો જ સ્વામી છું—ને પુણ્ય-પાપનો સ્વામી જડ છે"—એમ બન્નેને પ્રજ્ઞાછીણીથી જુદા પાડીને આત્માને ચૈતન્યપૂરમાં મગ્ન કરે છે. તે ચૈતન્યનું તેજ અંતરમાં સ્થિર દેદીપ્યમાન છે. આવા ચૈતન્યના પ્રવાહમાં આત્માને ડુબાડી દે છે, ને બંધને આત્માથી ભિન્ન એવા અજ્ઞાનભાવમાં નિમગ્ન કરે છે. આનો અર્થ એમ સમજવો કે જ્ઞાન સ્વ તરફ વળીને આત્મામાં એકાગ્ર થાય છે એટલે તે વખતે બંધભાવ છૂટી જાય છે. એ રીતે પ્રજ્ઞાછીણી આત્માને અને બંધને સર્વ તરફથી જુદા પાડે છે.

જેને ચૈતન્યની રુચિ નથી ને પુણ્યની રુચિ છે તેને ચૈતન્યના પૂરમાં ઝૂકાવ થતો નથી. જે ચૈતન્યને અને રાગને ભિન્ન જાણીને જ્ઞાનને ચૈતન્યપૂરમાં લીન કરે છે, તેને જ સ્વ-પરનું ભેદજ્ઞાન થઈને મુક્તિ થાય છે. સાચા જ્ઞાન વિના બહારમાં સાધુપણું લઈને બેસે તે તો પુણ્ય-પાપના ઝગડામાં સલવાઈ જાય છે. આત્મા અને બંધ એ બન્નેને પોતપોતાનાં સ્વલક્ષણથી જુદા જાણીને બંધ તરફ ઝૂકાવ ન થવો ને ચૈતન્યસ્વભાવમાં ઝૂકાવ થવો, તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર છે—તે જ મોક્ષનો ઉપાય છે.

**ભાવાર્થ :** અહીં આત્મા અને બંધને ભિન્ન-ભિન્ન કરવારૂપ કાર્ય છે, તેનો કર્તા આત્મા છે. ત્યાં કરણ વિના કર્તા કોના વડે કાર્ય કરે? તેથી કરણ પણ જોઈએ. નિશ્ચયનયે કર્તાથી ભિન્ન કરણ હોતું નથી; માટે આત્માથી અભિન્ન એવી આ બુદ્ધિ જ આ કાર્યમાં કરણ છે.

આવું સ્વભાવકરણ પ્રગટ કરે તો શુભ વ્યવહારને ઉપચારકરણ કહેવાય. પણ તે ખરું કરણ નથી. કેમકે નિશ્ચયથી કરણ આત્માથી ભિન્ન ન હોય. ને શુભરાગ તો નિશ્ચયથી આત્માથી ભિન્ન છે, માટે તે આત્માના મોક્ષકાર્યનું સાધન નથી, આત્માની મોક્ષદશા તે કાર્ય છે. તેનો કર્તા આત્મા છે, ને તે આત્મા તરફ ઢળેલી પ્રજ્ઞા તે નિશ્ચયકરણ છે, એવું નિશ્ચયકરણ પ્રગટ કર્યું હોય તો જ રાગને વ્યવહારકરણનો ઉપચાર લાગુ પડે છે. 'કરણ'નો અર્થ 'સાધન' છે. જેટલો આત્મા તરફ ઝૂકાવ થાય તેટલું જ મોક્ષનું સાધન છે. વચ્ચે રાગ રહે તે તો બંધનું લક્ષણ છે, છતાં તે રાગને જો મોક્ષનું કારણ માને તો બંધ અને મોક્ષનો માર્ગ જુદો રહેતો નથી. રાગને સાધન કહેવું તે માત્ર ઉપચાર છે. પણ જ્યાં નિશ્ચય હોય ત્યાં જ તે ઉપચાર કહેવાય.

ચૈતન્ય તરફ ઢળેલું જ્ઞાન ચૈતન્યથી અભિન્ન છે, ને તે જ આત્માના મોક્ષનું સાધન છે. રાગ તો ચૈતન્યસ્વભાવથી ભિન્ન છે. માટે તે આત્માના મોક્ષનું સાધન

નથી તો પછી આત્માથી ત્રિકાળ ભિન્ન એવાં શરીરાદિ તો મોક્ષનું સાધન ક્યાંથી થાય? શરીર ને પૈસા તો અજીવ છે, તે આત્માને મોક્ષનું સાધન ક્યાંથી થાય? તે જડથી ભિન્ન, ને તે જડ તરફના વલણથી પણ પરમાર્થે ભિન્ન, એવા પોતાના ચૈતન્યસ્વભાવ તરફ વળીને એકાગ્ર થવું તે મોક્ષનું સાધન છે. પૈસા વગેરે પરવસ્તુથી ધર્મ તો થતો નથી ને પુણ્ય કે પાપ પણ નથી. હા, પૈસા ઉપરની મમતા તે પાપ છે, ને મમતા ઘટાડવી તે પુણ્ય છે. પણ તે બંને બંધભાવ છે. મોક્ષનું સાધન તો ચૈતન્ય તરફ વળેલું જ્ઞાન છે.

"આત્માને અનાદિ બંધ જ્ઞાનાવરણાદિ કર્મ છે, તેમનું કાર્ય ભાવબંધ તો રાગાદિક છે અને નોકર્મ શરીરાદિક છે."

રાગાદિક ભાવોને અહીં જડકર્મનું કાર્ય કહ્યું છે, તે સ્વભાવદ્રષ્ટિની અપેક્ષાએ કહ્યું છે. સ્વભાવદ્રષ્ટિથી વિકાર તે આત્માનું કાર્ય નથી; પર્યાયમાં પોતાની યોગ્યતાથી તે વિકાર થાય છે, એમ જાણીને જે ચૈતન્યસ્વભાવ તરફ દ્રષ્ટિ કરે છે, તે સ્વભાવદ્રષ્ટિના જોરે કહે છે કે આ વિકાર તે મારું કાર્ય છે જ નહિ, વિકાર તો જડનું કાર્ય છે.

જ્ઞાનની હીનતા તે પણ ભાવબંધ છે, ને તેમાં પુદ્‌ગલકર્મ નિમિત્ત છે. ચૈતન્યના સ્વભાવથી જ્ઞાનની હીનતા ન હોય. બારમા ગુણસ્થાને જ્ઞાનાદિનો ભાવબંધ છે પણ નવો દ્રવ્યબંધ થતો નથી. કર્મને લીધે જ રાગાદિ થાય છે એમ માને ને પર્યાયની સ્વતંત્રતાને ન માને તો તે તીવ્ર મિથ્યાદ્રષ્ટિ છે. જેણે પર્યાયને પણ સ્વતંત્ર જાણી નથી—તે તો ત્રિકાળી સ્વભાવમાં વળી શકશે જ નહીં. અહીં તો ત્રિકાળી સ્વભાવની દ્રષ્ટિએ વિકારને પુદ્‌ગલનું કાર્ય કહ્યું છે. વિકાર તે કર્મનું કાર્ય છે, માટે તેનાથી તારું ધર્મનું કાર્ય ન થાય. તારા સ્વભાવના આશ્રયે જ તારું ધર્મનું કાર્ય થાય છે એમ સમજાવવા માટે જ વિકારને જડનું કાર્ય કહ્યું છે.

પુદ્‌ગલકર્મનો બંધ અનાદિથી છે. ને તેના નિમિત્તે સમય સમયનો વિકારી ભાવબંધ પણ અનાદિથી છે, તે આત્માનો સ્વભાવ નથી માટે તે ખરેખર આત્માનું કાર્ય નથી પણ પુદ્‌ગલનું કાર્ય છે.

પ્રશ્ન :–આમાં ઉપાદાન-નિમિત્તનો મેળ ક્યાં રહ્યો?

ઉત્તર :–અહીં શુદ્ધ ઉપાદાન ત્રિકાળી સ્વભાવ છે. તેની અપેક્ષાએ આત્મા રાગાદિકનો કર્તા નથી, માટે તે રાગાદિકને જડનું જ કાર્ય કહી દીધું છે, પણ પર્યાયનું ભાન છે કે પર્યાય અપેક્ષાએ મારી લાયકાત છે. પણ અહીં તો મોક્ષકાર્ય તે જ આત્માનું કર્મ છે એમ સિદ્ધ કરવું છે. વિકારી કાર્યનો કર્તા આત્મા થાય તો મોક્ષ ક્યાંથી થાય? માટે અહીં આત્માને મોક્ષનો કર્તા સિદ્ધ કરવા માટે બંધભાવનો કર્તા પુદ્‌ગલકર્મને કહ્યો છે. કર્મ, રાગ અને શરીર તે ત્રણેય—ચૈતન્ય ભગવાન આત્માથી ભિન્ન છે, આત્મા તો ચૈતન્ય માત્ર જ્ઞાનમૂર્તિ છે–આવી સમ્યક્બુદ્ધિ કરીને

આત્માને તો ચૈતન્યભાવના અનુભવમાં લીન રાખવો, આનું જ નામ બંધભાવથી છૂટા પડવું છે, ને તે જ મુક્તિનો ઉપાય છે.

જ્ઞાનની હીનતા તે પણ પુદ્‌ગલકર્મનું કાર્ય કહ્યું એમ જેણે જાણ્યું, તેણે પર્યાયબુદ્ધિ છોડીને અખંડ ચૈતન્યસ્વભાવની દ્રષ્ટિ કરી. લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાશ તેના સ્વભાવમાં ભરી છે તેમાંથી જ તે પર્યાયમાં વ્યક્ત થાય છે; પત્થર વગેરે સંયોગમાંથી તો નથી આવતી પણ પહેલાંની પર્યાયમાંથી પણ તે આવી નથી. કેમકે પહેલાંની પર્યાયમાં તો તેનો અભાવ હતો. તેમ આત્માની કેવળજ્ઞાન અને મોક્ષદશા પરસંયોગના આધારે તો નથી થતી, અંદરના શુભભાવથી પણ થતી નથી તેમજ ક્ષયોપશમની અલ્પદશામાંથી પણ પૂરી દશા થતી નથી. પણ અંતરની ચૈતન્યશક્તિમાં એકાગ્રતાથી જ પર્યાયમાં કેવળજ્ઞાન અને મોક્ષદશા વ્યક્ત થાય છે. ક્ષયોપશમભાવની રુચિથી તો રાગની ઉત્પત્તિ થાય છે. તે ક્ષયોપશમપર્યાયમાંથી પણ સમ્યગ્દર્શન વગેરે ધર્મદશા આવતી નથી તો પછી નિમિત્તથી કે રાગથી ધર્મ થાય—એ વાત તો ક્યાંય દૂર રહી! ક્ષયોપશમભાવમાંથી જો ધર્મદશા ખીલતી હોય તો તો અભવ્યને પણ અનાદિથી ક્ષયોપશમ તો છે એટલે તેનેય ધર્મ થઈ જવો જોઈએ! માટે અંતર ચૈતન્યસ્વભાવના આશ્રયે જ ધર્મ પ્રગટે છે. આ સિવાય બીજું કોઈ સાધન છે જ નહિ. પર્યાયબુદ્ધિ ઉડાડીને અંદર દ્રવ્યબુદ્ધિ પ્રગટ કરીને દ્રવ્યની સન્મુખ થાય તે જ ધર્મ છે–એમ અહીં કહેવું છે.

પર્યાયમાં જેટલી હીનતા થાય તે જો આત્માનું કાર્ય હોય તો હીનતાથી છૂટીને મોક્ષ કરવો, તે આત્માનું કાર્ય રહે નહીં. માટે અહીં હીનતા થાય તેને જડનું કાર્ય કહેવું છે. જેણે નિમિત્ત-રાગ ને હીનતાની રુચિ છોડીને સ્વભાવની રુચિ કરીને તે તરફ વલણ કર્યું, તે જીવ ક્ષણે-ક્ષણે મોક્ષકાર્યને કરે છે. જેને નિમિત્તની, રાગની કે અલ્પ પર્યાયની રુચિ છે તે જીવ બંધભાવને જ કરે છે. પણ તે મોક્ષનો કર્તા થતો નથી. અહીં તો મોક્ષનો કર્તા આત્મા કઈ રીતે થાય તેની વાત છે. કેમકે આ તો મોક્ષ અધિકાર છે. એટલે મોક્ષ થવાની રીત બતાવવી છે.

સમ્યગ્દર્શનરૂપી કાર્યનો કર્તા આત્મા છે, પણ ત્યાં જે ક્ષયોપશમની હીન પર્યાય છે તેનો કર્તા આત્મા નથી. જો આત્મા અલ્પતાનો કર્તા થઈને અટકે તો તે પર્યાયબુદ્ધિમાં અટક્યો છે. તે સ્વભાવની દ્રષ્ટિ વગર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કે મોક્ષપર્યાયનો કર્તા થતો નથી. ચૈતન્યસત્તામાં પૂર્ણતા ભરી છે. તેની રુચિ, એકાગ્રતાથી જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને મોક્ષકાર્ય પ્રગટે છે, એટલે સમ્યક્જ્ઞાતા થઈ જે સ્વભાવ તરફ વળ્યો, તે આત્મા કર્તા, મોક્ષરૂપી તે કાર્ય અને અંતર્મુખ થયેલી પ્રજ્ઞા તે સાધન છે. આ સિવાય આત્મા રાગાદિનો કર્તા નથી. રાગાદિ તે આત્માનું કાર્ય નથી અને રાગ તે મોક્ષનું સાધન નથી.

નિમિત્ત, રાગ, અધૂરી પર્યાય અને ત્રિકાળી ચિદાનંદ સ્વભાવ એ ચારે એકસાથે છે, તેમાં કોના તરફ ઝૂકાવ કરવો? નિમિત્ત તરફ, રાગ તરફ કે અધૂરી પર્યાય તરફના ઝૂકાવથી કલ્યાણ થતું નથી, પણ ધ્રુવ ચૈતન્યસ્વભાવ તરફ વલણ કરવું—તે જ કલ્યાણની ઉત્પત્તિનું કારણ છે.

કોઈ કહે કે : આવું સમજે કે જડથી ધર્મ થતો નથી તો તો કોઈ પૈસાનું દાન નહીં કરે!

ઉત્તર : જુઓ ભાઈ! જે આવું સત્ય સમજશે ને જેને રાગ વગરના ચૈતન્યસ્વભાની રુચિ થશે, તે જીવ રાગને આદરણીય નહિ માને. એટલે તેનો રાગ મંદ પડ્યા વિના રહેશે નહિ; રાગ મંદ પડતાં બહારમાં દાન આદિની ક્રિયા તેના કારણે થશે. તેનો કર્તા આત્મા નથી માટે સત્ય સ્વભાવ સમજનારને જેવો રાગ ઘટીને દાનાદિ થશે તેવાં અજ્ઞાનીને નહીં થાય.

પહેલાં વસ્તુસ્વભાવ તો સમજો કે પોતાનું કાર્ય શું છે? જડનું કાર્ય સ્વતંત્ર છે—તે આત્માના હાથની વાત જ નથી. શાક લેવા જાય તો ત્યાં શાકને ઓળખીને કહે છે કે “આ શાક મારે લેવું છે” તેમ જેને ધર્મ કરવો છે તેણે ધર્મ ક્યાંથી લેવો, તે તો જાણવું જોઈએ ને? શું શરીરમાંથી ધર્મ મળશે કે પુણ્ય-પાપમાંથી ધર્મ મળશે? તેમાં ક્યાંય ધર્મ નથી. પણ અંદર ચૈતન્યસ્વરૂપ આત્મા તે હું છું ને રાગ મારું સ્વરૂપ નથી–એમ બન્નેને તેમના લક્ષણથી ભિન્ન-ભિન્ન ઓળખીને આત્મા તરફ બુદ્ધિને વાળવી, તે જ આત્માના ધર્મની રીત છે. આમ ઓળખીને જે આત્મામાં એકાગ્ર થાય તે જ સર્વકર્મનો નાશ કરીને સિદ્ધપદને પામે છે. આ જ મોક્ષનો ઉપાય છે. બીજું કોઈ સાધન નથી.

# પ્રસાદ નં. ૩૨૧

## સમયસાર ગાથા : ૨૯૫

*(ભાદરવા વદ-૧, રવિવાર, ૨૦૦૭, તા. ૧૬-૯-૫૧)*

પ્રજ્ઞાછીણીથી આત્મા અને બંધ બન્નેને જુદા કરવાનું કહ્યું. હવે શિષ્ય પૂછે છે કે પ્રભો! આત્મા અને બંધને જુદા કરીને શું કરવું? તેનો ઉત્તર કહે છે :–

**જીવ બંધ જ્યાં છેદાય એ રીત નિયત નિજ નિજ લક્ષણે,**
**ત્યાં છોડવો એ બંધને, જીવ ગ્રહણ કરવો શુદ્ધને. ૨૯૫.**

**અર્થ :** એ રીતે જીવ અને બંધ તેમનાં નિશ્ચિત સ્વલક્ષણોથી છેદાય છે. ત્યાં બંધને છેદવો અર્થાત્ છોડવો અને શુદ્ધ આત્માને ગ્રહણ કરવો.

શિષ્યે કુંદકુંદાચાર્યદેવને પ્રશ્ન કર્યો કે હે પ્રભો! અમારે ધર્મ કઈ રીતે કરવો? પ્રજ્ઞાછીણીથી આત્મા અને બંધને જુદા પાડવાનું આપે કહ્યું પણ જુદા પાડીને શું કરવું? એમ જેને જિજ્ઞાસા થઈ તે શિષ્યને આચાર્યદેવે આ ગાથામાં ઉત્તર આપ્યો છે કે જો ભાઈ! આત્મા અને બંધને પ્રજ્ઞાવડે છેદીને શુદ્ધાત્મામાં એકાગ્ર થવું ને બંધને છોડવો.

જુઓ! આ પ્રયોજનભૂત વાત છે. આ સમજ્યા વિના જે કાંઈ કરે વ્રત, તપ, ત્યાગના શુભભાવ કરે ને તેમાં ધર્મ માની લ્યે તો તે મિથ્યાત્વ છે. જેમ કોઈ માણસ વેપારીને ત્યાં નામું મેળવવા બેઠો, ત્યાં બે-ચાર આનાની પરચુરણ રકમો તો કબૂલી પણ જ્યાં સો રૂપિયા લીધા હોવાની વાત આવી ત્યાં કહે કે મેં તો લીધા નથી! જુઓ, તેણે મુદ્દાની રકમ ઊડાડી; તેમ અહીં ધર્મ સાંભળવા આવ્યો ને શ્રીગુરુએ કહ્યું કે જો ભાઈ! રાગ ઘટાડીને દાનાદિ કરવાં, દેવ-ગુરુની પૂજા, ભક્તિ કરવી—એવી જે વ્યવહારની વાત આવી ત્યાં તે કબૂલી, પણ જ્યાં શ્રીગુરુએ એમ કહ્યું કે ભલે દયા-દાન-ભક્તિ-પૂજા કર પણ તે શુભરાગ છે, તેનાથી ધર્મ થતો નથી, ધર્મ તો આત્માને રાગથી ભિન્ન જાણીને આત્મામાં એકાગ્રતાથી જ થાય છે. ત્યાં અજ્ઞાની કહે કે એ વાત બેસતી નથી. માટે અહીં આચાર્યદેવ કહે છે કે **પ્રથમ** તો આત્માને અને બંધને તેમના નિયત સ્વલક્ષણોથી જુદા જાણવા. આ મોક્ષમાર્ગની મૂળ રકમ છે. તેને જે ઉડાડે તેને ધર્મ થતો નથી. શુભરાગ તે બંધન છે, ને ઉપયોગસ્વરૂપ આત્મા છે—એમ બન્નેને પોતપોતનાં લક્ષણથી સર્વથા છેદવા. રાગના કોઈપણ અંશથી ધર્મ થતો નથી. વ્યવહાર કરતાં કરતાં ધર્મ

થાય—એમ માને તો તેણે આત્માને અને બંધને જુદા જાણ્યા નથી. જેને અનાદિ સંસારથી છૂટીને આત્માનો મોક્ષ કરવો હોય તેણે પ્રથમ તો આવી ટિકિટ લેવી કે આત્મા અને બંધ બન્ને જુદા છે. આત્મા અને બંધ બન્નેના લક્ષણ ભિન્ન છે,–એમ નક્કી કરીને તેમને સર્વથા છેદવા. પુણ્ય અને પાપ તે બન્ને બંધભાવ છે. વ્યવહારના આશ્રયે જેટલા ભાવ થાય, તે બધો બંધભાવ છે, ને ઉપયોગલક્ષણવાળો આત્મા છે—આમ બન્નેને બરાબર જુદા જાણીને આત્મામાં એકાગ્ર થવું ને બંધને છોડવો તે મુક્તિનું કારણ છે.

આત્મા અને બંધને છેદવા—કઈ રીતે છેદવા?—કે તેમનાં સ્વલક્ષણના જ્ઞાનથી છેદવા. આત્મા અને બંધનો છેદ કોઈ દયા-ભક્તિના પરિણામથી થતો નથી. પણ તેમના સ્વલક્ષણનું જ્ઞાન કરવાથી જ તે છેદાય છે. હું જાણનારો ચૈતન્ય છું ને બહિર્મુખ જતો ભાવ તે બંધન છે—એમ બન્નેને જુદા જાણવા. 'પહેલો વ્યવહાર ને પછી નિશ્ચય' એમ જે માને, તેણે રાગથી આત્માને જુદો જાણ્યો નથી. શુભરાગ તો અનાદિથી કરે છે, તેને પહેલો કઈ રીતે કહેવો? નિશ્ચય પ્રગટ્યા વગર રાગને વ્યવહાર કહેવો કઈ રીતે? માટે અહીં અપૂર્વ વાત કરી છે કે પ્રથમ તો સ્વલક્ષણોના જ્ઞાનથી આત્મા અને બંધને સર્વથા છેદવા. આવું સ્વલક્ષણોનું યથાર્થ જ્ઞાન પૂર્વે કદી કર્યું નથી. પૂર્વે રાજપદ કે દેવપદ વગેરે બધું મળ્યું છે પણ આત્મા અને બંધને જુદા કદી જાણ્યા નથી, તેથી જ જીવ રખડ્યો છે. રાગ તે હું નહિ, ચૈતન્યબિંબ આત્મા તે હું છું—એમ ઓળખીને શુદ્ધ આત્મામાં એકાગ્ર થતાં બંધન છૂટી જાય છે.

અનંતકાળે મનુષ્યદેહ મળે છે. નિગોદ કરતાં ત્રસમાં રહેવાનો કાળ બહુ અલ્પ છે; તેમાં ચૈતન્યનું ભાન જો પ્રગટ ન કર્યું, તો વિરાધક થઈને અનંતકાળ નિગોદમાં રખડશે. અહીં તો આત્માને સમજીને મોક્ષ પ્રગટ કરવાની જેને જિજ્ઞાસા જાગી છે એવા શિષ્યને આચાર્યદેવ કહે છે કે ભાઈ, અનાદિનું બધુ મૂકીને પ્રથમ તો તું ચૈતન્યમૂર્તિ આત્માને અને વિકારી બંધ ભાવોને તેમના લક્ષણોથી જુદા જુદા ઓળખ. સમ્યગ્જ્ઞાન કરવું તે જ પહેલો ઉપાય છે. રાગ થાય તે જુદી વાત છે, પણ તેને બંધન તરીકે જાણ—રાગ મને કિંચિત્ પણ મદદ કરશે—એમ ન માન. રાગ કરતાં કરતાં મારું કથંચિત્ પણ કલ્યાણ થશે, એમ જે માને તે જીવ દેવ-ગુરુ-શાસ્ત્રનો અનાદર કરે છે. ને પોતાના આત્માનો પણ અનાદર કરે છે. માટે પહેલાં સમજો કે આત્માનું શું છે ને બંધન શું છે? આત્માને કલ્યાણ કઈ રીતે થાય છે ને આત્માને બંધન ક્યા ભાવથી થાય છે?—એ ઓળખ્યા વગર બધું નકામું છે.

પ્રશ્ન : આવું સમજવાની નવરાશ નથી મળતી.

ઉત્તર : અરે ભાઈ ! સમજવાની રુચિ કરે તો સમજી શકાય તેવું છે. ચક્રવર્તીને છ ખંડના રાજમાં આવું ભાન હતું, તો તારે તો તેટલો પરિગ્રહ નથી ને? માટે નવરાશ નથી મળતી તે તારી વાત જૂઠી છે, તને આત્માની દરકાર નથી માટે તું જૂઠાં બહાનાં બતાવે છે. અનુભવપ્રકાશમાં કહે છે કે :–

“કોઈ એમ જાણે કે આજના સમયમાં સ્વરૂપ કઠણ છે તે સ્વરૂપની ચાહ મટાડનાર બહિરાત્મા છે. આજથી અધિક પરિગ્રહ ચોથાકાળના પુણ્યવંત નર, ચક્રવર્તી આદિક તેમને હતો. અને આને તો થોડો છે. એ પરિગ્રહ જોરાવરીથી એના પરિણામોમાં આવતો નથી. પોતે જ દોડી દોડી પરિગ્રહમાં ઢૂંકે છે. જ્યારે નવરો હોય ત્યારે વિકથા કરે છે; ત્યારે સ્વરૂપનું પરિણમન કરે તો કોણ રોકે છે? પરપરિણામ સુગમ, નિજ પરિણામ વિષમ બતાવે છે! દેખો અચરજની વાત. પોતે દેખે છે, જાણે છે, છતાં દેખ્યો ન જાય, જાણ્યો ન જાય એમ કહેતાં લાજ પણ આવતી નથી? સંસાર ચાતુરીનો ચતુર, પોતાને જાણવામાં શઠ, એવી હઠ-ધિકતા પકડી પકડીને જ પરરતવ્યસનમાં ગાઢ બન્યો. સ્વભાવ શુદ્ધિ વિસારી, ભારે ભવબંધન કરી આંધળો બની અંધ ધંધમાં ધાયો, પોતે ઓળખાયો નહીં. શ્રીગુરુપ્રતાપથી પોતે સત્સંગનો મેળાપ પામ્યો, જેથી ભવતાપ મટે, પોતે પોતાનામાં જ પામે, જ્ઞાનલક્ષણ પિછાણે.”

જ્ઞાનલક્ષણથી આત્માને ઓળખતાં તેને પોતાને પામે છે. અનાદિથી પુણ્ય-પાપ કરે છે પણ આત્માને ઓળખતો નથી, પુણ્ય-પાપ સહેલા લાગે છે ને આત્માની સમજણ કઠણ કહે છે—તો તે આત્માનો વિરાધક છે, તેને આત્માની રુચિ નથી. હું તો જ્ઞાન છું, જાણનારો છું, પુણ્ય-પાપ થાય તેને જાણનારો પોતે અને કહે કે “મને મારી ખબર ન પડે” તો તેને આત્માની રુચિ નથી. આત્મા અને બંધ બન્નેને ભિન્ન-ભિન્ન લક્ષણથી જુદા ઓળખીને ઉપયોગ લક્ષણવાળા આત્મામાં એકાગ્ર થવું ને બંધને છોડવો. આચાર્ય ભગવાન કહે છે કે જો અમારી દુકાને તું મોક્ષ લેવા આવ્યો હો તો પ્રથમ આટલી કિંમત તો રોકડી આપવી પડશે કે ચૈતન્ય લક્ષણથી આત્માને ઓળખ અને પુણ્ય-પાપને બંધ તરીકે ઓળખ. એમ બન્નેને જુદા જુદા ઓળખીને શુદ્ધ આત્માની સમ્યક્ શ્રદ્ધા કર. **<u>ચારિત્ર થતાં થોડી વાર લાગે તો તેટલું ઉધાર ચાલશે, પણ સમ્યક્ શ્રદ્ધામાં ઉધાર નહિ ચાલે.</u>** સમ્યક્શ્રદ્ધા ન કરે તો મોક્ષનો માર્ગ નહિ થાય. પહેલાં વ્યવહાર ને પછી નિશ્ચય—એમ માને તો તેણે આ વાતને જાણી નથી. વ્યવહાર અનાદિનો છે, તે તો બંધના લક્ષણમાં જાય છે, ઉપયોગ સ્વરૂપ આત્મા હું છું—એવું ભાન કરીને નિશ્ચય પ્રગટ કરે ને વ્યવહારને બંધનું કારણ જાણે તો જ મોક્ષમાર્ગ છે. આત્મા અને બંધને જુદા જાણીને શુદ્ધ

આત્માને જ ગ્રહણ કરવાનું કહ્યું છે. કોઈ વ્યવહારને—શુભરાગને—ગ્રહણ કરવાનું કહ્યું નથી. જો તારે ધર્મ કરવો હોય તો ચૈતન્યસ્વભાવી આત્માને જ પ્રથમ શ્રદ્ધામાં ગ્રહણ કર ને પુણ્ય-પાપને શ્રદ્ધામાંથી છોડ. શ્રીગુરુ તને આમ કહે છે અને તું તે પ્રમાણે કર, તો મોક્ષ થયા વિના રહે નહિ. પહેલાં આ વાતનો હકાર આવવો જોઈએ કે માર્ગ તો આ જ છે, પહેલાં શુદ્ધાત્માને સમસ્ત બંધભાવોથી ભિન્ન જાણીને, ચૈતન્યસ્વરૂપ શુદ્ધ આત્માને ગ્રહણ કરવો ને બંધને છોડવો. અહીં બંધને છોડવાનું કહ્યું છે, તે પણ ઉપચારથી છે. ખરેખર તો જ્યાં શુદ્ધાત્મામાં એકાગ્ર થયો ત્યાં બંધન છોડવું પડતું નથી. પણ બંધનની ત્યાં ઉત્પત્તિ જ થતી નથી. રાગનો છોડનાર આત્મા છે—એમ કહેવું તે નામમાત્રથી છે. એ વાત ૩૪મી ગાથામાં આવે છે કે :–"ત્યાગના કર્તાપણાનું નામ આત્માને હોવા છતાં પણ પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગ-કર્તાપણાનું નામ પોતાને નથી, પોતે તો એ નામથી રહિત છે. કારણ કે જ્ઞાન સ્વભાવથી પોતે છૂટ્યો નથી."

જ્ઞાનસ્વભાવમાં રાગ હતો નહિ તો પછી છોડે કોને? માટે સ્વભાવની દ્રષ્ટિથી તો આત્મા રાગનો છોડનાર પણ નથી. રાગનો ત્યાગ તો આત્માને નામમાત્ર છે. સ્વભાવમાં એકાગ્રતા થઈ ત્યાં પૂર્વનો રાગ છોડ્યો—એમ પર્યાય અપેક્ષાએ કહેવાય છે. સ્વભાવ અપેક્ષાએ આત્મામાં રાગનું ગ્રહણ કે ત્યાગ છે જ નહિ. 'ત્યાગોપાદાનશૂન્યત્વ' નામની એક શક્તિ આત્મામાં ત્રિકાળ છે. આવા શુદ્ધ આત્માને જાણીને તેમાં એકાગ્ર થવું—તે જ આત્મા અને બંધને જુદા પાડવાનું પ્રયોજન છે. શિષ્યે પૂછ્યું હતું કે પ્રભો! આત્મા અને બંધને જુદા જાણીને પછી શું કરવું? "શુદ્ધ આત્મસ્વભાવમાં એકાગ્ર થવું" એવો શિષ્યના પ્રશ્નનો જવાબ આવ્યો. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન ને એકાગ્રતા કરવાં તેનું નામ શુદ્ધાત્માનું ગ્રહણ છે ને બંધનો ત્યાગ છે.

**ભાવાર્થ :–**શિષ્યે પૂછ્યું હતું કે આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું? તેનો આ ઉત્તર આપ્યો કે બંધનો તો ત્યાગ કરવો અને શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.

*

## સમયસાર : ગાથા ૨૯૫નો ભાવાર્થ.

*(ભાદરવા વદ ૨, સોમવાર, ૨૦૦૭, તા. ૧૭-૯-૫૧)*

જે ધર્મનો કામી છે એવા શિષ્યે પૂછ્યું હતું કે પ્રભો! આત્મા અને બંધને જુદા પાડીને શું કરવું? તેને આચાર્યદેવે એમ જવાબ આપ્યો કે શુદ્ધ આત્માને અને બંધને જુદા જાણીને બંધને તો છોડવો ને શુદ્ધ આત્માને ગ્રહણ કરવો.—એનો અર્થ

શું?—કે આત્મા તરફ વળીને એકાગ્ર થયો ત્યાં શુદ્ધ આત્માનું ગ્રહણ થયું ને બંધન છૂટી ગયું.

જેમ સોનામાંથી મેલ જુદો પાડવો હોય તો તેજાબ નાખવાથી તે જુદો પડે છે, તેમ આત્મામાંથી બંધને જુદો પાડવો હોય તો પ્રજ્ઞાછીણી વડે આત્મામાં એકાગ્ર થતાં બંધ જુદો પડી જાય છે.

હવે શિષ્ય ફરીથી પૂછે છે કે ભગવાન! આત્મા અને બંધને તો પ્રજ્ઞાવડે જુદા કર્યા પછી આત્માને ગ્રહણ શી રીતે કરવો? જુદો પાડવાનું સાધન તો પ્રજ્ઞાછીણી છે. પણ પછી આત્માને ગ્રહણ કઈ રીતે કરવો? શું વ્રતાદિના વિકલ્પથી આત્માનું ગ્રહણ થાય છે? સમ્યગ્જ્ઞાન પછી ચારિત્ર માટે કાંઈ બીજું સાધન હશે? ભેદજ્ઞાનરૂપી પ્રજ્ઞાથી આત્માને અને બંધને જુદા જુદા જાણ્યા પછી આત્મામાં એકાગ્ર થવા માટે શું કરવું? શું વ્રતાદિના વિકલ્પ તે આત્મામાં એકાગ્રતાનું કારણ છે? તો કહે છે કે ના. વ્રતાદિના વિકલ્પને તો બંધભાવમાં નાખી દીધો છે. જે પ્રજ્ઞાથી આત્માને જુદો પાડ્યો, તે જ પ્રજ્ઞાવડે શુદ્ધ આત્માનું ગ્રહણ થાય છે એમ આચાર્યદેવ ઉત્તર આપે છે.

## ગાથા ૨૯૬

**એ જીવ કેમ ગ્રહાય? જીવ ગ્રહાય છે પ્રજ્ઞા વડે,**
**પ્રજ્ઞાથી જ્યમ જુદો કર્યો ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે. ૨૯૬**

અર્થ : (શિષ્ય પૂછે છે કે–) તે (શુદ્ધ) આત્મા કઈ રીતે ગ્રહણ કરાય? (આચાર્ય ભગવાન ઉત્તર આપે છે કે–) પ્રજ્ઞાવડે તે (શુદ્ધ) આત્મા ગ્રહણ કરાય છે. જેમ પ્રજ્ઞાવડે ભિન્ન કર્યો, તેમ પ્રજ્ઞાવડે જ ગ્રહણ કરવો.

પુણ્ય-પાપ તે બંધન છે ને હું તો ચૈતન્યસ્વરૂપ છું—એવું ભેદજ્ઞાન તે જ સમ્યગ્દર્શનનો ઉપાય છે. એટલું સાંભળીને શિષ્ય વિશેષ પૂછે છે કે પ્રભો! શુદ્ધ આત્માને ગ્રહણ શેના વડે કરવો?—શુદ્ધ આત્માને પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો. જુદો પાડવાનો ઉપાય પણ પ્રજ્ઞા છે ને એકાગ્ર થવાનો ઉપાય પણ પ્રજ્ઞા જ છે. પહેલાં ચૈતન્યની સમજણ કરવી જોઈએ કે બહારની ક્રિયાથી તો શુદ્ધ આત્માનું ગ્રહણ થતું નથી, ને પુણ્ય-પાપાદિના વિકલ્પોથી પણ શુદ્ધ આત્માનું ગ્રહણ થતું નથી. ચૈતન્ય સ્વભાવની સન્મુખ થઈને રુચિ અને એકાગ્રતા કરવી તે પ્રજ્ઞા છે, તે પ્રજ્ઞા જ શુદ્ધ આત્માને ગ્રહણ કરવાનો ઉપાય છે. અનંતકાળ પહેલાં પણ શુદ્ધ આત્માનું ગ્રહણ પ્રજ્ઞા વડે જ થતું હતું ને અત્યારે પણ પ્રજ્ઞા વડે જ શુદ્ધ આત્માનું ગ્રહણ થાય છે. તે એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય શુદ્ધ આત્માના ગ્રહણનો છે જ નહિ. જેને

આવા ચૈતન્યનું ભાન નથી ને પરના આશ્રયે કલ્યાણ થશે એમ માને છે, તે ભલે મોટો રાજા હોય તોપણ તે માંગણ છે, દુઃખી છે. સુખી કહેવો કોને? સુખ તો અંતર ચૈતન્યમાં છે. તે ચૈતન્યસ્વભાવનું ભાન કરીને જે ઠર્યો, તે જ સાચો સુખી છે. સુખ કાંઈ પૈસામાં છે? પૈસા તો જડ છે, તેમાં તો સુખ નથી ને શુભરાગમાં પણ સુખ નથી. હું રાગથી પાર ચૈતન્ય છું—એવું પ્રથમ ભાન કરવું તે જ સાચું સુખ છે.

જેને જડમાં સુખ ભાસતું નથી, વિકાર પણ દુઃખદાયક લાગે છે, ને આત્માના સુખની ભાવના છે તે શિષ્ય પૂછે છે કે પ્રભો! મને સુખ કેમ થાય? મારે શુદ્ધ આત્માનું ગ્રહણ કઈ રીતે કરવું કે જેથી મને સુખ થાય? જડના ગ્રહણથી કે રાગના ગ્રહણથી સુખ ન થાય પણ શુદ્ધ આત્માના જ ગ્રહણથી સુખ થાય, પણ પ્રભો! તેનું ગ્રહણ શા વડે કરવું?

આચાર્યદેવ કહે છે કે પ્રજ્ઞાવડે જ તેનું ગ્રહણ કરવું. કોઈ એમ કહે કે ચૈતન્યની સમજણ કરવી કઠણ પડે છે! તો તે આત્માની રુચિ મટાડનારો બહિરાત્મા છે, પરને તો જાણે છે—દેખે છે, ને પોતે પોતાને ન જાણી શકે એમ કહે, તો તેને આત્માની રુચિ નથી. પુણ્ય-પાપ સહેલાં લાગે ને ચૈતન્યની સમજણ કઠણ લાગે છે એમ જે કહે, તેને પુણ્ય-પાપની રુચિ છે ને ચૈતન્યની રુચિ નથી. પૈસાની વાતમાં કંટાળો નથી આવતો તો તેને પૈસાની રુચિ છે પણ ચૈતન્યની રુચિ નથી. જેને જેની રુચિ હોય તેને તેમાં કંટાળો ન આવે.

શુદ્ધ આત્માને ગ્રહણ કરવામાં સમ્યગ્દર્શનથી માંડીને કેવળજ્ઞાન સુધી એક જ સાધન છે. પ્રજ્ઞા એટલે સ્વ તરફ વળેલું જ્ઞાન. તેનાથી જુદું બીજું કોઈ સાધન નથી. જ્ઞાનને સ્વ તરફ વાળીને એકાગ્ર થા. તે જ શુદ્ધ આત્માને ગ્રહણ કરવાનું સાધન છે. વચ્ચે મહાવ્રતાદિનો વિકલ્પ ઊઠે પણ તે સાધન નથી. અનાદિથી આત્માને અને બંધને અજ્ઞાનપણે એક માન્યા હતા તેને જુદા પાડવાનું સાધન પ્રજ્ઞા જ છે, તેમ ભિન્ન આત્મામાં ઠરવાનું સાધન પણ પ્રજ્ઞા જ છે. પહેલાં આ વાત ખ્યાલમાં લઈને તેનો ઉત્સાહ આવવો જોઈએ. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કેમ થાય? તો કહ્યું કે પ્રજ્ઞા વડે આત્માને અને બંધને જુદા જાણીને શુદ્ધાત્માનું ગ્રહણ કરવું, તે જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે અને પછી તે શુદ્ધાત્મામાં ઠરીને સમ્યક્ચારિત્ર પ્રગટ કરવા માટે પ્રજ્ઞા જ સાધન છે.

**चेतनरूप अनूप अमूरत,**
**सिद्धसमान सदा पद मेरो ।**
**मोह महातम आतम अंग,**
**कियौ परसंग महातम घेरौ ।।**

જેવા સિદ્ધ ભગવાન છે તેવો મારો આત્મા ચૈતન્યબિંબ છે, પણ અનાદિથી મોહને લીધે પરસંગમાં એકતાબુદ્ધિથી અજ્ઞાન અંધકારથી ઘેરાઈ ગયો હતો. દ્રવ્યે સિદ્ધ જેવો છું પણ પર્યાયમાં ભૂલ્યો હતો; પરંતુ હવે—

**ग्यानकला उपजी अब मोकूं,**
**कहौं गुन नाटक आगमकेरौ ।**
**जासु प्रसाद सधै शिवमारग,**
**वेगि मिटै भवबास बसेरौ ।।**

અંતરમાં ભેદજ્ઞાન થયું, જ્ઞાનકળા પ્રગટી, શુદ્ધ ચૈતન્યનું ભાન થયું. હવે હું ચૈતન્યસ્વરૂપ શુદ્ધ આત્માનું વર્ણન કહું છું,–કે જે આત્માના પ્રસાદથી મોક્ષમાર્ગ સધાય અને ભવવાસમાં વસવાનું જલદી મટી જાય.

અંતરમાં ભેદજ્ઞાનકળ પ્રગટે તે જ સુખ છે. એ સિવાય કોઈ બહારના વિષયોમાં કે પુણ્ય-પાપમાં સુખ નથી. જો લાડવા વગેરે વિષયોમાં સુખ હોય તો તે ખાધા જ કરે, તેમાં કંટાળો આવે છે ને કહે છે કે હવે બસ!—કેમ? કે તેમાં સુખ નથી. જો તેમાં સુખ હોય તો સુખની ના કેમ પાડે? અને જો પુણ્ય-પાપમાં સુખ હોય તો પુણ્ય-પાપના અભાવમાં સુખ ન હોવું જોઈએ. સિદ્ધોને પુણ્ય-પાપ ટળી ગયા છે ને છતાં પૂરું સુખ છે. માટે પુણ્ય-પાપમાં સુખ નથી. જ્ઞાન અંતરમાં એકાગ્ર થાય તે જ સુખનો ઉપાય છે.

બંધભાવનો અંશ પણ હું નહિ. હું તો સિદ્ધસમાન છું—એવું ભેદજ્ઞાન જેમ પ્રજ્ઞાવડે કર્યું તેમ શુદ્ધ આત્મામાં એકાગ્રતા પણ પ્રજ્ઞાવડે જ કરવી. શુદ્ધ આત્મામાં ઠરવા માટે શરીરની નિર્ગ્રંથતા કરવી કે પંચમહાવ્રતના વિકલ્પ કરવા—એમ નથી કહ્યું; પણ જ્ઞાનને અંતરમાં વાળીને સ્થિર થવું તે જ ચારિત્રનું સાધન છે, ને એવી ચારિત્રદશા પ્રગટે ત્યાં બહારમાં શરીરની નિર્ગ્રંથદશા તો સહેજે—તેની મેળે બની જ જાય છે ને પંચમહાવ્રતાદિના વિકલ્પો ઊઠે છે, પણ તે શરીરના કારણે કે વિકલ્પના કારણે ચારિત્રદશા થતી નથી. ચારિત્રદશા તો શુદ્ધાત્મામાં એકાગ્રતાથી જ થાય છે. જ્ઞાનને અંતર્મુખ કરીને જેટલો એકાગ્ર થયો તેટલું શુદ્ધાત્માનું ગ્રહણ છે. એ એક જ ઉપાય પહેલેથી પૂર્ણતા સુધીનો છે. શરીરની નિર્ગ્રંથદશા વગેરે જડની ક્રિયાને આત્મા કરે એમ માને તે તો મિથ્યાદ્રષ્ટિ છે ને રાગનો કર્તા થઈને અટકે તો પણ મિથ્યાદ્રષ્ટિ છે. શુદ્ધાત્મામાં એકાગ્રતાનું સાધન તો પ્રજ્ઞા જ છે. જે પ્રજ્ઞાવડે આત્માને ભિન્ન જાણ્યો, તે જ પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવો.

**ભાવાર્થ :** આત્માને બંધનથી ભિન્ન પાડવામાં અને ગ્રહણ કરવામાં જુદા કરણો નથી, માટે પ્રજ્ઞા વડે જ આત્માને ભિન્ન કર્યો ને પ્રજ્ઞા વડે જ આત્માને ગ્રહણ

કરવો. જ્ઞાનને અંતરમાં વાળવું તે જ સમ્યગ્જ્ઞાનનું કારણ છે, ને જ્ઞાનને અંતરમાં લીન કરવું તે જ સમ્યક્ચારિત્રનું કારણ છે. જ્ઞાનથી ભિન્ન બીજું કોઈ સાધન સમ્યગ્જ્ઞાનમાં કે સમ્યક્ચારિત્રમાં નથી.

કેવળજ્ઞાન ક્યાંથી થયું? કે જ્ઞાનપિંડ આત્મામાંથી થયું છે, રાગથી થયું નથી. અભવ્યને જ્ઞાનપિંડ આત્મા કદી રુચતો નથી ને રાગથી લાભ માને છે. જે અજ્ઞાની જીવ શુદ્ધ ચૈતન્ય આત્માનો આશ્રય કરતો નથી ને વ્યવહારના આશ્રયે લાભ માને છે તે પણ વર્તમાનમાં તો અભવ્ય જેવો જ છે. રાગ તે ધર્મનું સાધન છે જ નહિ. ચૈતન્યના આશ્રયે જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર થાય છે. જુઓ ! ચૈતન્યનું આવું ભાન ગૃહસ્થદશામાં પણ થાય છે. ભરત ચક્રવર્તીને આવું ભાન હતું કે હું તો ચૈતન્યબિંબ છું, આ રાગ કે રાજપાટ તે કાંઈ હું નથી. અસ્થિરતાનો રાગ હતો પણ સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાનમાં દોષ ન હતો. તીર્થંકર ભગવાનનો આત્મા માતાના પેટમાં હોય ત્યારે પણ તેમને ભાન હોય છે કે હું ચૈતન્ય છું, આ દેહ હું નથી. શાંતિનાથ-કુંથુનાથ ને અરનાથ—એ ત્રણે તીર્થંકરો પહેલાં ચક્રવર્તી હતા, છતાં અંદર આત્માનું આવું યથાર્થ ભાન પણ ખસતું ન હતું. પ્રજ્ઞાવડે ચૈતન્યને અને રાગને ભિન્ન પાડ્યા હતા. રાગ હતો પણ રાગની રુચિ ન હતી—રાગથી ભિન્નતાનું ભાન હતું. જેને આત્માની રુચિ નથી ને વ્યવહારનો આશ્રય રુચે છે—રાગ રુચે છે તેને માટે આચાર્યદેવે અભવ્યનો દાખલો આપીને કહ્યું છે કે જેમ અભવ્ય વ્યવહારનો આશ્રય કરે છે તેમ તેં પણ વ્યવહારનો આશ્રય કરીને લાભ માન્યો તો તારામાં ને તેનામાં ફેર શું પડ્યો? જેમ અભવ્યને મોક્ષ કદી થતો નથી તેમ વ્યવહારનો આશ્રય કરનારનો પણ કદી મોક્ષ થતો નથી. શુદ્ધ આત્માનો આશ્રય કરે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને મોક્ષ થાય છે. શ્રી કુંદકુંદઆચાર્યદેવે આ સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય ને અષ્ટપાહુડ—એ બધાયમાં અભવ્યનો દાખલો આપ્યો છે.

જો તારે મોક્ષ કરવો હોય તો વ્યવહારની રુચિ છોડ ને શુદ્ધ આત્માનો આશ્રય કર. પહેલાં બંધ અને આત્માને પ્રજ્ઞાથી જુદા જાણીને, પછી તે પ્રજ્ઞા વડે જ શુદ્ધ આત્મામાં ઠરવું, તે મોક્ષનો ઉપાય છે. ।।૨૯૬।।

હવે પૂછે છે કે : આ આત્માને પ્રજ્ઞાવડે કઈ રીતે ગ્રહણ કરવો? તેનો ઉત્તર કહે છે :—

## ગાથા ૨૯૭

**પ્રજ્ઞાથી ગ્રહવો—નિશ્ચયે જે ચેતનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર જાણવું. ૨૯૭.**

અર્થ : પ્રજ્ઞા વડે (આત્માને) એમ ગ્રહણ કરવો કે—જે ચેતનારો છે તે નિશ્ચયથી હું છું, બાકીના જે ભાવો છે તે મારાથી પર છે એમ જાણવું.

જે શિષ્યને અંદર એકદમ ધગશ જાગી છે, આત્માની દરકાર અને તાલાવેલી અંદરમાં થઈ છે, તે વારંવાર પૂછીને નક્કી કરે છે, એવા શિષ્યને માટે આ કથન છે.

**ટીકા :** ''નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો જે ચેતક (ચેતનારો), તે આ હું છું; અને સ્વલક્ષણોથી લક્ષ્ય (અર્થાત્ ચૈતન્યલક્ષણ સિવાય બીજા લક્ષણોથી ઓળખાવાયોગ્ય) જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે, તે બધાય, ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી, મારાથી અત્યંત ભિન્ન છે.''

સ્વભાવ તરફ વળતો ભાવ તો આત્મામાં અભેદ થાય છે—તે આ હું છું, ને પર તરફ વળતો ભાવ તે મારાથી ભિન્ન છે; જાણનારો ચૈતન્ય તે હું છું. ''આ હું છું'' એમ કહીને સ્વસંવેદનપ્રત્યક્ષ બતાવ્યું છે. **પર તરફનો વિકલ્પ ઊઠે તેમાં હું વ્યાપતો જ નથી, તે મારી પર્યાય જ નથી;** સ્વ તરફ વળેલી પર્યાયમાં જ આત્મા વ્યાપક છે, ને તે જ પર્યાય આત્માથી વ્યાપ્ય છે, પર તરફનો વિકલ્પ ઊઠે તે ચૈતન્યનું વ્યાપ્ય નથી, તે મારાથી અત્યંત ભિન્ન છે—એમ પ્રથમ ભેદજ્ઞાન કરીને શુદ્ધ આત્માનો અનુભવ કરવો, તે જ આત્માના ગ્રહણની રીત છે.

***

# <u>પ્રસાદ નં. ૩૨૩</u>

## <u>મોક્ષ અધિકાર</u>

## <u>સમયસાર : ગાથા ૨૯૭</u>

*(ભાદરવા વદ ૪, બુધવાર, તા. ૧૯-૯-૫૧, ૨૦૦૭)*

આ મોક્ષ અધિકાર છે. આત્માને બંધથી જુદો પાડવો તેનું નામ મોક્ષ છે. પહેલાં બંધ અને આત્માને જુદા જાણીને આત્મામાં એકાગ્ર થતાં બંધ છૂટી જાય છે.

**<u>ટીકા :–</u>**નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો જે ચેતક (ચેતનારો), તે આ હું છું, અને અન્ય સ્વલક્ષણોથી લક્ષ્ય (અર્થાત્ ચૈતન્યલક્ષણ) સિવાય બીજાં લક્ષણોથી ઓળખવાયોગ્ય) જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે, તે બધાય, ચેતકપણારૂપી વ્યાપ્યના વ્યાપક નહિ થતા હોવાથી, મારાથી અત્યંત ભિન્ન છે.

અંદર જાણનાર-દેખનાર ચૈતન્યલક્ષણ વડે જુદો અનુભવમાં આવતો આ હું છું, ને જે રાગાદિ વ્યવહારરૂપ ભાવો છે તે બધાય મારા ચેતકપણાથી વ્યાપ્ત થતા નથી. હું ચેતક છું, રાગાદિભાવો તે મારું વ્યાપ્ય નથી એટલે કે રાગાદિ ભાવોનું સ્વભાવ તરફ વલણ જ નથી. હું ચેતક છું. ને જ્ઞાન જ મારું વ્યાપ્ય છે. જે જ્ઞાન સ્વ તરફ વળ્યું તે જ મારી વ્યાપ્ય-પર્યાય છે; પણ રાગનો ભાવ થયો તેમાં હું ફેલાતો નથી. ચૈતન્ય તે મારું સ્વલક્ષણ છે, ને વ્યવહારરૂપ જે શુભાશુભ ભાવો છે, તે બધાય મારાથી ભિન્ન છે; અશુદ્ધતામાં એકમેક થઈને હું રહેતો જ નથી, અશુદ્ધતાથી હું જુદો ને જુદો જ છું. મારા ચેતકપણાનો વિસ્તાર તો જ્ઞાનમાં છે, રાગમાં મારો વિસ્તાર નથી. રાગાદિ ભાવો તો મારાથી અત્યંત ભિન્ન છે. શરીરાદિની ક્રિયા તો જડ છે, તે તો મારાથી ભિન્ન છે જ, પણ તેના તરફનો જે રાગાદિભાવ થાય તે પણ મારાથી ભિન્ન જ છે. જે જ્ઞાન અંતરમાં વળીને આત્મામાં લીન થયું તે જ્ઞાનમાં હું છું. સાધકપણામાં વ્યવહારભાવો થાય છે ખરા પણ તે મારા ચૈતન્યચક્રનું પરિણમન નથી, અવિકારી ચેતકપણામાં જ મારો વિસ્તાર છે. અંતર સ્વભાવની સન્મુખતાના વિસ્તારથી રાગ તદ્દન જુદો છે. કાયમી શુદ્ધ સ્વભાવ અને તે તરફ વળેલો શુદ્ધભાવ—તે બંને અભેદ છે, ને રાગ તે મારાથી અત્યંત ભિન્ન છે. ''રાગ મારાથી ભિન્ન છે'' એમ રાગ સામે જોઈને કહેતો નથી, પણ સ્વ તરફ વળીને ''હું ચૈતન્યસ્વભાવી છું'' એમ જ્યાં લક્ષમાં લીધું ત્યાં રાગનું લક્ષ જ છૂટી ગયું, એ રીતે રાગથી અત્યંત ભિન્નતા છે.

"હું ચેતક છું ને રાગ મારાથી અત્યંત ભિન્ન છે, માટે હું જ મારા વડે જ, મારા માટે જ, મારામાંથી જ, મારામાં જ, મને ગ્રહણ કરું છું"—એમ ધર્મી અનુભવે છે.

**૧) હું જ :** એ કર્તા છે. આત્મા પોતે પોતાના ધર્મનો કર્તા છે, કોઈ બીજો કર્તા નથી.

**૨) મારા વડે જ :** આ ત્રીજી વિભક્તિ છે, કોઈ રાગ વડે હું આત્માને ગ્રહણ કરતો નથી, પણ મારા વડે જ ગ્રહણ કરું છું. કાયમી વસ્તુ સ્વભાવ છે તેના આશ્રયે મારા વડે જ હું ગ્રહણ કરું છું.

**૩) મારા માટે જ :** આ સંપ્રદાન છે. કોઈ બીજાને માટે હું આત્માને અનુભવતો નથી, પણ મારા માટે જ હું અનુભવું છું. કોઈ બીજાને દેવા માટે અનુભવ કરતો નથી. અનુભવ કરીને હું મને જ આપું છું, એટલે કે સંપ્રદાન પણ હું જ છું. આત્માને અનુભવવાની ક્રિયા મારા માટે જ અભેદપણે કરું છું. અનુભવનો મારાથી ભેદ પડતો નથી. મારા આત્માની નિર્મળ પર્યાય હું મારા માટે જ ગ્રહણ કરું છું, મારામાંથી પ્રગટીને મારામાં જ સમાય છે.

**૪) મારામાંથી જ :** હું ધ્રુવ ચૈતન્યસ્વભાવ છું, મારામાંથી જ ધર્મક્રિયા કાઢું છું. ચૈતન્યનો અનુભવ કોઈ રાગમાંથી કે બહારની ક્રિયામાંથી લેતો નથી, પણ મારા સ્વભાવમાંથી જ મારો અનુભવ કરું છું. ચૈતન્યમાં એકાગ્ર થઈને ચૈતન્ય ડાબલામાંથી ધર્મની ક્રિયા કાઢું છું.

**૫) મારામાં જ :** આત્માને આત્મામાં જ ગ્રહણ કરું છું.રાગથી તદ્દન જુદો પડીને આત્માને આત્મામાં જ એકાગ્ર કરું છું. કોઈ બીજાના આધારે આત્માનું ગ્રહણ થતું નથી પણ મારામાં ને મારામાં જ રહીને મને ગ્રહણ કરું છું.

**૬) મને જ :** આત્મા પોતે જ પોતાનું કર્મ છે. કર્તા થઈને હું મને જ ગ્રહણ કરું છું. રાગને કે નિમિત્તને હું ગ્રહણ કરતો નથી. હું મને જ ગ્રહણ કરું છું. આ તો ભેદથી સમજાવ્યું છે, અંદર અનુભવમાં કાંઈ આવા ભેદ નથી. અંદર આત્મામાં એકાગ્ર થઈને આત્માનો અનુભવ કરવો, એ જ આત્માની ક્રિયા છે; આત્માની ક્રિયા દેહાદિમાં તો નથી અને રાગ પણ ખરેખર આત્માની ક્રિયા નથી. આત્માની ચેતના જ એક ક્રિયા છે. એટલે ચેતના વડે હું મારા આત્માને જ ચેતું છું. આવી ચેતના સિવાય બીજી કોઈ ક્રિયામાં ધર્મ નથી.

ચૈતન્ય ભગવાન જ્ઞાતાદ્રષ્ટાનો પિંડ છે, તેની ચેતના જ ક્રિયા છે; હું આનંદનો સાગર છું, દ્રષ્ટાપણાનો દરિયો છું, સુખનો સમુદ્ર છું,–એમાં અંતર્મુખ

થઈને જે ચેતનારની ક્રિયા થાય તે જ મારી ક્રિયા છે. જે સમયે અંતર્મુખ થઈને જ્ઞાયકને અનુભવ્યો તે જ ક્રિયા આત્માની છે. એ સિવાય રાગની કોઈ ક્રિયા આત્માની નથી.

"હું ચેતું જ છું, ચેતતો જ (અર્થાત્ ચેતતો થકો જ) ચેતું છું, ચેતતા વડે જ ચેતું છું. ચેતતા માટે જ ચેતું છું, ચેતતામાંથી જ ચેતું છું, ચેતતામાં જ ચેતું છું, ચેતતાને જ ચેતું છું." આત્માના છએ કારકો પોતામાં ને પોતામાં જ સમાય છે, બહારમાં રાગ વડે કે રાગમાં આત્માની ચેતના નથી. વ્યવહાર વડે આત્મા જાગૃત થાય છે એમ નથી. આત્મા પોતાના ચેતકપણાથી જ ચેતે છે, મારી જાણવા-દેખવાની પર્યાય મારામાં જ સમાય છે, મારો ચેતક સ્વભાવ છે, તેને માટે જ હું ચેતું છું. તીર્થંકરોએ ને સંતોએ પોતા માટે જ કર્યું છે, પરને માટે કાંઈ કર્યું નથી. સાધક કહે છે કે હું મારા ચેતક આત્માને માટે જ ચેતું છું, રાગને માટે કે પરને માટે હું ચેતતો નથી. અંદર ચેતનાની નિર્મળ પર્યાય પ્રગટી તેનું દાન હું મને જ આપું છું; રાગમાંથી હું ચેતતો નથી પણ મારા ચેતક સ્વભાવમાંથી જ હું ચેતું છું, ને ચેતતા સ્વભાવમાં જ ચેતું છું. ચેતકપણાના આધારે જ ચેતું છું, રાગના આધારે ચેતતો નથી. જુઓ! આવો ચેતક જાગતો સ્વભાવ તે જ જીવનું શરણ છે. એ સિવાય ચોરાશીના અવતારમાં ક્યાંય કોઈ શરણ નથી.

**સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;**
**અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.**

સર્વજ્ઞ ભગવાને કહેલો તારો ચૈતન્ય સ્વભાવ છે તેનો મહિમા લાવીને તેને આરાધ, આરાધ! અહો! ક્યાં ચેતન સ્વભાવ! ને ક્યાં આ જડનું ઢીંગલું!! ચૈતન્યસ્વભાવ જ શરણ છે, બીજું કાંઈ શરણ નથી. ચૈતન્યના શરણથી જ સનાથપણું થશે. બહારનું શરણ માન્યું કે રાગનું શરણ માન્યું, તે કોઈ આત્માને ખરું શરણ નથી. એકવાર જાગ્રત થઈને પોકાર કર કે મને મારું જ શરણ છે. મારે કોઈ બહારનું શરણ નથી.

હું મારી ચેતના વડે ચેતતાને જ ચેતું છું. રાગને કે પરને ચેતતો નથી. પણ ચૈતન્યમાં જાગૃત થઈને હું ચેતનાર એવા મને જ ચેતું છું. મારાથી ભિન્ન કોઈને હું ચેતતો નથી. અંતરમાં વળ્યો ત્યાં છએ કારકો પોતામાં જ સમાઈ જાય છે. છ ભેગા પાડીને કહેવું તે પણ હજી વ્યવહાર છે, ભેદ છે.

હવે તે છ ભેદના વ્યવહારનો નિષેધ કરે છે :

"અથવા—નથી ચેતતો; નથી ચેતતો થકો ચેતતો, નથી ચેતતા વડે ચેતતો, નથી ચેતતા માટે ચેતતો, નથી ચેતતામાંથી ચેતતો, નથી ચેતતામાં ચેતતો, નથી ચેતતાને ચેતતો; પરંતુ સર્વવિશુદ્ધ ચિન્માત્ર (-ચૈતન્યમાત્ર) ભાવ છું."

હું કર્તા ને નિર્મળદશા મારું કાર્ય—એવા કોઈ ભેદો મારા સ્વરૂપમાં નથી. છ પ્રકારના કારકના વિકલ્પ ઊઠે તે હું નથી, એકલો જ્ઞાનભાવ તે જ હું છું. શુદ્ધ ચૈતન્યમાત્ર હું છું. "નથી ચેતતો" એમ કહીને વિકલ્પનો ને ભેદનો નિષેધ કર્યો છે. વિકલ્પ ઊઠે તે હું નથી, શુદ્ધ ચૈતન્યમાત્ર હું છું. હું ચેતતા વડે નથી ચેતતો; હું અને મારા વડે—એવા ભેદ પણ મારામાં નથી. તો પછી 'રાગથી હું ચેતું કે નિમિત્તને લીધે ચેતું" એ વાત તો ક્યાં રહી? અહીં તો અંદર ભેદનો વિકલ્પ ઊઠે કે "હું મારા વડે ચેતું છું!" તો તેનો નિષેધ કરીને કહે છે કે "હું ચેતતા વડે નથી ચેતતો"—ખરેખર તો આવો નાસ્તિનો વિકલ્પ પણ નથી, પણ વિકલ્પ રહિત અભેદપણું બતાવવા અસ્તિ-નાસ્તિથી સમજાવ્યું છે. અખંડ વસ્તુમાં છ ભેદના વિકલ્પો નથી; છ ભેદનું લક્ષ તો રાગની ઉત્પત્તિ કરાવે છે; માટે છ બોલ કહીને તેનો નકાર કર્યો. હું ભેદથી ચેતતો નથી; પરંતુ સર્વવિશુદ્ધ ચિન્માત્ર ભાવ છું. આનું નામ મોક્ષની ક્રિયા છે. આવી ક્રિયા બતાવે તે દેવ-ગુરુ સાચા છે. આ સિવાય વ્રત-તપના શુભરાગમાં જે ધર્મ માનતા હોય તે કુગુરુ છે, ને તેનો તપ તે કુતપ છે, એવા કુતપને આરાધનારની જે રુચિ કરે છે, તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે.

**ભાવાર્થ :** પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવેલો જે ચેતક, તે આ હું છું અને બાકીના ભાવો મારાથી પર છે; માટે (અભિન્ન છ કારકોથી) હું જ મારા વડે જ, મારા માટે જ, મારામાંથી જ, મારામાં જ, મને ગ્રહણ કરું છું. 'ગ્રહણ કરું છું' એટલે 'ચેતુ છું', કારણ કે ચેતવું તે જ આત્માની એક ક્રિયા છે. માટે હું ચેતુ છું; ચેતનારો જ ચેતનાર વડે જ, ચેતનાર માટે જ, ચેતનારમાંથી જ, ચેતનારમાં જ, ચેતનારને જ ચેતું છું. અથવા દ્રવ્યદ્રષ્ટિએ તો—છ કારકોના ભેદ પણ મારમાં નથી, હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું—આ પ્રમાણે પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવો અર્થાત્ પોતાને ચેતનાર તરીકે અનુભવવો.

અંતર્મુખ જ્ઞાન વડે પકડાય એવો વસ્તુસ્વભાવ છે. છ ભેદ પાડવા તે રાગનું કારણ છે. અંતરમાં ભેદની પણ અપેક્ષા નથી—એવો પરમ નિરપેક્ષ મોક્ષમાર્ગ છે. અભેદ વસ્તુની દ્રષ્ટિ અને લીનતા તે જ મોક્ષની ક્રિયા છે. વચ્ચે વિકલ્પ આવે તે મોક્ષમાર્ગ નથી. ભેદના વિકલ્પ રહિત હું શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુ છું—એમ શુદ્ધ ચૈતન્યમાત્ર આત્માને અનુભવવો, તે મોક્ષની ક્રિયા છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

## કળશ ૧૮૨

**અર્થ :** જે કાંઈ ભેદી શકાય છે તે સર્વને સ્વલક્ષણના બળથી ભેદીને, જેનો ચિન્મુદ્રાથી અંકિત નિર્વિભાગ મહિમા છે (અર્થાત્ ચૈતન્યની છાપથી ચિહ્નિત વિભાગ રહિત જેનો મહિમા છે) એવો શુદ્ધ ચૈતન્ય જ હું છું. જો કારકોના અથવા ધર્મોના, અથવા ગુણોના ભેદો પડે, તો ભલે પડો; પરંતુ વિભુ એવા શુદ્ધ (–સમસ્ત વિભાવોથી રહિત–) ચૈતન્યભાવમાં તો કાંઈ ભેદ નથી. (આમ પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરાય છે.)

આત્માના સ્વભાવમાંથી રાગને ભેદી શકાય, પણ અંદર જે ચેતના છે તેને જુદી પાડી ન શકાય. આત્માના સ્વલક્ષણના બળથી સમસ્ત રાગને ચૈતન્યથી જુદો પાડીને, ને ચૈતન્યમુદ્રાથી અંકિત નિર્વિભાગ જેનો મહિમા છે એવો શુદ્ધ ચૈતન્ય જ હું છું—એમ આત્માને અનુભવવો, તે મોક્ષનો ઉપાય છે.

***

# પ્રસાદ નં. ૩૨૫

## મોક્ષ અધિકાર

## શ્રી સમયસાર : કળશ ૧૮૨

*(ભાદરવા વદ ૫, ગુરૂવાર, ૨૦૦૭, તા. ૨૦-૯-૫૧)*

જેને આત્માનો મોક્ષ કરવો છે તેવા શિષ્યને આચાર્યદેવ ઉપદેશ કરે છે. જેને એમ લાગે કે હું સંસારમાં દુઃખી થઈ રહ્યો છું, મને મારા સ્વરૂપ સિવાય કોઈ શરણ નથી ને તે સિવાય શાંતિ કે સુખ નથી—એમ ભાસ્યું છે તેવા શિષ્યે પૂછ્યું છે કે પ્રભો ! આત્માને બંધથી જુદો ગણીને કઈ રીતે તેને સાધવો ? તેને શ્રીગુરુ ઉત્તર આપે છે કે જે કાંઈ ભેદી શકાય તે સર્વને તારા ચૈતન્યલક્ષણના બળથી જુદા પાડ. હું ચૈતન્ય આત્મા છું ને એ સિવાય બધાય રાગાદિભાવો મારાથી ભિન્ન છે—એમ પહેલાં જુદાપણું જાણ. અંતર્મુખ જ્ઞાન વડે આત્માને સમસ્ત રાગથી જુદો જાણ. આત્માનો ચૈતન્ય સ્વભાવ છે તેને આત્માથી ભેદી ન શકાય પણ રાગાદિ બધા ભાવોને ચૈતન્યથી ભેદી શકાય છે. હું તો ચિન્મુદ્રાથી અંકિત નિર્વિભાગ મહિમાવાળો છું ને રાગ મારાથી ભિન્ન છે—એમ અંતરમાં નિર્ણય કર.

આત્માને ઓળખવા માટેની રજિસ્ટર છાપ શું ? ચૈતન્યની છાપ તે આત્માનો ઓળખવાનું ચિહ્ન છે. એ ચિહ્ન વડે જણાતો એવો ચૈતન્ય જ હું છું-એમ અંતરમાં અનુભવ કરવો તે ધર્મની ક્રિયા છે. ચૈતન્ય લક્ષણથી લક્ષિત આત્માને લક્ષમાં લઈને ઠરતાં રાગાદિ જુદા પડી જાય છે પણ ચૈતન્ય સ્વભાવને જુદો પાડી શકાતો નથી, એવો ચૈતન્ય સ્વભાવ જ હું છું. જુઓ ! આ ધર્મીજીવની ક્રિયા. પહેલાં શ્રદ્ધામાં એમ જુદું તો પાડ કે શુદ્ધ ચૈતન્ય તે હું જ ને રાગ હું નહિ, નિમિત્ત હું નહિ, નિમિત્તથી ને રાગથી ભેદ પાડ. સ્વભાવમાં અભેદતા કર. અનંતકાળથી બહાર ડોકિયાં કર્યાં છે પણ અંતરમાં પોતાનો મહિમા કેવો છે તે કદી જાણ્યો નથી. અરે ભાઈ, તું આત્મા છો, તારો ચૈતન્યમુદ્રાવાળો અખંડ મહિમા તારામાં જ ભર્યો છે. એવા તારા સ્વભાવની સન્મુખ થા, ને રાગાદિ સર્વ ભાવોને ભિન્નપણે માન. કારકોના, ધર્મોના કે ગુણોના ભેદ પડે તો ભલે પડો, પણ હું અખંડ નિર્વિભાગ ચૈતન્યમુદ્રાવાળો જ છું, ગુણોના ભેદ ભલે હો પણ મારી દ્રષ્ટિ તો અભેદ સ્વભાવ ઉપર છે. મારો સ્વભાવ તો વિભુ છે, વિભુ એવા ચૈતન્ય ભાવમાં તો કોઈ ભેદ નથી. આમ અભેદ સ્વભાવની શ્રદ્ધા કરવી તે પહેલો ધર્મ છે.

વિભુ એટલે દ્રઢ, અચળ, નિત્ય, સમર્થ, સર્વ ગુણપર્યાયમાં વ્યાપક; આવો ચૈતન્યસ્વભાવ છે. તેને પ્રજ્ઞા વડે ગ્રહણ કરાય છે. આવા આત્માનું પ્રજ્ઞા વડે ગ્રહણ કરતાં બંધ ભાવો જુદા પડી જાય છે. આ મોક્ષનો ઉપાય છે.

**ભાવાર્થ :—**જેમનું સ્વલક્ષણ ચૈતન્ય નથી એવા પરભાવો તે મારાથી ભિન્ન છે. માત્ર શુદ્ધ ચૈતન્ય જ હું છું. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ કારકભેદો, સત્ત્વ, અસત્ત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, એકત્વ, અનેકત્વ આદિ ધર્મભેદો અને જ્ઞાન, દર્શન આદિ ગુણ ભેદો જો કથંચિત્ હોય તો ભલે હો; પરંતુ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં તો કોઈ ભેદ નથી.—આમ શુદ્ધનયથી અભેદરૂપે આત્માને ગ્રહણ કરવો. ॥૨૯૭॥

આત્માને શુદ્ધ ચૈતન્યમાત્ર તો ગ્રહણ કરાવ્યો; હવે સામાન્ય ચેતના દર્શન–જ્ઞાનસામાન્યમય હોવાથી અનુભવમાં દર્શન-જ્ઞાનસ્વરૂપ આત્માને આ પ્રમાણે અનુભવવો–એમ કહે છે.

## ગાથા ૨૯૮—૨૯૯

**પ્રજ્ઞાથી ગ્રહવો—નિશ્ચયે જે દેખનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર જાણવું. ૨૯૮.**
**પ્રજ્ઞાથી ગ્રહવો—નિશ્ચયે જે જાણનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર જાણવું. ૨૯૯.**

**અર્થ :—**પ્રજ્ઞા વડે એમ ગ્રહણ કરવો કે–જે દેખનારો છે તે નિશ્ચયથી હું છું. બાકીના જે બધા ભાવો છે તે મારાથી પર છે એમ જાણવું.

પ્રજ્ઞા વડે એમ ગ્રહણ કરવો કે–જે જાણનારો છે તે નિશ્ચયથી હું છું. બાકીના જે ભાવો છે તે મારાથી પર છે એમ જાણવું.

અનંતકાળમાં રાગ–દ્વેષરહિત જે શુદ્ધ જ્ઞાનમૂર્તિ આત્મા છે તેને કદી શ્રદ્ધા–જ્ઞાનમાં પકડ્યો નથી, તે શુદ્ધસ્વભાવને કઈ રીતે ગ્રહવો તેની આ વાત છે.

આત્માનો સ્વભાવ ચેતના છે. તે ચેતના દર્શન–જ્ઞાનરૂપ ભેદોને ઉલ્લંઘતી નથી એટલે કે ચેતના દર્શનજ્ઞાનમય છે. જેમ ચેતના તે આત્માનું લક્ષણ છે, તેમ જ્ઞાતાપણું અને દ્રષ્ટાપણું પણ આત્માનું સ્વલક્ષણ જ છે. સામાન્યપણે ચેતના લક્ષણ કહ્યું, ને વિશેષપણે તેના દર્શન–જ્ઞાન એવા બે ભેદ પાડીને તેને આત્માનું સ્વલક્ષણ કહ્યું. આવા સ્વભાવનો નિર્ણય કરવો તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે.

હું દ્રષ્ટા ને જ્ઞાતા છું, દ્રષ્ટા-જ્ઞાતાથી જુદા કોઈ ભાવો, તે હું નથી. દ્રષ્ટાપણું તે આત્માનું સ્વલક્ષણ છે. માટે હું દેખનાર છું. દેખનાર આત્માને જ ગ્રહણ કરું છું. આંખ વડે નથી દેખતો પણ દેખતા વડે જ દેખું છું–દેખનારો એવો જે મારો

ચૈતન્યસ્વભાવ તેના વડે જ હું મને દેખું છું. આમાં જે કારકના ભેદ છે તે પણ કાઢી નાખશે. પાપ અને પુણ્ય એ બન્નેથી રહિત દ્રષ્ટાસ્વભાવ હું છું—એમ અંતરમાં એકાગ્ર થઈને દેખવું, તે ધર્મ છે. અનંતકાળથી દ્રષ્ટાને દેખ્યો નથી. બહારનાં દ્રશ્યોને દેખ્યાં, પણ દ્રશ્યનો દ્રષ્ટા કોણ છે, તેને દેખ્યો નથી, તેથી આ વાત બોધિદુર્લભ છે. કઠણ પડે તો પણ આ વાત સમજ્યે જ કલ્યાણ થવાનું છે. આચાર્યદેવે સર્વજ્ઞના ઘરની વાત કરી છે. સર્વજ્ઞે જે કહ્યું તે જ વાત કરી છે. જો સર્વજ્ઞને માનતા હો તો આ વાત સમજવી પડશે.

હું દ્રષ્ટા છું, મારા દ્રષ્ટાપણાના આધારે જ દેખું છું, **પુણ્યના વિકલ્પથી નથી દેખતો તેમ જ પરને નથી દેખતો,** પણ હું દેખનારો, દેખનારા આત્માને જ દેખનાર વડે જ, દેખનારમાં જ, દેખનાર માટે જ દેખું છું. આમાં છ ભેદના વિકલ્પ તે પણ હજી તો શુભરાગ છે, ને તે છ ભેદનો વિકલ્પ તોડીને એકલા દ્રષ્ટા-સ્વભાવનો અનુભવ તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપ ધર્મ છે. આ સિવાય દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ-પૂજા વગેરેમાં રાગ ઘટાડે તો તે પુણ્ય છે. પણ તેનાથી કલ્યાણ નથી. જો તે પુણ્યને ધર્મ માને તો તે મિથ્યામાન્યતાનું મોટું પાપ છે.

ધર્મી કહે છે કે : **હું બહારમાં પરને દેખતો નથી કે રાગને દેખતો નથી. હું તો અંદરમાં વળીને મારા દેખનારા સ્વભાને જ દેખું છું.** દેખવાના છ કારકથી વાત કરી. હવે તે છ કારકના વિકલ્પનો નિષેધ કરીને કહે છે કે : હું નથી દેખતો; નથી દેખતો થકો દેખતો, નથી દેખતા વડે દેખતો, નથી દેખતા માટે દેખતો, નથી દેખતામાંથી દેખતો, નથી દેખતામાં દેખતો, નથી દેખતાને દેખતો, પરંતુ સર્વવિશુદ્ધદર્શનમાત્ર ભાવ છું. દેખવાનો જે વિકલ્પ ઊઠે છે તેનો નિષેધ કરીને કહ્યું કે હું નથી દેખતો. અહો ! અંદર ચૈતન્યસ્વભાવના મહિમા પાસે ધર્મીને કોઈનો મહિમા નથી. જે ભાવે ઇન્દ્રપદ મળે તે ભાવ પણ તુચ્છ તરણાં જેવો છે. મારું દ્રષ્ટાસ્વરૂપ તેનાથી ભિન્ન છે. ઇન્દ્રપદ તો હું નહિ, ને ઇન્દ્રપદ જે શુભભાવે મળ્યું તે ભાવ પણ હું નહિ, હું તો પરમદર્શનમાત્ર છું-આવા દર્શન સ્વભાવની સન્મુખ થાય તેને માટે આ મોક્ષ અધિકાર છે. કુંદકુંદાચાર્યદેવ જંગલમાં વસતા ને આત્મામાં ઝૂલતા મહાન સંત હતા. તેઓ મહાવિદેહમાં સીમંધર પરમાત્મા પાસે જઈને મોક્ષ માટે આ માલ લાવ્યા છે. જે જીવ આ સમજે તે મોક્ષના અધિકારી છે. છ કારકના ભેદ વગરનો હું તો સર્વવિશુદ્ધ દ્રષ્ટામાત્ર છું.

દર્શનની જેમ હવે જ્ઞાનની વાત કરે છે.

“વળી એવી જ રીતે-હું જાણનારા આત્માને ગ્રહણ કરું છું. ‘ગ્રહણ કરું છું’ એટલે ‘જાણું જ છું’ જાણતો જ (અર્થાત્ જાણતો થકો જ) જાણું છું, જાણતા વડે જ

જાણું છું, જાણતા માટે જ જાણું છું, જાણતામાંથી જ જાણું છું, જાણતામાં જ જાણું છું, જાણતાને જ જાણું છું.''

''જાણતો થકો જાણું છું''–વ્યવહાર કરતો થકો જાણું છું–એમ નથી. જેટલું જ્ઞાન તેટલો આત્મા છે. તે જ્ઞાન વડે જ જાણું છું, પુસ્તક વડે, રાગ વડે કે ઇન્દ્રિય વડે જાણતો નથી. એ પ્રમાણે છએ કારકોમાં સમજી લેવું. રાગને કે વ્યવહારને કરવાની વાત તો દૂર રહી પણ રાગને કે વ્યવહારને જાણવાની વાત પણ લીધી નથી. જાણતા એવા આત્માને જ હું જાણું છું–એમ અંદરની સૂક્ષ્મ વાત લીધી છે. રાગની સન્મુખ થતો નથી પણ સ્વભાવની સન્મુખ થઈને જાણું છું–આમ જાણે તે મોક્ષનો અધિકારી છે.

આવી અપૂર્વ વાત શ્રવણ કરીને હા પાડ, તેમાં વચ્ચે ઊંચા પુણ્ય બંધાઈ જાય છે. હજી આ વાત જેને બેસે નહિ તેને તો ધર્મને લગતાં પુણ્ય પણ બંધાતા નથી. ધર્મની ભૂમિકામાં જે પુણ્ય બંધાય છે, તે પુણ્ય પણ ઊંચા હોય છે. અજ્ઞાનીને તેવાં પુણ્ય પણ ન હોય.

અહો ! રાગને જાણવો તે વ્યવહાર છે ને જાણનાર સ્વભાવને જાણું–એમાં પણ ભેદનો વિકલ્પ છે–વ્યવહાર છે. અભેદ સ્વભાવમાં વળીને તેને જાણ્યો–ત્યાં વિકલ્પ નથી, ભેદ નથી. આવા આત્માની ઓળખાણ તે જ શરણ છે. એ સિવાય કુટુંબ વગેરે કોઈ શરણ નથી. તે તો બધા આ શરીરના સંબંધી છે. શરીરને ઓળખનારા છે, આત્માને ઓળખનારા નથી. આત્માને પોતાના શરણરૂપ તો પોતે છે. દેખનારો પોતે છે ને પોતે પોતાને ન દેખાય એ કેમ બને ? આ જડ શરીર તો પોતાનેય નથી જાણતું ને પરને પણ નથી જાણતું. જાણનારો ચૈતન્યમૂર્તિ આત્મા જ પોતાને ને પરને જાણે છે. આવા જાણનાર સ્વભાવને જાણવો તે ધર્મ છે. હું જાણનાર ને મને જાણું એવા પ્રકાર લક્ષમાં લે તો પણ રાગ થાય છે, તે રાગ હું નથી. છ કારકના લક્ષે રાગ થાય છે; તેથી છ કારકના ભેદનો નિષેધ કરવા કહે છે કે હું નથી જાણતો; નથી જાણતો થકો જાણતો, નથી જાણતા વડે જાણતો, નથી જાણતા માટે જાણતો, નથી જાણતામાંથી જાણતો, નથી જાણતામાં જાણતો, નથી જાણતાને જાણતો; હું તો સર્વવિશુદ્ધ જ્ઞાનમાત્રભાવ છું.

આમ દેખનારા આત્માને તેમ જ જાણનારા આત્માને કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ કારકોના ભેદપૂર્વક ગ્રહણ કરીને, પછી કારકભેદોનો નિષેધ કરી આત્માને અર્થાત્ પોતાને દર્શનમાત્ર ભાવરૂપે તેમ જ જ્ઞાનમાત્ર ભાવરૂપે અનુભવવો અર્થાત્ અભેદરૂપે અનુભવવો.

"વિકલ્પ કે ભેદનો નિષેધ કરવો" એ કથન પણ વ્યવહારથી છે. ખરેખર તેને નિષેધ કરવો નથી પડતો, પણ અંતર્ સ્વભાવ તરફ વળતાં તેનો નિષેધ તઈ જાય છે. આવો અંતરસ્વભાવનો અનુભવ તે ધર્મની ક્રિયા છે, તે ક્રિયા મોક્ષનું કારણ છે.

જે મોક્ષનો કામી છે એવા શ્રોતાને આચાર્યદેવે આ વાત સમજાવી છે. ભાવલિંગી મુનિઓ તો આ વાત સમજેલા જ છે. તેમને કાંઈ આ વાત નથી સમજાવતા. જે ભાવલિંગી મુનિઓ છે તેઓ આવું જ અનુભવે ને ઉપદેશમાં પણ આવું જ કહે. પણ રાગના આશ્રયે કે વ્યવહારના આશ્રયે કલ્યાણ થશે—એમ કદી ભાવલિંગી સંત કહે નહિ. જેઓ રાગના આશ્રયે, વ્યવહારના આશ્રયે, નિમિત્તના આશ્રયે કે ભેદના આશ્રયે કલ્યાણ થવાનું કહેતા હોય તે મુનિ તો નથી પરંતુ સમ્યગ્દ્રષ્ટિ પણ નથી. અહીં તો ભાવલિંગી સંતોએ અંતરના અનુભવ સહિત સત્યની જાહેરાત કરી છે. અંતરમાં ભેદનો વિકલ્પ ઊઠે તે પણ શરણ નથી, અભેદ ચૈતન્યમાત્ર જ્ઞાતાદ્રષ્ટા છું—એમ શુદ્ધ આત્માનાં શ્રદ્ધા—જ્ઞાન ને રમણતા કરતાં ભેદનો વિકલ્પ આવે, તે આત્માનું સ્વરૂપ નથી—એમ જાણીને તેને છોડવો. ચૈતન્યની રુચિ કરીને તેમાં જે એકાગ્ર થયો તેણે જ શુદ્ધાત્માનું ગ્રહણ કર્યું.

**ભાવાર્થ :**—આ ત્રણ ગાથાઓમાં, પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવાનું કહ્યું છે. ગ્રહણ કરવું એટલે કોઈ અન્ય વસ્તુને ગ્રહવાની—લેવાની નથી; ચેતનાનો અનુભવ કરવો તે જ આત્માનું ગ્રહણ કરવું છે.

પ્રથમની ગાથામાં સામાન્ય ચેતનાનો અનુભવ કરાવ્યો હતો ત્યાં અનુભવ કરનાર જેનો અનુભવ કરવામાં આવે તે, જેના વડે અનુભવ કરવામાં આવે તે—ઇત્યાદિ કારકભેદરૂપે આત્માને કહીને, અભેદવિવક્ષામાં કારકભેદનો નિષેધ કરી, આત્માને એક શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો હતો.

હવે આ બે ગાથાઓમાં દ્રષ્ટા અને જ્ઞાતાનો અનુભવ કરાવ્યો છે કારણ કે ચેતના સામાન્ય દર્શન-જ્ઞાનવિશેષોને ઉલ્લંઘતી નથી. અહીં પણ છ કારકરૂપ ભેદ અનુભવન કરાવી, પછી અભેદ—અનુભવનની અપેક્ષાએ કારકભેદ દૂર કરાવી, દ્રષ્ટા–જ્ઞાતામાત્રનો અનુભવ કરાવ્યો છે. *

## શ્રી સમયસાર : ગાથા—૨૯૮—૨૯૯

*(ભાદરવા વદ ૬, શુક્રવાર,૨૦૦૭, તા. ૨૧-૯-૫૧)*

**ટીકા :** અહીં પ્રશ્ન થાય છે કે—ચેતના દર્શન-જ્ઞાનભેદોને કેમ ઉલ્લંઘતી નથી કે જેથી ચેતનારો દ્રષ્ટા તથા જ્ઞાતા હોય છે ?

આત્મા શુ છે, તે સમજવાની જેને જિજ્ઞાસા હોય ને અનંત સંસારની રુચિ ઊડી ગઈ હોય, તેને આ અધિકાર સમજાવવામાં આવે છે. આત્માની ચીજ તો જ્ઞાન-દર્શન સ્વભાવ છે. શરીરાદિ કે રાગાદિ તે આત્માની ચીજ નથી. આમ આ મોક્ષ અધિકારમાં સમજાવ્યું છે. આવો આત્મા સમજ્યા પછી પણ રાગ તો થાય પણ જ્ઞાની તેને ધર્મ માનતો નથી. અનંતકાળમાં આત્માની સાચી સમજણ એક સેકંડમાત્ર કરી નથી. રાગ થાય પણ તે મારું સ્વરૂપ નથી. મારું સ્વરૂપ તો કાયમી ચેતનાસ્વરૂપ છે—એમ સમજવું તે પ્રથમ ધર્મ છે. સાચું સમજે છતાં ધર્મીને પૂજા—ભક્તિ વગેરે પુણ્યભાવ થાય પણ તે જાણે છે કે આ મારો ધર્મ નથી, આ તો બંધભાવ છે. બંધભાવથી મારું ચેતનાસ્વરૂપ જુદું છે.

આત્માનું ચેતનાલક્ષણ છે ને તે ચેતના દર્શન-જ્ઞાનમય છે, એમ આચાર્યદેવે ઓળખાવ્યું. હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે પ્રભો ! આત્માની ચેતના દર્શન-જ્ઞાનભેદોને કેમ ઉલ્લંઘતી નથી કે જેથી ચેતનારો દ્રષ્ટા તથા જ્ઞાતા જ હોય છે ? શરીરાદિ કે પુણ્યપાપ તે તો આત્માનું સ્વરૂપ નથી. એ વાત તો બેસે છે પણ આત્માની ચેતનામાં વળી દર્શન અને જ્ઞાન એવા બે પ્રકાર કેમ છે ? આત્મા ચેતનાસ્વરૂપ છે, એમાંથી પુણ્યપાપનો ને ભેદના વિકલ્પનો તો નિષેધ કર્યો ને વળી ચેતનાને દર્શન-જ્ઞાન એવા બે ભેદવાળી કહી, તો તે ચેતના દર્શન—જ્ઞાન એવા બે ભેદને કેમ છોડતી નથી ? ચેતનામાં વળી બે ભેદ કેમ કહો છો ? જેમ બીજા ભેદનો નિષેધ કર્યો તેમ આ દર્શન-જ્ઞાનના ભેદને પણ કાઢી નાખો ને ? એમ શિષ્ય પ્રશ્ન પૂછે છે. તેને આચાર્યદેવ ઉત્તર આપે છે :

“પ્રથમ તો ચેતના પ્રતિભાસરૂપ છે. તે ચેતના દ્વિરૂપતાને અર્થાત્ બે—રૂપપણાને ઉલ્લંઘતી નથી, કારણ કે સમસ્ત વસ્તુઓ સામાન્ય વિશેષાત્મક છે.” ચેતનામાં પર નથી ને રાગ નથી એટલે પરને અને રાગને તો ચેતનમાંથી કાઢી નાખ્યા પણ ચેતનામાંથી દર્શન અને જ્ઞાનને કાઢી ન શકાય. કેમ કે ચેતના તો દર્શન અને જ્ઞાનમય જ છે. શિષ્યને દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણ થઈ છે, કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા છુટી ગઈ છે. તે સમજવા માટે શ્રીગુરુ પાસે જઈને આવો પ્રશ્ન કરે છે. પોતે ધર્મની પરીક્ષા કરીને નક્કી કરે છે; એમ ને એમ ઓઘે માની લેતો નથી. જેમ એકલી સોય તો ખોવાઈ જાય ને હાથમાં આવે નહિ પણ જો તેમાં દોરો પરોવી લીધો હોય તો ક્યાંય ખોવાય નહિ, તેમ આત્મામાં જો સમ્યગ્જ્ઞાનરૂપી દોરો પરોવી લીધો હશે તો આત્મા ચોરાશીમાં ખોવાશે નહિ. સાચી સમજણ વિના તો આત્મા ચોરાશીના અવતારમાં ક્યાંય હાથ નહિ આવે. માટે આચાર્યદેવ કહે છે કે આત્માને ચેતના લક્ષણથી ઓળખીને સમ્યગ્જ્ઞાનરૂપી દોરો પરોવી લે. બજારમાં

કેરી લેવા જાય ત્યાં પરીક્ષા કરે ને સ્વાદ ચાખીને પછી લ્યે; તો અહીં ધર્મ કરવા માટે આત્માના સ્વાદની પરીક્ષા તો કર ! રાગનો સ્વાદ આકુળતામય છે, ને તારી ચેતનાનો સ્વાદ તો નિરાકુળ આનંદમય છે, એ રીતે રાગ અને ચેતના બન્નેનો સ્વાદ જુદો છે—એમ સ્વાદની પરીક્ષા કરીને બન્નેનો ભેદ પાડીને ચેતનસ્વરૂપ આત્માનો અનુભવ કરવો તે ધર્મ છે.

૫,૦૦૦/– રૂપિયા વ્યાજે મૂકવા હોય તો સામા આસામીની પરીક્ષા કરીને પછી મૂકે છે, એમ ને એમ મૂકી દેતો નથી. તો અહીં ધર્મમાં પરીક્ષા કરવી જોઈએ કે કેવા ગુરુ સારા હોય ? ઓળખ્યા વિના જે આવે તેની પાસે માથું ઝૂકાવે, કુદેવ-કુગુરુને માને, તેને તો ધર્મની દરકાર નથી. અહીં તો પરીક્ષા કરીને નક્કી કરવાની વાત છે. સર્વજ્ઞ પરમાત્માએ આત્માનું જેવું સ્વરૂપ કહ્યું છે તેનાથી વિરુદ્ધસ્વરૂ કહેતા હોય તેવાને સમ્યગ્દ્રષ્ટિ જૈન માને નહિ; સર્વજ્ઞ પરમાત્માએ કહેલું વસ્તુ સ્વરૂપ કેવું છે ? તે જાણ્યા વિના જૈન નામ ધરાવે પણ સાચું જૈનપણું એટલે કે સમ્યગ્દ્રષ્ટિ ન કહેવાય. અહો, આ મનુષ્યભવ સિવાય સત્ય તત્ત્વની પ્રાપ્તિ બીજે મળવી મુશ્કેલ છે. તેનું ભાન કર્યા સિવાય બીજો કોઈ કલ્યાણનો માર્ગ નથી. અહીં તે આત્માની ઓળખાણની જ વાત ચાલે છે.

આત્મા કેવો છે ? કે ચેતના સ્વભાવવાળો છે. ચેતના સ્વભાવ દર્શન-જ્ઞાનમય છે. તે ચેતનામાંથી જો દર્શન-જ્ઞાન કાઢી નાખો તો આત્મા જડ થઈ જાય છે. આત્માના સ્વભાવમાંથી રાગાદિભાવોના અભાવથી તો સિદ્ધપણું થશે પણ જો દર્શન-જ્ઞાન એવા બે પ્રકાર કાઢી નાખો તો આત્મા જડ થઈ જાય છે. આત્માનો સ્વભાવ રાગરહિત છે—એવી શ્રદ્ધા કરવી, તે તો સમ્યગ્દર્શન છે. પણ જો આત્માની ચેતનામાંથી રાગની જેમ દર્શન-જ્ઞાનને પણ કાઢી નાખે તો તે આત્મા જડ થઈ જશે. રાગ-દ્વેષ તે આત્માનું સ્વરૂપ નથી. તેથી રાગ-દ્વેષને શ્રદ્ધામાંથી કાઢી નાખતાં સમ્યગ્દર્શન થશે. રાગ-દ્વેષને ચારિત્રમાંથી પણ કાઢી નાખતાં વીતરાગતા અને કેવળજ્ઞાન થશે, યોગનું કંપન પણ નીકળી જતાં છેવટે સિદ્ધદશા થશે. પરંતુ તે સિદ્ધદશામાંય ચેતના તો દર્શન અને જ્ઞાન એવા બે પ્રકારવાળી જ રહેશે. જો દર્શન-જ્ઞાનને કાઢી નાખો તો આત્મા જડ થઈ જાય. એ રીતે સામસામી બે વાત કરી. રાગાદિને કાઢી નાખતાં આત્મા સિદ્ધ થાય ને દર્શન-જ્ઞાનને કાઢી નાખતાં આત્મા જડ થઈ જાય.

આ કોનું કથન છે ? જંગલમાં વસતા ભાવલિંગી સંતમુનિઓનું આ કથન છે. સર્વજ્ઞે સિદ્ધ કરેલો ને પોતે અનુભવેલો સ્વભાવ તેઓ બતાવે છે. આ કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય મહાન નિર્ગ્રંથ સંત હતા. અંદર આત્માની રમણતામાં છઠ્ઠે–

સાતમે ગુણસ્થાને ઝૂલતા હતા ને બહારમાં વસ્ત્રનો તાણો પણ ન હતો. આવી મુનિદશા છે. એનાથી વિરુદ્ધ મુનિદશા જે માને તે મિથ્યાદ્રષ્ટિ છે.

ચેતના લક્ષણથી આત્મા ઓળખાય છે. તે ચેતના જ્ઞાન-દર્શન એવા બે પ્રકારને ઓળંગતી નથી. પ્રથમ તો ચેતના પ્રતિભાસરૂપ છે. તે ચેતના જ્ઞાન અને દર્શન એવી દ્વિરૂપતાને ઓળંગતી નથી. કારણ કે સમસ્ત વસ્તુઓ સામાન્ય અને વિશેષાત્મક છે. (બધી યે વસ્તુઓ સામાન્ય-વિશેષસ્વરૂપ છે. ચેતના પણ વસ્તુ છે. તેથી તે પણ સામાન્ય-વિશેષસ્વરૂપ છે અર્થાત્ તે બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી.) ચેતનામાં એકલું દર્શન જ માને કે એકલું જ્ઞાન જ માને, તો ચેતના જ સિદ્ધ થતી નથી. દર્શન "બધું છે" એમ સામાન્યપણે દેખે છે, ને જ્ઞાન બધાને પૃથક્ પૃથક્ જાણે છે. આવા દર્શન અને જ્ઞાન બન્ને પ્રકારવાળી ચેતના છે.

"જ્ઞાનમાં લોકાલોક જણાય છે, તે તો ઉપાધિ છે માટે ચેતનામાંથી તેને કાઢી નાખો, એકલું દર્શન જ માનો"—એમ કોઈ કહે તો તેણે ચેતનાના સ્વભાવને જાણ્યો નથી. ચેતનાનો સ્વભાવ જ સામાન્ય અને વિશેષ સ્વરૂપ છે. જગતના સમસ્ત પદાર્થોમાં સામાન્ય-વિશેષ એવા બે પ્રકાર છે અને તેને જાણનારી ચેતનામાં પણ બે પ્રકાર છે.

કોઈ કહે કે ચેતનામાં એકલા દર્શનને જ માનો, દર્શન એકલું સામાન્ય જ દેખે છે ને જ્ઞાન તો ભેદ પાડીને બધાને જાણે છે કે આ સિદ્ધ ને આ સંસારી. એમ ભેદ પાડીને જાણવાથી તો રાગ-દ્વેષ થાય છે; માટે તેવા જ્ઞાનને કાઢીને એકલા દર્શનને જ રાખો કે જેથી એકલું અભેદ જ રહે !

તો આચાર્યદેવ કહે છે કે જો ચેતનામાંથી જ્ઞાનને કાઢી નાખીશ તો તારી ચેતનાનો જ અભાવ થશે, કેમ કે દર્શન અને જ્ઞાન એવા બે પ્રકારે ચેતનાનો સ્વભાવ છે. બધાને ભેદ પાડીને જાણે તેવો તો ચેતનાનો સ્વભાવ છે. બધાને ભેદથી જાણવું તે કાંઈ ચેતનાની ઉપાધિ નથી. સિદ્ધને સિદ્ધ જાણવા ને નિગોદને નિગોદ જાણવું તે કાંઈ રાગ-દ્વેષનું કારણ નથી. ચેતનામાં રાગ પણ જણાય પણ તેથી કાંઈ ચેતનામાં ઉપાધિ નથી. ચેતનાનું સામર્થ્ય જ એવું દ્વિરૂપ છે કે સામાન્યપણે બધાને દેખે તેમ જ ભેદ પાડીને પૃથક્ પૃથક્ પણ જાણે, એમ દર્શન અને જ્ઞાન બન્ને સ્વરૂપવાળી જ ચેતના છે. ચેતના દેહ-મન-વાણીથી પાર છે તેમ જ પુણ્ય-પાપને ઓળંગે છે પણ જ્ઞાતાદ્રષ્ટાપણાને કદી ઓળંગતી નથી. જ્ઞાનમાં પૂર્વના વિકારીભાવોનું સ્મરણ થાય તેથી કાંઈ દોષ થઈ જતો નથી. જ્ઞાનનો સ્વભાવ તો ત્રણકાળને જાણવાનો છે. આવા સ્વભાવને જાણ્યા વિના આત્માનો પૂરો સ્વભાવ પ્રતીતમાં ન આવે.

જેમ જગતની બધી ચીજો કાયમી રહીને તેમાં વિવિધ પ્રકારે પલટો પણ થાય છે; તેમ ચેતનાનો સ્વભાવ પણ સામાન્ય અને વિશેષ એમ બે પ્રકારનો છે. ચેતનાનો સ્વભાવ એવો છે કે બધું છે એમ સામાન્યપણે દેખે છે તેમ જ દરેક ચીજના પૃથક્ પૃથક્ સ્વરૂપને પણ જાણે છે. જાણવું તે તો તેનું સ્વરૂપ છે પણ ત્યાં આ મેં પરનું કર્યું એમ માને, તે મોહ છે. તે જ દુઃખનું કારણ છે. જ્ઞાન કાંઈ દુઃખનું કારણ નથી. ચેતના કદી પોતાના જ્ઞાન-દર્શન સ્વભાવને છોડતી નથી. રાગ છૂટી જાય પણ ચેતનામાંથી જ્ઞાન-દર્શન એવા બે પ્રકાર ન છૂટે.

આવી ચેતનાવાળો આત્મા છે. રાગને જાણે તે પણ જ્ઞાનનું સ્વરૂપ છે. ચેતનામાંથી રાગ નીકળી જાય પણ રાગને જાણનારું જ્ઞાન ન નીકળી શકે. જો જ્ઞાનને કાઢી નાખવા માગે તો તો ચેતના જ શૂન્ય થઈ જાય. દર્શન અને જ્ઞાન તે કાંઈ ચેતનાની ઉપાધિ નથી. રાગ-દ્વેષ તે ઉપાધિ છે તેથી તેનો નાશ થઈ જાય છે, પણ જ્ઞાન અને દર્શન એવા બે પ્રકારને ચેતનામાંથી કાઢી નાખવા માગે તોય નીકળી ન શકે. દર્શન અને જ્ઞાન તો સિદ્ધદશામાં પણ રહે છે. આવા ચેતના લક્ષણથી આત્માને ઓળખવો, તે મુક્તિનું કારણ છે.

જુઓ, શ્રેણિક મહારાજાને આવું ભાન હતું. ક્ષાયક સમ્યગ્દર્શન હતું, તીર્થંકર નામકર્મ બાંધ્યુ છે. ભવિષ્યમાં મહાવીર પરમાત્મા જેવા જ તીર્થંકર થશે ને ઇન્દ્રો તેમનાં ચરણ સેવશે. શ્રેણિકના ભવમાં છેવટે આપઘાતના પરિણામ થઈ ગયા ને નરકમાં ગયા, છતાં ત્યાં પણ આવું ભાન છે. ચેતના લક્ષણથી આત્માના સ્વભાવને રાગથી અને દેહથી પાર જાણ્યો છે. ક્ષણે ને પળે રાગ-દ્વેષ જુદા જુદા થાય તે પ્રમાણે તેનું જ્ઞાન પણ જુદું જુદું થાય. ત્યાં જ્ઞાનમાં શંકા નથી પડતી કે હું રાગમય થઈ ગયો. રાગ–દ્વેષ જ્ઞાનમાં જણાય છે તે વખતે પણ ધર્મીને રાગથી ભિન્ન ચૈતન્ય સ્વભાવનું ભાન છે એટલે રાગને જાણતી વખતે ય જ્ઞાનમાં મોક્ષમાર્ગ ટકી રહે છે. ચેતનાનો જ તેવો જ્ઞાનસ્વભાવ છે. જ્ઞાન અને દર્શનમય ચેતના છે. ચેતના પોતાના જ્ઞાન–દર્શન સ્વભાવને કદી છોડતો નથી. માટે હે ભાઈ ! ચેતનાના બે સ્વરૂપ કહ્યા તેથી મૂંઝાઈશ નહિ. ચેતના રાગને પણ જાણે છે. જો રાગ જણાય તેને જાણવાની ના પાડે તો તારું જ્ઞાન જ સિદ્ધ નહિ થાય, તેમ જ જો રાગને ધર્મ માનીશ તો પણ તારું જ્ઞાન મિથ્યા થશે. ચેતનામાં રાગનું જ્ઞાન થાય તે ઉપાધિ નથી. તે જ્ઞાન તો ચેતનાનું સ્વરૂપ જ છે. ચેતના પોતે જ્ઞાન અને દર્શન એવા બે સ્વરૂપવાળી જ છે. જો ચેતનાને જ્ઞાન–દર્શનવાળી ન માનવામાં આવે તો બે દોષ આવે છે. કઈ રીતે ? તે હવે કહેવાશે.

*

# પ્રસાદ નં. ૩૨૭

## સમયસાર : ગાથા—૨૯૮-૨૯૯ ટીકા

*(ભાદરવા વદ ૭, શનિવાર, ૨૦૦૭, તા. ૨૨-૯-૫૧)*

આત્માનો મોક્ષ કેમ થાય ? શરીરાદિની ક્રિયા તો જડ છે. તેનાથી આત્માનો મોક્ષ કે ધર્મ થતો નથી ને અંદર જે પરલક્ષે શુભ કે અશુભ લાગણી થાય તે પણ વિકાર છે. તે આત્માનું સ્વરૂપ નથી. તેથી તેનાથી પણ ધર્મ થતો નથી. આત્મામાં હું જ્ઞાતા છું, હું મારા વડે જાણું છું, મારામાં જ જાણું છું ઇત્યાદિ જે ભેદના વિકલ્પ ઊઠે, તે પણ રાગ છે. તેનાથી પણ ધર્મ થતો નથી. પરના આશ્રયે તો ધર્મ નથી, વિકારના આશ્રયે પણ નથી તેમ જ અંદર ભેદના આશ્રયે પણ ધર્મ થતો નથી. છ કારકના ભેદ પાડીને અભેદ આત્માનો અનુભવ થતો નથી, ને અભેદ આત્માના અનુભવ વિના ધર્મ થતો નથી.

આત્માનું લક્ષણ ચેતના છે; ને ચેતના જ તેની ક્રિયા છે. તે ચેતના જ્ઞાન–દર્શનમય છે. ચેતનામાં જ્ઞાન–દર્શન એવા બે પ્રકાર છે, તે નીકળી શકે નહિ. આત્મા ચેતનાસ્વરૂપ છે એમ કહેતાં તો તેમાં જ્ઞાન અને દર્શન બન્ને સમાઈ જાય છે. શરીર આદિને કાઢી નાખ, રાગને–વિકારને કાઢી નાખ, અપૂર્ણતાને કાઢી નાખ ને કારકભેદના વિકલ્પને પણ કાઢી નાખ, પણ જ્ઞાન–દર્શનમય ચેતના છે, તેને કાઢી શકાશે નહિ. કેમ કે ચેતનાનો સ્વભાવ જ એવો સામાન્ય–વિશેષાત્મક છે. એવી ચેતના વડે આત્માનો અનુભવ કર, તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટે, તે ધર્મ છે, ને તે જ મોક્ષનો ઉપાય છે.

નિમિત્ત ભલે હો, પર ભલે હો, વિકાર ભલે હો, ભેદ ભલે હો, પણ તે કોઈ ચૈતન્યનું ધર્મનું સાધન નથી. કર્તા, કરણ વગેરે છ ભેદનું લક્ષ પણ પુણ્યબંધનનું કારણ છે. માટે તે ભેદના વિકલ્પને કાઢી નાખ, એમ આચાર્યદેવે કહ્યું ત્યારે શિષ્ય એક પગલું આગળ વધીને પૂછે છે કે પ્રભો ! જેમ છ કારકના ભેદનો વિચાર છોડવાનું કહ્યું તેમ ચેતનામાં આ જ્ઞાન, દર્શન–એવા બે ભેદ પડે છે. તે પણ કાઢી નાખો ને ? ચેતનામાં સામાન્ય દર્શન જ માનીને અભેદ કરી નાખીએ ને ભેદને જાણનારા જ્ઞાનને ન માનીએ તો શું વાંધો ?

ત્યારે આચાર્યદેવ કહે છે કે ભાઈ ! જ્ઞાન અને દર્શન એ ભેદને ચેતના છોડતી નથી, ચેતનાનું સ્વરૂપ જ એવું દ્વિરૂપ છે. જેવા જેવા રાગ-દ્વેષ થાય છે તેવા તેવા જ્ઞાનમાં જણાય છે. ત્યાં અનેકતા થાય છે, તે તો જ્ઞાનનું સ્વરૂપ છે. રાગને

જાણવાનું જ્ઞાનનું સામર્થ્ય છે. તે જ્ઞાનને કાઢી નાખતાં તો ચેતનાનો અભાવ થઈ જશે. ચેતના તો પ્રતિભાસ સ્વરૂપ છે. **સામાન્ય પ્રતિભાસ તે દર્શન અને વિશેષ પ્રતિભાસ તે જ્ઞાન; એવા દર્શન અને જ્ઞાનમય ચેતના છે.** જ્ઞાનચેતનામાં અનેકપ્રકારનો સંયોગ કે રાગ જણાય તેથી મૂંઝાઈશ નહિ. જ્ઞાનમાં અનેકતાને જાણવાનું સામર્થ્ય છે. સાંખ્યની જેમ કોઈ સામાન્ય ચેતનાને જ માને ને જ્ઞાનમાં રાગાદિ જણાય છે તે જ્ઞાનને ન માને તો તેણે ચેતનાને ઓળખી જ નથી. ચેતનામાં એક સામાન્ય દર્શનને જ માને, ને બધું છેદી-ભેદીને જાણનારું જ્ઞાન છે તેને ન માને તો ચેતના જ સિદ્ધ થતી નથી. ચેતનામાં વિવિધતા ભાસે તે કાંઈ બંધનું કારણ નથી. તે તો ઊલટું ચેતનાનું સ્વ-પરપ્રકાશક સામર્થ્ય છે. સામાન્ય ચેતના એટલે કે દર્શન તે બધું દેખે છે ને જ્ઞાન ચેતના છે, તે બધા પદાર્થોને વિશેષપણે જાણે છે. આવી જ્ઞાન-દર્શનમય ચેતના છે. આવી ચેતના તે આત્માનું લક્ષણ છે. અનંતકાળથી જીવે આવા આત્માને ઓળખ્યો નથી, એ સિવાય વ્રત-તપ વગેરેનો શુભભાવ તો અનંતવાર કર્યો છે, એ શુભરાગ તો કરતાં આવડે છે, પણ ચૈતન્યસ્વભાવ કેવો છે તેનું ભાન કદી કર્યું નથી. તેથી અહીં પાત્ર શિષ્યને ચેતના લક્ષણ વડે આત્મા ઓળખાવે છે. ચેતનામાંથી વિશેષ પ્રતિભાસ કાઢી નાખીને એકરૂપ સામાન્ય ચેતના જ રાખવા માગે તો સામાન્ય—વિશેષના અભાવથી ચેતનાનો જ અભાવ થશે. ચેતનાનો અભાવ થતાં બે દોષ આવે છે.

(૧) ચેતના તે આત્માનો ગુણ છે, તે ગુણનો અભાવ થતાં ચેતન આત્માને અચેતનપણું આવી પડે. જો ચેતનામાં જ્ઞાન ન હોય તો જ્ઞાન વગર આત્મા અચેતન થઈ જાય. ચેતના જ્ઞાન વગરની હોય તો આત્મા જ ચેતન નહિ રહે, પણ અચેતન થઈ જશે. ક્ષણે ક્ષણે રાગાદિ કે દેહની ક્રિયા થાય તેને તે પ્રમાણે દર્શન દેખે ને જ્ઞાન જાણે છે. એમાંથી જો વિશેષ ભેદ પાડીને જાણનારા જ્ઞાનને ન માને તો ચેતના સાબિત ન થાય ને ચેતનાનો અભાવ થતાં આત્મા અચેતન થઈ જાય. એ એક દોષ આવે.

(૨) અથવા વ્યાપક એવી ચેતના છે, તેના અભાવમાં વ્યાપ્ય એવા આત્માનો અભાવ થઈ જાય.

પહેલા દોષમાં આત્મા અચેતન થઈ જાય છે. ને બીજા દોષમાં આત્માનો અભાવ થઈ જાય છે.

જ્ઞાન અને દર્શનમય ચેતના છે-એવી ચેતના તે જ આત્માનું સ્વરૂપ છે.

શરીરાદિ જડની ક્રિયાનો, પુણ્ય-પાપનો, નિમિત્તનો, વ્યવહારનો ને ભેદનો એ બધાનો નિષેધ કરતો કરતો હવે તો શિષ્ય અંદરમાં ચેતનાને લક્ષમાં લઈને

પૂછે છે કે પ્રભો ! આ ચેતનામાં પણ દર્શન અને જ્ઞાન એવા જે બે ભેદ છે તે પણ કાઢી નાખોને ?–જેથી એકલું અભેદ જ રહી જાય ! તે શિષ્યને આચાર્યદેવ કહે છે કે ભાઈ ! ચેતનામાં દર્શન અને જ્ઞાન એવા બે પ્રકાર છે. તે તો તેનું સ્વરૂપ જ છે. દ્રષ્ટાપણું અને જ્ઞાતાપણું એ બન્ને થઈને ચેતનાનું રૂપ છે, તેને જો ન માને તો ચેતના જ રહેતી નથી. ચેતના વગર કાં તો આત્મા અચેતન થઈ જાય અથવા તો આત્માનો અભાવ જ થઈ જાય. કેમ કે ચેતના વ્યાપક છે ને આત્મા વ્યાપ્ય છે.

જુઓ ! અહીં એ ખૂબી છે કે આત્માને વ્યાપ્ય કહ્યો છે ને ચેતનાને વ્યાપક કહી છે. નહિતર તો દ્રવ્ય વ્યાપક અને પર્યાય વ્યાપ્ય—એમ કહેવાય. પણ અહીં તો કહ્યું કે ક્ષણે ક્ષણે જે જ્ઞાતા-દ્રષ્ટાની પર્યાય છે, તે વ્યાપક છે ને આત્મા વ્યાપ્ય છે. તે ચેતના વગર આત્માનો અભાવ થઈ જશે.

કોઈપણ સંયોગમાં, ક્ષેત્રમાં, કાળમાં, ભાવમાં કે ભવમાં હો ત્યાં ત્યાં તેને જાણવું તે ચેતનાનું સ્વરૂપ છે. તેમાં ફેરફાર કરવો, તે ચેતનાનું સ્વરૂપ નથી. ચેતનાનો સ્વભાવ જ એવો છે કે સામાન્યપણે એકરૂપ “બધું છે” એમ દેખે છે ને વિશેષપણે વિવિધતાને પણ જાણે છે. આવી ચેતનાની શ્રદ્ધા કરવી તે પણ પહેલો ધર્મ છે. ચેતનામાં જ્ઞાતા-દ્રષ્ટાપણું છે, પણ ચેતનામાં વિકાર કે સંયોગ નથી. સમવસરણનો સંયોગ કે નરકનો સંયોગ, દયાના પરિણામ કે હિંસાના પરિણામ, પંચમકાળ કે ચોથો કાળ–સિદ્ધ કે નિગોદ–તે બધાને વિવિધપણે જાણે—તેવું ચેતનાનું સ્વરૂપ છે, તેમ જ તે બધાને સામાન્યપણે દેખે તેવું પણ ચેતનાનું સ્વરૂપ છે. આવી ચેતનાને ન માને તો આત્માનો ચેતના સ્વભાવ જ સિદ્ધ થતો નથી. જ્ઞાનચેતના કાઢી નાખતાં ચેતનાનો અભાવ થશે. એટલે આત્મા અચેતન થઈ જશે અથવા વ્યાપક એવી ચેતનાના અભાવમાં વ્યાપ્ય એવા આત્માનો અભાવ થઈ જશે. માટે આ દોષોના ભયથી ચેતનાને દર્શન–જ્ઞાનસ્વરૂપ જ અંગીકાર કરવી.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

## કળશ ૧૮૩

**અર્થ :—**જગતમાં ખરેખર ચેતના અદ્વૈત છે તો પણ જો તે દર્શન-જ્ઞાનરૂપને છોડે તો સામાન્ય-વિશેષરૂપના અભાવથી (તે ચેતના) પોતાના અસ્તિત્વને જ છોડે; એમ ચેતના પોતાના અસ્તિત્વને છોડતાં (૧) ચેતનને જડપણું આવે અર્થાત્ આત્મા જડ થઈ જાય અને (૨) વ્યાપક વિના (–ચેતના વિના–) વ્યાપ્ય જે આત્મા તે નાશ પામે (–આમ બે દોષ આવે છે.) માટે ચેતના નિયમથી દર્શન-જ્ઞાનરૂપ જ હો.

ઉપર ટીકામાં જે વાત કરી છે, તે જ વાત આ શ્લોકમાં કહે છે.

ચેતના જ્ઞાન–દર્શનમય છે–એ વાતને ટીકામાં આટલી છંછેડવાનું કારણ એ છે કે મૂળ સૂત્રમાં કુંદકુંદાચાર્યદેવે ચેતના અને જ્ઞાન–દર્શન–એમ ત્રણેનાં ત્રણ જુદાં સૂત્રો મૂક્યાં છે. એટલે ચેતના, દર્શન અને જ્ઞાનમય છે–એ વાત ટીકામાં ખાસ લીધી છે.

પહેલાં તો સર્વજ્ઞદેવની શ્રદ્ધા થવી જોઈએ. સર્વજ્ઞદેવ કેવા હોય, તેમની વાણી કેવી હોય, તે સર્વજ્ઞના સાધકસંત કેવા હોય—તે ઓળખવું જોઈએ. સર્વજ્ઞે કહેલા જડચેતન પદાર્થો વગેરે નવ તત્ત્વો છે–એમ કબૂલવું જોઈએ. પછી શરીરાદિ જડ તે હું નહિ, તેની ક્રિયા હું નહિ ને તેના તરફના વલણથી રાગ–દ્વેષ થાય તે પણ હું નહિ–તે શુદ્ધ જીવતત્ત્વથી પૃથક્ છે અને છ કારકભેદ પણ અભેદ ચૈતન્યસ્વભાવમાં નથી. અભેદ ચૈતન્ય સ્વભાવનો અનુભવ તે જ સમ્યગ્દર્શન ને જ્ઞાન છે. એવા અભેદ ચૈતન્યના અનુભવમાંથી જ્ઞાન અને દર્શન એવા બે પ્રકાર નીકળી જતા નથી. આત્માનું લક્ષણ ચેતના છે, તે ચેતનાનો જે જાણવા–દેખવાનો સ્વભાવ છે, તે કાંઈ ટળતો નથી. ચેતના વસ્તુપણે એક હોવા છતાં તેનામાં દ્રષ્ટાપણું ને જ્ઞાતાપણું એવા બે રૂપ પણ છે. જો ચેતના દર્શન–જ્ઞાનને છોડે તો સામાન્ય–વિશેષપણાનો અભાવ થતાં ચેતનાનો જ અભાવ થઈ જાય. ચેતનાનું જેવું સ્વરૂપ છે તેવું  ન માને તો મૂઢ છે. જેમ જગતમાં હાથીને ગધેડો માને અને ગધેડાને હાથી માને, તો તેને લોકો મૂર્ખ કહે; તેમ અહીં આત્મામાં રાગને જે ચેતનાનું સ્વરૂપ માને છે, તે ગધેડાને હાથી માનનારની જેમ મોટો મૂઢ છે. ને ચેતનામાંથી જ્ઞાનને કાઢી નાખવા માગે તો તે પણ મૂઢ છે, તેને ચેતનાના સ્વરૂપની ખબર નથી. હું કાંઈક સમજું છું ને મને આવડે છે, એવા અભિમાન આડે સમજવાનું સૂઝતું નથી. આ સંબંધમાં ઘણીવાર એક દ્રષ્ટાંત કહેવામાં આવે છે :

એક બાઈ હતી. તેને કાંઈ લાપસી વગેરે કરવું હોય ત્યારે પાડોશમાં જઈને એક ડોસીમાને પૂછી આવે ને પછી કહે કે માજી, એ તો મને ખબર હતી ! ડોસી સમજી ગયા કે આને કાંઈ આવડતું નથી પણ અભિમાનથી કહે છે. એકવાર દૂધપાક કરવાનું આવ્યું ને તે બાઈ પૂછવા આવી. ત્યારે ડોસીમાએ કહ્યું કે દૂધ ઊનું કરીને તેમાં થોડાક ચોખા નાખજે ને પછી ઉતારવા વખતે એક મૂઠો ભરીને મીઠું નાખજે ! તેણે તે પ્રમાણે કર્યું. દૂધપાક ખારો લાગ્યો એટલે મહેમાને પૂછ્યું કે અરે ! આવું કરવાનું કોણે કહ્યું ? બાઈએ ડોસીની વાત કરી. ડોસીએ બધું કહ્યું કે તેને કાંઈ આવડતું ન હતું ને મફતની “હું જાણું છું” એવું અભિમાન કરતી હતી, તેથી મેં આમ કર્યું હતું.

તેમ ત્રિલોકનાથ સર્વજ્ઞ ભગવાન અને જ્ઞાની કહે છે કે અરે જીવ ! તું આત્માને અને જડને ઓળખ. ત્યાં તો કહે છે કે "એટલી શું અમને નહિ ખબર હોય ? એ તો અમે જાણીએ છીએ !" જ્ઞાની કહે છે કે અરે ભાઈ ! તને કાંઈ ખબર નથી. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય, ને હાથ મારાથી ઊંચો નીચો થાય–એવી તારી માન્યતા છે તો તે કાંઈ જ જાણ્યું નથી. અંદર જ્ઞાનમાં રાગ જણાય, તે રાગ પણ તારું સ્વરૂપ નથી, ને તે રાગને લીધે તારું જ્ઞાન થયું નથી. જ્ઞાન તો ચેતનાનો સ્વભાવ છે. ચેતનામાંથી જ્ઞાતાપણું કદી ટળે નહિ. ગમે તે સંયોગમાં જીવ ઊભો હોય તો પણ તેની ચેતનાનું સ્વરૂપ તો જ્ઞાતા-દ્રષ્ટા છે. પણ તેને ચેતનાના તેવા સ્વભાવની ખબર નથી.

જો ચેતનાના જ્ઞાતા-દ્રષ્ટાપણાને ન માને તો સામાન્ય-વિશેષપણાના અભાવથી ચેતનાનો અભાવ થાય અને ચેતનાનો અભાવ થતાં કાં તો આત્મા જડ થઈ જાય અને કાં તો ચેતના વગર આત્માનો જ અભાવ થઈ જાય. કેમ કે ચેતના તો વ્યાપક છે ને આત્મા વ્યાપ્ય છે. આત્માને અને ચેતનાને વ્યાપ્ય–વ્યાપકપણું છે. તેમાં ચેતનાનો અભાવ થતાં આત્માનો પણ અભાવ થઈ જાય છે. માટે ચેતના નિયમથી જ્ઞાન-દર્શનમય જ છે. જ્ઞાતા-દ્રષ્ટાપણું તે ચેતનાનું સ્વ–રૂપ છે, ને એ સિવાય રાગાદિ તે બધાય કદ્રુપ છે. રાગ વખતે રાગને લીધે જ્ઞાન થતું નથી પણ ચેતનાના જ્ઞાતા સ્વભાવને લીધે તે રાગનું જ્ઞાન થાય છે. જો તે જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવને ન માને તો ચેતના સિદ્ધ થતી નથી. એટલે ચેતનદ્રવ્ય તારી દ્રષ્ટિમાં આવતું નથી. આત્મા કાંઈ જડ થતો નથી તેમ જ આત્માનો કાંઈ અભાવ થઈ જતો નથી પણ તારી માન્યતામાં જો જ્ઞાતા-દ્રષ્ટાસ્વરૂપ ચેતનાને ન માન તો તારી પ્રતીતમાં ચેતનસ્વરૂપ આત્મા આવતો નથી એટલે તારા જ્ઞાનમાં મિથ્યાપણું આવે છે. જ્ઞાતા-દ્રષ્ટાપણાની ક્રિયા કરે, તેને અમે આત્મા કહીએ છીએ. જો તું જ્ઞાનને કાઢી નાખીશ તો તારો ચેતનાસ્વરૂપ આત્મા તને લક્ષમાં નહિ આવે, એટલે તારી શ્રદ્ધામાં ચેતનાનો અભાવ થઈ જશે. માટે જો તારે તારી શ્રદ્ધામાં આત્માને જીવતો રાખવો હોય. આત્માની સાચી શ્રદ્ધા ને જ્ઞાન કરવું હોય તો ચેતના નિયમથી જ્ઞાન–દર્શનમય જ છે એમ ઓળખ. તું ન માન તો પણ ચેતના તો એવી જ છે. તેને સમજીને શ્રદ્ધા કર તો તારાં શ્રદ્ધા–જ્ઞાન સમ્યક્ થાય.

ક્ષણે ને પળે ચેતનાસ્વરૂપી આત્મામાં ડૂબકી મારીને સિદ્ધ જેવા સહજાનંદમાં ઠરતા હતા, એવા એ  જંગલમાં ઝૂલતા મુનિએ આ રચના કરી છે. ક્ષણે ને પળે અમારી ચેતના જ્ઞાતા-દ્રષ્ટાપણે પરિણમી રહી છે. રાગનો અમારામાં અભાવ છે ને બહારની ક્રિયાનો પણ અભાવ છે, પણ ચેતનામાં જ્ઞાતા-દ્રષ્ટાપણું છે, તે તો

ચેતનાનું પોતાનું સ્વરૂપ જ છે. આવી ચેતના તે આત્માનું લક્ષણ છે. એવી ચેતનાથી આત્માને જ્ઞાતા-દ્રષ્ટાપણે અનુભવવો, તે મોક્ષનો ઉપાય છે.

*

## સમયસાર કળશ ૧૮૩. ભાવાર્થ

*(ભાદરવા વદ ૮, રવિવાર, ૨૦૦૭)*

મોક્ષ એટલે પરમ–સ્વભાવની પ્રાપ્તિ. આત્મા વસ્તુ અનાદિઅનંત છે. તેની પર્યાયમાં સંસાર અવસ્થાનો નાશ થઈ મોક્ષ અવસ્થાનો ઉત્પાદ થાય છે. મોક્ષ કેવી રીતે થાય તેનો અધિકાર છે. શરીર, મન, વાણી તો આત્મામાં અભાવરૂપ છે ને દયા-દાનાદિના ભાવો વિકૃત સ્વરૂપ છે, તે આત્માનું મૂળ સ્વરૂપ નથી. વળી આત્મામાં રાગના લક્ષે છ કારકો–કર્તા, કરણ વગેરેના ભેદ પડે છે, તે છ કારકોના વિકલ્પનો ભેદ આત્મામાં નથી. તે રાગ ને વિકલ્પ કાઢી નાખવાથી આત્મા શુદ્ધ થાય છે. વળી આત્મા ચેતનામય છે. ચેતના સામાન્ય ને વિશેષ બે પ્રકારે છે. પણ તે બે ભેદોવાળો તેનો સ્વભાવ છે. તેને જો રાગની જેમ કાઢી નાખવા માગે તો આત્મા શુદ્ધ થાય–એમ નથી. વસ્તુનું સ્વરૂપ સામાન્ય–વિશેષરૂપ છે. સામાન્ય અવલોકનમાત્ર વસ્તુ છે એમ સામાન્ય પ્રતિભાસ થવો, તે દર્શનનું કાર્ય છે ને દરેક પદાર્થને ભિન્ન ભિન્ન જાણે તે જ્ઞાનનું કાર્ય છે, તેને વિશેષ કહે છે. ચેતના પણ વસ્તુ છે તેથી તે પણ સામાન્ય–વિશેષાત્મક છે. ચેતનાગુણને અહીં વસ્તુ કહી છે.

(૧) કોઈ કહે કે "સામાન્ય છે એટલું દેખીએ તો બસ છે કેમ કે ભેદથી જાણવા જતાં ઉપાધિ થાય છે માટે જ્ઞાનસ્વભાવ જે ભેદથી જાણે છે તેને કાઢી નાખો" તો એમ કહેનાર વસ્તુના સ્વભાવને સમજતો નથી. જેમ દયા-દાનાદિના ભાવો કાઢી નખાય તેવા છે તેમ ચેતના સ્વભાવના સામાન્ય કે વિશેષ કાઢી શકાય તેવા નથી. "છે પણું અવલોકવું" તે સામાન્ય છે ને દરેક દ્રવ્ય–ગુણ–પર્યાયને ભિન્ન ભિન્ન જાણવું તે જ્ઞાનનું રૂપ છે. હું આત્મા છું. આ શરીર છે. હું જ્ઞાનસ્વભાવી છું, આ રાગ-દ્વેષ છે–એમ જ્ઞાન જાણે છે. સમયે સમયે જ્ઞાન પદાર્થોને ભેદપૂર્વક જાણે છે તે જ્ઞાનનો સ્વભાવ છે. પદાર્થોને લીધે જ્ઞાન થાય છે એમ તો નથી, જ્ઞાન તો પોતાથી થાય છે. દરેક વસ્તુનું પૃથક્ પૃથક્ જ્ઞાન કરવું તે ઉપાધિ નથી પણ જ્ઞાનનું સ્વરૂપ છે. એકલો દ્રષ્ટા સ્વભાવ રાખે ને જ્ઞાતા સ્વભાવ કાઢી નાખે તો ચેતનાગુણનો નાશ થતાં આત્માને જડપણાનો પ્રસંગ આવે છે.

(૨) ચેતના આત્માની સર્વ અવસ્થામાં વ્યાપે છે તેથી વ્યાપક છે ને આત્મા ચેતન હોવાથી ચેતનાનું વ્યાપ્ય છે. જો ચેતનાનો અભાવ માનવામાં આવે તો વ્યાપકના અભાવથી આત્માના અભાવનો પ્રસંગ આવે છે. શરીર, મન, વાણી તો

આત્મામાં નથી માટે તેના ઉપરની દ્રષ્ટિ છોડ, તે તો બરાબર છે. વળી રાગ–દ્વેષાદિ વિકાર છે તે આત્માનો ખરો સ્વભાવ નથી માટે તેને કાઢી નાખ તો બરાબર છે પણ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ છે, તેને કાઢી નાખ તો તે બરાબર નથી. રાગ વગેરેનું જ્ઞાન કરવાથી અનેકતા થાય છે અને અમને અભેદ થવા દેતું નથી, એમ કહી જે જીવ જ્ઞાનનો નકાર કરે તે વસ્તુસ્વભાવને સમજતો નથી. જ્ઞાન જાણે છે કે "હું જ્ઞાન છું ને આ પર છે. હું આનંદ છું ને આ આકુળતા છે ને હું આત્મા છું ને આ શરીર છે"–એમ પ્રત્યેક વસ્તુ જ્ઞાનની પર્યાયમાં જણાય છે. તે જ્ઞાનપર્યાયને (વ્યાપકને) કાઢી નાખતાં વ્યાપ્ય એવા આત્માના નાશનો પ્રસંગ આવે છે માટે ચેતના દર્શન–જ્ઞાનસ્વરૂપ જ જાણવી.

આ ધર્મની ક્રિયા છે. જ્ઞાતા-દ્રષ્ટા એવા ગુણનો ધરનાર ગુણી આત્મા છે. પ્રત્યેક પળે બધા પદાર્થની અવસ્થાને પોતાથી ભિન્ન જાણવાનો ધર્મ છે પણ શરીર, રાગ વગેરે પરને મારા માનવાનો ધર્મ નથી. પરમાં સુખ નથી તેમ જ પરને લીધે જ્ઞાન નથી. હું મારામાં એકાગ્ર થાઉં તો સુખદશા પ્રગટે એમ છે—એમ માનનારની દ્રષ્ટિ નિમિત્ત તથા રાગ ઉપરથી હઠીને સ્વ તરફ વળે છે ને રાગ, નિમિત્ત ને હું–એમ ત્રણનું જ્ઞાન થાય છે. ત્રણેને સમયે સમયે જાણવાનો સ્વભાવ છે પણ પરનું કરવાનો અથવા રાગ કરવાનો મારો સ્વભાવ નથી. આ વિકાર છે તે પલટી શકે છે ને પલટીને અવિકારી દશા પ્રગટ થઈ શકે છે ને હું જ્ઞાનસ્વભાવી કાયમ રહું છું—આમ વિકારને તથા અવિકારને જ્ઞાન જાણે છે ને અવિકાર દશા પોતાના આધારે પ્રગટે છે એમ જાણે છે. આમ શ્રદ્ધા થતાં પર તથા રાગ ઉપરની દ્રષ્ટિ ટળે છે ને સ્વભાવદ્રષ્ટિ થાય છે. આત્મા ત્રિકાળ છે ને અવસ્થામાં પલટન પામે છે. વળી તે ચેતના સ્વભાવવાળો છે, એમ કબૂલાત આવતાં સ્વભાવમાં એકતા થતાં સમ્યગ્દર્શન થાય છે—તે ધાર્મિકક્રિયા છે. પોતે સામાન્ય–વિશેષ સ્વભાવવાળો છે. પરને મારા માનવાનો સ્વભાવ નથી પણ પ્રત્યેકને જાણી લેવાનો સ્વભાવ છે. આમ જ્ઞાનની નિર્મળ પર્યાયની ઉત્પત્તિ થવી તે ધાર્મિક ક્રિયા છે. અશુદ્ધતા તે હું નહિ, હું તો જ્ઞાનસ્વભાવી છું, એમ જ્ઞાનસ્વભાવ કાયમ રહીને પર્યાયમાં અશુદ્ધતાનો નાશ થઈ સંપૂર્ણ શુદ્ધતા થવી તે મોક્ષ છે. બંધ–મોક્ષ દ્રવ્યમાં નથી. વસ્તુ તો સદાય મુક્તસ્વરૂપ છે, પર્યાયમાં રાગ-દ્વેષ બદલીને મુક્તદશા થાય છે.

અહીં તાત્પર્ય એવું છે કે સાંખ્યમતી આદિ કેટલાક લોકો સામાન્ય ચેતનાને જ માની એકાંત કહે છે. માત્ર 'છે પણાં'ને સ્વીકારે છે પણ હું જ્ઞાનસ્વરૂપ છું ને આ શરીર છે, હું નિરુપાધિસ્વરૂપ છું ને આ ઉપાધિ છે એમ ચેતનાના વિશેષ સ્વરૂપને

સ્વીકારતા નથી. પર પદાર્થને તથા રાગને પોતાથી જુદા જાણવા–ભેદરૂપ જાણવા તે ઉપાધિ છે ને દ્વૈતને જાણવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે ને વિકલ્પથી અભેદમાં ઠરાતું નથી–એમ તેઓ દલીલ કરે છે. આ દલીલ ભ્રાંતિવાળી છે કારણ કે જ્ઞાનનો સ્વભાવ સ્વ- પરપ્રકાશક છે. જ્ઞાનનું કાર્ય સ્વ ને પરને જાણવાનું છે. સ્વ–પરને જાણવું તે જ્ઞાનનો દોષ નથી. શરીરને તથા રાગાદિને જાણવા, તે જ્ઞાનનો ધર્મ છે પણ સ્વ–પરને એક માનવા તે અજ્ઞાન ને મૂઢતા છે. જે જ્ઞાનને માનતા નથી ને માત્ર સામાન્ય ચેતનાને સ્વીકારે છે, તેનો નિષેધ કરવા કથન કરવામાં આવે છે કે દયા-દાનાદિને કાઢી નાખો તો આત્મા શુદ્ધ રહે છે પણ તેથી કરીને જ્ઞાન જે આત્માનો સ્વભાવ છે, તેને કાઢી નાખો તો આત્માને જ્ઞાન વિના જડતાનો પ્રસંગ આવે અથવા જ્ઞાનપર્યાય વિનાનો આત્મા માને તો આત્માના નાશનો પ્રસંગ આવે. ઊંધી માન્યતાવાળાને આત્મા દ્રષ્ટિમાં આવતો નથી.

હું જ્ઞાન છું એમ કહેતાં હું રાગ નથી, હું જડપદાર્થ નથી–એમ નક્કી થાય છે. હું શક્તિએ આનંદસ્વરૂપ છું એમ કહેતાં, વર્તમાનમાં આકુળતા રહેલી છે. આકુળતા બિલકુલ ન હોય તો પ્રગટ આનંદ હોવો જોઈએ. વર્તમાન આકુળતા છે ને જ્ઞાન વર્તમાન આકુળતાને જાણે છે. વળી સ્વભાવ આકુળતા રહિત છે. જેના આધારે આકુળતા ટળે છે, તે ન હોય તો આકુળતા પોતાનો સ્વભાવ થઈ જાય. જ્ઞાન પણ નિરાકુળ સ્વભાવને જાણે છે. આમ જ્ઞાન સ્વ–પર પ્રકાશક સ્વભાવનું કામ કરે છે. વળી સ્વભાવનો આશ્રય લેતાં અંશે આકુળતા ટળે છે ને સંપૂર્ણ આશ્રય લેતાં સંપૂર્ણ આકુળતા ટળી મોક્ષદશા થાય છે. આમ જ્ઞાન સ્વને તથા પરને જાણવાનું કામ કરે છે. વળી મોક્ષદશામાં પણ જ્ઞાન સ્વ–પર પ્રકાશક કામ કરે છે. ત્યાં એકલો આનંદ રહે છે–એમ નથી. **આનંદ છે, બીજા ગુણો પણ છે તેને જ્ઞાન સ્વ–પર તરીકે જાણે છે. જ્ઞાન સ્વ છે ને બીજા ગુણો તેનાથી પર છે, એમ જ્ઞાનનો સ્વ–પરપ્રકાશક સ્વભાવ શરૂઆતથી મોક્ષ સુધી ને પછી સિદ્ધદશામાં પણ એકલો રહે છે.** માટે વસ્તુ સામાન્ય–વિશેષસ્વરૂપ છે તેથી ચેતનાને સામાન્ય વિશેષરૂપ અંગીકાર કરવી એમ અહીં જણાવ્યું છે.

હવે આગળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છે :––

## કળશ ૧૮૪

**અર્થ :—**ચૈતન્યનો (આત્માનો) તો એક ચિન્મય જ ભાવ છે. જે બીજા ભાવો છે તે ખરેખર પરના ભાવો છે; માટે (એક) ચિન્મય ભાવ જ ગ્રહણ કરવા યોગ્ય છે, બીજા ભાવો સર્વથા છોડવાયોગ્ય છે.

આત્માનો સ્વભાવ જ્ઞાતા-દ્રષ્ટા જ છે. બીજા ભાવો છે તે ખરેખર પરના ભાવો છે. શરીરાદિ જડપદાર્થોની ક્રિયા થાય છે, તે જડના કારણે થાય છે, તે ક્રિયાને આત્માએ કરી નથી તેમ જ તે ક્રિયા જડના કારણે થાય તો તેથી આત્માને લાભ નથી છતાં શરીરની સ્થિરરૂપ ક્રિયા મેં કરી—એમ માનવું તથા એવી ક્રિયા થઈ માટે મને ધર્મ થયો. એમ માનવું તે મૂઢતા છે. એમ ભાષા ભાષાના કારણે થાય છતાં આત્માથી ભાષા બોલાઈ એમ માનવું તે મૂઢતા છે. અહીં તો કહેવું છે કે જડની ક્રિયા તો તારી નથી પણ રાગની ક્રિયા પણ તારી નથી. રાગ તારામાંથી ટળી જાય છે, તે તારું સ્વરૂપ નથી, તે બધો પરભાવ છે. માટે જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ એક જ ગ્રહણ કરવાયોગ્ય છે. બીજા ભાવો સર્વથા છોડવા યોગ્ય છે–એમ જે લખાણ છે તે નિમિત્તનું કથન છે. કોઈપણ રાગને જીવ ખરેખર છોડી શકતો નથી પણ રાગરહિત તે પોતાનું સ્વરૂપ છે એમ નક્કી કરતાં ને સ્વભાવમાં ઠરતાં રાગની ઉત્પત્તિ થતી નથી તેને રાગભાવો છોડ્યા—એમ કથન કરવામાં આવે છે. સ્વભાવનો આદર થતાં વિકારનો આદર રહેતો નથી. સ્વભાવમાં એકાગ્રતા તે મોક્ષનું કારણ છે ને પરિપૂર્ણ એકાગ્રતા તે મોક્ષ છે. ॥૨૯૮–૨૯૯॥

હવે આ ઉપદેશની ગાથા કહે છે :

## <u>ગાથા 300</u>

**સૌ ભાવ જે પરકીય જાણે, શુદ્ધ જાણે આત્મને,**
**તે કોણ જ્ઞાની મારું આ એવું વચન બોલે ખરે ? 300.**

**<u>અર્થ :—</u>**સર્વભાવોને પારકા જાણીને કોણ જ્ઞાની પોતાને શુદ્ધ જાણતો થકો, આ મારું છે (–આ ભાવો મારા છે) એવું વચન બોલે ?

**<u>ટીકા :—</u>**જે આત્મા પરના અને આત્માનાં ચોક્કસ સ્વલક્ષણોના વિભાગમાં પડનારી પ્રજ્ઞા વડે જ્ઞાની થાય, તે ખરેખર એક ચિન્માત્ર ભાવને પોતાનો જાણે છે.

આત્માનું નિયત સ્વલક્ષણ ચેતના છે ને દયા-દાનાદિ વિકાર બંધનું સ્વલક્ષણ છે. તે લક્ષણો ખરેખર નક્કી થયેલાં છે. દયા-દાનાદિ આત્મામાંથી ટળી જાય છે માટે આત્માનો સ્વભાવ નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો રાગ, વ્રતાદિના પરિણામ, વ્યવહાર રત્નત્રયના પરિણામ બધા પરભાવો છે ને તે બંધનું લક્ષણ છે. આમ જે જીવ રાગાદિને પર જાણે છે ને જાણવા–દેખવાનો સ્વભાવ તે સ્વ છે એમ આત્મા તથા પરને નિયત લક્ષણોથી જ્ઞાનદ્વારા જુદા પાડે છે, તે જીવ ખરેખર પોતાના જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવને પોતાનો જાણે છે ને બાકીના સર્વે ભાવોને પારકા જાણે છે.

આવી રીતે તે પુરુષ પરભાવોને “આ મારા છે” એમ કેમ કહે ? ન જ કહે. એટલે કે તે પરભાવોને પોતાના ન માને તેમ જ પોતાના છે એમ ન કહે. ભગવાનથી ધર્મ થાય એમ કેમ માને ને કહે ? પુણ્યથી ધર્મ થાય એમ કેમ માને ને કહે ? પરથી લાભ–નુકશાન થાય એમ કેમ કહે ને માને ? એટલે કે તેમ માને નહિ ને તેમ કહે નહિ.

અહીં કહે એમ કહ્યું છે. એટલે આત્મા બોલી શકે છે એમ સમજવું નહિ પણ એવી રીતે સ્વરૂપથી વિપરીતરૂપે બોલવાનો ભાવ હોય નહિ ને નિમિત્તરૂપે પણ વસ્તુસ્વરૂપથી વિપરીત વાણી હોય નહિ. શરીર, મન, વાણી, દેવ–ગુરુ–શાસ્ત્ર, શુભાશુભભાવો વગેરે વસ્તુ છે ખરી પણ તે છે માટે શુદ્ધસ્વભાવ છે અથવા શુદ્ધસ્વભાવ છે માટે તે ચીજો છે—એમ નથી. તે તેનામાં છે, મારા શુદ્ધ સ્વભાવમાં નથી–એમ અનેકાંત વસ્તુનું સ્વરૂપ છે— એમ જ્ઞાની જાણે છે. જ્ઞાની કહો કે ધર્મી કહો–બન્ને એકાર્થવાચક છે.

જે દેવ અથવા ગુરુ એમ કહે કે તને મારાથી જ્ઞાન થશે અથવા ધર્મ થશે તો તે દેવ-ગુરુ સાચા નથી. જે શાસ્ત્ર, જડની ક્રિયા આત્માથી થાય એમ બતાવે, પુણ્યથી ધર્મ બતાવે તે શાસ્ત્ર સાચાં નથી. પણ જે દેવ-ગુરુ-શાસ્ત્ર એમ બતાવે છે કે તને તારાથી લાભ છે, મારાથી લાભ નથી; એમ સ્વ–પર ભેદવિજ્ઞાન કરાવે તે સાચા છે–આમ ધર્મી જીવ યથાર્થ વિવેક કરી જાણવા–દેખવાના ભાવ સિવાય બધા ભાવોને પર જાણે છે ને પર કહે છે, તેને પોતાના જાણતો નથી ને કહેતો પણ નથી.

***

# પ્રસાદ નં. ૩૨૯

## શ્રી સમયસાર : ગાથા ૩૦૦

*(ભાદરવા વદ ૯, સોમવાર, ૨૦૦૭, તા. ૨૪-૯-૫૧)*

જેને આત્માની શાંતિ એટલે કે ધર્મ જોઈતો હોય તેણે શું કરવું ? તે અહીં કહે છે. આત્માનો ચિન્માત્ર સ્વભાવ છે, ને રાગાદિ ભાવો તે પોતાથી પર છે. પરને અને પોતાને નિશ્ચયથી સ્વ-સ્વામિત્વ સંબંધ નથી. આમ પહેલાં ઓળખવું જોઈએ. વિકાર તે મારું સ્વ ને હું તેનો સ્વામી. શરીર મારું સ્વ ને હું આત્મા તેનો સ્વામી-એવું મારા સ્વરૂપમાં નથી, ચિન્માત્ર સ્વભાવ જ મારું સ્વ છે. પર્યાયમાં વિકાર થાય છે પણ તે કાંઈ આત્માનું મૂળ સ્વરૂપ થઈ જતું નથી. આ સિવાય શરીરાદિ બધું પર છે ને તે શરીર સાથે સંબંધ ધરાવનારા પણ બધા પર છે. પરલક્ષે થતો રાગાદિભાવ તે પણ ઉપાધિભાવ છે, તે ચૈતન્યનું સ્વરૂપ નથી. હું તો ચૈતન્ય છું. જાણનાર-દેખનાર સ્વભાવ મારું કાયમી સ્વરૂપ છે. એમ ભિન્નતા ઓળખે તે જીવ શરીર-કર્મ કે વિકાર વગેરે પરભાવોને પોતાના માનતો નથી. આનું નામ પ્રથમ ધર્મ છે.

જે પોતાનું સ્વ હોય તે કદી પોતાથી જુદું ન પડે. વિકાર જો આત્માનું સ્વ હોય તો તે કદી આત્માથી છૂટો ન પડે. આત્માની શાંતિના ભાવક જીવે-મોક્ષાર્થી જીવે-કલ્યાણ કરવું હોય તે જીવે એમ સમજવું કે હું તો ચૈતન્યમાત્ર સ્વભાવ છું. સર્વથા ચૈતન્યભાવ જ ગ્રહણ કરવાયોગ્ય છે. એ સિવાય બીજા કોઈ ભાવો મારે ગ્રહણ કરવા જેવા નથી. જે જીવ શરીરાદિને પોતાનાં માને છે, તે જીવ જડને ગ્રહણ કરવાનું માનીને સંસારમાં રખડે છે. ને જડથી હું ભિન્ન ચૈતન્યમાત્ર છું-એમ સમજીને ચૈતન્યભાવને ગ્રહવો એટલે કે તેમાં શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા કરવાં તે ધર્મ છે. આ મુક્તિનો ઉપાય છે. ચૈતન્ય સ્વભાવને ગ્રહણ કરીને તેમાં ઠરતાં પરભાવો છૂટી જાય છે. અહીં તો આચાર્યદેવે સિદ્ધાંત કહ્યો કે આત્માને ચૈતન્યમાત્ર સ્વભાવ જ ગ્રહવા જેવો છે ને બીજા બધા ભાવો છોડવા જેવા છે. શરીર, મન, વાણી તો ગ્રહવા જેવાં નથી ને પુણ્ય-પાપના ભાવ પણ આત્માના ઘરની ચીજ નથી. તેથી તે પણ ગ્રહવા જેવી નથી. પુણ્ય-પાપ મારાં ને હું તેનો સ્વામી-એમ માનવા જેવું નથી. પુણ્ય-પાપનો સ્વામી થાય તે વિકારને ગ્રહવા જેવો માનીને સંસારમાં રખડે છે. પુણ્ય-પાપથી ભિન્ન ચૈતન્યમાત્ર સ્વભાવ તે હું છું-એમ ઓળખીને, શ્રદ્ધીને તેમાં

લીન થવું તે જ મોક્ષનો ઉપાય છે. ચૈતન્યસ્વભાવ ગ્રહવા જેવો છે ને બીજા ભાવો ગ્રહવા જેવા નથી. એ વાત સિદ્ધ થયેલી છે.

**ભાવાર્થ :—**લોકમાં પણ એ ન્યાય છે કે-જે સુબુદ્ધિ હોય, ન્યાયવાન હોય, તે પરના ધનાદિકને પોતાના ન કહે. તેવી જ રીતે જે સમ્યગ્જ્ઞાની છે, તે સમસ્ત પરદ્રવ્યોને પોતાનાં કરતો નથી. પોતાના નિજભાવને જ પોતાનો જાણી ગ્રહણ કરે છે.

બજારમાં ઝવેરીનું ઝવેરાત દેખાય કે હાથી-ઘોડા-મોટર વગેરે દેખાય ત્યાં ડાહ્યો માણસ એમ નથી કહેતો કે "આ મારું છે." તેમ જેને સ્વભાવ અને પરભાવનો વિવેક છે એવો વિવેકી-સમ્યગ્જ્ઞાની ધર્માત્મા જીવ પણ પોતાના ચૈતન્યસ્વભાવ સિવાયનાં કોઈપણ પરદ્રવ્યને કે પરભાવને પોતાનાં માનતો નથી. પારકી ચીજને પોતાની માને તો તે ચોર કહેવાય છે. તેમ ચૈતન્યસ્વભાવ સિવાયના પારકા ભાવોને જે પોતાના સ્વરૂપમાં ખતવે તે ધર્મનો ચોર છે. ચૈતન્યસ્વભાવમાં વળીને તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરનાર ધર્મી કહે છે કે હું તો ચૈતન્ય માત્ર સ્વભાવ છું. પુણ્ય-પાપ કે શરીરાદિ કોઈ મારાં નથી. આમ સમજીને ચૈતન્ય સ્વભાવને શ્રદ્ધામાં ધારી રાખે ને પરભાવોની નાસ્તિરૂપે પરિણમે તેનું નામ ધર્મ છે.

ધર્મી જીવને બાહ્યમાં રાજપાટ હોય છતાં અંતરમાં ભાન છે કે ચૈતન્યસ્વભાવ સિવાય એક રજકણ પણ મારો નથી. હું તો ચૈતન્ય છું, ને તે જડ છે. જડ તરફના વિકારીભાવો પણ હું નથી. હું તો ચૈતન્યસૂર્ય છું, દેહદેવળમાં જ્ઞાનદીપક હું છું, હું જ સ્વ-પરનો પ્રકાશક છું ને આ દેહ તો જડ છે-આંધળો છે. તેને સ્વ-પરની ખબર નથી. મારા ચૈતન્યસૂર્યથી હું જ સ્વ-પરનો જાણનાર છું-એમ પોતાના જાણનાર સ્વભાવનો આદર કરતાં પુણ્ય-પાપનો આદર છૂટી જાય છે. આનું નામ ધર્મ છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

## કળશ ૧૮૫

सिद्धांतोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम् ।
एते ये तु समुल्लसंति विविधा भावा पृथग्लक्षणा-
स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि ।।१८५।।

જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત છે એવા મોક્ષાર્થીએ કેવો સિદ્ધાંત સેવવો તે કહે છે. જેને જ્ઞાનમાં સ્વ-પરનું ભાન નથી, દેહની ક્રિયા હું કરું છું એમ જે માને છે,

વિકારને ધર્મ માને છે–એવા જીવનું જ્ઞાન ઉદાત્ત એટલે કે ઊંચું નથી. પણ ઊંધું છે, તેનું જ્ઞાન ઉદાર નથી પણ કંજૂસ છે. મોક્ષાર્થી ધર્મી જીવનું જ્ઞાન તો ઉદાર છે, ઊંચું છે–ઉજ્જવળ છે. જે જીવ વિકારને જ આત્માનું સ્વરૂપ માની લ્યે છે તે જીવના જ્ઞાનનો અભિપ્રાય ઉદાર નથી, પણ નીચ છે, હલકો છે, મેલો છે, કંજૂસ છે, ઊંધો છે. ધર્મી જીવ તો જાણે છે કે અહો ! મારો આત્મા કેવળજ્ઞાનનું નિધાન છે. ચૈતન્યમાત્ર સ્વભાવ હું છું ને રાગાદિ બધા ભાવો મારાથી પર છે–એમ જાણનાર ધર્મી જીવનો અભિપ્રાય ઉદાર છે, ઉત્તમ છે. ઉજ્જવળ છે. જ્ઞાનનો વર્તમાન વિકાસ અલ્પ હોવા છતાં તેનો અભિપ્રાય એવો ઉદાર છે કે પૂર્ણ ચૈતન્ય સ્વભાવને સ્વીકારે છે. એમ જેના જ્ઞાનનો અભિપ્રાય ઉદાર છે તેણે કેવા સિદ્ધાંતનું સેવન કરવું તે અહીં કહે છે.

<u>“હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી, કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.”</u> અહો ! પર્યાયમાં અલ્પજ્ઞતા હોવા છતાં ધર્મી જીવનો અભિપ્રાય એવો ઉદાર છે કે “હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર પરમ જ્યોતિ જ સદાય છું.” એમ તે જાણે છે. જુઓ આચાર્યદેવે મોક્ષ માટેનો સિદ્ધાંત બતાવ્યો. “હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું.” શુદ્ધ કહીને રાગાદિ અશુદ્ધતા કાઢી નાખી, ને એક પરમજ્યોતિ કહીને ભેદ કાઢી નાખ્યા. શુદ્ધ અભેદ ચૈતન્યમાત્ર જ્યોતિનો આદર કરો, શ્રદ્ધા કરો, જેને આવો જ્ઞાનમય પરમજ્યોતિ સ્વભાવ નથી રુચતો ને રાગ રુચે છે તે જીવ મોક્ષાર્થી નથી. હું તો દેહદેવળમાં ચૈતન્યઅગ્નિ છું. પુણ્ય–પાપ તો ધૂમાડો છે, ને દેહ તો રાખ છે, ચૈતન્યજ્યોતિમાં પુણ્ય–પાપનો ધૂમાડો કે દેહાદિનો અભાવ છે, અજ્ઞાની જીવ ચૈતન્ય જ્યોતને દેખતો નથી પણ પુણ્ય–પાપના ધૂમાડાને જ દેખે છે, પણ ધૂમાડાના ગોટાની નીચે ચૈતન્યજ્યોત પડી છે તેનું તેને ભાન નથી. તેના જ્ઞાનનો અભિપ્રાય ઉદાર નથી, પવિત્ર નથી. ધર્મીના જ્ઞાનનો અભિપ્રાય ઉચ્ચ અને ઉદાર છે. તે એમ જાણે છે કે હું તો ચૈતન્ય જ્યોત છું. જેમ ધૂમાડાથી રસોઈનો પાક ન થાય પણ અગ્નિથી થાય તેમ આત્મામાં પુણ્ય–પાપ તે ધૂમાડો છે તેનાથી મોક્ષનો પાક થતો નથી. અંદર ચૈતન્યજ્યોત અગ્નિ છે. તેમાંથી મોક્ષના પાક પાકે છે. “હું શુદ્ધ ચૈતન્યમય એક પરમજ્યોતિ છું.” આવા સિદ્ધાંતનું સેવન તે મોક્ષનું કારણ છે. હું રાગી છું, હું પામર છું–એમ માનીને ન અટકતાં અંતર સ્વભાવમાં વળીને એમ સમજો કે **<u>હું તો પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્યમય પરમજ્યોતિ જ સદાય છું. સદાય આવો છું–એમ શ્રદ્ધા કરો, જ્ઞાન કરો, લીનતા કરો.</u>** જેમ રોગ મટાડીને દેહને પુષ્ટ કરવા ભસ્મનું સેવન કરે છે, તેમ અહીં

આત્મામાંથી વિકાર ટાળીને ચૈતન્યની પુષ્ટિ માટે આવા સિદ્ધાંતરૂપી ધાતુનું સેવન કરવું કે હું તો ચૈતન્ય પરમેશ્વર છું, સદાય પરિપૂર્ણ જ્ઞાનાનંદ ચૈતન્યજ્યોતિ છું, પુણ્ય-પાપ તો ક્ષણે ક્ષણે નવા થનારા ભાવો છે તે હું નથી. તે બધા વિવિધ પ્રકારનાં છે ને હું તો એક પ્રકારનો ચૈતન્યમય છું; જે વિવિધ પ્રકારના પરભાવો પ્રગટ થાય છે તે હું નથી. તે મારાથી પર છે. સિદ્ધ સ્વરૂપ ક્યાંથી આવ્યું? અંદરમાં સ્વભાવશક્તિ ભરી છે, તેમાંથી તે દશા પ્રગટે છે. અત્યારે પણ મારામાં સ્વભાવશક્તિ પરિપૂર્ણ છે. પુણ્ય-પાપ જેટલો હું નથી, હું ત્રિકાળી એવો ને એવો ચૈતન્યજ્યોત છું ને પુણ્ય-પાપ તો એક ક્ષણ પૂરતા નવા ભાવો છે, તે કાયમ ટકનારા નથી, તે મારાથી ભિન્ન છે. ચૈતન્ય સ્વભાવને શ્રદ્ધામાં-જ્ઞાનમાં ને ચારિત્રમાં સેવવો તે જ મોક્ષની ક્રિયા છે. "એક પરમ જ્યોતિ" કહી. તેમાં નિર્મળ પર્યાય પ્રગટીને અંદરમાં અભેદ થઈ ગઈ છે. જેટલી અભેદતા થઈ તેટલી નિર્મળતા છે. આવા ચૈતન્યસ્વભાવને ઓળખીને તેનો સત્કાર કરવો-આદર કરવો તેનું નામ વિવેક છે. ઘેર શેઠ આવે તો વિવેક કરે છે ને ? તે કાંઈ ખરો વિવેક નથી. શેઠ એટલે શ્રેષ્ઠ; જગતમાં શ્રેષ્ઠ એવો જે પોતાનો ચૈતન્ય ભગવાન આત્મા છે—તેને ઓળખીને તેનો આદર-સત્કાર કરવો તેનું નામ સાચો વિવેક છે. "ચૈતન્ય સ્વભાવ તે જ હું"-એમ તેની રુચિ કરવી ને "રાગાદિ તે હું નહિ" એમ તેની રુચિ છોડવી તેનું નામ ચૈતન્યનો વિવેક છે, ને તે જ ધર્મ છે.

અરે જીવ ! ચિદાનંદ ચૈતન્ય સ્વભાવ તે જ તારી જાત છે, એ સિવાય બીજી કોઈ ચીજ કે કોઈ પરભાવ તે તારી જાત નથી. તે તારાથી ભિન્ન છે, માટે તે તારે સેવવાયોગ્ય નથી. શુદ્ધ ચૈતન્યસ્વભાવ તે જ તારો છે, ને તે જ તારે સેવવાયોગ્ય છે-આમ સર્વજ્ઞ ભગવાને મોક્ષાર્થી જીવોને હુકમ કર્યો છે. ચૈતન્ય સ્વભાવ જ તારે સેવવાયોગ્ય છે, પુણ્યનો ભાવ પણ તારે સેવવાયોગ્ય નથી. પહેલાં આવી શ્રદ્ધા કરવી કે હું તો ચૈતન્યમાત્ર પરમ જ્યોતિ છું, ને રાગ-દ્વેષ પુણ્ય-પાપ પંચમહાવ્રતની લાગણી વગેરે બધાય વ્યવહારભાવો તે મને પરદ્રવ્ય છે, સાચી શ્રદ્ધા કરવી તે પણ સિદ્ધાંતનું સેવન છે. સેવન કરવું એટલે શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા કરવી. પોતાના ચૈતન્ય સ્વભાવ સિવાય અરિહંત કે સિદ્ધ તે પણ પોતાને માટે તો પરદ્રવ્ય છે. પોતાનો સ્વભાવ પરમ ચૈતન્યજ્યોતિ છે, તે જ સેવવાયોગ્ય છે, એનાં જે શ્રદ્ધા-જ્ઞાન કરે ને તેમાં ઠરે તે જ મોક્ષનો અધિકારી છે. **"હું શુદ્ધ ચૈતન્યમાત્ર જ્યોતિ છું, ને વિકાર તે હું નથી."** આવો સિદ્ધાંત સમજે તે જૈન છે. તે જૈનસિદ્ધાંતનો સેવનાર છે. પુણ્ય-પાપ ને પોતાનું સ્વરૂપ માને તો તે જૈનસિદ્ધાંતનો સેવનાર નથી. આ તો મોક્ષનો ત્રણેકાળ સિદ્ધ થયેલો નિયમ છે કે "હું તો શુદ્ધ

ચૈતન્યમાત્ર જ્યોતિ છું, ને પુણ્ય–પાપ વગેરે કોઈ પરભાવો તે હું નથી.'' આવા સિદ્ધાંતનું સેવન કરે તે જ જીવ મોક્ષાર્થી–ધર્મી છે.

હવે આગળના કથનની સૂચનાનો શ્લોક કહે છે :–

## કળશ ૧૮૬

અર્થ :–જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે તે અપરાધી છે તેથી બંધમાં પડે છે અને જે સ્વદ્રવ્યમાં જ સંવૃત્ત છે (અર્થાત્ જે પોતાના દ્રવ્યમાં જ ગુપ્ત છે–મગ્ન છે–સંતુષ્ટ છે, પરદ્રવ્યને ગ્રહતો નથી) એવો યતિ નિરપરાધી છે તેથી બંધાતો નથી.

આત્મા તો અરૂપી ચૈતન્ય છે, તેને હાથ–પગ નથી કે તે પરદ્રવ્યને પકડી રાખે પણ અહીં નિમિત્તથી કથન છે. જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે તે અપરાધી છે. પરદ્રવ્યને ગ્રહણ કરે તેનો અર્થ એમ છે કે પરદ્રવ્ય તે મારું છે એમ માને છે. ચૈતન્યસ્વભાવને ચૂકીને પુણ્ય–પાપ વગેરેને પોતાનું સ્વરૂપ માને છે, તે જીવ અપરાધી છે. તેથી તે બંધાય છે. અપરાધીને જેલ મળે તેમ તે જીવને સંસારમાં ચોરશીના અવતારની જેલ મળે છે અને જે સ્વદ્રવ્યમાં સંવૃત્ત છે એટલે કે ચૈતન્ય સ્વભાવ તે જ હું છું એમ સમજીને તેમાં લીન રહે છે એવા યતિઓ નિરપરાધી છે. તેઓ બંધાતા નથી.

યતિ એટલે યત્ના કરનાર. ચૈતન્યસ્વરૂપને ઓળખીને તેની યત્ના કરે એટલે કે સાવધાની રાખે ને રાગ-દ્વેષ ન થવા દે, તેનું નામ યતિ છે. એવા યતિઓ બંધાતા નથી પણ અલ્પકાળે મુક્તિ પામે છે.

હવે આ કથનને દ્રષ્ટાંતપૂર્વક ગાથામાં કહે છે :–

## ગાથા ૩૦૧—૩૦૨—૩૦૩

**અપરાધ ચૌર્યાદિક કરે જે પુરુષ તે શંકિત કરે,**
**કે લોકમાં ફરતાં રખે કો ચોર જાણી બાંધશે. ૩૦૧.**
**અપરાધ જે કરતો નથી, નિઃશંક લોક વિષે ફરે,**
**'બંધાઉં હું' એવી કદી ચિંતા ન થાયે તેહને. ૩૦૨.**
**ત્યમ આતમા અપરાધી 'હું બંધાઉં' એમ સશંક છે.**
**ને નિરપરાધી જીવ 'નહિ બંધાઉં' એમ નિઃશંક છે. ૩૦૩.**

**અર્થ :—**જે પુરુષ ચોરી આદિ અપરાધો કરે છે તે લોકમાં ફરતાં 'રખે મને કોઈ ચોર જાણીને બાંધશે–પકડશે' એમ શંકિત ફરે છે; જે પુરુષ અપરાધ કરતો નથી તે લોકમાં નિઃશંક ફરે છે, કારણ કે તેને બંધાવાની ચિંતા કદાપિ ઉપજતી

નથી. એવી રીતે અપરાધી આત્મા 'હું અપરાધી છું તેથી હું બંધાઈશ' એમ શંકિત હોય છે અને જો નિરપરાધી (આત્મા) હોય તો 'હું નહિ બંધાઉં' એમ નિઃશંક હોય છે.

**ટીકા :—**પહેલાં દ્રષ્ટાંત કહે છે :–—"જેમ આ જગતમાં જે પુરુષ, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે અને જે અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી."

પરદ્રવ્યનું ગ્રહણ કરવું તે અપરાધ છે, ચોરી છે. જે જીવ ચોરી કરતો હોય એટલે કે ચોર હોય તેને સદા શંકા રહ્યા કરે છે. પોલીસને આવતો દેખતાં જ તેને એમ ભય લાગે કે આ મને પકડવા આવતા હશે !

એક વખત મોચીએ ભેંસને રાંપીથી મારી નાખી. લોકો ભેગા થઈને વિચાર કરતા હતા કે કોણે આને મારી ? શું માર્યું હશે ? ત્યાં તે મોચી નીકળ્યો, તે અપરાધી હોવાથી તેને શંકા પડી કે આ મારી વાત કરતા હશે ? એટલે તરત જ તે બોલ્યો કે "કોણ કહે છે કે આ રાંપીનો ઘા છે ?" અંદર અપરાધ હતો માટે શંકા પડી. તેમ જેને ચૈતન્યનું ભાન નથી ને પરભાવને પોતાના માની રહ્યો છે તેવા જીવને શંકા પડ્યા કરે છે કે અરેરે ! કોણ જાણે કેટલાય ભવ હશે ? ભવ્ય હશે કે અભવ્ય ?–સામાયિક પ્રતિક્રમણ કરવાનું માને ને પોતાને ધર્મી માને પણ જેને આવી શંકા છે તે મોટો અપરાધી–મોટો અધર્મી છે. હજી ભવ્ય–અભવ્યની શંકા પણ નથી ટળી એટલે હજી અનંતાનંત ભવ કરવા પડશે એવી શંકા પડી છે. તે તો મહા અપરાધી છે, તેને ધર્મનો અંશ પણ હોય નહિ. અનંત ભવની જ્યાં શંકા ઊભી છે તેને તો ધર્મની ગંધ પણ નથી. સ્વભાવમાં ભવ નથી, તો તે સ્વભાવને જ માને તેને અનંતભવ થવાની શંકા ન હોય. ધર્મના નામે મોટી વાત કરે પણ જ્યાં જ્ઞાની પૂછે કે "ભવ્ય છો કે અભવ્ય તે નક્કી કર્યું છે?" તો કહે કે "તે તો કેવળી જાણે, આપણને ખબર ન પડે." જ્ઞાની કહે છે કે હજી ભવ્ય છું કે અભવ્ય તે નક્કી કરવાની પણ તાકાત નથી તો વીતરાગે શું કહ્યું ને સ્વભાવ શું છે ? તે નક્કી કરવાની તાકાત ક્યાંથી લાવીશ ? જેને સ્વભાવની રુચિ ને વિશ્વાસ હોય તેને ભવ્ય–અભવ્યની શંકા ન પડે, માટે અનંતભવ હશે એવો સંદેહ તેને ન પડે. જેને અનંતભવનો કે ભવ્ય–અભવ્યનો સંદેહ પડે તેને સ્વભાવની–પ્રતીતિ નથી. તે મોટો ચોર છે; ભવનું કારણ વિકાર છે, ચૈતન્ય સ્વભાવમાં વિકાર નથી, જેને તેવા સ્વભાવની પ્રતીત છે તે નિઃસંદેહ છે કે હું અલ્પકાળે મોક્ષ પામીશ. મારે હવે અનંતભવ છે જ નહિ અને જેને પોતાના ચૈતન્યસ્વભાવની પ્રતીત નથી ને

વિકારને પોતાનું સ્વરૂપ માની રહ્યો છે તે જીવ અપરાધી છે–મિથ્યાદ્રષ્ટિ છે. તેને અનંતભવની શંકા ટળતી નથી.

*

## શ્રી સમયસાર : ગાથા ૩૦૧-૩૦૨-૩૦૩

*(ભાદરવા વદ ૧૦, મંગળવાર, ૨૦૦૭, તા. ૨૫-૯-૫૧)*

આ મોક્ષ અધિકાર ચાલે છે. મોક્ષ એટલે આત્માની પૂર્ણ શુદ્ધદશાનું પ્રગટવું અને બંધનો નાશ થવો તે. મોક્ષનો ઉપાય શું ? કે શુદ્ધાત્માનું ગ્રહણ કરવાથી એટલે કે તેની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરવાથી મોક્ષ થાય છે. શુદ્ધાત્મા તે જ હું છું ને બીજા બધાય ભાવો મારાથી ભિન્ન છે–એમ જાણીને જેણે શુદ્ધાત્માનું ગ્રહણ કર્યું છે ને બીજા બધા ભાવો છોડ્યા છે તેવો જીવ નિઃશંક હોય છે. જે જીવ શુદ્ધ આત્મા સિવાય કોઈપણ પરભાવોને પોતાના માનીને ગ્રહણ કરે છે, તે જીવને સદાય બંધનની શંકા રહ્યા કરે છે, કેમ કે તે અપરાધી છે.

જીવ અનંતકાળથી આત્માને જાણ્યા વિના સંસારમાં રખડે છે, તે પરાધીનતા છે, દુઃખ છે. ભાઈ ! જો તારે સ્વાધીનતા, શાંતિ ને સુખ જોઈતું હોય તો પ્રથમ શુદ્ધાત્મા કોણ અને તેનાથી ભિન્ન એવા બંધભાવો કોણ, તેને જુદા જુદા ઓળખીને શુદ્ધાત્માનું ગ્રહણ કર. તે જ સ્વાધીનતાનો એટલે કે મોક્ષનો ઉપાય છે.

રાગાદિ રહિત ચિદાનંદ સ્વભાવનું ભાન કરવું તે નિરપરાધપણું છે. દેહાદિ મારાં ને રાગ તે હું—એવી માન્યતા કરવી તે પરદ્રવ્યનું ગ્રહણ છે. તે અપરાધ છે ને તે બંધનનું કારણ છે. જેમ ગાડા નીચે ચાલતું કૂતરું એમ માને કે મારાથી ગાડું ચાલે છે તેમ અજ્ઞાની જીવ એમ માને છે કે દેહાદિ પરદ્રવ્યની ક્રિયા મારે લીધે થાય છે. તે જીવ પરમાર્થે કુ–તરો (એટલે કે તરવાના ઉપાયની જેને ખબર નથી એવો) છે. અહીં તેને અપરાધી કહ્યો છે. જે ચોર હોય તેને શંકા પડે છે કે મને કોઈ પકડશે પણ જે નિર્દોષ છે–શાહુકાર છે તેને જેલની શંકા પડતી નથી. તેમ ચૈતન્યમૂર્તિ આત્મા દોષરહિત છે. તે શુદ્ધ આત્માને ચૂકીને પરદ્રવ્ય મારું છે એમ જે માને છે તે ચોરાશીના અવતારરૂપી જેલમાં પડે છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવ હું છું–એવા શ્રદ્ધા, જ્ઞાનપણે ન વર્તતાં હું વિકારી, હું અશુદ્ધ, પુણ્યથી મને લાભ છે, પરની ક્રિયા હું કરું છું એમ જે માને છે તે જીવ અશુદ્ધ વર્તતો થકો અપરાધી છે. અહો ! અનંતકાળે આવો મનુષ્યદેહ મળ્યો અને વીતરાગની વાણી કાને પડી કે તું પરથી ભિન્ન, જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યજ્યોત છો. એવા શુદ્ધ આત્માની એકવાર રુચિ તો કર, શ્રદ્ધા તો કર. આ વાતની હા પાડીને તેની રુચિ કર. આ સમજ્યા વિના અનંત

અવતાર કર્યા ને અનંતવાર મર્યો. અત્યારે આ વાત નહિ સમજે તો ફરી અનંત સંસારમાં જન્મ-મરણ કરીને રખડવું પડશે. સંસાર કોઈથી સુધરવાનો નથી. પોતે આત્મા સમજીને તેનાં શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતા કરે તો પોતાનો સંસાર છૂટી જાય. ગૃહસ્થપણામાં રહેલા જીવને પણ આત્મજ્ઞાન થાય છે. ભરત ચક્રવર્તી, શ્રેણિક રાજા વગેરેને તેમ જ સીતાજી વગેરેને આવું ભાન હતું. આત્મજ્ઞાન થાય છતાં રાજપાટનો સંયોગ રહે, વેપાર ધંધાનો સંયોગ રહે, ત્યાં અસ્થિરતાનો રાગ છે પણ તેનાથી ભિન્ન ચૈતન્યનું ભાન અંતરમાંથી ખસતું નથી. અંતરમાં આત્માના ભાનના જોરે ક્ષણે ક્ષણે સંસારનો નાશ થતો જાય છે. માટે પહેલાં આવી દ્રષ્ટિ તો કરો, શુદ્ધાત્માની રુચિ તો કરો.

ચૈતન્યસ્વભાવી આત્માને સમજ્યા વિના બાકી બધું કર્યું. કેવળી ભગવાનનો પોકાર છે કે જીવ ! તારો શુદ્ધ આત્મા રાગાદિથી પણ ભિન્ન છે તેની શ્રદ્ધા કર. ચૈતન્યની શ્રદ્ધા વગર રખડવાની શંકા મટશે નહિ. જેને મોક્ષના અધિકારી થવું હોય તે આવા શુદ્ધ આત્માની શ્રદ્ધા કરો. સત્ નો સ્વીકાર અનંતકાળથી નથી કર્યો. અનંતા કેવળી થયા તે બધાય રાગ ટાળીને થયા છે કે રાગ રાખીને ? રાગ ટળ્યો ત્યારે જ કેવળી થયા છે, તો તે કેવળી ભગવાનની આજ્ઞા રાગ રાખવાની હોય કે રાગ ટાળવાની ? માટે પહેલાં એટલું તો નક્કી કરો કે રાગ તે મારું સ્વરૂપ નથી. રાગ હોય છતાં તે મારા સ્વભાવથી ભિન્ન ચીજ છે. મારો સ્વભાવ તો ચૈતન્ય છે, તે જ મારે આદરણીય છે. રાગ તે મારે આદરણીય નથી. આમ પહેલાં રાગ વગરના ચિદાનંદ સ્વભાવની પ્રતીત કરવી, તેમાં સત્યસ્વરૂપનો સ્વીકાર છે; જેણે આવો સ્વીકાર કર્યો તેને અલ્પકાળમાં મોક્ષ થયા વિના રહેશે નહિ. જેવો શુદ્ધ સ્વભાવ છે તેવા સ્વભાવને જે જીવ સ્વીકારે છે, તે જીવ નિરપરાધ છે.

જડની ક્રિયા તો હું નહિ અને પુણ્યનો ભાવ થાય તે પણ હું નથી. હું તો ચૈતન્ય લક્ષ્મીનો સ્વામી છું-એવી ઓળખાણ કરવી તે અનંતકાળનો આત્માનો અપરાધ ટાળવાની રીત છે. વિકાર મારું સ્વરૂપ હોય તો મારો મોક્ષ ક્યાંથી થાય ? વિકાર ક્ષણિક પર્યાયમાં છે તે મારું મૂળસ્વરૂપ નથી. જેટલી સિદ્ધની તાકાત તેટલી મારી તાકાત છે. એમ જે જીવ શુદ્ધ સ્વભાવને શ્રદ્ધા-જ્ઞાનમાં લે છે તેને બંધાવાની શંકા પડતી નથી. સ્વભાવમાં બંધન નથી. તે સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન કરે તેને બંધની શંકા રહેતી નથી-એવો નિયમ છે. આ સર્વજ્ઞનો નિયમ છે. એટલે કે વસ્તુનો સ્વભાવ છે કે જ્યાં શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું ગ્રહણ છે ત્યાં ભવની શંકા નથી, ને જ્યાં ભવની શંકા છે ત્યાં શુદ્ધ ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધા નથી. બાપુ ! આ વીતરાગના આંગણે આવ્યો, તો વીતરાગભગવાને કહેલા આત્માની સમજણ તો

કર. જગતમાં બધાં દ્રવ્યો સ્વતંત્ર ભિન્ન ભિન્ન છે. તારા સ્વભાવમાં મલિનતા ન હોઈ શકે, ક્ષણિક વિકાર છે, તે પર્યાયનો દોષ છે, પણ ત્રિકાળી ધ્રુવસ્વભાવમાં વિકાર નથી. એવા ધ્રુવ ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધા–જ્ઞાન–રમણતા કર ને એ સિવાય સમસ્ત રાગાદિ પરભાવો છે, તેમાં પોતાપણાની માન્યતા છોડ. સર્વથા સર્વ પારકા ભાવોને છોડીને તારા શુદ્ધ ચૈતન્ય આત્માને જ ગ્રહણ કર. તે ધર્મ છે. પરને પોતાનું માનવું તે તો અધર્મ છે–અપરાધ છે. જેને આત્માની મોક્ષદશા પ્રગટ કરવી હોય તે જીવ વિકારનો સ્વામી કેમ થાય ? વિકારનો સ્વામી થાય તો તે વિકારથી છૂટે ક્યારે ? માટે આચાર્ય ભગવાન કહે છે કે શુદ્ધ ચૈતન્યમૂર્તિ, રાગરહિત હું છું ને રાગાદિ ભાવો મારા સ્વભાવથી જુદાં લક્ષણવાળા છે, તે હું નથી–એમ શ્રદ્ધા–જ્ઞાન કરીને ચૈતન્યને ગ્રહણ કર, ને વિકારને છોડ. બાપુ ! આવા ચૈતન્યને ઓળખ્યા વિના તારા અવતારના ક્યાંય આરા નહિ આવે. ચૈતન્યસ્વભાવને સમજવાની દરકાર વગર જો અવતાર પૂરો થયો તો નરક–નિગોદના અનંત અવતાર માથે પડ્યા છે. જમશેદપુરની ભઠ્ઠીમાં જીવતા રાજકુમારને સળગાવી દેતાં તેને જે દુઃખ થાય, તેના કરતાં નિગોદના જીવને અનંતું દુઃખ છે, કેમ કે અંદર મોહ અનંતો પુષ્ટ થઈ ગયો છે. નિગોદના જીવ જેવો જગતમાં બીજો કોઈ દુઃખી નથી. નરક કરતાંય નિગોદનાં દુઃખો અનંતાં છે. આત્માની સમજણ ન કરે તો તેવા અવતાર ટળે તેમ નથી. માટે હે ભાઈ ! અનંતકાળે આવું મનુષ્યપણું પામીને આ શુદ્ધ આત્માની ઓળખાણ કર, તેની શ્રદ્ધા કર. ચૈતન્યની જે શ્રદ્ધા કરે છે તે જીવ નિરપરાધી છે. તેને સંસારની જેલમાં પડવાની શંકા પડતી નથી.

**ભાવાર્થ :—**જો માણસ ચોરી આદિ અપરાધ કરે તો તેને બંધનની શંકા થાય; નિરપરાધને શંકા શા માટે થાય ? તેવી જ રીતે જો આત્મા પરદ્રવ્યના ગ્રહણરૂપ અપરાધ કરે તો તેને બંધની શંકા થાય જ; જો પોતાને શુદ્ધ અનુભવે, પરને ન ગ્રહે, તો બંધની શંકા શા માટે થાય ? માટે પરદ્રવ્યને છોડી શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું. ત્યારે જ નિરપરાધ થવાય છે.

“અહીંથી મરીને ક્યાં જશું ? કેટલા અવતાર થશે”—એવી શંકા જ્ઞાનીને ન પડે. ધર્મી તો નિઃશંક છે કે હું તો શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છું. મારા ચૈતન્યસ્વભાવમાંથી ભવની ઉત્પત્તિ થાય નહિ. હું તો અલ્પકાળે મોક્ષ પામવાનો છું. અજ્ઞાનીને શુદ્ધ આત્માનું ભાન નથી. વિકારમાં જ એકાકાર થઈ ગયો છે તેથી તેને ભવની શંકા પડે છે. વીંછી કરડે તેનું દુઃખ આત્માને નથી. દુઃખ તો મોહનું છે. શરીરથી હું ભિન્ન છું, હું ચૈતન્ય છું એવું જેને ભાન છે અને એવા ભાનપૂર્વક જેટલે અંશે સ્થિરતા થઈ છે તેટલે અંશે ધર્મીને

દુઃખનું વેદન થતું જ નથી. શ્રેણિકરાજા નરકમાં હોવા છતાં અંતરમાં ભિન્ન ચૈતન્યમૂર્તિ આત્માનું ભાન છે. એટલા અંશે તેમને દુઃખનું વેદન થતું જ નથી. અલ્પ રાગ-દ્વેષ છે તેટલું દુઃખ છે પણ સંયોગનું વેદન નથી. સ્વભાવનાં શ્રદ્ધાજ્ઞાન છે તેમાં ભવની શંકા નથી. પહેલાં સ્વભાવની હા પાડે તો પછી તેમાં આગળ વધાય. ત્રિકાળી શુદ્ધ સ્વભાવને સ્વીકારે તો નિરપરાધ થવાનો અવસર આવે. જ્યાં પોતાના શુદ્ધ સ્વભાવને જ પોતાનો માનીને તેનાં શ્રદ્ધા–જ્ઞાન ને લીનતા કરે ત્યાં બંધની શંકા કેમ થાય ?–ન જ થાય. જેમ મડદાંને સુખડના લાકડાથી બાળો તોપણ તેને કાંઈ ખુશી થતી નથી. તેમ સમ્યક્શ્રદ્ધાવાન જીવને મોહનો નાશ થઈ ગયો છે, તે જીવને પરવસ્તુથી ખુશી થતી નથી. પરથી તો હું ભિન્ન છું એમ ધર્મી જાણે છે. તેથી પરને તે ગ્રહણ કરતો નથી. પરથી ભિન્ન પોતાના શુદ્ધ આત્માને જ ગ્રહણ કરીને, તેમાં લીન રહે છે, તો જીવને બંધન થતું નથી. ને હું બંધાઈશ એવી શંકા તેને પડતી નથી.

હું ચૈતન્યમય છું ને શરીરાદિતો જડ છે. પુણ્ય–પાપના ભાવ પણ ચૈતન્યથી ભિન્ન છે–એમ શુદ્ધ આત્માને ઓળખીને તેમાં ઠરતાં પરભાવો છૂટી જાય છે તેનું નામ નિરપરાધપણું છે. હું તો આત્મા છું, હું તો જ્ઞાન છું–એમ સમજીને જે પોતામાં જ રહે ને પરભાવને ગ્રહણ કરે નહિ—તે જીવ નિરપરાધીછે ને તે મોક્ષ પામે છે.

ભાઈ, પહેલાં આવા આત્માને સમજીને તેની હા તો પાડ. સત્યનો સ્વીકાર કરવો તેમાં પણ અનંતા તીર્થંકરોની અને સંતોની આજ્ઞાનું આરાધન છે, અનંતા સિદ્ધોએ કર્યાં તે કામનો હકાર છે.

હવે પૂછે છે કે આ અપરાધ એટલે શું ? તેના ઉત્તરમાં અપરાધનું સ્વરૂપ કહે છે :–

જુઓ, જે શિષ્ય સમજવા માટે વિનયથી પૂછે છે, જેને આત્માની ગરજ થઈ છે–તેને આ વાત સમજાવે છે. અપરાધનું સ્વરૂપ સમજીને તે ટાળવા માટે શિષ્ય પૂછે છે કે પ્રભો ! અપરાધ એટલે શું ? તેને આચાર્યદેવ ઉત્તર આપે છે :–

## ગાથા ૩૦૪—૩૦૫

**સંસિદ્ધિ, સિદ્ધિ, રાધ, આરાધિત, સાધિત—એક છે,**
**એ રાધથી જે રહિત છે તે આતમા અપરાધ છે. ૩૦૪.**
**વળી આતમા જે નિરપરાધી તે નિઃશંકિત હોય છે,**
**વર્તે સદા આરાધનાથી, જાણતો ‘હું’ આત્મને. ૩૦૫.**

**અર્થ** :–સંસિદ્ધિ, રાધ, સિદ્ધ, સાધિત અને આરાધિત–એ શબ્દો એકાર્થ છે; જે આત્મા 'અપગતરાધ' અર્થાત્ રાધથી રહિત છે, તે આત્મા અપરાધ છે.

વળી જે આત્મા નિરપરાધ છે તે નિઃશંક હોય છે. શુદ્ધ આત્મા તે જ હું છું એમ જાણતો થકો આરાધનાથી સદા વર્તે છે.

**ટીકા :—**પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધન તે રાધ. જે આત્મા અપગતરાધ અર્થાત્ રાધ રહિત હોય તે આત્મા અપરાધ છે.

જુઓ, શિષ્યે તો અપરાધનું સ્વરૂપ પૂછ્યું હતુ. પણ આચાર્યદેવે નિરપરાધનું સ્વરૂપ પણ સાથે સમજાવ્યું છે. હું સમસ્ત પરદ્રવ્યો અને પરભાવોથી ભિન્ન છું–એક શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું—એવી ઓળખાણ વડે શુદ્ધ આત્માની સિદ્ધિ કરવી, તે રાધ છે. તે જ શુદ્ધ આત્માની આરાધના છે. કોઈ ભગવાનની આરાધના કરવી તે તો ઉપચારથી છે. પોતાના આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન કરવાં—તે આત્માની આરાધના છે, ને વિકારને પોતાનું સ્વરૂપ માનીને પકડે છે તે જીવ આત્માની વિરાધના કરે છે.

પોતાના શુદ્ધ આત્માને જાણી–માનીને તેમાં ઠર્યો, તે જ આત્માની પ્રસન્નતા છે. કોઈ ભગવાન પ્રસન્ન થતાં નથી. પોતે જ્યાં શુદ્ધ આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન કર્યાં ત્યાં પોતાનાં આત્માની પ્રસન્નતા પ્રગટી, તે જ સાચી પ્રસન્નતા છે.

પોતે પોતાના આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન કરીને વિકારથી પોતાના આત્માને બચાવ્યો તે જ સાચી કૃપા છે. પોતે પોતાના ઉપર કૃપા કરી ત્યાં નિમિત્તથી ભગવાનની કૃપા કે ગુરુની કૃપા કહેવાય; ખરેખર ભગવાન કોઈના ઉપર કૃપા કરતા નથી.

વિકાર તે હું—એમ જે માને છે તે આત્માનો અપરાધી છે. આત્માનો ઘાત કરનારો છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન કરીને જેણે અપરાધને ટાળ્યો છે તે આત્મા નિરપરાધ છે. શુદ્ધ આત્માનાં શ્રદ્ધા જ્ઞાન કરીને તેમાં ઠરવું તેમાં જ આરાધના, પ્રસન્નતા વગેરે બધા બોલ સમાઈ જાય છે.

પરથી ભિન્ન શુદ્ધ આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન કરીને તેમાં જે ઠર્યો છે, તે આત્મા રાધ એટલે કે આરાધક છે. ને તેના રાધથી રહિત છે તે આત્મા અપરાધ છે. અથવા તેવા રાધથી જે રહિત છે તે ભાવ અપરાધ છે.

પહેલાં આત્માને જ અપરાધ કહ્યો ને બીજામાં ભાવને અપરાધ કહ્યો. પહેલામાં દ્રવ્ય લીધું ને બીજામાં ભાવ લીધો. જે જીવ શુદ્ધ આત્માને જાણતો નથી

તે પોતે અપરાધ છે અથવા તો શુદ્ધ આત્માને વિકારી માને છે તે ઊંધો ભાવ તે અપરાધ છે.

*

# પ્રસાદ નં. ૩૩૧

## મોક્ષ અધિકાર

## શ્રી સમયસાર ગાથા ૩૦૪—૩૦૫

*(ભાદરવા વદ ૧૧, બુધવાર, ૨૦૦૭, તા. ૨૬-૯-૫૧)*

આ મોક્ષ અધિકાર છે.

**પ્રશ્ન :**–અત્યારે તો મોક્ષ નથી. તો મોક્ષની વાત સમજવાનું શું કામ છે?

**સમાધાન :—**મોક્ષના અધિકારી થવું છે કે નહિ ? આત્માનો ચિદાનંદ સ્વભાવ છે તેની રુચિ–શ્રદ્ધા કે ભાવના અનંતકાળથી કદી કરી નથી. તે ચિદાનંદ સ્વભાવને ઓળખીને તેની શ્રદ્ધા અને ભાવના કરે, તે જીવ અલ્પકાળે મોક્ષનો અધિકારી છે.

મોક્ષાર્થી શિષ્યે એમ પૂછ્યું છે કે પ્રભો ! જે અપરાધથી આ આત્માને બંધન થાય છે તે અપરાધનું સ્વરૂપ શું છે ? તેને અહીં ઉત્તર આપે છે.

“પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધન તે રાધ.” પરદ્રવ્યનો પરિહાર એટલે શું ? મારા ચિદાનંદ સ્વભાવ સિવાય ગમે તે પરદ્રવ્ય, ગમે તે ક્ષેત્ર, ગમે તે કાળ કે ગમે તે શુભાશુભ ભાવ–તે મારા સ્વભાવથી ભિન્ન છે–એમ નક્કી કરીને તેનું લક્ષ છોડીને સ્વભાવ તરફ વળવું, તેનું નામ પર દ્રવ્યનો પરિહાર છે. એવા પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન–રમણતા કરવાં તેનું નામ આ રાધના છે. જેણે કોઈપણ પરદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભવ કે ભાવની રુચિ છોડી અને ચૈતન્યની રુચિ કરી, તેણે આત્માની સેવા કરી છે. સમવસરણનો સંયોગ કે નરકનો સંયોગ,મહાવિદેહક્ષેત્ર કે ભરતક્ષેત્ર, પાંચમો આરો કે ચોથો કાળ, સ્વર્ગના ઇન્દ્રનો અવતાર કે નરકનો અવતાર, શુભભાવ કે અશુભભાવ–તે બધાય મારા ચૈતન્ય સ્વભાવથી પર છે–જુદા છે. તે કોઈ હું નથી. હું ચૈતન્યજ્યોત છું–એમ જેણે નક્કી કર્યું ને ચૈતન્ય સ્વભાવના રુચિ–જ્ઞાન–એકાગ્રતા પ્રગટ કર્યાં તે જીવે આરાધના કરી. આત્માની પ્રસન્નતા પ્રગટ કરી. આત્માની કૃપા પ્રગટ કરી, આત્માની સિદ્ધિ પ્રાપ્ત કરી; આત્માની પૂર્ણતાનાં શ્રદ્ધા–જ્ઞાન ન કરે તે અપરાધી છે. ચૈતન્યસ્વભાવને ચૂકીને ક્યાંય પણ પરદ્રવ્યમાં કે શુભાશુભભાવમાં જે અટકે છે, તે આત્મા અપરાધ છે. અથવા આત્માનો જે ઊંધો ભાવ છે તે અપરાધ છે. જે જીવ શુદ્ધ સ્વભાવભાવની ભાવના વગરનો છે તે જીવ ‘રાધ’ વગરનો હોવાથી ‘અપરાધ’ છે. ને તેનો ચૈતન્યની ભાવના વગરનો જે ભાવ તે અપરાધ છે.

પંચમહાવ્રતની વૃત્તિ ઊઠે તેટલો અપરાધ છે. તે આત્માનું સ્વરૂપ નથી તો પછી કુદેવ-કુગુરુને માનવા કે વિષય-કષાયમાં રાજી થવું તે તો ગંભીર અપરાધ છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ અપરાધ છે ને મારું સ્વરૂપ તો તે વિકલ્પથી રહિત ચિદાનંદ શુદ્ધ છે, તેવા આત્માની રુચિ કદી કરી નથી, તેની વાત કદી પ્રીતિથી સાંભળી નથી. ચૈતન્યની રુચિ વિના ભગવાનની વાણી સાંભળીને તેમાંથી જે વ્યવહારના પક્ષની વાતની રુચિ કરે છે તે ગુનેગાર છે. જેને શુદ્ધ આત્માના સ્વભાવની ભાવના નથી ને પરની ભાવના છે, તે આત્મા અપરાધી છે. અંતર્મુખ ચૈતન્યવસ્તુ તે જ એક સ્વદ્રવ્ય છે. તે સિવાય કોઈપણ પરના આશ્રયે જે વૃત્તિ ઊઠે તે પણ પરદ્રવ્ય છે. તેની રુચિ કરે તે જીવ અપરાધ કરે છે.

અરેરે ! આ ભવાટવીમાં મારું શું થશે ? મનુષ્યનો અવતાર પૂરો કરીને અનેક જીવો ચાલ્યા જાય છે માટે હું આ મનુષ્ય અવતારમાં મારા આત્માનું કલ્યાણ કરી લઉં-આમ જેને અંદરથી આત્માની દરકાર જાગે, તેવા જીવને માટે આ વાત છે. અનંતકાળથી આત્માનો અપરાધ કરી રહ્યો છે તેથી આ સંસાર છે. તે અપરાધ ટળીને મુક્તિ કેમ થાય તેની આ વાત છે. મારા ચૈતન્ય તત્ત્વને પર વિના ન ચાલે—એમ જે માને છે તે જીવ અપરાધસહિત વર્તે છે. તે અપરાધી આત્માને પરદ્રવ્યના ગ્રહણ વડે, શુદ્ધ આત્માની સિદ્ધિનો અભાવ છે ને બંધની શંકા છે. પર સંયોગ વિના હું આગળ વધી નહિ શકું, એવી જેની બુદ્ધિ છે તે જીવને પોતાની મુક્તિની નિઃશંકતા નથી પણ બંધની શંકા જ છે. જ્ઞાયક ચૈતન્યની તેને ભાવના નથી ને પર સંયોગના ગ્રહણની ભાવના છે, તે આત્મા સ્વયં અશુદ્ધ વર્તે છે તેથી તે અપરાધી છે, અનારાધક છે.

અને જે આત્મા નિરપરાધ છે તે, સમગ્ર પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિના સદ્‌ભાવને લીધે ભવની શંકા નહિ થતી હોવાથી 'ઉપયોગ જ જેનું એક લક્ષણ છે એવો એક શુદ્ધ આત્મા જ હું છું'—એમ નિશ્ચય કરતો થકો શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવી આરાધનાથી સદાય વર્તતો હોવાથી, આરાધક જ છે.

ધર્મીની દ્રષ્ટિમાં પોતાના શુદ્ધ ચૈતન્ય આત્માનો સદ્‌ભાવ છે. મારે પર સંયોગ વિના ન ચાલે એમ ધર્મી માનતો નથી. હું તો પરસંયોગથી ભિન્ન જ છું એમ ધર્મીને સમસ્ત પરદ્રવ્યનો પરિહાર વર્તે છે ને શુદ્ધ આત્માનું જ ગ્રહણ છે. તેથી તેને બંધની શંકા થતી નથી. લોકો છેલ્લા વખતે કહે છે કે "ભાઈ, હવે તમે તમારું સુધારો, અમારી ચિંતા છોડી દ્યો;" તો અહીં જ્ઞાની કહે છે કે અરે જીવ ! તું સમસ્ત પરદ્રવ્યની ચિંતાને ભૂલી જા અને તારું સુધાર. દેવ-ગુરુ-શાસ્ત્ર કે સ્ત્રી-

કુટુંબ–પૈસા એ બધાય તારાથી ભિન્ન છે. માટે તેની ભાવના છોડ ને ભિન્ન ચૈતન્ય આત્માની ભાવના કરીને તું તારું સુધાર. જીવનમાં તારા ચૈતન્યને પરથી ભિન્ન ઓળખીને તેની રુચિ અને ભાવના કર. ચૈતન્ય સિવાય પરની આશા તે નિરાશા છે. લોકો પણ કહે છે કે "પારકી આશા સદા નિરાશા." ચૈતન્ય ભગવાન પોતાનો આત્મા છે. તેનું ધ્યાન ચૂકશો નહિ ને તેની સુરતા છોડશો નહિ. પણ આત્માને ઓળખ્યો હોય તો આત્માનું ધ્યાન રાખે ને ? માટે જ્ઞાની કહે છે કે ચૈતન્ય પરથી ભિન્ન છે તેને તું ઓળખજે. ચૈતન્ય સિવાય ક્યાંય બીજે તારા ચિત્તને જવા દઈશ નહિ. આત્મા વર્તમાનમાં ચૈતન્યબિંબ છે. તેને પરના સંબંધથી કલ્યાણ થતું નથી. ધર્મી તો પોતાના આત્માને એવો જાણે છે કે હું તો એક ઉપયોગ લક્ષણવાળો શુદ્ધ આત્મા જ છું. મારો આત્મા સદા સઉપયોગી છે. વિકાર મારું લક્ષણ નથી. ઉપયોગ જ એક જેનું લક્ષણ છે એવો શુદ્ધ આત્મા જ હું છું–એમ ઓળખીને પોતાના શુદ્ધ આત્માને તે આરાધે છે તેથી તે આરાધક છે. ધર્મી જીવે એકતાર આત્મામાં લગાવ્યો છે કે હું તો ઉપયોગ લક્ષણવાળો શુદ્ધ આત્મા જ છું. આવો નિશ્ચય કરનાર ધર્મી જીવ આરાધક છે.

ઘાસ અને લાકડાની જેમ શરીર બળતું હોય તે દેખીને અજ્ઞાનીને ક્ષણિક વૈરાગ્ય આવે છે, પણ ચૈતન્યના ભાન વિના સાચો વૈરાગ્ય હોતો નથી. સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન હું તો જ્ઞાયકમાત્ર છું, ક્યાંય પરમાં ફેરફાર કરવો નથી. માત્ર જ્ઞાયક જ છું–એમ જ્યાં સ્વભાવને નક્કી કરીને સ્વભાવમાં વળ્યો ત્યાં ધર્મી જીવ સદાય આરાધક જ છે. મરણ વખતે જ આરાધક થાય છે એમ નથી કહ્યું. ધર્મી તો સદાય આરાધક છે. શુભાશુભ ભાવ થાય તે વખતેય "શુદ્ધ ચૈતન્ય ઉપયોગમય હું છું" એવી શ્રદ્ધા ખસતી નથી. મારા ચૈતન્ય સ્વભાવ સિવાય કોઈ ભાવો ટકાઉ નથી. મારો ચૈતન્ય સ્વભાવ જ ટકાઉ–ધ્રુવ છે–એમ ધર્મી જીવ સ્વભાવની રુચિ કરીને પરનો સંબંધ તોડી નાખે છે. એટલે તેને બંધની શંકા થતી નથી. તે તો નિઃશંકપણે આરાધનાથી જ સદાય વર્તે છે. તેથી તે આરાધક છે. આવો જીવ મોક્ષનો અધિકારી છે.

શુદ્ધ ઉપયોગમય ચૈતન્ય હું છું–એવું જેને ભાન નથી, તે જીવ આરાધક નથી પણ વિરાધક છે. તેને વ્રતાદિ પણ સાચા હોય નહિ.

**ભાવાર્થ :—**સંસિદ્ધિ, રાધ, સિદ્ધિ, સાધિત અને આરાધિત–એ શબ્દોનો અર્થ એક જ છે. અહીં શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધનનું નામ રાધ છે. રાધના સાત અર્થ છે. રાધ = આરાધના; પ્રસન્નતા; કૃપા, સિદ્ધિ, પૂર્ણતા, સિદ્ધ કરવું તે; પૂર્ણ કરવું તે. આમ કુલ ૧૧ શબ્દો થયાં. તે બધાનો એક જ અર્થ છે. જેને શુદ્ધ આત્માનો

નિર્ણય અને આરાધના નથી તે આત્મા અપરાધી છે. શુદ્ધ ચૈતન્ય આત્માનો આશ્રય કરવો તે જ ખરું સાધન છે. જે આત્માને ચૈતન્યની શ્રદ્ધા નથી અને પરસંયોગની–વ્યવહારની રુચિ છે તેને બંધની શંકા રહ્યા કરે છે. કેમ કે તે આત્મા અપરાધી છે. તે પોતે અશુદ્ધ હોવાથી અનારાધક છે. વ્યવહાર કે રાગ વગર હું નહિ રહી શકું–એવી ઊંધી રુચિ છે તેને લીધે જ તે આત્મા અનારાધક છે. રાગ હોવા છતાં, તે રાગની રુચિ છોડીને જો ચૈતન્યસ્વભાવની રુચિ તરફ વળે તો તે આત્મા આરાધક છે. ચૈતન્ય સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન જેને ખસતાં નથી તે આત્મા નિરપરાધ છે. તેને બંધની શંકા પડતી નથી. હું તો રાગરહિત શુદ્ધ આત્મા જ છું–એવા નિશ્ચયપૂર્વક વર્તતો થકો ધર્મી જીવ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર અને તપના એકભાવરૂપ નિશ્ચય આરાધનાનો આરાધક છે. શુદ્ધ સ્વભાવ તરફ વળ્યો ને શુદ્ધ ભાવ પ્રગટ્યો તેમાં ચારે પ્રકારની આરાધના સમાઈ જાય છે. સ્વભાવમાં વળ્યો ત્યાં ચાર પ્રકારની જુદી જુદી આરાધના કરવી પડતી નથી. જે ઉપયોગ અંતર્મુખ વળીને એકાગ્ર થયો તેમાં ચારે પ્રકારની આરાધના એક શુદ્ધભાવમાં સમાઈ જાય છે. વ્યવહારમાં વિકલ્પ ચારેના જુદા જુદા હોય છે. જ્યાં સ્વભાવનો નિર્ણય કરીને તેનો આરાધક થયો ત્યાં ચારે આરાધના આવી ગઈ.

જુઓ, જગતમાં નીચેના ચાર પ્રકારના ભાવોનું અસ્તિત્વ છે :–

(૧) સંયોગોની અસ્તિ, નિમિત્ત વગેરે બધા પરમાં જાય છે.

(૨) વિકલ્પની અસ્તિ

(૩) વર્તમાન ક્ષયોપશમ પર્યાયની અસ્તિ અને

(૪) ત્રિકાળ સ્વભાવની અસ્તિ–એમ એક સમયમાં ચાર પ્રકારના ભાવોનું અસ્તિત્વ છે. તેમાંથી ક્યા અસ્તિત્વ તરફ વળે તો આરાધક થાય ?

(૧) નિમિત્ત વગેરે સંયોગો પર છે, તે તરફ વર્તતો આત્મા આરાધક નથી.

(૨) તે સંયોગ તરફના વલણથી જે રાગ થાય, તે રાગ તરફ વર્તતો જીવ પણ આરાધક નથી.

(૩) વર્તમાન ક્ષયોપશમભાવ તે ક્ષણિક છે, તેટલું જીવનું આખું અસ્તિત્વ નથી. માટે તે વર્તમાન ક્ષયોપશમ પર્યાય તરફ વર્તતો આત્મા પણ આરાધક નથી.

(૪) વર્તમાન પર્યાયને ત્રિકાળી સ્વભાવના અસ્તિત્વમાં વાળીને જે શુદ્ધ ચૈતન્યના અસ્તિત્વમાં વર્તે છે તે જીવ આરાધક છે.

પહેલા ત્રણ પ્રકારના અસ્તિત્વ ઉપરની બુદ્ધિ, તે પર્યાયબુદ્ધિ છે. ને ત્રિકાળ સ્વભાવના અસ્તિત્વની બુદ્ધિ તે સ્વભાવબુદ્ધિ છે ને તે જ આરાધકપણું છે. જે જીવ શુદ્ધ આત્માના અસ્તિત્વનો નિર્ણય કરીને તેની સન્મુખ વર્તે છે તે જીવ સમ્યગ્દર્શનને આરાધ્યું, સમ્યગ્જ્ઞાનને આરાધ્યું, સમ્યક્ ચારિત્રને આરાધ્યું, ને સમ્યક્ તપને પણ આરાધ્યું. ચૈતન્યમાં એકાગ્રતા ન કરતો બહારમાં એકાગ્ર થાય, તે આરાધક નથી પણ વિરાધક છે.

સંયોગોનું અસ્તિત્વ પરમાં છે. વિકલ્પ ઊઠે તે કરવા જેવો નથી. ક્ષણિક પર્યાય જેટલો તારો સ્વભાવ નથી. માટે એ ત્રણેની રક્ષા છોડીને, "શુદ્ધ જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ હું છું"—એવી દ્રષ્ટિ કર, એવી શ્રદ્ધા કર. આવા સ્વભાવ તરફ વળ્યો ત્યાં ચારે પ્રકારની આરાધના તેમાં આવી જાય છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

## કળશ ૧૮૭

**અર્થ :—**સાપરાધ આત્મા નિરંતર અનંત પુદ્ગલપરમાણુરૂપ કર્મોથી બંધાય છે. નિરપરાધ આત્મા બંધનને કદાપિ સ્પર્શતો નથી. જે સાપરાધ આત્મા છે તે તો નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો સાપરાધ છે; નિરપરાધ આત્મા તો ભલી રીતે શુદ્ધ આત્માનો સેવનાર હોય છે.

પર તરફનું વલણ છોડીને સ્વભાવ તરફ જવું–એ વાત પહેલાં લક્ષમાં લેવી જોઈએ. આ વાત લક્ષમાં પણ ન લ્યે તો સ્વ તરફ વળે ક્યારે ? સ્વભાવ તરફ વળવા જેવું છે ને પર તરફનું વલણ છોડવા જેવું છે–એમ લક્ષમાં લઈને તેની રુચિ કરે તો સ્વ તરફ વળે.

જે જીવ ચૈતન્યની રુચિ કરીને સ્વ તરફ વળતો નથી તે નિરંતર અનંત પુદ્ગલકર્મથી બંધાય છે અને જે જીવ ચૈતન્યસ્વભાવ તરફ વળ્યો છે તે બંધભાવનો સ્વામી થતો નથી માટે તે બંધનને સ્પર્શતો પણ નથી. અજ્ઞાનીની દ્રષ્ટિમાં પુદ્ગલથી ભિન્નતાનું ભાન નથી તેથી તે પુદ્ગલકર્મને સ્પર્શે છે–એમ કહેવાય છે. ધર્મીને બંધભાવની રુચિ જ નથી. માટે તે તો બંધને સ્પર્શતો જ નથી એમ કહ્યું. જે સાપરાધ છે તે આત્મા નિયમથી પોતાને વિકારી માનીને અશુદ્ધ થયો થકો બંધાય જ છે. ને નિરપરાધ આત્મા તો પોતાના શુદ્ધ આત્માને સેવતો થકો આરાધક હોય છે, તે બંધાતો નથી. ।।૩૦૪–૩૦૫।।

એ પ્રમાણે શુદ્ધ ચૈતન્ય આત્માની આરાધનાને જ મોક્ષનું સાધન કહ્યું, પણ તેમાં ક્યાંય વ્યવહારની વાત ન કરી. પાપને છોડીને પ્રતિક્રમણ વગેરેના

શુભભાવરૂપ વ્યવહારને ક્યાંય મોક્ષનું કારણ ન કહ્યું. તેથી અહીં હવે વ્યવહારના પક્ષવાળો જીવ પ્રશ્ન કરે છે :–

શુદ્ધ આત્માની ઉપાસનાનો પ્રયાસ (મહેનત) કરવાનું શું કામ છે ? કારણ કે પ્રતિક્રમણ આદિથી જ આત્મા નિરપરાધ થાય છે; કેમ કે સાપરાધને, જે અપ્રતિક્રમણ આદિ છે તે અપરાધને દૂર કરનારાં નહિ હોવાથી, વિષકુંભ છે, માટે જે પ્રતિક્રમણ આદિ છે તે અપરાધને દૂર કરનારાં હોવાથી, અમૃતકુંભ છે. પાપભાવ તો બૂરો છે, પણ પાપ છોડીને અમે પ્રતિક્રમણ કરીએ, પાપનું પ્રાયશ્ચિત લઈએ– એવો શુભભાવ તો પાપને ટાળનાર હોવાથી અમૃતકુંભ છે. તે શુભથી જ મોક્ષ થઈ જશે માટે શુદ્ધ આત્માની ઉપાસનાની મહેનત કરવાનું શું કામ છે ?–આમ વ્યવહારનયનો પક્ષકાર પૂછે છે. વળી તે વ્યવહારના શાસ્ત્રનો આધાર આપે છે.

વ્યવહાર આચારસૂત્રમાં પણ કહ્યું છે કે :–

અર્થ :–અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપરિહાર, અધારણા, અનિવૃત્તિ, અનિંદા, અગર્હા અને અશુદ્ધિ–(એમ આઠ પ્રકારે લાગેલા દોષોનું પ્રાયશ્ચિત્ત ન કરવું) તે વિષકુંભ અર્થાત્ ઝેરનો ઘડો છે. પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ–(એમ આઠ પ્રકારે લાગેલા દોષોનું પ્રાયશ્ચિત્ત કરવું) તે અમૃતકુંભ છે.

જુઓ, શિષ્ય આ આઠે પ્રકારના શુભભાવને અમૃતકુંભ ઠરાવવા માગે છે અને તેનાથી મોક્ષ થઈ જશે એમ માને છે. તેને આચાર્યદેવ એમ કહેશે કે શુભરાગરહિત ચૈતન્યસ્વભાવના ભાન વિનાનો એકલો શુભભાવ તે તો ઝેર છે. આચાર્યદેવ આઠે પ્રકારના શુભભાવને વિષકુંભ ઠરાવશે.

*

## શ્રી સમયસાર ગાથા ૩૦૬-૩૦૭

*(ભાદરવા વદ ૧૨, ગુરુવાર, ૨૦૦૭, તા. ૨૭-૯-૫૧)*

શિષ્યે તર્ક કર્યો હતો કે વ્યવહાર પ્રતિક્રમણ વગેરેનો શુભભાવ તે અમૃતકુંભ છે. તેને અહીં ઉત્તર આપે છે કે :–

### ગાથા ૩૦૬—૩૦૭

**પ્રતિક્રમણ ને પ્રતિસરણ વળી પરિહરણ, નિવૃત્તિ ધારણા,**
**વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા—એ અષ્ટવિધ વિષકુંભ છે. ૩૦૬.**
**અણપ્રતિક્રમણ, અણપ્રતિસરણ, અણપરિહરણ, અણધારણા,**

## અનિવૃત્તિ, અણગર્હા, અનિંદ, અશુદ્ધિ—અમૃતકુંભ છે. ૩૦૭.

**અર્થ :—**પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ–એ આઠ પ્રકારનો વિષકુંભ છે (કારણ કે એમાં કર્તાપણાની બુદ્ધિ સંભવે છે).

અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપરિહાર, અધારણા, અનિવૃત્તિ, અનિંદા, અગર્હા અને અશુદ્ધિ–એ અમૃતકુંભ છે (કારણ કે એમાં કર્તાપણાનો નિષેધ છે–કાંઈ કરવાનું જ નથી, માટે બંધ થતો નથી.)

પાપ લાગ્યું તેનું પ્રતિક્રમણ કરવાનો જે શુભભાવ છે તેને અહીં ઝેર કહ્યું છે. કેમ કે આ મોક્ષ અધિકાર છે. જે ભાવ આત્માના મોક્ષને રોકે, તે ઝેર છે. પ્રતિક્રમણનો જે વિકલ્પ ઊઠ્યો તે આત્માના અમૃત સ્વભાવથી વિપરીત છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ રાગની લાગણી વગરનો છે. તેનું જેને ભાન નથી તેને પાપનો ભાવ થતાં આખો આત્મા જ પાપમય લાગે છે અને કાં તો પાપનું પ્રતિક્રમણ કરવાનો શુભભાવ થતાં આખો આત્મા જ શુભભાવપણે ભાસે છે પણ શુભાશુભરહિત ચૈતન્યસ્વભાવ ભાસતો નથી. તેવા જીવને પાપભાવ તો ઝેર છે જ. પરંતુ શુભભાવને પણ અહીં ઝેર કહ્યું છે. સ્વરૂપની વીતરાગી રમણતાથી જ મોક્ષ થાય છે, વચ્ચે રાગ રહે તે મોક્ષનું કારણ નથી.

અજ્ઞાનીઓ શુભને મોક્ષનું કારણ માને છે તેનો અહીં આચાર્યદેવ નિષેધ કરે છે. આચાર્યદેવે તો કહ્યું છે કે પ્રજ્ઞાછીણીથી શુદ્ધ આત્માને જુદો પાડીને તેનું ગ્રહણ કરવું તે જ મોક્ષનું કારણ છે. ત્યાં શિષ્ય તર્ક કરે છે કે પ્રભો ! શુદ્ધાત્માની ઉપાસના તો કઠણ લાગે છે. માટે પાપ ટાળીને વ્યવહારપ્રતિક્રમણાદિ કરતાં કરતાં મોક્ષ થઈ જશે. એમ અમને તો લાગે છે.

તેને આચાર્યદેવ કહે છે કે અરે મૂઢ ! એવા શુભભાવ તો તું અનંતવાર કરી ચૂક્યો પણ હજી તારાં જન્મમરણનો આરો ન આવ્યો. જન્મમરણનો આરો લાવવો હોય તો શુભાશુભ રાગથી જુદો ચૈતન્યમૂર્તિ આત્મા છે—તેની શ્રદ્ધા કર. એવા આત્માની શ્રદ્ધા વગર તો પાપને વોસરાવતાં તું આખો આત્મા જ વોસરાવી દઈશ. આ દેહદેવળમાં બિરાજમાન ચૈતન્યબિંબ છે. તેના ભાન વિનાના તારા પુણ્યથી તને ધર્મ થવાનો નથી. તે પુણ્ય તો વિષકુંભ છે.

પ્રતિક્રમણ = પાપથી પાછા ફરવાનો શુભરાગ.

પ્રતિસરણ = સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા.

પરિહાર = મિથ્યાત્વ રાગાદિ દોષોનું નિવારણ.

ધારણા = પંચનમસ્કારાદિ મંત્ર–પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યોના

આલંબન વડે ચિત્તને સ્થિર કરવું.

નિવૃત્તિ = બાહ્યવિષયકષાયાદિ ઇચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું.

નિંદા = આત્મસાક્ષીએ દોષોને પ્રગટ કરવું.

ગર્હા = ગુરુ સાક્ષીએ દોષોનું પ્રગટ કરવું.

શુદ્ધિ = દોષ થતાં પ્રાયશ્ચિત્ત લઈને વિશુદ્ધિ કરવી.

–આ આઠે પ્રકારમાં શુભભાવ છે. ચૈતન્યના ભાન વિના તે રાગને જે ધર્મ માને છે, તેનો તે રાગ વિષકુંભ છે. જ્ઞાયક ચૈતન્યજ્યોત આત્મામાં જેટલી શુભ કે અશુભ લાગણી ઊઠે તે બધો વિકાર છે. તે રહિત ચૈતન્યજ્યોત આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન કરવાં તે જ મુક્તિનું કારણ છે. પ્રતિક્રમણાદિનો જે શુભરાગ છે તેમાં અજ્ઞાનીને કર્તાપણાની બુદ્ધિ હોવાથી તે વિષકુંભ છે.

અને તે પ્રતિક્રમણાદિથી વિરુદ્ધ એવાં અપ્રતિક્રમણાદિ છે તે અમૃતકુંભ છે. આ આઠેમાં સ્વભાવની એકાગ્રતા છે. પ્રતિક્રમણાદિનો વિકલ્પ ન ઊઠાવતાં ચૈતન્યમાં ઠરવું તેનું નામ અપ્રતિક્રમણાદિ છે ને તે અમૃતકુંભ છે. અહીં અશુદ્ધિ કહી તે વિકાર નથી, પણ શુદ્ધતા કરું એવો શુભ વિકલ્પ પણ જ્યાં ન રહ્યો, તેને અશુદ્ધિ કહી છે. તે સ્વભાવની રાગરહિત એકાગ્રતા છે. આ અપ્રતિક્રમણાદિમાં રાગનું કર્તાપણું નથી માટે તે બંધનું કારણ નથી. એટલે તે અમૃતકુંભ છે.

**<u>ટીકા :—</u>**''પ્રથમ તો જે અજ્ઞાનીજન સાધારણ (અર્થાત્ અજ્ઞાની લોકોને સાધારણ એવાં) અપ્રતિક્રમણાદિ છે તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવરૂપ સ્વભાવવાળાં હોવાને લીધે સ્વયમેવ અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે. તેમનો વિચાર કરવાનું શું પ્રયોજન છે?''

હિંસા, ચોરી આદિ પાપભાવ તો ઝેર જ છે, પણ અનાદિકાળથી ચૈતન્યને ચૂકીને જે શુભભાવ થાય તેમાં પણ આત્માની શુદ્ધતાનો અભાવ છે. માટે તે પણ ઝેર છે. અજ્ઞાનીને ચૈતન્યના ભાન વગર જે શુભ કે અશુભ ભાવ છે તે તો આત્માની સિદ્ધિના અભાવરૂપ હોવાથી વિષકુંભ જ છે.

જે કુદેવાદિને માને છે, મિથ્યાત્વને સેવે છે તેવા જીવો તો પાપમાં જ પડેલા છે. તેવા જીવોનો તો અહીં વિચાર પણ કર્યો નથી. પાપ ટાળીને પુણ્યમાં જેઓ ધર્મ માની બેઠા છે તેને સમજાવે છે કે ચૈતન્યના ભાન વિનાનાં તારાં પુણ્ય પણ વિષકુંભ છે.

ચૈતન્યનું જેને ભાન નથી ને કુદેવાદિને જે માને છે તેવા જીવો તો ઝેરમાં પડેલા છે. પરંતુ જે જીવોને ચૈતન્યનું ભાન છે ને હજી શુભરાગ આવે છે તેવા

જીવોના શુભભાવને પણ અહીં નિશ્ચયથી ઝેર ઠરાવવું છે. જ્ઞાનીને કેવળી ભગવાને કહેલા આત્માનું ભાન છે, તે રાગને પોતાનું સ્વરૂપ માનતો નથી છતાં તેવા જ્ઞાનીને જે પ્રતિક્રમણાદિનો શુભ વિકલ્પ ઊઠે છે તેને વ્યવહારે અમૃતકુંભ કહેવાય છે પણ પરમાર્થે તો તે પણ વિષકુંભ છે.

“જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (ક્રમેક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી અમૃતકુંભ છે (એમ વ્યવહાર આચારસૂત્રમાં કહ્યું છે) તોપણ.......”

જુઓ, વ્યવહારે અમૃતકુંભ જ્ઞાનીના શુભને કહ્યું છે. અજ્ઞાનીની વાત નથી. જ્ઞાનીને સ્વભાવની દ્રષ્ટિ છે ને શુભરાગ વખતે અશુભથી બચે છે, તેટલી અપેક્ષાએ વ્યવહારે તેને અમૃતકુંભ કહ્યો છે. તારે ધર્મ કરવો હોય તો પુણ્ય-પાપ રહિત તારું ચૈતન્યસ્વરૂપ છે તેને માન, તો ધર્મ થાય. ચૈતન્યનું ભાન થયા પછી નિશ્ચય-વ્યવહાર લાગુ પડે છે. જેણે રાગરહિત ચૈતન્યસ્વભાવને જાણ્યો છે ને નિશ્ચય સ્વભાવના ભાનપૂર્વક શુભ વખતે અશુભથી બચે છે, તેને વ્યવહારે તે અશુદ્ધતા મટાડવામાં સમર્થ કહ્યો છે. અશુભભાવ તો ટળ્યો છે ને શુભભાવ રહ્યો તેનો સ્વામી થતો નથી એટલે રાગ રહિત ચૈતન્યની દ્રષ્ટિથી શુદ્ધતા વધતી જાય છે. તે અપેક્ષાએ જ્ઞાનીના શુભરાગને વ્યવહારે અમૃતકુંભ કહ્યો છે. જે રાગને જ ધર્મ માને છે તે તો અનાદિ અજ્ઞાની સંસારમાં રખડનારો છે તેની અહીં વાત નથી. અહીં તો જેને ચૈતન્યનું ભાન થયું છે ને પૂર્ણ વીતરાગતા થઈ નથી એવા જીવના શુભભાવને વ્યવહારે અમૃતકુંભ કહ્યો છે. અજ્ઞાનીજનની તો વાત જ કાઢી નાખી છે. કેમ કે તે તો મિથ્યાદ્રષ્ટિ છે, તે ધર્મમાં આવ્યો જ નથી એટલે તેને માટે અહીં કાંઈ વિચારવાનું નથી. જ્ઞાતાદ્રષ્ટા ચૈતન્યમૂર્તિ આત્માની ખબર નથી ને દેહાદિની ક્રિયાનો કર્તા થાય છે, તે તો મિથ્યાત્વના અનંત પાપમાં પડેલો છે ને તેથી સંસારમાં રખડનારો છે. જેમાંથી સિદ્ધપદ નીકળે એવો આત્મા જેને શ્રદ્ધા-જ્ઞાનમાં બેઠો છે તેવા જીવને શુભભાવ આવે તેને પણ પરમાર્થે તે ઝેર તરીકે જાણે છે, પણ વ્યવહારે તેને અમૃતકુંભ કહેવાય છે.

જ્ઞાનીના શુભભાવને વ્યવહારે અમૃતકુંભ કહ્યો. : “તો પણ પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને નહિ દેખનાર પુરુષને તે દ્રવ્યપ્રતિક્રમણાદિ (અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે વિપક્ષ કાર્ય (અર્થાત્ બંધનું કાર્ય) કરતા હોવાથી વિષકુંભ જ છે.”

અપ્રતિક્રમણ તે પાપ છે. પ્રતિક્રમણ તે પુણ્ય છે ને તે બન્નેથી પાર જે ત્રીજી ભૂમિકાનું અપ્રતિક્રમણ છે તે ધર્મ છે. પુણ્ય-પાપ બન્નેથી રહિત ચિદાનંદ

સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન ને એકાગ્રતાનો શુદ્ધભાવ તે અપ્રતિક્રમણ છે. આવી શુદ્ધ ભૂમિકાનું જેને ભાન નથી ને રાગને જે ધર્મ માને છે તેવા અજ્ઞાની જીવને તો શુભભાવ ક્રમેક્રમે દોષ મટાડવા સમર્થ નથી પણ ઊલટું વિરુદ્ધકાર્ય કરે છે તેથી તેને તો તે વિષકુંભ જ છે. અશુભ તેમજ શુભરાગ તે બન્નેથી જુદા લક્ષણવાળા ચૈતન્યસ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન જેને નથી, તે તો શુભનો સ્વામી થાય છે તેથી તેને તો શુભ પણ ઝેર જ છે. સ્વભાવની દ્રષ્ટિ હોય તો શુભમાં શુદ્ધના કારણનો આરોપ આવે પણ જેને સ્વભાવની દ્રષ્ટિ થઈ નથી તેને તો શુભમાં શુદ્ધના કારણનો આરોપ પણ આવતો નથી એટલે તેને તો તે ઝેરકુંભ જ છે.

(૧) અજ્ઞાની–જેને શુભાશુભરહિત ચૈતન્યનું ભાન જ નથી ને રાગને ધર્મ માને છે તેવા જીવની અહીં વાત નથી. તેના શુભરાગને વ્યવહારે પણ અમૃતકુંભ નથી કહેતા. તેને તો ઊંધી દ્રષ્ટિને લીધે શુભ કે અશુભ બધું ઝેર જ છે.

(૨) જ્ઞાનીના શુભને વ્યવહારે અમૃતકુંભ કહ્યો કેમ કે તેને સ્વભાવની દ્રષ્ટિ છે ને તે રાગનો સ્વામી થતો નથી.

(૩) જ્ઞાનીના શુભભાવને વ્યવહારે અમૃતકુંભ કહ્યો છતાં નિશ્ચયે તો તે વિષકુંભ છે કારણ કે તે આત્મસ્વભાવની એકાગ્રતામાં વિઘ્નરૂપ છે. અજ્ઞાનીના શુભને વ્યવહારે પણ અમૃતકુંભ ન કહ્યો તે તો વિષકુંભ છે. કેમ કે તે તો રાગરહિત સ્વભાવને જાણતો નથી ને રાગને જ ધર્મ માને છે.

આમ ત્રણ વાત થઈ. ચોથી વાતમાં નિશ્ચયથી અમૃતકુંભ શું—તે બતાવશે.

ધર્મી જીવને સ્વભાવની દ્રષ્ટિ હોવાથી તેનો શુભરાગ ક્રમેક્રમે દોષ મટાડવા સમર્થ છે. તેણે રાગરહિત ત્રીજી શુદ્ધભૂમિને દેખી છે. તેથી તે ક્રમેક્રમે રાગ ટાળીને વીતરાગ થશે માટે તેના શુભરાગને વ્યવહારે અમૃતકુંભ કહેવાય છે. નિશ્ચયથી તો તે ઝેર છે.

અને જેને રાગરહિત ચૈતન્યનું ભાન નથી ને રાગ કરતાં કરતાં ધર્મ થશે એમ માને છે તેને તો શુભરાગ વ્યવહારથી પણ ઝેર જ છે. તેના શુભને વ્યવહારે પણ અમૃત કહેતા નથી.

ચૈતન્યતત્ત્વ શું છે? તેનું ભાન નથી તે તો મૂઢ છે. પુણ્ય–પાપ વિનાનો જ્ઞાયક આત્મા છે; તેના ભાન પછી અશુભ ટાળતાં શુભ રહી જાય, તેને વ્યવહારે અમૃતકુંભ કહેવાય પણ સાથે નિશ્ચયનું ભાન છે તેથી તેના શુભરાગને વ્યવહાર કહ્યો છે–પણ રાગ વગરનું ચૈતન્યતત્ત્વ શું છે તેને જે ઓળખતો નથી અને રાગને જ ધર્મ માની લ્યે છે તેને તો અહીં કહે છે કે તારો શુભ પણ ઝેર છે, કેમ કે તે બંધનું જ કારણ છે.

જ્ઞાનીને ચૈતન્યની રુચિ સહિતનો શુભરાગ છે, તે પણ પરમાર્થે તો ઝેર જ છે પણ તેને તે રાગનો આદર નથી. ચૈતન્યમાં ક્રમે ક્રમે એકાગ્રતા કરીને તે રાગને તોડી નાખવાનો છે માટે તેના શુભભાવને વ્યવહારથી અમૃત કહ્યો છે. જે ભાવે પુણ્ય બંધાય કે તીર્થંકર નામકર્મ બંધાય તે ભાવ પણ ઝેર છે, તે ભાવ હોવા છતાં ધર્મી તેને પોતાનો સ્વભાવ સ્વીકારતા નથી. ચૈતન્યસ્વભાવની દ્રષ્ટિ જેને નથી ને દેહાદિની ક્રિયાથી કે રાગથી લાભ માને છે તેને તો વીતરાગદેવ જૈન તરીકે સ્વીકારતા નથી. જેને દેહથી પાર ને રાગરહિત ચૈતન્ય સ્વભાવનું ભાન છે તેવા ધર્મી જીવને પંચમહાવ્રતાદિનો શુભરાગ રહી જાય તો તેના રાગને વ્યવહારે અમૃત કહેવાય છે. નિશ્ચયથી તે પણ ઝેર છે.

“જે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ છે, તે સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે સર્વ અપરાધરૂપી વિષના દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી, સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે.”

પહેલાં જે અપ્રતિક્રમણ કહ્યું હતું તે તો પાપ છે. ને અહીં જે અપ્રતિક્રમણ કહ્યું તે શુદ્ધ ઉપયોગરૂપ ધર્મ છે.

સમ્યગ્દર્શનપૂર્વક શુદ્ધોપયોગ પ્રગટ કરીને ચૈતન્ય સ્વરૂપમાં લીનતા થતાં શુભ અને અશુભ બન્નેનો નાશ થઈ જાય છે તેથી તે શુદ્ધોપયોગ સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ છે અને તે સર્વ શુભ-અશુભ રાગરૂપ વિષકુંભનો સર્વથા નાશ કરનાર હોવાથી સાક્ષાત્ અમૃતકુંભ છે.

ત્રિકાળી આત્મા તો અમૃતકુંભ છે અને તેમાં એકાગ્રતારૂપ જે શુદ્ધોપયોગ પર્યાય છે—તે પર્યાયને અહીં અમૃતકુંભ કહેલ છે. ચૈતન્યસ્વભાવ અમૃતથી ભરેલો ઘડો છે. શુભાશુભભાવ છે તે ઉપરની ક્ષણિક લાગણી છે, તે લાગણીરહિત ચૈતન્યનું ભાન કરીને તેમાં જે ઠર્યો છે તે જીવનો શુદ્ધોપયોગ સાક્ષાત્ અમૃતકુંભ છે.

છઠ્ઠે ગુણસ્થાને મુનિને શુભભાવ હોય તે પણ પરમાર્થે ઝેર છે. તેને ટાળીને સ્વભાવમાં લીન થશે ત્યારે મુક્તિ થશે. માટે શુદ્ધોપયોગ જ અમૃતકુંભ છે. એ જ જીવને શરણરૂપ છે, બીજા તો બધા ધૂતારાની ટોળી જેવા છે.

નિયમસારમાં કહેલ છે કે :–

“પોતે કરેલા કર્મના ફળાનુબંધને સ્વયં ભોગવવા માટે તું એકલો જન્મમાં તેમ જ મૃત્યુમાં પ્રવેશે છે. બીજું કોઈ (સ્ત્રી-પુત્ર-મિત્રાદિક) સુખદુઃખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી. પોતપોતાની આજીવિકા માટે (માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રી-પુત્ર-મિત્રાદિક) ધુતારાઓની ટોળી તને મળી છે.”

તેં તારા ચૈતન્યનું ભાન ન કર્યું ને કુદેવાદિના સેવનમાં અટક્યો તો તે ધુતારાની ટોળી છે. પુણ્યથી ધર્મ મનાવે તે બધા કુગુરુઓ ધુતારાની ટોળી છે. તે આત્માને ઠગનારા છે. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે. તેને ન ઓળખતાં પુણ્ય-પાપમાં ધર્મ માન્યો તો તે માન્યતા ઝેર છે ને તેનો શુભાશુભભાવ પણ ઝેર છે.

જ્ઞાનીને સ્વભાવની દ્રષ્ટિપૂર્વકનો શુભરાગ થાય તેને વ્યવહારે અમૃત કહ્યું પણ પરમાર્થે તો તે ઝેર છે. શુભ અને અશુભ બન્નેથી રહિત ચૈતન્ય સ્વરૂપની દ્રષ્ટિ અને તેમાં રમણતા કરીને ઠર્યો તેને તો બધી રીતે અમૃતકુંભ છે. પણ જો તેવી લીનતા ન થઈ શકે ને સ્વભાવની દ્રષ્ટિપૂર્વક શુભરાગ રહી જાય તો તેને નિશ્ચયથી ઝેર ને વ્યવહારથી અમૃત કહ્યો છે.

પણ જે જીવને રાગરહિત ચૈતન્યનું ભાન નથી, રાગમાં જ ધર્મ માની રહ્યો છે, તેને તો બધી રીતે ઝેર જ છે. શુભમાં અમૃત અને ઝેર એવા બે પ્રકાર જ્ઞાનીને છે. જેઓ સ્વરૂપમાં ઠર્યા તેને શુભ રહ્યો નથી એટલે સાક્ષાત્ અમૃત જ છે ને સ્વરૂપમાં ઠરી ન શક્યા ત્યારે શુભ આવ્યો તે શુભમાં અમૃતકુંભપણાનો જે આરોપ આવે છે તે સ્વભાવદ્રષ્ટિને લીધે જ આવે છે. શુભને લીધે તે આરોપ આવતો હોય તો તો અજ્ઞાનીના શુભમાં પણ તેવો આરોપ આવવો જોઈએ પણ અહીં અજ્ઞાનીના શુભને તો ઝેરમાં જ ગણ્યું છે.

ચિદાનંદ સ્વભાવના ભાનસહિત શુભરાગને પણ છેદીને ચૈતન્યના અનુભવમાં જે ઠર્યા છે, તે તો ત્રીજીભૂમિમાં પહોંચી ગયા છે. તેને તો સાક્ષાત્ અમૃતકુંભ છે.

શુભ કરતાં કરતાં ધીમે ધીમે કલ્યાણ થઈ જશે, શુદ્ધ આત્મા સમજવાનું શું કામ છે ?-એમ અજ્ઞાની શિષ્યનો તર્ક હતો—તેને આ વાત સમજાવી છે કે ભાઈ ! પહેલાં આત્માનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ છે તેને સમજ, તેની સમજણ વિના તારા શુભ પણ ઝેર જ છે. ચૈતન્યના ભાન વિના જેટલા શુભ કર તે બધાય નિરર્થક છે. ચૈતન્યસ્વભાવ પરનાં ગ્રહણ-ત્યાગરહિત ને પુણ્ય-પાપરહિત છે, તેનું ભાન કર તો ક્રમેક્રમે પુણ્ય-પાપ ટળીને વીતરાગતા ને કેવળજ્ઞાન થશે. અહીં તો પુણ્યપાપ રહિત સ્વરૂપમાં ઠરવારૂપ જે ત્રીજી ભૂમિ છે તેને જ અમૃતકુંભ તરીકે સિદ્ધ કરી છે.

***

# પ્રસાદ નં. ૩૩૫

## શ્રી સમયસાર કળશ ૧૯૦

*[ભાદરવા વદ ૦)), રવિવાર, ૨૦૦૭, તા.૩૦-૯-૫૧]*

હવે આ અર્થને દ્રઢ કરતું કાવ્ય કહે છે.

## કળશ ૧૯૦

**અર્થ :—**"કષાયના ભાર વડે ભારે હોવાથી આળસપણું તે પ્રમાદ છે તેથી એ પ્રમાદયુક્ત આળસભાવ શુદ્ધભાવ કેમ હોઈ શકે ? માટે નિજરસથી ભરેલા સ્વભાવમાં નિશ્ચળ થતો મુનિ પરમ શુદ્ધતાને પામે છે અથવા શીઘ્ર–અલ્પ કાળમાં (કર્મબંધથી) છૂટે છે."

આ મોક્ષ અધિકાર છે. આત્માની પરમ પવિત્ર શુદ્ધ દશા કેમ પ્રગટ થાય તેની વાત ચાલે છે. આ શ્લોકમાં પ્રમાદથી રહિત ભાવ તે શુદ્ધ ભાવ છે એમ બતાવે છે. હિંસા, જૂઠ, ચોરી, ક્રોધ, માન, માયા, લોભના પરિણામ વગેરે પાપભાવ છે ને તે તો કષાય છે જ પણ અહીં તો વિશેષ વાત કરવી છે. મુનિને પાંચ મહાવ્રતાદિના ભાવો, પ્રતિક્રમણના ભાવો, ભક્તિ આદિના જે શુભભાવો થાય છે, તે પણ કષાય છે–પ્રમાદ છે, આળસપણું છે. આત્માનો સ્વભાવ નથી. કષાયનો શબ્દાર્થ = કષ+આય. જે વડે કર્મની ખેતી થાય અથવા જેથી સંસારનો લાભ થાય, તેને કષાય કહે છે. પોતાના જ્ઞાતા દ્રષ્ટા સ્વભાવને ચૂકીને, હું પરજીવની દયા પાળી શકું છું, હું પર પદાર્થનો પરિગ્રહ ઘટાડી શકું છું વગેરે ભાવો તો મિથ્યાત્વ સહિતના પ્રમાદભાવો છે. જે જીવો પર પદાર્થની ક્રિયામાં તથા પુણ્ય–પાપના ભાવોમાં ધર્મ માને છે તેની તો અત્રે વાત નથી. મુનિને તો ભાન છે કે હું ચૈતન્ય શુદ્ધ સ્વરૂપી આત્મા છું, પર પદાર્થની ક્રિયા કરી શકતો નથી. શુભાશુભ ભાવો મારું સ્વરૂપ નથી. હું તો જ્ઞાતાદ્રષ્ટા છું. એવું ભાન હોવા છતાં પોતાની નબળાઈના કારણે જે શુભ વૃત્તિઓ ઊઠે, તે બધો બોજો છે–ભાર છે. પ્રમાદ છે. ગાડામાં બોજો વધારે હોય તો બળદ પોતાને ગામ જઈ શકે નહિ તેમ અહીં મુનિને ઊંધી શ્રદ્ધાનો બોજો નથી. સાચી શ્રદ્ધા થઈ છે પણ મહાવ્રતાદિના પરિણામ બોજો છે–ભાર છે. તે ભારને લીધે કેવળજ્ઞાન અથવા મોક્ષદશા પામી શકાશે નહિ. જે જીવ સંયોગોનો સ્વામી થાય છે, પુણ્યથી ધર્મ માને છે, તેને તો મોટો મિથ્યાત્વનો બોજો છે, તેને તો ધર્મની શરૂઆત પણ નથી પણ મિથ્યાત્વનો બોજો ટળ્યો છે ને અસ્થિરતારૂપી

બોજો રહ્યો છે ને શુભભાવમાં રહે છે તેને પણ પ્રમાદી ને આળસુ કહ્યો છે. તે પરમ પવિત્ર મોક્ષદશાને પામતો નથી.

## મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ.

પોતાના આત્માની પરમ પવિત્ર દશા તે મોક્ષ છે, તે પોતાની શુદ્ધતા છે. તેથી પાંચ મહાવ્રતાદિના પ્રમાદયુક્ત આળસભાવ શુદ્ધભાવ કેમ હોઈ શકે ? આત્મા જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છે; તેમાં મહાવ્રતાદિના પરિણામ, પ્રતિક્રમણના શુભ રાગ ઊઠે છે તે બંધન ભાવ છે, તે બોજો છે, તે પ્રમાદયુક્ત ભાવ છે. તે શુદ્ધભાવ કેમ હોઈ શકે ? ન જ હોઈ શકે. માટે પોતાના આત્મરસથી ભરેલા સ્વભાવમાં એકાગ્ર થતો મુનિ પરમ શુદ્ધતાને પામે છે અથવા અલ્પકાળમાં કર્મબંધનથી છૂટે છે. જેટલો કાળ સંસારમાં રખડવાનો ગયો તેટલો કાળ મુનિને એકાગ્ર થતાં મોક્ષ પામતા લાગતો નથી એટલે અલ્પ કાળમાં મુક્તિમાં જાય છે.

અત્યારે પંચમકાળ છે એટલે સાક્ષાત્ કેવળજ્ઞાન નથી, તેની આચાર્ય ભગવાનને શું ખબર ન હતી ? ભાઈ, આચાર્ય ભગવાન "નથી" ને સંભારતા નથી. ચિદાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છે તેમાંથી મુક્તિની નિર્મળદશા પ્રગટ થાય તેમ છે, માટે મુક્તિ ન થાય તેવી વાતને સંભારતા નથી પણ આત્મા છે તો મુક્તિ થાય તેમ છે, તેમ શક્તિને જુએ છે પણ અજ્ઞાની જીવને આ વાત બેસતી નથી. આ શરીર, પૈસા, રત્ન વિગેરેને કાંઈ ખબર છે? તેની ખબર કરનારો તો આત્મા ચિંતામણિ હીરા સમાન છે. તે નિજ રસથી ભરેલો છે. શરીર તો જડ છે ને પુણ્ય—પાપના ભાવો વિકારને ઉપાધિ છે. આત્મા તેનાથી રહિત છે. જેમ લોકમાં કહે છે કે અમારાં પુણ્ય પોગતા છે એટલે ભવિષ્યમાં અનુકૂળતા સચવાઈ રહે તેવા સંયોગો છે એમ કહે છે. તે સંયોગોને અને પુણ્યને જાણનારો તો આત્મા છે. આત્મા તે બધાનું જ્ઞાન કરી લ્યે તેવો છે ને બધાને પહોંચી વળે તેવો છે, માટે તેવા આત્માનો મહિમા લાવી અંતર ભાન કરવું તે જ ધર્મ છે.

અજ્ઞાની જીવો વર્તમાનમાં ભાન વિના પ્રતિક્રમણ કર્યા કરે છે તે કાંઈપણ કાર્યકારી નથી. એક નામ ધારી સાધુને પૂછવામાં આવ્યું કે પ્રતિક્રમણના વખતે કોઈને શુક્લ ધ્યાનની શ્રેણી આવે તો પણ તેણે શુક્લધ્યાનમાં રહેવું કે પ્રતિક્રમણનો વખત સાચવવો ? તેણે કહ્યું કે પ્રતિક્રમણ કરવું. જુઓ, તેની અજ્ઞાન દશા ! પ્રતિક્રમણ કરવાનો ભાવ તે શુભરાગ છે તેનું પણ ભાન નથી. આત્માના ભાન સહિત અંતર સ્વભાવમાં લીનતા વધે ને શુક્લ ધ્યાન પ્રગટ કરે ત્યારે

પ્રતિક્રમણનો શુભરાગ અગર વિકલ્પ હોય જ નહિ, આવું જેને ભાન નથી, તેને ધર્મ કદી પણ થાય નહિ.

અહીં તો સાચા જ્ઞાન—ભાન સહિતના મુનિના પ્રતિક્રમણના શુભ રાગને બોજો કહ્યો છે ને તે શુભભાવથી રહિત થાય છે ત્યારે શુદ્ધદશાને પામે છે.

**ભાવાર્થ :**—પ્રમાદ તો ક્રોધ માન માયા લોભના બોજાથી થાય છે. માટે પ્રમાદીને શુદ્ધભાવ હોય નહિ. જે મુનિ ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે તે શુદ્ધ થઈ મોક્ષને પામે છે.

હવે મુક્ત થવાનો અનુક્રમ દર્શાવતું કાવ્ય કહે છે.

## શ્લોક ૧૯૧

**અર્થ :—**“જે પુરુષ ખરેખર અશુદ્ધતા કરનારું જે પર દ્રવ્ય તે સર્વને છોડીને પોતે પોતાના સ્વદ્રવ્યમાં લીન થાય છે, તે પુરુષ નિયમથી સર્વ અપરાધોથી રહિત થયો થકો બંધના નાશને પામીને નિત્ય ઉદિત (સદા પ્રકાશમાન) થયો થકો સ્વ જ્યોતિથી (પોતાના સ્વરૂપના પ્રકાશથી) નિર્મળપણે ઉછળતો જે ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ તેના વડે પૂર્ણ જેનો મહિમા છે એવો શુદ્ધ થતો થકો કર્મોથી છૂટે છે—મુક્ત થાય છે.”

અહીં પરદ્રવ્યને અશુદ્ધતા કરનારું કહ્યું છે, તે નિમિત્તથી કથન છે. પર દ્રવ્ય અશુદ્ધ કરતું નથી. મન, વાણી, દેહ, સ્ત્રી, કુટુંબ વગેરે પરદ્રવ્યનો આત્મામાં અત્યંત અભાવ છે પણ જીવ પોતાના સ્વભાવને ચૂકીને પર દ્રવ્ય ઉપર મમતા કરે છે તો પરદ્રવ્ય અશુદ્ધતા કરનારું છે એમ કથન કરવામાં આવે છે. અજ્ઞાની જીવ કહે છે કે બૈરાં—છોકરાં છોડો. પણ ભાઈ, એ પદાર્થો તો છૂટા પડેલા જ છે પણ તેના ઉપરનો મમતાભાવ છોડતાં પરદ્રવ્યનું લક્ષ છૂટી જાય છે એટલે સર્વને છોડ્યા એમ કથન કરવામાં આવે છે. આત્મામાં ત્યાગ—ઉપાદાન શૂન્યત્વ શક્તિ છે. અનાદિકાળથી આત્માએ રોટલા, દાગીના, શરીર, કુટુંબ વગેરે પરવસ્તુ ગ્રહી નથી તેમ જ છોડી નથી; માત્ર માન્યતામાં ઊંધી શ્રદ્ધાને ગ્રહી છે પણ પરવસ્તુને તો કદી પણ ગ્રહી નથી ને પોતાનો ચિદાનંદ સ્વભાવ કદી છોડ્યો નથી. અહીં તો મુનિની વાત છે. મુનિને સાચું ભાન તો વર્તે છે. અહીં પરદ્રવ્યમાં મહાવ્રતાદિના વિકલ્પો પણ આવી જાય છે. જે ભાવથી તીર્થંકર પુણ્ય પ્રકૃત્તિ બંધાય તે પણ પર દ્રવ્ય છે. તેને છોડીને પોતાના દ્રવ્યમાં લીન થાય છે, તે કર્મોથી છૂટે છે. અહીં “રાગને છોડીને” એમ કહ્યું છે તે પણ કથન માત્ર છે. પોતાનો ચૈતન્ય સિવાય પરનો આશ્રય તે બધો પરભાવ છે. પોતાના સ્વભાવમાં લીન થતાં પર તરફનો વિકલ્પ

ઉત્પન્ન થતો નથી તેને પર દ્રવ્યનો વિકલ્પ છોડ્યો, એમ કથન કરવામાં આવે છે. બન્ને એક સમયે છે, સમયભેદ નથી.

પ્રથમ ધર્મ કેમ થાય તે જાણવું જોઈએ, પર પદાર્થો તો છૂટા જ પડ્યા છે. તે તેના કાળે સંયોગ–વિયોગરૂપે હોય છે. સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન થતાં પરની રુચિ છૂટી જાય છે ને સ્વભાવમાં એકાગ્ર થતાં પર તરફની અસ્થિરતાનો ભાવ છૂટી જાય છે. આવી રીતે જે પુરુષ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને સ્વભાવમાં લીન થાય છે, તેને પરતરફનો વિકલ્પ છૂટી જાય છે. તે પુરુષ નિયમથી સર્વ અપરાધોથી રહિત થાય છે. પાંચ મહાવ્રતાદિના શુભભાવોને અપરાધ કહ્યો છે. કર્મ ખસ્યું માટે અપરાધ ટળ્યો—એમ નહિ પણ સ્વભાવમાં લીન થતાં અપરાધ ઉત્પન્ન જ થયો નહિ.

વળી અબંધ સ્વભાવમાં સ્થિર થતાં બંધ ઉત્પન્ન થતો નથી ને જેવો સ્વભાવ પ્રગટ થયો તેવો સદા પ્રકાશમાન રહે છે. ભક્તો માટે તે ફરી અવતાર ધારણ કરે—તેવું બને નહિ. વળી સ્વજ્યોતિથી નિર્મળપણે ઊછળે છે. જેમ ભરતી વખતે દરિયાના લોઢ દરિયાના મધ્ય બિંદુમાંથી આવે છે. વરસાદને લીધે અથવા ઘણી નદીઓ આવીને મળી માટે દરિયો ઊછળ્યો છે એમ નથી. તે પોતાના મધ્ય બિંદુમાંથી ઊછળ્યો છે; તેને કોઈ ૧૧૮ ડીગ્રીનો તાપ રોકવા માટે સમર્થ નથી. તેમ આત્મા પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં એકાગ્ર થયો એટલે તેની જ્ઞાન ભરતીને રોકવા કોઈ સમર્થ નથી.

અજ્ઞાનીજીવ માને છે કે ઇન્દ્રિય, મન મજબુત હોય તો ધર્મ થાય, જંગલમાં જાય તો ધર્મ થાય, શરીર નબળું હોય તો સામાયિકમાં દોષ લાગે, શરીર સારું હોય તો દોષ ન લાગે. એમ મન, વચન, કાયાની ક્રિયાના આધારે ધર્મ–અધર્મ માની રહ્યો છે પણ તે અજ્ઞાનભાવ છે. શરીરની ક્રિયા સાથે ધર્મને સંબંધ નથી. કોઈ દેવ મુનિને ઊંધે માથે પર્વત સાથે પછાડે છે, દરિયામાં નાખે છે. છતાં મુનિ તેવે વખતે પણ ધ્યાનમાં લીન થઈ–પરમ સામાયિક અવસ્થામાં લીન થઈ કેવળજ્ઞાન પામે છે. આવા ઉપસર્ગ હોવા છતાં મેરૂ પર્વતની કાંકરીએ કાંકરીએ અનંતા સિદ્ધો મોક્ષ ગયા છે. તે વખતે મુનિનું શરીર ઊંધુ હોય છે. શરીરની કોઈ ક્રિયા દોષનું કારણ હોય તો કેવળજ્ઞાન અટકી જવું જોઈએ ! પણ ભાઈ, એ બધી અજ્ઞાનીની માન્યતા છે. ચૈતન્ય સ્વભાવમાં એકાગ્ર થયો ને લીનતામાં પરિપૂર્ણ થતાં આત્મા પોતાના સ્વરૂપના પ્રકાશથી નિર્મળપણે ઊછળે છે. અમૃતના પ્રવાહથી તેનો પૂર્ણ મહિમા છે તેથી શુદ્ધ છે ને મુક્તદશાને પામે છે ને નિમિત્તરૂપે કર્મોથી છૂટે છે. પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં લીનતા કરવી—તે જ પોતાનો મહિમા છે.

પુણ્ય-પાપમાં અટકવું—તે પોતાનો મહિમા નથી, આ એક જ રસ્તો છે, બીજો કોઈ રસ્તો નથી.

**ભાવાર્થ :—**જે પુરુષ પહેલાં સમસ્ત પર દ્રવ્યનો ત્યાગ કરી પોતામાં લીન થાય છે તે મુક્ત થાય છે. અહીં 'પહેલાં' શબ્દ વાપર્યો છે પણ પહેલા પછી કાંઈ નથી. તે તો સમજાવવાની રીત છે. પોતાના જાણનાર-દેખનાર શુદ્ધ સ્વભાવમાં લીન થતાં પરદ્રવ્ય તરફનો રાગ છૂટી જાય છે. તે પુરુષ સર્વ રાગાદિક અપરાધો-પાંચ મહાવ્રતાદિના વિકલ્પોથી રહિત થઈ બંધનો નાશ કરે છે અને નિત્ય ઉદયરૂપ કેવલજ્ઞાનને પામે છે. મતિ, શ્રુતજ્ઞાન નિત્ય ઉદય રૂપ નથી, તે અધૂરા જ્ઞાન છે. તેનો વ્યય થઈ જાય છે. કેવળજ્ઞાન પ્રગટ્યા પછી સાદિ અનંતકાળ પરિપૂર્ણ રહે છે. માટે નિત્ય ઉદયરૂપ કહ્યું છે. આમ તે જીવ નિત્ય ઉદયરૂપ કેવળજ્ઞાન પામી શુદ્ધ થઈ સર્વ કર્મનો નાશ કરી મોક્ષ પામે છે. પરદ્રવ્યનું હું કરી શકતો નથી. પરવસ્તુથી કલ્યાણ નથી. આત્મા જ્ઞાન સ્વરૂપ છે—એમ પ્રથમ શ્રદ્ધા-જ્ઞાન કરતાં, ઊંધી શ્રદ્ધાનો નાશ થઈ જાય છે ને સ્વભાવમાં સ્થિરતાં થતાં અસ્થિરતાનો નાશ થઈ જાય છે ને મોક્ષ દશા પ્રાપ્ત થાય છે. આ મોક્ષ થવાનો અનુક્રમ છે.

*

## સમયસાર : કળશ ૧૯૧

*(આસો સુદ ૧, સોમવાર, ૨૦૦૭)*

**ભાવાર્થ :—**જે પુરુષ સમસ્ત પરદ્રવ્ય પ્રત્યેના વિકલ્પનો નાશ કરી પોતાના સ્વરૂપમાં લીન થાય છે, તે પુરુષ સર્વ રાગ દ્વેષનો નાશ કરી આગામી બંધનો નાશ કરે છે અને નિત્ય ઉદયરૂપ કેવળજ્ઞાનને પામે છે, શુદ્ધ થાય છે ને સર્વે કર્મોનો નાશ કરી મોક્ષને પામે છે. આ મોક્ષ થવાનો અનુક્રમ છે.

હવે મોક્ષ અધિકાર પૂર્ણ કરતાં તેના અંત મંગળરૂપે પૂર્ણ જ્ઞાનના મહિમાનું (સર્વથા શુદ્ધ થયેલા આત્મદ્રવ્યના મહિમાનું) કળશરૂપ કાવ્ય કહે છે.

## કળશ ૧૯૨

**અર્થ :—**"કર્મ બંધના છેદથી અતુલ અક્ષય (અવિનાશી) મોક્ષને અનુભવતું, નિત્ય ઉદ્યોતવાળી (જેનો પ્રકાશ નિત્ય છે એવી) સહજ અવસ્થા જેની ખીલી નીકળી છે એવું, એકાંત શુદ્ધ (-કર્મનો મેલ નહિ રહેવાથી જે અત્યંત શુદ્ધ થયું છે એવું) અને એકાકાર (એકજ્ઞાન માત્ર આકારે પરિણમેલા) નિજરસની અતિશયતાથી જે અત્યંત ગંભીર અને ધીર છે એવું આ પૂર્ણ જ્ઞાન ઝળહળી ઊઠ્યું

(સર્વથા શુદ્ધ આત્મદ્રવ્ય જાજ્વલ્યમાન પ્રગટ થયું), પોતાના અચળ મહિમામાં લીન થયું.

**ભાવાર્થ :—**કર્મનો નાશ કરી મોક્ષને અનુભવતું, પોતાની સ્વાભાવિક અવસ્થારૂપ, અત્યંત શુદ્ધ, સમસ્ત જ્ઞેયાકારોને ગૌણ કરતું, અત્યંત ગંભીર (જેનો પાર નથી એવું) અને ધીર (આકુળતા વિનાનું)–એવું પૂર્ણજ્ઞાન પ્રગટ દેદીપ્યમાન થયું, પોતાના મહિમામાં લીન થયું.

**ટીકા :—**આ રીતે મોક્ષ (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.

**ભાવાર્થ :—**રંગભૂમિમાં મોક્ષતત્ત્વનો સ્વાંગ આવ્યો હતો. જ્યાં જ્ઞાન પ્રગટ થયું ત્યાં તે મોક્ષનો સ્વાંગ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયો. ૩૦૬–૩૦૭.

**જ્યોં નર કોય પર્યો દ્રઢ બંધન બંધ સ્વરૂપ લખૈ દુખકારી,**
**ચિંત કરૈ નિતિ કૈમ કટે યહ તૌઊ, છિદૈ નહિ નૈક ટિકારી,**
**છેદન કું ગહિ આયુધ થાય ચલાય નિશંક કરૈ દુયધારી,**
**યોં બુધ બુદ્ધિ ઘસાય દુધા કરિ કર્મ રુ આતમ આપ ગહારી.**

જેમ કોઈ મનુષ્ય બેડીમાં પડ્યો હોય ને બેડીમાં પડ્યો છું તે દુઃખકારી છે એમ જાણે અને તે કેમ છેદાય તેનો વિચાર કર્યા કરે પણ બેડીને છેદ્યા વિના બંધન તૂટતું નથી; તેમ આ કર્મ આટલી સ્થિતિનું છે તથા કર્મના અનુભાગ, સ્થિતિ, પ્રકૃતિ, સંક્રમણ વિગેરે પ્રકારને જાણે પણ કર્મ છેદવાનો પુરુષાર્થ કરે નહિ ને આ કર્મો કેમ છેદાય એમ વિચાર કર્યા કરે તો કર્મ છેદાતાં નથી. જેવી રીતે હાથમાં આયુધ લઈને બેડીના બે ટુકડા કરી નાખે તેમ તત્ત્વજ્ઞાની જીવ પ્રજ્ઞા વડે કર્મ તથા આત્માને જુદા પાડી આત્માને ગ્રહણ કરીને મુક્તિ પામે છે. હું જ્ઞાનાનંદ સ્વરૂપ છું ને દયા-દાનાદિ પરિણામ તે બંધનું લક્ષણ છે, એમ ભેદ પાડી આત્માને ગ્રહણ કરે છે ને આત્મામાં એકાગ્ર થાય છે—તે મુક્તિ પામે છે.

આમ આ સમયસાર ગ્રંથની (શ્રીમદ્ અમૃતચંદ્ર આચાર્ય વિરચિત) “આત્મખ્યાતિ” નામની ટીકાના પંડિત જયચંદ્રજીકૃત ભાષા વચનિકામાં આઠમો મોક્ષ અધિકાર પૂર્ણ થયો.

***

## ૯

## સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

**સર્વવિશુદ્ધ સુજ્ઞાનમય, સદા આતમારામ;**

**પરને કરે ન ભોગવે, જાણે જપિ તસુ નામ.**

ભગવાન આત્મા સમ્યગ્જ્ઞાનસ્વરૂપ છે ને સદા પોતાના જ્ઞાનસ્વરૂપમાં રમે છે. આત્મા પરપદાર્થનો તથા રાગનો કર્તા નથી તેમ જ ભોક્તા નથી. જડને કરું ને ભોગવું, એવો ભાવ તે સંસાર છે. ત્રિકાળી આત્મા શુદ્ધસ્વરૂપી છે. તે સંસારને અડ્યો જ નથી. સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી શુદ્ધ સ્વભાવ છે. તે આનંદની ખાણ છે, ધ્રુવ એકરૂપ સદ્રશ રહેનારો પદાર્થ છે. સંસારનો વ્યય થઈને મોક્ષદશા ઉત્પન્ન થાય તે બન્ને ભાવો વિસદ્રશ છે. વસ્તુ ધ્રુવ સદ્રશ એકરૂપ છે, તેમાં ઉત્પાદરૂપી ભાવરૂપ ભાવ ને વ્યયરૂપી અભાવરૂપ ભાવ બન્ને ક્ષણિક છે-વિસદ્રશ છે. સદ્રશ સ્વભાવમાં તેનો અભાવ છે. આમ વસ્તુસ્વભાવ સંસારનો વ્યય કરતો નથી ને મોક્ષને ઉત્પન્ન કરતો નથી. અનાદિઅનંત, એકરૂપ, સદ્રશ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન કરવાં—તે ધર્મનું કારણ છે.

પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કે હવે સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે. રંગભૂમિમાં જીવ, અજીવ, કર્તા-કર્મ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ આઠ સ્વાંગ આવ્યા. તેમનું નૃત્ય થયું અને પોતપોતાનું સ્વરૂપ બતાવી તેઓ નીકળી ગયા. હવે સર્વ સંયોગો દૂર થયે એકાકાર સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.

ત્યાં પ્રથમ જ મંગળરૂપે જ્ઞાનપુંજ આત્માના મહિમાનું કાવ્ય કહે છે :-

**શ્લોક ૧૯૩**

**અર્થ :—**સમસ્ત કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને પદે પદે (અર્થાત્ કર્મના ક્ષયોપશમના નિમિત્તથી થતા દરેક પર્યાયમાં) બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો, શુદ્ધ-શુદ્ધ (અર્થાત્ જે રાગાદિક મળ તેમ જ આવરણ-બન્નેથી રહિત છે એવો) જેનું પવિત્ર તેજ નિજરસના (-જ્ઞાનરસના, જ્ઞાનચેતનારૂપી રસના) ફેલાવથી ભરપૂર છે એવો, અને જેનો મહિમા ટંકોત્કીર્ણ પ્રગટ છે એવો જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.

વસ્તુસ્વભાવનું વર્ણન કરે છે. હું વિકાર જેટલો જ છું તેમ જ પર પદાર્થમાં સુખ છે—તેવી કલ્પના તે બંધનું કારણ છે. તેવી કલ્પનાને આત્માના ભાન દ્વારા નાશ કરી આત્માની પર્યાયમાં ચોથે, પાંચમે, છઠ્ઠે વગેરે ગુણસ્થાને શુદ્ધતા થઈ દ્રવ્ય સાથે પર્યાય અભેદ થાય છે. પદે પદે વસ્તુનો સ્વભાવ એવો ને એવો શુદ્ધ જ છે. ત્રિકાળ જ્ઞાનસ્વભાવ બંધ ને મોક્ષની રચનાથી દૂર વર્તે છે. તે અનાકુળ આનંદ રસકંદ છે. ચળે નહિ તેવા જ્ઞાનચેતનાના આનંદના ફેલાવથી ભરપૂર છે. વિકારને

ટાળું ને મોક્ષને પ્રગટ કરું એવું વસ્તુસ્વરૂપમાં નથી. બંધ-મોક્ષ એક સમયની પર્યાય છે. તે ત્રિકાળી ચૈતન્ય સ્વભાવનું પૂરું સ્વરૂપ નથી. ચૈતન્ય અનાદિઅનંત એકરૂપ છે. પોતાના શુદ્ધ સ્વરૂપના રસના પ્રવાહથી ચૈતન્ય સ્વભાવ શોભે છે ને ટંકોત્કીર્ણ મહિમાવાળો છે એવો જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.

**ભાવાર્થ :—**શુદ્ધનયનો વિષય જે જ્ઞાનસ્વરૂપ આત્મા છે, તે પર દ્રવ્યોના તથા રાગના કર્તા-ભોક્તાપણાના ભાવથી રહિત છે તેમ જ રાગથી બંધાઉં ને રાગને ટાળી મોક્ષ કરું—એવું વસ્તુસ્વરૂપમાં નથી. પરદ્રવ્ય ને પરદ્રવ્યના સર્વ ભાવોથી રહિત હોવાથી શુદ્ધ છે. પોતાના સ્વરસના પ્રવાહથી પૂર્ણ દેદીપ્યમાન જ્યોતિરૂપ છે અને ટંકોત્કીર્ણ મહિમાવાળો છે. એવો જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.

હવે સર્વવિશુદ્ધજ્ઞાનને પ્રગટ કરે છે. તેમાં પ્રથમ આત્મા કર્તા-ભોક્તાના ભાવથી રહિત છે. એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છે :-

## શ્લોક ૧૯૪

**અર્થ** :-કર્તાપણું એ ચિત્સ્વરૂપ આત્માનો સ્વભાવ નથી, જેમ ભોક્તાપણું સ્વભાવ નથી. અજ્ઞાનથી જ તે કર્તા છે. અજ્ઞાનનો અભાવ થતાં અકર્તા છે.

જુદા જુદા રાગપણે ને વિષયવાસનાના કર્તાપણે પરિણમવું તે ચિત્સ્વરૂપ આત્માનું સ્વરૂપ નથી. વિકાર ને રાગને ભોગવવામાં અટકે તેવું આત્માનું સ્વરૂપ નથી. પુણ્ય-પાપના વિકારનો અનુભવ, તે આત્માના ત્રિકાળી સ્વભાવમાં નથી. પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ શુદ્ધ આનંદકંદ છે તેનું જેને અજ્ઞાન છે, તે જીવ રાગાદિ પરિણામનો કર્તા થાય છે. રાગાદિ મારું સ્વરૂપ નથી. આત્મા શુદ્ધ સ્વરૂપ છે—એમ સાચું જ્ઞાન કરતાં રાગાદિનો અકર્તા થાય છે.

હવે આત્માનું અકર્તાપણું દ્રષ્ટાંતપૂર્વક કહે છે :-

## ગાથા ૩૦૮ થી ૩૧૧

**જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,**
**જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.**
**જીવ અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,**
**તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯.**
**ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,**
**ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.**

**રે ! કર્મ—આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે**
**આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.**

**<u>અર્થ :—</u>**જે દ્રવ્ય જે ગુણોથી ઊપજે છે તે ગુણોથી તેને અનન્ય જાણ; જેમ જગતમાં કડાં આદિ પર્યાયોથી સુવર્ણ અનન્ય છે તેમ. જીવ અને અજીવનાં જે પરિણામો સૂત્રમાં દર્શાવ્યાં છે, તે પરિણામોથી તે જીવ અથવા અજીવને અનન્ય જાણ. કારણ કે કોઈથી ઉત્પન્ન થયો નથી તેથી તે આત્મા (કોઈનું) કાર્ય નથી અને કોઈને ઉપજાવતો નથી તેથી તે (કોઈનું) કારણ પણ નથી. નિયમથી કર્મના આશ્રયે (-કર્મને અવલંબીને) કર્તા હોય છે, તેમ જ કર્તાના આશ્રયે કર્મો ઉત્પન્ન થાય છે, બીજી કોઈ રીતે કર્તા-કર્મની સિદ્ધિ જોવામાં આવતી નથી.

**<u>ટીકા :—</u>**જેમ એક વાર પછી બીજો વાર આવે છે, બે વાર ભેગા થતા નથી, સાંકળમાં મંકોડા આડાઅવળા થતા નથી. નક્ષત્ર આડાઅવળા હોતા નથી. પગ ઊપડે ત્યારે એક પછી એક ઊપડે છે—એમ **<u>જીવમાં ક્રમબદ્ધ પરિણામ થયા કરે છે.</u>** એક પછી એક પરિણામ થયા કરે છે. આડાઅવળા થતા નથી. જેમ ગુણો એક સમયે તેમ જ એક ક્ષેત્રે ભેગા છે તેમ પર્યાયો પણ એક પછી એક ક્રમસર છે. આડીઅવળી થતી નથી. આમ જીવ નક્કી કરે તો સ્વભાવદ્રષ્ટિ થાય ને પરના તથા રાગના કર્તાપણાની બુદ્ધિ છૂટે; ને એમ નક્કી ન કરે, તે પરનો અહંકાર કરે છે. તેને મિથ્યાત્વની ઉત્પત્તિ થાય છે. પરનો પર્યાય જે પ્રકારે થવાનો હોય તે પ્રમાણે થાય છે ને પોતામાં પણ જે પ્રકારના શુભ અથવા અશુભ પરિણામ થવાના હોય છે તે પ્રમાણે જ થાય છે, આડાઅવળા થતા નથી. તેમ નક્કી કરનારની દ્રષ્ટિ પરના તથા રાગના કર્તાપણામાં નહિ અટકતાં, દ્રવ્યનો આશ્રય લે છે ને તે જ ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય છે.

સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં કહ્યું છે કે જીવ ને જડ પદાર્થોની અવસ્થા જે ક્ષેત્રે, જે કાળે, જેમ થવાની હોય તેમ જ થાય છે. તેમાં ઇન્દ્ર, નરેન્દ્ર કે સાક્ષાત્ ભગવાન પણ ફેરફાર કરવા સમર્થ નથી. તે ગાથા સમ્યગ્દ્રષ્ટિના આશ્વાસન માટે નથી પણ વસ્તુસ્વરૂપ દર્શાવે છે. અજ્ઞાની જીવો પરમાં ફેરફાર કરવા માગે છે પણ ભાઈ ! તું આત્મા છો. આત્મા પરમાં ફેરફાર કરી શકે નહિ. द्रवति इति द्रव्यम् જે દ્રવે છે– પરિણમે છે તે દ્રવ્ય છે. જે પર્યાયને દ્રવ્ય દ્રવે છે તે જ પર્યાય થાય છે. બીજી થતી નથી. અજ્ઞાની બીજા પદાર્થનો ફેરફાર કરવા માગે છે તો શું તે બીજો પદાર્થ દ્રવ્ય નથી ? તે પણ એક દ્રવ્ય છે ને તેમાં સમયે સમયે પર્યાય દ્રવ્યા કરે છે. વસ્તુસ્વરૂપ આવું છે. કેવળી ભગવાને જ્ઞાનમાં તેમ જ જોયું છે ને તેમ વાણીમાં આવ્યું છે. છતાં પદાર્થને લીધે કેવળજ્ઞાન નથી ને કેવળજ્ઞાનને લીધે પદાર્થનું

સ્વરૂપ નથી. વાણી પણ વાણીના કારણે છે, પદાર્થ તથા કેવળજ્ઞાને લીધે નથી. વાણીને આત્મા ફેરવે તેમ કદી બને નહિ કારણ કે વાણી જડ છે. કર્મ પણ અજીવ છે તેને આત્મા ફેરવી શકે નહિ. શરીરની કોઈ ક્રિયાને આત્મા કરી શકે નહિ. દરેક વસ્તુની પર્યાયનો કાળ એક સમયનો છે, તે ક્રમબદ્ધ નિયમિત થયા કરે છે. આમ વસ્તુસ્વભાવનો નિર્ણય થવો-જ્ઞાતા-દ્રષ્ટાપણે રહેવું ને પરનું તથા રાગનું અભિમાન છૂટી જવું—તે ક્રમબદ્ધના નિર્ણયનું ફળ છે. આમ જે પરિણામનો ક્રમ છે તે પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે. આમ દ્રષ્ટિ થતાં નિમિત્તની રુચિ, વર્તમાન પર્યાયની રુચિ, રાગની રુચિ ટળે છે ને સ્વભાવની રુચિ થાય છે. તેથી સ્વભાવનો કર્તા થાય છે પણ પરનો તથા વિકારનો કર્તા થતો નથી. તે સમ્યગ્દર્શનરૂપ ધર્મ છે.

*

# પ્રસાદ નં. ૩૩૭

## શ્રી સમયસાર ગાથા ૩૦૮-૩૧૧

*(આસો સુદ ૨, મંગળવાર, ૨૦૦૭, તા. ૨-૧૦-૫૧)*

(આ પ્રવચનનું રેકોર્ડીંગ રીલ લેવાયું છે.)

આ અધિકાર સૂક્ષ્મ ને સરળ છે. ક્રમબદ્ધપર્યાયની વાત ચાલે છે. આત્મા શરીર, વાણી તથા બીજા પર પદાર્થનો કર્તા નથી તેમ જ આત્મામાં પણ જે પર્યાયો શુભ કે અશુભ જે વખતે જે થવાની હોય તે જ થાય છે. શુભ થવાને વખતે શુભ, અશુભના વખતે અશુભ, અવિકારીના વખતે અવિકારી પર્યાય થાય છે. નિયમિત થાય છે–આમ નક્કી કરતાં પરપદાર્થનો અહંકાર ટળે છે તેમ જ રાગાદિ ક્ષણિક પરિણામનો પણ અહંકાર ટળે છે. અંશબુદ્ધિ નાશ પામે છે. રાગ અને પરનો અકર્તા થાય છે ને સ્વભાવનો કર્તા થાય છે, તે જ પુરુષાર્થ છે. જીવ પોતપોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે–એમ નક્કી કરતાં 'હું બીજાને મારી શકું છું, બીજાને જીવાડી શકું, હું પરનું હિત કરી દઉં,' એ વાત રહેતી નથી. પોતે પોતાના પરિણામપણે ઊપજે છે પણ પરના પરિણામપણે ઊપજતો નથી. આમ અનંતા આત્મા અનંત પુદ્‌ગલદ્રવ્યો વગેરે અનંત પર પદાર્થો ઉપરથી દ્રષ્ટિ ખસી જાય છે. મારા વર્તમાન પરિણામરૂપે થનારો હું ટકીને વર્તમાનપણે થાઉં છું—એમ નક્કી કરતાં ક્ષણિક રાગ ઉપરની દ્રષ્ટિ નાશ પામે છે ને સ્વભાવદ્રષ્ટિ થતાં સમ્યગ્દર્શન ને ધર્મ થાય છે.

વળી જેમ વસ્તુસ્વરૂપ છે એમ કેવળી ભગવાને જોયું છે ને કેવળી ભગવાનના જ્ઞાનમાં એમ જણાયું છે માટે તેમાં ફેરફાર હોઈ ન શકે, એમ જે કથન કરવામાં આવે છે, તે તો સ્થૂલ અજ્ઞાનીને સમજાવવા માટે છે. જે જીવને સ્વતંત્ર વાત બેસતી નથી તેને કેવળજ્ઞાનની વાત કરીને સમજાવવામાં આવે છે. વસ્તુસ્વરૂપ જ્ઞાનને પરાધીન નથી તેમ જ વસ્તુસ્વરૂપ છે માટે જ્ઞાનમાં જણાયું, એમ પણ નથી. બન્ને સ્વતંત્ર છે. આત્મા પરના કર્તાપણાથી રહિત છે. વળી પ્રથમ અજ્ઞાન અવસ્થામાં દયા-દાન જેટલો આત્માને માની પોતાની પર્યાયમાં ઊંધી શ્રદ્ધા કરતો, તે અજ્ઞાનદશા ટળતાં જ્ઞાનસ્વરૂપી આત્માને પોતાની શ્રદ્ધામાં ધારી રાખે તે જ સાચી સમજણ છે. આ ગાથામાં પરનો અકર્તા રહીને દ્રવ્યસ્વભાવ સિદ્ધ કરવો છે. પરના પરિણામ તું કરી શકે નહિ. પરપદાર્થો તારા પરિણામને ફેરફાર કરવા સમર્થ નથી ને વર્તમાન પરિણામ જેટલો પણ આત્મા નથી. જીવ પોતાના

પરિણામ વડે ઊપજતો થકો ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે—એમ નક્કી કરવું તે દ્રવ્યદ્રષ્ટિ છે.

વસ્તુસ્વભાવ જેમ છે તેમ જ્ઞાન જાણે છે ને વાણી પણ તેમ જ કહે છે. જ્ઞાન અથવા વાણી વસ્તુમાં ફેરફાર કરવા સમર્થ નથી. વ્યવહારશાસ્ત્રમાં ઘણા પ્રકારે વાત આવે ને પ્રાયશ્ચિત અમુક પ્રકારે લેવું એમ કહે, પણ ભાઈ, એ બધાં નિમિત્તનાં કથન છે. ત્યાં પણ જીવ પોતાના પરિણામોથી ઊપજતો જીવ જ છે, બીજા જીવોથી તેમજ જડથી તે પરિણામ થતા નથી. કર્મના નિમિત્તે વિકાર થતો નથી તેમ જ દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તે સમકિત થતું નથી. ભગવાન પાસે જાય તો સમકિત થાય, ગુરુના ઉપદેશથી જીવ બોધ પામે વગેરે કથનો વ્યવહારનાં છે. જીવના પરિણામ વખતે જે સંયોગો છે તેનું જ્ઞાન કરાવે છે. જીવના પરિણામ જીવસ્વરૂપે છે. બીજા જીવને લીધે અથવા વાણીને લીધે નથી તેમ જ વાણી સાંભળી માટે રાગ અથવા જ્ઞાન થયેલ નથી. જીવ પોતે રાગરૂપે અથવા જ્ઞાનરૂપે પરિણમે છે. તારું કલ્યાણ કરવું હોય તો આ સમજ્યે છૂટકો છે. બીજા સમજે કે ન સમજે તે તેને આધીન છે. તારા પરિણામનો તું કર્તા છે. અમે આટલું જગતનું કર્યું ને જગત પાસે નવી વાત મૂકી ને જગત નવું સમજ્યું—તે બધી વાત પરના અભિમાનની છે, કોઈ નવી વાત નથી, પરનું અભિમાન કરવું તે ચૈતન્યની વિરાધના ને સંસાર છે. વસ્તુનો વિરોધ કરવા છતાં વસ્તુસ્વભાવ ફરશે નહિ પણ સંસાર ચાલુ રહેશે ને સાચી સમજણ કરે તો અનંત પર પદાર્થ ઉપરની દ્રષ્ટિ ઊઠી સ્વભાવદ્રષ્ટિ થાય છે ને તે ધર્મ છે.

એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાનાં પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી.

વાણી નીકળે છે તે અજીવ છે. તેની પર્યાય સમયે સમયે ક્રમબદ્ધ થઈ રહી છે. ઇચ્છા છે માટે વાણી નીકળે છે તે વાત ખોટી છે. અક્ષરો લખાય છે તે ક્રમબદ્ધ પરિણામ થયા કરે છે. તેના ઉપર આત્માનો અધિકાર નથી. કર્મનો ઉદય અથવા કર્મની સ્થિતિ, રસ વગેરેમાં જે ફેરફાર થાય છે તે કર્મને લીધે થાય છે. જીવના પરિણામને લીધે નહિ. દર્શન-મોહનીય કર્મનો અભાવ થાય તો તે કર્મના કારણે થાય છે પણ જીવે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું માટે થાય છે—એમ નથી. કર્મની સ્થિતિ, સંક્રમણ, અપકર્ષણ વગેરે જે જે પ્રકારે કર્મનું વર્ણન આવે છે, તે કર્મના કારણે છે, તે જીવને લીધે નથી. આમ સ્વતંત્ર અવસ્થા જાણે તો કર્મ ઉપરની દ્રષ્ટિ છૂટી સ્વભાવ તરફ વળે.

અજ્ઞાની જીવ માને છે કે હોશિયાર માણસ સારું નામું લખી શકે. સારો વક્તા હોય તો વાણી મધુર બોલી શકે. સારી રસોઈ કરનાર બાઈ હોય તો રસોઈમાં ફેરફાર કરી શકે પણ એમ માનવું તે બધો અજ્ઞાનભાવ છે. જડ પદાર્થોની સમયે સમયે અવસ્થા થઈ રહી છે તે ક્રમબદ્ધ તે દ્રવ્યોના કારણે થાય છે. આમ જડની વ્યવસ્થા જડથી થઈ રહી છે—એમ જાણવાનું ફળ શું ? આત્માએ જાણ્યું કે જડની અવસ્થામાં આત્મા ફેરફાર કરી શકતો નથી. તેમ જ જે સંયોગો તથા જડની પર્યાયમાં ફેરફાર દેખાય છે તેને લીધે પણ મારું જ્ઞાન નથી પણ આત્મા પોતાના સ્વ–પર પ્રકાશક જ્ઞાનસ્વભાવના કારણે પર પદાર્થોને જેમ છે તેમ જાણી લ્યે છે. આત્મા અનાદિઅનંત દ્રવ્ય છે તેમજ બીજા જડ પદાર્થો પણ અનાદિઅનંત છે. તે તે દ્રવ્યો જેમ કે રોટલી, દાળ, ભાતની જે પ્રકારે જેમ અવસ્થા થવાની હોય તેમ થાય છે. જીવના જ્ઞાનને લીધે અથવા રાગને લીધે તે પદાર્થોમાં ફેરફાર થતો નથી. જીવના વિચાર જીવમાં છે. જડની અવસ્થા જડમાં છે. લોકમાં કહેવત છે કે “દાણે દાણે ખાનારનું નામ છે.” એનો અર્થ એ છે કે અનાજનો જે કણિયો જે ક્ષેત્રે, જેના પુણ્યના યોગે, જ્યાં આવવાનો છે ત્યાં જ આવવાનો ને જે નથી આવવાનો તે નથી આવવાનો. જીવના રાગ-દ્વેષ અજીવમાં ફેરફાર કરે તેમ બને નહિ. આ લાકડી ઊંચી–નીચી થાય છે તે લાકડીના પરમાણુના કારણે થાય છે. હાથને લીધે, જીવના રાગના લીધે કે જીવના જ્ઞાનને લીધે તે ઊંચી–નીચી થતી નથી. તડકામાં છાયારૂપી કાળીપર્યાય થાય છે, તે હાથને લીધે થતી નથી પણ તે પરમાણુની સફેદ પર્યાય વ્યય થઈને કાળારૂપ થઈ છે. આમ જીવ નક્કી કરે તો પરનો અહંકાર ટળી જાય.

અહીં કોઈ પ્રશ્ન કરે કે કર્મની અંદર પણ ક્રમબદ્ધ અવસ્થા થઈ રહી છે તો કર્મ થવાને લાયક પુદ્‌ગલો ક્રમબદ્ધ થયા કરે ને ઉદય આવ્યા કરે તો જીવને રાગ કરવો પડેને ?

**સમાધાન :—**ક્રમબદ્ધ પર્યાયના નિયમમાં કર્મ સામે જોનાર જીવ ક્રમબદ્ધના નિયમને સમજતો નથી. જે આ નિયમને સમજે છે તેની દ્રષ્ટિ કર્મ ઉપર હોતી નથી. તે પોતાના પરિણામને પરને આધીન માનતો નથી તેમ જ જે રાગ પોતાના કારણે થાય છે તે તો અંશે છે તે આખો આત્મા નથી તેથી રાગના અંશ ઉપરની રુચિ નહિ રહેતાં સ્વભાવની રુચિ થાય છે. તેને દર્શન-મોહનીયકર્મ ને અનંતાનુબંધી કર્મ રહે તેમ બને નહિ, તે કર્મો ત્યાં હોય જ નહિ. એવો ક્રમ તે તે કર્મોના કારણે હોય છે. કર્મ ઉદયમાં આવે તો? એવો પ્રશ્ન કરનારે કોની સામે જોયું ? પર ઉપર જ જેની દ્રષ્ટિ છે તે ક્રમબદ્ધને સમજતો નથી. શરીર, મન, વાણી,

કર્મમાં ફેરફાર થાય, તેને તે પરમાણુ ક્રમસર પહોંચી વળે છે. હું તેનો ફેરફાર કરનાર નથી. માત્ર જાણનાર છું, પરનો કર્તા નથી. તેમ જ રાગ થાય તેટલો હું નથી. હું તો અખંડ જ્ઞાનસ્વભાવી છું—એમ સ્વભાવદ્રષ્ટિ થતાં જડનો જાણનાર વ્યવહારે છે. પણ સ્વભાવદ્રષ્ટિ ન થાય તો જાણનાર રહેતો નથી. ચૈતન્ય સ્વભાવનો આશ્રય છૂટ્યો તો ક્રમબદ્ધનો નિર્ણય રહેતો નથી પણ જેને ક્રમબદ્ધનો નિર્ણય છે તેની દ્રષ્ટિ સ્વભાવ ઉપર છે, કર્મ ઉપર નથી.

જગતના પરમાણુઓની, ભાષાની, શરીરની, મકાનની, પૈસાની જે પ્રકારે જે અવસ્થા થવાની હોય તેમ જ થાય છે. કોઈનો ભાર નથી કે તેને ફેરવે. આત્મા માત્ર જાણનાર છે. પોતાનો સ્વ-પર પ્રકાશક જ્ઞાનસ્વભાવ ખીલતાં, સ્વને જાણતાં પર જણાઈ જાય છે. આમ જાણે તેણે આત્માને જાણ્યો કહેવાય, તેને સર્વજ્ઞ ભગવાનની સાચી પ્રતીતિ આવી કહેવાય. સર્વજ્ઞ ભગવાને જ્ઞાનમાં જોયું હશે તેમ થશે—એમ યથાર્થ નિર્ણય કરતાં વીતરાગતા પ્રગટ થાય છે. તે ક્રમબદ્ધના નિર્ણયનું ફળ છે.

આ હાથ ઊંચો થાય છે તે હાથના કારણે થાય છે, આત્માને લીધે થતો નથી. આત્માને લીધે શરીર ચાલતું નથી, રોટલી થતી નથી. ઘઉંની રોટલીની પર્યાયનો કર્તા આત્મા નથી. તે જડ પરમાણુની ત્રણેકાળના સમય જેટલી પર્યાય છે. કોઈ પણ પર્યાયનો આત્મા કર્તા નથી. આમ ત્રણે લોકમાં ને ત્રણે કાળના જડ પદાર્થોની બધી અવસ્થાનો કર્તા-હર્તા આત્માનો રાગ કે જ્ઞાન નથી. આમ નક્કી કરવાથી પરનો અહંકાર ઊડી જાય છે ને સ્વ તરફ વળવાનો અવકાશ રહે છે.

અજ્ઞાની જીવ ઓઘે ઓઘે બોલે કે હે પ્રભુ ! તમે સાચા છો. પણ તેને આ વાત બેસતી નથી. ભગવાન કહે કે દેવ-ગુરુ-શાસ્ત્રથી લાભ નથી છતાં અજ્ઞાનીને પર ઉપરની દ્રષ્ટિ ખસતી નથી. તેથી અજ્ઞાનીને પોતાનો સ્વચ્છંદ માન્ય છે પણ દેવ-ગુરુ-શાસ્ત્ર માન્ય નથી. ભગવાન કહે કે તું બધાને જાણ, રોગ વગેરે મટવા વખતે મટશે પણ અજ્ઞાનીને વિશ્વાસ આવે નહિ. ઓઘે ઓઘે બોલે કે પાંચમની છઠ્ઠ થવાની નથી પણ ઊંડે ઊંડે શરીરમાં ફેરફાર કરવાની પરાલંબી દ્રષ્ટિ ખસતી નથી, તેથી તેને આત્માની કે ભગવાનની શ્રદ્ધા નથી.

**જગતના બધા પદાર્થોમાં સમયે સમયે અવસ્થા થાય છે, તે જ તેની વ્યવસ્થા છે. કોઈ વસ્તુમાં અકસ્માત નથી તેમજ કોઈપણ પર્યાય અવ્યવસ્થિત નથી.** અનંતા આત્માઓ ને જડપદાર્થો વ્યવસ્થિતરૂપે પોતાના કારણે પરિણમી રહ્યા છે. શરીરનો પર્યાય શરીરથી થાય છે, આત્માથી થતો નથી. સોનાનો દાગીનો સોનાથી થાય છે. સોનીથી થતો નથી. રસોઈની વ્યવસ્થા તે તે પરમાણુના કારણે

થાય છે. રાંધનારને લીધે થતી નથી. અજ્ઞાની જીવ સારી રસોઈનું, શરીરનું અભિમાન કરે છે. જડની પર્યાયનું અભિમાન કરી ભ્રમણા સેવે છે. બધા અજીવ પદાર્થોની અવસ્થા તે તે અજીવના કારણે થાય છે, જીવને લીધે નહિ. આમ સાચું જ્ઞાન થતાં તે પોતા તરફ વળતાં, પોતામાં સ્વ–પર પ્રકાશક જ્ઞાનસ્વભાવ યથાર્થ ખીલે છે. તે ધર્મ છે.

*

## શ્રી સમયસાર : ગાથા ૩૦૮ થી ૩૧૧ (ચાલુ)

*(આસો સુદ ૩, બુધવાર, ૨૦૦૭, તા. ૩-૧૦-૫૧)*

(આ પ્રવચનનું રેકોર્ડીંગ રીલ લેવાયું છે.)

આત્મા પરદ્રવ્યના પરિણામનો અકર્તા છે. જીવ અને અજીવ પદાર્થો નિત્ય રહીને તેની અવસ્થા બદલાય છે. તે ક્રમસર પોતાના કારણે બદલાય છે. જો જીવ, અજીવના પરિણામ કરે તો પોતાના પરિણામ પોતે ન કર્યા ને પોતાના પરિણામ સાબિત નહિ થતાં દ્રવ્ય સાબિત થતું નથી. જીવના પરિણામથી પોતે જીવ છે એમ સાબિત થાય છે પણ જીવના પરિણામથી બીજા પદાર્થ અથવા તેના પરિણામ સાબિત થતા નથી. જીવ પોતાના પરિણામથી ઊપજતો પોતે જીવ જ છે, અન્ય નથી. પોતાના પરિણામથી બીજો જીવ અથવા કર્મ વગેરે અજીવ પદાર્થો હતા એમ સાબિત થતું નથી અથવા તેનાથી પોતાને આવા પરિણામ થયા એમ સાબિત થતું નથી.

તેવી જ રીતે અજીવ પદાર્થો ક્રમબદ્ધ પોતાના પરિણામથી ઊપજતા અજીવ છે એમ સાબિત થાય છે. પણ જીવ હતો માટે અજીવના પરિણામ થયા એમ સાબિત થતું નથી. ત્યાં બીજા બધા પદાર્થોનો અભાવ સાબિત થાય છે પણ બીજાના ભાવથી અજીવમાં ફેરફાર થયો એમ સાબિત થતું નથી. શરીર, વાણી, મન, પૈસા, મકાન વગેરે અજીવ પદાર્થો નક્કી છે. તેના પરિણામ પણ નક્કી છે. તેના પરિણામ જો નક્કી નહિ પણ આડાઅવળા માનવામાં આવે, તો પરિણામી દ્રવ્ય પણ નક્કી થતું નથી. જો પર્યાયનો ક્રમ તૂટે તો વ્યવસ્થિત પદાર્થ રહેતો નથી ને તેથી વસ્તુના નાશનો પ્રસંગ આવે, પણ એમ બનતું નથી.

બે પગ ચાલે તેમાં ડાબો જમણો–ડાબો જમણો–એમ ક્રમસર ચાલે છે. ડાબા પછી ડાબો પગ જ આવે એમ બને નહિ. નક્ષત્ર પણ ક્રમસર હોય છે. વારમાં પણ રવિ, સોમ વગેરે ક્રમસર હોય છે. રવિ પછી બુધવાર આવી જાય તેમ બને નહિ. અનંતકાળમાં કોઈવાર એમ બને નહિ. વારે વારો આવ્યા કરે છે. એમ જગતના

પદાર્થોનો સ્વકાળ છે. તેમાં ક્રમસર પરિણામ થયા કરે છે. વાણી નીકળે છે તે ભાષાના પરમાણુને સાબિત કરે છે પણ જીવને સાબિત કરતી નથી. આમ દરેક જીવ અને અજીવના સ્વતંત્ર પરિણામ થાય છે એમ નક્કી કરતાં પરને બચાવી શકું છું, મારી શકું છું–એવા ભાવ થતા નથી. પોતે જ્ઞાતા રહે છે. વળી દેવ–ગુરુ–શાસ્ત્રને લીધે જ્ઞાનના અથવા રાગના પરિણામ થતા નથી તેમ જ હું તેને લાવી શકતો નથી. પુસ્તકનું આવવું, વાણીનું નીકળવું તે તે દ્રવ્યોથી થાય છે. આત્માથી થતું નથી. કોઈપણ પદાર્થ હોય તે તેના કાર્ય વિના ન હોય–આમ નક્કી કરતાં આત્મા અનંતા પર પદાર્થોનો અકર્ત્તા થાય છે ને પોતે જ્ઞાતાદ્રષ્ટાપણે રહે છે, તે ધર્મ છે.

હવે આ વાત દ્રષ્ટાંતથી સમજાવે છે. જેમ કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા સોનાને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે તેમ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે. વીંટી, હાર, કડાં વગેરે પરિણામો સોનાથી ઊપજે છે, સોનીથી કે હથોડીથી થતા નથી. વીંટીના પરિણામ સોના સાથે તદ્રૂપ છે. તે બીજાને લીધે નથી. જો બીજાને લીધે હોય તો પરિણામ પરિણામીના છે તેમ સાબિત થતું નથી. માટે દરેક દ્રવ્યના પરિણામ તે દ્રવ્ય સાથે તદ્રૂપ છે પણ બીજા પદાર્થથી તે અભાવસ્વરૂપે દેખાય છે. સંસારી જીવ, સિદ્ધ જીવ, આ લાકડી, પુસ્તક કે છૂટો પરમાણુ–તે દરેકના પરિણામ પોતા સાથે તાદાત્મક છે. તે પરથી થયા નથી. જીવ અભિમાન કરે છે કે અમે જીવની દયા પાળીએ છીએ, દુકાનમાં કામ કરીએ છીએ–એ બધો અજ્ઞાનભાવ છે. અજ્ઞાની જીવને પોતાના અજ્ઞાનભાવ સાથે તે સમય પૂરતો તાદાત્મ્ય છે પણ પર સાથે તાદાત્મ્ય નથી. વળી કોઈ ચીજનું વર્તમાન કાર્ય પરથી માનવામાં આવે તો ઈશ્વરને કર્તા તરીકે માનનારના જેવી જ તેની માન્યતા થઈ. જે નિગોદનો જીવ શુભભાવ કરે છે તેને તેના શુભભાવ સાથે તેટલા સમય પૂરતું તાદાત્મ્ય છે પણ કર્મની મંદતાને લીધે શુભભાવ થયા નથી. મડદામાં ઈયળો પડે છે તો તે અવસ્થા જડ પરમાણુ સાથે તાદાત્મ્ય છે પણ જીવ ચાલ્યો ગયો માટે ઈયળો પડી–એમ નથી. જીવ ઉપવાસ કરે ત્યારે રોટલા ન આવે તો રોટલા ન આવવારૂપ ક્રિયા થઈ તે રોટલાના પરમાણુ સાથે તાદાત્મ્ય છે પણ જીવના ભાવ સાથે સંબંધ નથી ને શરીર નબળું થઈ જાય તો તે શરીરના પરમાણુની સાથે સંબંધ ધરાવે છે પણ રોટલાના ન આવવા સાથે સંબંધ ધરાવતું નથી.

મોસંબીનું પાણી મોસંબીના પરમાણુને જાહેર કરે છે પણ ગળાને સાબિત કરતું નથી. ભૂખ લાગવારૂપ પર્યાય પરમાણુને જણાવે છે, તે આત્માને સાબિત

કરતી નથી ને જે રાગ થાય છે તે આત્માને જણાવે છે પણ શરીરને જણાવતો નથી. ક્ષુધાને લીધે રાગ થયો નથી પણ મારા કારણે રાગ થયો છે. આમ રાગને સાબિત કરતાં રાગ જેટલો હું નથી. હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું, એમ ત્રિકાળી આત્મા સાબિત થાય છે.

રોટલીની પર્યાય પરમાણુને જાહેર કરે છે પણ સ્ત્રીને જાહેર કરતી નથી.

ભાષાની પર્યાય ભાષાના પરમાણુને જાહેર કરે છે પણ આત્માને જાહેર કરતી નથી.

પૈસા—પૈસાના પરમાણુને જાહેર કરે છે પણ પૈસાવાળાને જાહેર કરતા નથી.

રાગના પરિણામ દેખાય તે આત્માને જાહેર કરે છે પણ બીજી ચીજને જાહેર કરતા નથી.

—આમ દરેક પરિણામ પોતાના પરિણામીને સિદ્ધ કરે છે પણ પર વસ્તુને નક્કી કરતા નથી ને આમ નક્કી કરતાં અનંતા પર પદાર્થો ઉપરથી દ્રષ્ટિ ખસી જાય છે ને જે રાગ થાય છે તે એક સમય પૂરતો છે પણ ત્રિકાળી સ્વભાવમાં નથી એમ નક્કી કરતાં રાગનો જ્ઞાતા રહે છે. આમ જ્ઞાતાપણું નક્કી કરવું તે જ ધર્મ છે.

કોઈ કહે કે આ દાગીનાની કુંડળરૂપ અવસ્થા સોની આવ્યા પછી કેમ થઈ ? પહેલાં કેમ ન થઈ ?

**સમાધાન :—**પહેલી અવસ્થા પણ સોના સાથે સંબંધ રાખે છે ને પછીની અવસ્થા પણ સોના સાથે સંબંધ રાખે છે. સોની સાથે સંબંધ રાખતી નથી. તે તે સમયની લાયકાત મુજબ સોનું પરિણમે છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા માટે રાગ થયો એમ નથી. રાગનો સંબંધ પોતા સાથે છે પણ તે સમયપૂરતો છે. ત્રિકાળી સ્વભાવમાં રાગ નથી. આત્મા તો જ્ઞાનસ્વભાવી છે—એમ નક્કી કરે તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને નિમિત્ત તરીકે ઓળખ્યા કહેવાય. સમયસાર આવ્યું માટે જ્ઞાનનો ઉઘાડ થયો ને પદ્મપુરાણ હોત તો આ જાતનો ઉઘાડ ન થાત, તે વાત બરાબર નથી. જ્ઞાનનો ઉઘાડ આત્મા સાથે સંબંધ ધરાવે છે, શાસ્ત્ર સાથે સંબંધ ધરાવતો નથી. પુસ્તક ઊંચું-નીચું થાય તે પુસ્તકના પરમાણુને કારણે થાય છે પણ બીજાને લીધે નહિ. આવી રીતે અનંતા આત્મા, અનંતા પરમાણુ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ-દરેકને પોતપોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે. આ નિયમ ફરે નહિ ને કેવળજ્ઞાન ખોટું થાય નહિ ને આ નિયમની શ્રદ્ધા કરે તેને સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ.

આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્ય-કારણ ભાવ સિદ્ધ થતો નથી. જીવ પોતામાં સમયે સમયે પરિણામ કરે છે, ક્ષણે ક્ષણે નવી નવી અવસ્થા થાય છે છતાં આત્મા કારણ ને અજીવની પર્યાય તે કાર્ય—એમ સાબિત થતું નથી. આત્મા છે તો શરીર ચાલે છે. આત્મા છે તો શરીરની બધી ક્રિયા થાય છે, આત્મા છે તો બોલાય છે તેમ સાબિત થતું નથી. વળી એક જીવ બીજા જીવ સાથે સંબંધ રાખતો નથી. પતિ ને પત્ની સાથે સંબંધ નથી, પતિના પરિણામ પત્નીને લીધે થયા અથવા દીકરાના પરિણામ બાપને લીધે થયા એમ બનતું નથી. જીવને સમ્યગ્દર્શન થવાનું છે માટે દેવ–ગુરુ–શાસ્ત્રને આવવું પડે છે—એમ નથી, દરેકના પરિણામ સ્વતંત્ર છે.

કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય–ઉત્પાદકભાવનો અભાવ છે. ઉત્પાદ્ય = ઉત્પન્ન થવાને લાયક; ઉત્પાદક = ઉત્પન્ન કરનાર. ઘડો ઉત્પાદ્ય ને કુંભાર ઉત્પાદક—એવા ભાવનો અભાવ છે. જીવના પરિણામ તે ઉત્પાદ્ય ને ભગવાન તે પરિણામના ઉત્પાદક એવા ઉત્પાદ્ય–ઉત્પાદક સંબંધનો અભાવ છે. ભગવાનની પ્રતિમાને અભિષેક કરવાના ભાવ તે ઉત્પાદ્ય ને જીવ તેનો ઉત્પાદક છે પણ તે ભાવનો ઉત્પાદક પ્રતિમા અથવા હાથની ક્રિયા નથી. **બીજા પદાર્થ સાથે ઉત્પાદ્ય–ઉત્પાદક ભાવનો અભાવ છે.**

અહીં કોઈ પ્રશ્ન કરે કે તો પછી ભગવાનને અભિષેક કરવો કે નહિ ?

**સમાધાન :**–ભાઈ, અભિષેકાદિની જે ક્રિયા થાય છે તે તો તેના કારણે થાય છે. તું તેને કરી શકતો જ નથી તો પછી કરવી કે ન કરવી તે પ્રશ્ન જ રહેતો નથી. પૂજામાં અષ્ટપ્રકારી સામગ્રી આત્મા લાવી શકતો નથી પછી તે સામગ્રી લાવવી કે ન લાવવી તે પ્રશ્ન જ રહેતો નથી. હાથની ક્રિયા સ્વતંત્ર છે. પાણી આવવાની ક્રિયા સ્વતંત્ર છે. અભિષેકની ક્રિયા સ્વતંત્ર છે. આઠ દ્રવ્ય આવવાની ક્રિયા સ્વતંત્ર છે–તેને આત્મા કરી શકતો નથી. આત્માના શુભભાવ ઉત્પાદ્ય છે ને તેનો ઉત્પાદક આત્મા પોતે જ છે તેનો ઉત્પાદક અન્ય આત્મા અથવા જડ નથી. બીજા પદાર્થ સાથે ઉત્પાદ્ય- ઉત્પાદક ભાવનો અભાવ છે. જીવને પૂજાનો અથવા અભિષેકનો શુભરાગ હોય છે ત્યારે બીજા સંયોગી પદાર્થોનું જ્ઞાન કરાવવામાં આવે છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પૃથક્તા બતાવે છે. બે દ્રવ્યોને એક માને તે તો અજ્ઞાન છે.

શાસ્ત્રમાં કથન આવે કે ધ્યાન કરતી વખતે પદ્માસનમાં ડાબા ઉપર જમણો હાથ રાખી ધ્યાન કરવું. પણ તે સંયોગ બતાવવા માટે કથન છે. હાથની પર્યાય એ રૂપે થાય તે ક્રિયા ઉત્પાદ્ય છે ને જડ પરમાણુ તેના ઉત્પાદક છે પણ તે આત્માને સાબિત કરતા નથી. જીવના ધ્યાનના પરિણામ જીવને સાબિત કરે છે

પણ તે હાથની ક્રિયાને સાબિત કરતા નથી. આત્માને કારણે હાથ ચાલે નહિ ને હાથની તે જાતની ક્રિયાને લીધે ધ્યાન થાય નહિ પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા કથન કરવામાં આવે છે.

મકાન બંધાતી વખતે ઈંટો એક પછી એક ગોઠવાય છે, તે જડના કારણે ગોઠવાય છે, જીવને લીધે ગોઠવાતી નથી. લાડવો મોઢામાં ભૂકારૂપ થાય છે તે ઉત્પાદ્ય ને મોઢું તેનો ઉત્પાદક એમ સાબિત થતું નથી પણ તે ભૂકારૂપ અવસ્થા તે તે પરમાણુના કારણે થાય છે. તેવી રીતે દળવું, ખાવું વગેરે જડની જે જે અવસ્થા થાય છે, તે પરિણામો અજીવ સાથે સંબંધ ધરાવે છે પણ આત્મા સાથે સંબંધ ધરાવતા નથી.

આત્મા હતો માટે મકાન થયું. આત્મા હતો ત્યાં અનાજ દળાયું વગેરે ક્રિયા થઈ–એ માન્યતા ભૂલભરેલી છે. આમ દરેક પદાર્થને બીજા પદાર્થ સાથે ઉત્પાદ્ય–ઉત્પાદક ભાવનો અભાવ છે.

કોઈ કહે કે આમાં ધર્મ શું આવ્યો ?

**સમાધાન :—**ભાઈ, દરેક વસ્તુ–જીવ તેમ જ અજીવ સમયે સમયે પોતાના કારણે કાર્યરૂપ થઈ રહી છે. પર પદાર્થ કારણ ને પોતામાં કાર્ય થાય એવા કારણ-કાર્યનો અથવા પર સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે. એમ સમયે-સમયે ભેદવિજ્ઞાન કરે તો પર ઉપરની કર્તાબુદ્ધિનો નાશ થાય ને પોતા તરફ દ્રષ્ટિ થતાં સમ્યગ્દર્શન થાય છે ને એ જ ધર્મ છે.

* * * * *

# પ્રસાદ નં. ૩૩૯

## સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

## શ્રી સમયસાર : ગાથા ૩૦૮—૩૧૧

*(આસો સુદ ૪, ગુરુવાર, ૨૦૦૭, તા. ૪-૧૦-૫૧)*

દરેક પદાર્થ પોતાના પરિણામે ક્રમસર ઊપજે છે. તેમાં બીજો પદાર્થ શું કરે ? કર્તા–કર્મપણું અભિન્ન હોય છે. જે કાર્ય થાય તે કર્તાના આશ્રયે હોય છે. તે કર્તાનું કાર્ય હોય છે, બીજાનું હોતું નથી. જીવ પોતે પોતાના કાર્યનો કર્તા છે ને અજીવ પોતે પોતાના કાર્યનો કર્તા છે. જીવ, અજીવના કાર્યનો કર્તા નથી. સમયે સમયે જે પર્યાય થાય છે તે, તે દ્રવ્યનું કાર્ય છે. કોઈ પદાર્થ કાર્ય વિના હોતો નથી, ને કાર્ય પોતાના કર્તા વિના હોતું નથી. આ લાકડીનું ચાલવું તે તેનું કાર્ય છે ને જડ પરમાણુ તેના કર્તા છે પણ જીવ તેનો કર્તા નથી. જીવને પર પદાર્થો સાથે કાર્ય-કારણ ભાવ નથી. જીવની પર્યાય જે કાર્યરૂપે હોય છે તે બીજાના કારણે થાય તેમ બને નહિ. તેમ જ જીવ પોતે કારણરૂપ થઈ; ભાષા, શરીર વગેરેના કાર્યને કરે એમ બને નહિ. નિગોદથી માંડીને સિદ્ધ સુધીના જીવોની વર્તમાન પર્યાય તે કોઈ પરનું કાર્ય નથી પણ પોતાનું કાર્ય છે, તે કોઈ પરના કારણે ઉત્પન્ન થયેલ નથી. તેમ જ બીજા કોઈ પદાર્થની પર્યાયને જીવ ઉપજાવતો નથી માટે જીવ કોઈનું કારણ નથી. જડની કોઈપણ અવસ્થા–નામા લખવાની અવસ્થા, મકાનની અવસ્થા, મિલની અવસ્થા આત્માથી થતી નથી. જીવની હોંશિયારીથી પૈસા આવતા નથી તેમ જ ઠોઠપણાથી પૈસા જતા નથી. અજ્ઞાની જીવ અભિમાન કરે છે કે અમે પૈસા કમાયા, અમે છોકરાને ઠેકાણે પાડ્યા. એ બધો અહંકાર છે. ત્રણેકાળ કોઈપણ પર પદાર્થની અવસ્થાનો આત્મા કર્તા છે જ નહિ. આત્મામાં એક અકાર્યકારણ શક્તિ છે. જેને લીધે આત્મામાં જે કાર્ય થાય છે તે પરને લીધે થતું નથી તેમ જ પરના કાર્યમાં આત્મા કારણ નથી. આવી ત્રિકાળી શક્તિ પડી છે. જીવ રાગ કરે અથવા જ્ઞાન કરે પણ પરમાં કાંઈ પણ કરી દે તેમ બનતું નથી. હાથનું ચાલવું, રોટલી, દાળ, ભાતનું શરીરમાં પડવું, રૂપિયાનું આવવું,–જવું. દવાનું આવવું, રોગનું મટવું તે બધું જડના કારણે થાય છે. જીવના રાગનું અથવા તે સંબંધી જ્ઞાનના ઉઘાડનું તે કાર્ય નથી.

અજ્ઞાની જીવો દલીલ કરે છે કે “ફરે તે ચરે ને બાંધ્યો ભૂખે મરે.” પણ એ બધો અજ્ઞાનભાવ છે. આત્મા પોતામાં ફરી શકે છે. બહારમાં ક્યાંય ફરતો નથી. ને

બહારનો સંયોગ મળવો કે ન મળવો તે, તે પરમાણુને આધીન છે. આત્માને આધીન નથી. આત્મા પરવસ્તુમાં જતો નથી છતાં મારા કારણે જડ પદાર્થો આવે છે એવો ભાવ, તે મિથ્યાભાવ છે. આ મિથ્યાભાવ ટાળ્યા વિના જન્મમરણનો અંત આવતો નથી. અજીવના કાર્યમાં જીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી તેમ જ જીવના કાર્યમાં અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી. જીવ પોતે પોતાના પરિણામ કરે તે પોતાનું કાર્ય છે ને અજીવ પોતાની અવસ્થા કરે તે અજીવનું કાર્ય છે. કુટુંબ–પરિવાર, શરીર, આબરૂ, દવા, પાણી, શરીરનું હાલવું–ચાલવું, બોલવું વગેરે અવસ્થા એટલે કે બીજા જીવ તથા અજીવ પદાર્થોની અવસ્થા તે તે પદાર્થોથી થાય છે, તે આ જીવનું કાર્ય નથી.

"અજીવને જીવનું કર્મપણું નહિ સિદ્ધ થતાં કર્તા-કર્મની બીજી કોઈ અપેક્ષાએ સિદ્ધિ નહિ હોવાથી, જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી માટે જીવ અકર્તા ઠરે છે."

આ આંગળી ચાલે છે તે કાર્ય જીવનું કોઈ અપેક્ષાએ સાબિત થતું નથી. કર્તા એટલે થનાર ને કર્મ એટલે થયેલી અવસ્થા. જીવ કર્તા ને અજીવની અવસ્થા તેનું કાર્ય—એમ કોઈ અપેક્ષાએ સિદ્ધ થતું નથી. અહીં તો કોઈ અપેક્ષાએ સાબિત થતું નથી–એમ કહ્યું છે. નિમિત્તની અપેક્ષા અગર બીજી કોઈ અપેક્ષા લાગુ પડતી નથી. નિમિત્ત આવ્યું તો કાર્ય થયું, તે વાત જ ભ્રમ છે. આ વેપારી હતો તો દુકાનનાં કાર્ય થયાં. આ સ્ત્રી હતી તો રોટલી, દાળ, ભાતરૂપી કાર્ય થયું–એ બધો અજ્ઞાનભાવ છે. જીવ અજ્ઞાનભાવ ને મમતાનો કર્તા છે પણ અજીવની પર્યાયનો કર્તા નથી. જગતના બધા પદાર્થો પોતપોતાનાં સ્વચતુષ્ટયમાં ટક્યા છે. એક પદાર્થ બીજા પદાર્થને અડ્યો જ નથી. એકમાં બીજાનો અભાવ છે. માટે જીવ પરપદાર્થની પર્યાયનો કર્તા નથી તેથી જીવ અકર્તા ઠરે છે.

<u>ભાવાર્થ :</u>–સર્વે દ્રવ્યોના પરિણામ જુદાં જુદાં છે. પોતપોતાના પરિણામોના સૌ દ્રવ્યો કર્તા છે. તેઓ તે પરિણામોના કર્તા છે ને તે પરિણામો તેમનાં કર્મ છે. આ લાકડીનું ઊંચું–નીચું થવું તે પુદ્‌ગલ પરમાણુનું કાર્ય છે. તે આત્માનું કાર્ય નથી. આ ભાષા બોલાય છે તે ભાષાના પરમાણુનું કાર્ય છે, આત્માનું કાર્ય નથી. આત્મા ઇચ્છા કરે અથવા જ્ઞાન કરે પણ પરમાં કાંઈપણ ફેરફાર કરે નહિ. લોકોમાં કહેવત છે કે "મનુષ્ય યત્ન, ઈશ્વર કૃપા" તેનો અર્થ એમ છે કે ઈશ્વર કોઈ બીજો જીવ નથી કે કૃપા કરે. પોતાનો શુદ્ધ સ્વભાવ તે જ ઈશ્વર છે. સંસારી જીવ પોતાની ભૂલથી રખડે છે ને પોતાના શુદ્ધ સ્વભાવનું ભાન કરી ભૂલ ભાંગે તો પોતે ઈશ્વર થાય. કોઈ બીજો ઈશ્વર તારી દે તેમ નથી. નિશ્ચયથી એટલે ખરેખર કોઈનો

કોઈની સાથે કર્તા-કર્મ સંબંધ નથી માટે જીવ પોતાના પરિણામનો જ કર્તા છે, પોતાના પરિણામ કર્મ છે. એવી જ રીતે અજીવ પોતાનાં પરિણામનો જ કર્તા છે, પોતાના પરિણામ કર્મ છે. શરીર, મન, વાણી, આહાર વગેરે પદાર્થોની અવસ્થા જડના કારણે થાય છે, જીવના કારણે થતી નથી. આ રીતે જીવ, બીજાના પરિણામોનો અકર્તા છે.

આ રીતે જીવ અકર્તા છે તોપણ તેને બંધ થાય છે—એ કોઈ અજ્ઞાનનો મહિમા છે. જીવ પર પદાર્થનો કર્તા નથી છતાં અજ્ઞાની પરનો કર્તા માની બંધરૂપ દશા પામે છે. એ અજ્ઞાનનો મહિમા છે. એવા અર્થનું કળશરૂપ કાવ્ય હવે કહે છે :–

## કળશ ૧૯૫

**અર્થ :—**જે નિજરસથી વિશુદ્ધ છે અને સ્ફુરાયમાન થતી જેની ચૈતન્યજ્યોતિઓ વડે લોકનો સમસ્ત વિસ્તાર વ્યાપ્ત થઈ જાય છે એવો જેનો સ્વભાવ છે, એવો આ જીવ પૂર્વોક્ત રીતે (પરદ્રવ્યનો અને પરભાવોનો) અકર્તા ઠર્યો, તો પણ તેને આ જગતમાં કર્મપ્રકૃતિઓ સાથે આ (પ્રગટ) બંધ થાય છે, તે ખરેખર અજ્ઞાનનો કોઈ ગહન મહિમા સ્ફુરાયમાન છે.

પુણ્યપાપના ભાવો આત્માથી વિરુદ્ધ ભાવો છે. ક્ષણિક વિકૃતસ્વરૂપ છે. આત્માનો મૂળ સ્વભાવ નથી. આત્મા પોતાના રસથી વિશુદ્ધ છે. આત્મામાં ક્ષણેક્ષણે જ્ઞાનની પર્યાયો થાય છે. તેનો સ્વભાવ સમસ્ત લોકાલોકને જાણવાનો છે. જે જે જ્ઞેયોની અવસ્થા–દેહની જુદી જુદી અવસ્થા થાય તેને તથા જુદા જુદા પરિણામ થાય તે બધા પરિણામોને તથા પર વસ્તુને જાણવાનો આત્માનો સ્વભાવ છે. તે પર દ્રવ્યો તથા પરભાવોને લીધે જાણપણું થાય છે એમ નથી. તે તેના કારણે પરિણમે છે, હું મારા કારણે મારામાં પરિણમું છું એમ પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરીને જ્ઞાન સ્વભાવ ખીલે, તેમાં સ્વને જાણતાં પર પદાર્થો જણાઈ જાય છે પણ પર તથા રાગ સામે નજર રાખીને જાણવાનો સ્વભાવ નથી પણ પોતાના સ્વભાવ તરફ દ્રષ્ટિ દઈને જાણવાનો સ્વભાવ છે. બધાં દ્રવ્યોને તથા પરભાવોને જાણી લેવાનો સ્વભાવ છે પણ કોઈ પરદ્રવ્ય કે પરભાવોને કરવાનો આત્માનો સ્વભાવ નથી. એવો આ જીવ પરદ્રવ્ય ને પરભાવોનો અકર્તા છે. તેથી તેને વીતરાગી પરિણામ પ્રગટ થાય તેવો છે. શુદ્ધ આત્માના નિમિત્તે રાગ-દ્વેષના પરિણામ થાય ને નવાં કર્મ બંધાય એમ બનતું નથી કારણ કે એવો એનો સ્વભાવ જ નથી.

આમ હોવા છતાં તેને આ જગતમાં કર્મપ્રકૃતિઓ સાથે પ્રગટ બંધ થાય છે, તે ખરેખર અજ્ઞાનનો કોઈ ગહન મહિમા સ્ફુરાયમાન છે. અજ્ઞાનીને આ સ્વભાવની વાત બેસતી નથી. આપણે પરનું કાંઈ ન કરીએ તે ચાલે ? કેવળી ભગવાન તથા મુનિ કાંઈ ન કરે તો ચાલે પણ આપણે ગૃહસ્થીને કાંઈ કર્યા વગર ચાલે ? માટે આપણે પૈસા વગેરે માટે ઉદ્યમ કરવો જોઈએ વગેરે પ્રકારે પર પદાર્થની ક્રિયાનો કર્તા થાય છે. તેનું કારણ તેનો અજ્ઞાનભાવ છે. સમ્યગ્દ્રષ્ટિ ચક્રવર્તી સંસારમાં હતા ૯૬000 સ્ત્રીઓ હતી. ગૃહસ્થદશામાં હોવા છતાં પર પદાર્થ ને વિકારથી રહિત આત્માનું ભાન હતું. પણ અજ્ઞાનીને તે વાત બેસતી નથી. જેમ સ્વભાવ ગહન છે તેમ અજ્ઞાની અજ્ઞાનદશામાં ઊંડો ઊંધો પડ્યો છે ને જ્ઞાનસ્વભાવનો નકાર કરી પરમાં ફેરફાર કરવા માગે છે. મારે લીધે શરીર, મન, વાણીની ક્રિયા થાય, મારે લીધે પરનાં કાર્ય થાય—એમ અજ્ઞાન સેવી મિથ્યાત્વ-રાગ-દ્વેષ કરે છે. તેથી કર્મનો બંધ થાય છે ને સંસારમાં રખડે છે. એવો અજ્ઞાનનો પણ મહિમા છે.

*

## <u>સમયસાર : કળશ ૧૯૫</u>

*(આસો સુદ ૫, શુક્રવાર, ૨00૭, તા. ૫-૧0-૫૧)*

આત્માનો સ્વભાવ આ જગતમાં જેટલા પદાર્થો છે તેનાં દ્રવ્ય, ગુણ, પર્યાયને સ્વમાં રહીને જાણવાનો છે. જ્ઞાન જ્ઞેયોમાં પેસી જતું નથી પણ પોતામાં રહીને જ્ઞેયોને જાણે છે. આવો જ્ઞાનમય જીવ શુદ્ધનયથી પરદ્રવ્યનો કર્તા નથી. કોઈનું કરે તેવો તેનો સ્વભાવ નથી. ક્ષણે ક્ષણે જાણનારો છે તો પણ તેને કર્મનો બંધ થાય છે તે કોઈ અજ્ઞાનનો ગહન મહિમા છે, જેનો પાર પમાતો નથી.

અજ્ઞાની પરને નિમિત્ત થવાનું અભિમાન કરે છે, તે વાત કરે છે.

હવે આ અજ્ઞાનના મહિમાને પ્રગટ કરે છે :–

### <u>ગાથા ૩૧૨—૩૧૩</u>

**પણ જીવ પ્રકૃતિના નિમિત્તે ઊપજે વિણસે અરે !**
**ને પ્રકૃતિ પણ જીવના નિમિત્ત ઊપજે વિણસે. ૩૧૨.**
**અન્યોન્યના નિમિત્ત એ રીત બંધ બેઉ તણો બને**
**–આત્મા અને પ્રકૃતિ તણો, સંસાર તેથી થાય છે. ૩૧૩.**

**<u>અર્થ :</u>**–ચેતક અર્થાત્ આત્મા પ્રકૃતિના નિમિત્તે ઊપજે છે તથા વિણસે છે અને પ્રકૃતિ પણ ચેતકના અર્થાત્ આત્માના નિમિત્તે ઊપજે છે તથા વિણસે છે. એ

રીતે પરસ્પર નિમિત્તથી બન્નેનો–આત્માનો ને પ્રકૃતિનો–બંધ થાય છે અને તેથી સંસાર ઉત્પન્ન થાય છે.

<u>**ટીકા :**</u>–આત્મા જ્ઞાનસ્વભાવી છે ને શરીર, કર્મ આદિ જડ પર ચીજ છે. દયા, દાનાદિ ભાવો વિકૃતસ્વરૂપ છે, એ આત્માનું ખરું સ્વરૂપ નથી. તે બંધનું લક્ષણ છે ને આત્મા જ્ઞાનસ્વરૂપી અબંધસ્વબાવી છે. તેનાં જુદાં જુદાં લક્ષણોનું અજ્ઞાનીને ભાન નથી. જ્ઞાની પોતાના સ્વ–પરપ્રકાશક જ્ઞાન સ્વભાવને લીધે પોતાને જાણતા વિકાર તથા સંયોગોને જાણી લ્યે છે પણ અજ્ઞાનીને તેનું ભાન નથી તેથી દયા-દાનાદિ પરિણામ થયા, તે મારા સ્વભાવમાંથી આવ્યા એમ તે માને છે ને તે પરિણામ થયા માટે તેનું જ્ઞાન થયું એમ તે માને છે. આ શબ્દો બોલાય છે તે શબ્દના કારણે બોલાય છે ને જ્ઞાન પણ એવું જ થાય છે. અજ્ઞાની માને છે કે આત્મા શબ્દ બોલી શકે છે ને શબ્દ બોલાયા માટે જ્ઞાન થયું—એમ તે માને છે. આત્મા ખાવાના ભાવ કરતો હોય ને હાથ વગેરેની ક્રિયા તે જાતની થતી હોય છે ને જ્ઞાન પણ એવું જ થતું હોય છે, ત્યારે અજ્ઞાનીને લાગે છે કે રાગ કર્યો માટે હાથની ક્રિયા થઈ ને ક્રિયા થઈ માટે જ્ઞાન થયું–આમ અજ્ઞાની અધ્યવસાય કરે છે. આત્મા પદાર્થ છે. સ્વ–પરપ્રકાશક સ્વભાવવાળો છે. જ્ઞાનસ્વભાવી આત્મા જ્ઞાનનો કર્તા છે પણ તે રાગનો અથવા સંયોગનો કર્તા નથી. પણ અજ્ઞાની જીવ શુભાશુભ પરિણામને પોતાના માનીને નિર્મળતા ઉત્પન્ન નહિ કરતાં રાગ-દ્વેષ ઉત્પન્ન કરે છે. પોતે જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવી છે, તેની અધિકાઈ નહિ ભાસતાં રાગની અધિકાઈ તેને ભાસે છે. આમ પરના અને પોતાના એકત્વનો અભ્યાસ કરવાથી કર્તા થયો થકો પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ- વિનાશ પામે છે. પ્રકૃતિ તો જડ છે, તે કાંઈ કરાવતી નથી પણ અજ્ઞાનીને પોતે જ્ઞાનસ્વભાવી છે એવું ભાન નથી તેથી કર્મ ઉપર રુચિ ને દ્રષ્ટિ જાય છે. તેથી અશુદ્ધ ઉપાદાનરૂપે ઉત્પત્તિ–વિનાશ પામે છે. કર્મને લીધે વિકાર થતો નથી પણ સ્વભાવ તરફ વલણ નથી તેથી કર્મના આશ્રયે પોતે વિકાર સ્વતંત્રપણે કરે છે.

કર્મ અજ્ઞાનીને બળજોરીથી વિકાર કરાવતું નથી પણ હું જાણનાર–દેખનાર છું, એમ નહિ રહેતાં પુણ્ય–પાપના વિકારી ભાવોમાં તે જોડાઈ જાય છે. કર્મ ઉદયમાં છે માટે મારે તે તરફ જોવું પડે છે એમ અજ્ઞાની માને છે, પણ હું ચૈતન્ય છું, જ્ઞાનસ્વભાવી વસ્તુ છું—તેના તરફ તે જોતો નથી. હું ચૈતન્યસ્વભાવી છું એમ નહિ સ્વીકારતાં માત્ર કર્મને તે સ્વીકારે છે. આમ કર્મની અસ્તિની કબૂલાતમાં ચૈતન્યસ્વભાવી છું તેની કબૂલાત ચૂકી જાય છે. કર્મનો ઉદય આવે ને વિકાર કરવો જ પડે તે તો સ્થૂળ ભૂલ છે પણ કર્મ નિમિત્ત છે ને ? એમ કહેનારની દ્રષ્ટિ

નિમિત્ત ઉપર જાય છે, પણ હું શુદ્ધ ઉપાદાન છું—તે તરફ જતી નથી. નિમિત્ત છે ને ? એમ કહેતાં અંતરમાં અશુદ્ધતાનો સ્વીકાર ને શુદ્ધ ઉપાદાનનો અસ્વીકાર થઈ જાય છે. આમ અજ્ઞાની વિકારનો કર્તા થાય છે ને વિકારને પોતાનું કાર્ય માને છે.

જે જીવ ધર્મી છે–જ્ઞાની છે તેની દ્રષ્ટિ અબદ્ધસ્વભાવ ઉપર છે. અબદ્ધમાં બંધન કેમ હોય ? અહીં દ્રષ્ટિનો વિષય છે તેથી અલ્પ આસક્તિની વાત ગૌણ છે. અજ્ઞાનીને હું જાણનાર–દેખનાર જ્ઞાનસ્વભાવી છું—એમ જ્ઞાતાની અધિકાઈ નહિ ભાસતાં નિમિત્તની અધિકાઈ ભાસે છે. તે સ્વભાવને કબૂલતો નથી. નિમિત્તની કબૂલાત કરતાં નૈમિત્તિક પર્યાય રાગ-દ્વેષવાળી કબૂલતો નથી. નિમિત્તની કબૂલાત કરતાં નૈમિત્તિક પર્યાય રાગ-દ્વેષવાળી થયા વગર રહેતી નથી. પોતામાં રાગરહિત થવાની તાકાત છે તેમ નહિ માનતાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધની એકતાબુદ્ધિ તે કરે છે. પોતાની સત્તાની કબૂલાત નહિ પણ બીજાની સત્તાની કબૂલાત કરવી તે જ અજ્ઞાનનો મહિમા છે. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છે, તેવું ભાન નહિ હોવાથી પર વલણવાળી દશા પોતાની કબૂલે છે ને નિમિત્તના સંબંધમાં જોડાય છે તેને કર્મ બંધાય છે. જે જ્ઞાની સ્વભાવમાં જોડાયેલો રહે છે તેને નિમિત્તના સંબંધમાં પણ વિકાર થતો નથી. પણ જે સ્વભાવ ચૂકે છે તેને નિમિત્તના વલણે વિકાર થાય છે. આમ વિકારનો સ્વીકાર ને અવિકારી સ્વભાવનો અસ્વીકાર એ જ અજ્ઞાન ને મિથ્યાત્વ છે, સંસારની જડ છે. સ્વભાવના ભાન વિના અજ્ઞાની ગમે તે વ્રત, તપ કરે તો પણ તે બધાં સંસાર અર્થે છે. આવી રીતે અજ્ઞાની જીવ કર્મપ્રકૃતિ તરફના વલણને લીધે રાગ-દ્વેષ કર્યા કરે છે.

જડ પ્રકૃતિ પણ અજ્ઞાનીના આત્માના નિમિત્તે ઉત્પત્તિ–વિનાશ પામે છે. અર્થાત્ તેના આત્માના પરિણામ અનુસાર પરિણમે છે. જ્ઞાની જીવ કહે છે કે હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું ને પર તરફના વલણનો ભાવ તથા કર્મ તે હું નથી. તેને ભેદજ્ઞાન વર્તે છે તેથી તેને કર્મનો નવો બંધ થતો નથી ને જૂનો સંબંધ તૂટે છે. જ્યારે અજ્ઞાનીને કર્મ છે ને એટલે કર્મ નિમિત્ત છે તેનો સ્વીકાર ને હું આત્મા જ્ઞાનસ્વભાવી છું એનો અસ્વીકાર હોવાને લીધે નવાં નવાં કર્મો બંધાય છે. જૂનાં ખરી જાય છે ને નવાં બંધાતાં જાય છે એટલે કે ઉત્પત્તિ–વિનાશ પામે છે.

(૧) કર્મ ઉદયમાં આવ્યું માટે વિકાર કરવો જ પડે—તે સ્થૂળ અજ્ઞાન છે.

(૨) કર્મના તીવ્ર-મંદ ઉદયના પ્રમાણમાં વિકાર તીવ્ર–મંદ કરવો પડે—તે પણ અજ્ઞાન છે.

(3) કર્મ નિમિત્ત તો છે ને—એમ માનીને કર્મને અનુસરીને પોતાની યોગ્યતા અનુસાર રાગ-દ્વેષ કરે તે પણ અજ્ઞાની છે તે અહીં કહેવું છે. પહેલી બે વાત

તો છે જ નહિ પણ કર્મ નિમિત્ત તો છે ને—એમ કહેનારની દ્રષ્ટિ નિમિત્ત ઉપર જાય છે તેને નૈમિત્તિક પર્યાય વિકારવાળી થયા વગર રહેતી નથી. તેથી તેને કર્મો તેના અજ્ઞાન અનુસાર નવાં નવાં બંધાયાં કરે છે.

આગળની ગાથાઓમાં ક્રમબદ્ધ પર્યાયની વાત આવી હતી. તેમાં એમ કહ્યું કે જગતના પદાર્થો નિયમસર વ્યવસ્થિત પરિણમી રહ્યા છે. સ્વમાં પણ પરિણામ ક્રમસર છે ને સામે જીવ તથા અજીવના પરિણામો પણ ક્રમસર છે. આમ જે જીવ નક્કી કરે તેને કર્મ વગેરે પર પદાર્થો તરફ જોવાનું ન રહ્યું ને પોતામાં પરિણામ ક્રમસર થયા કરે છે—એમ નિર્ણય કરતાં રાગ ઉપર કે અંશ ઉપર પણ જોવાનું ન રહ્યું પરંતુ પોતાનો સ્વભાવ જ્ઞાન છે—એમ સ્વ તરફ જોતાં પોતે રાગનો તથા પરનો અકર્તા થાય છે ને તેને નવાં કર્મો બંધાતાં નથી. તે તો મોક્ષમાર્ગ તરફ જઈ રહ્યો છે ને તે જ્ઞાની છે પણ જેને આ વાત બેસતી નથી ને જે અજ્ઞાની છે, તે સ્વભાવ તરફ નહિ જોતાં પર તરફ તથા રાગ તરફ જુએ છે, હું છું તો પરમાં પરિણામ થાય છે. આ પ્રકૃતિ છે તો રાગ કરવો પડે છે વગેરે પ્રકારે પર ઉપરની દ્રષ્ટિના કારણે જ્ઞાતા-દ્રષ્ટા રહેતો નથી પણ વિકારરૂપે પરિણમ્યા કરે છે તેથી જડ પ્રકૃતિઓ તેના અજ્ઞાન અનુસાર પરિણમે છે.

“આ રીતે જો કે તે આત્મા અને પ્રકૃતિને કર્તા-કર્મ ભાવનો અભાવ છે તો પણ પરસ્પર નિમિત્ત–નૈમિત્તિકભાવથી બન્નેને બંધ જોવામાં આવે છે તેથી સંસાર છે અને તેથી જ તેમને (આત્માને ને પ્રકૃતિને) કર્તા-કર્મનો વ્યવહાર છે.”

આત્માના રાગ-દ્વેષ તે કર્તા ને જડપ્રકૃતિ તેનું કાર્ય–એમ નથી તેમ જ જડ પ્રકૃતિનો ઉદય તે કર્તા ને રાગ-દ્વેષ તેનું કાર્ય એમ પણ નથી. એવાં કર્તા–કર્મ ભાવનો અભાવ છે તો પણ પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક ભાવથી બન્નેને બંધ જોવામાં આવે છે. આત્માના રાગ-દ્વેષ તે નિમિત્ત ને જડકર્મોનું બંધાવું તે નૈમિત્તિક–જડકર્મોનો ઉદય તે નિમિત્ત ને રાગ-દ્વેષરૂપે પરિણામ થવા તે નૈમિત્તિક–આમ અજ્ઞાનીને નિમિત્ત-નૈમિત્તિક ભાવ થઈ રહ્યો છે તેથી સંસાર છે.

સર્વે પદાર્થો ક્રમબદ્ધ પરિણમી રહ્યા છે. આત્મા બધાનો જાણનાર છે. તે સ્વને જાણતાં કર્મ વગેરે પરને જાણી લ્યે છે. પણ અજ્ઞાની આવો ક્રમ જાણતો નથી ને કર્મ નિમિત્ત છે ને–એમ નિમિત્ત ઉપર વજન આપે છે. તે તેના રાગની નૈમિત્તિક પર્યાયની પ્રસિદ્ધિ કરે છે પણ જ્ઞાનસ્વભાવની પ્રસિદ્ધિ કરતો નથી. પોતાના સ્વભાવના આશ્રયે સ્વાભાવિક કાર્ય ઉત્પન્ન કરતો નથી પણ વિકાર ઉત્પન્ન કરે છે ને તેના નિમિત્તે જડકર્મો બંધાય છે, તેથી આત્માને અને જડ પ્રકૃતિને કર્તા-કર્મનો વ્યવહાર છે. અજ્ઞાનીને નિમિત્ત-નૈમિત્તિક ભાવ થયો તેથી કર્તા–કર્મનો

વ્યવહાર તેને લાગુ પડે છે. હું ચૈતન્ય છું એવી શ્રદ્ધા નહિ કરતાં વિકાર જેટલો જ હું છું, એમ તે માને છે ને દયા, દાન, વ્રતના પરિણામની અધિકાઈમાં રોકાઈ જાય છે તે જ સંસાર છે–જ્ઞાનીને જ્ઞાનસ્વભાવની અધિકાઈમાં નવાં કર્મ બંધાતાં નથી, જૂનાં ટળતા જાય છે તેથી સંસાર નથી.

જંગલમાં કોઈ વાઘ દેખાય તો હોંશિયાર કળાબાજ માણસ અગ્નિનો ભડકો કરી વાઘને નસાડી મૂકે પણ બીકણ જીવ ભયથી તેમ જ વાઘને નસાડવાની કળાના અજ્ઞાનને લીધે વાઘને જોતાં જ ઢીલો થઈ જાય છે, તે જરૂર વાઘના પંજામાં ફસાઈ જાય છે. જ્ઞાની જીવ સંસારમાં હોવા છતાં વિકાર જેટલો હું નથી, હું તો જ્ઞાનસ્વભાવી છું એમ સમ્યગ્જ્ઞાનના બળથી કર્મ તથા વિકારથી બીતો (ડરતો) નથી, તે સંસારનો નાશ કરે છે ને અજ્ઞાનીને ભેદજ્ઞાન નથી તેથી ''કર્મ નિમિત્ત છે ને'' એમ કર્મને તથા વિકારને મોટપ આપતો તે પોતાની સત્તા ચૂકી જાય છે, એટલે સંસારમાં રખડે છે. કર્મને મોટપ આપતો પોતાને વિકારવાળો માને છે, તેને નિમિત્ત-નૈમિત્તિક ભાવથી બંધ થયા કરે છે તેથી તેને કર્તા-કર્મનો વ્યવહાર છે.

***

# પ્રસાદ નં. ૩૪૧

## સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

## શ્રી સમયસાર : ગાથા ૩૧૨—૩૧૩

*(આસો સુદ ૬, શનિવાર, ૨૦૦૭, તા. ૬-૧૦-૫૧)*

આત્મા અનંતગુણોના પિંડરૂપ વસ્તુ શુદ્ધ છે, પણ તેની વર્તમાન પર્યાયમાં વિકાર છે; તેમાં જડકર્મ નિમિત્ત છે. પ્રકૃતિને કર્મ કહે છે. નવી કર્મ પ્રકૃતિનો બંધ થાય છે—તેનું શું કારણ ? જડકર્મને આત્મા કરે ને આત્મા તેનો કર્તા થાય તેમ બને નહિ, કેમ કે બન્ને સ્વતંત્ર વસ્તુ છે, તો પણ પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકભાવથી બંધ થાય છે. આત્મા જ્ઞાતા-દ્રષ્ટા છે—એમ નહિ સ્વીકારતાં, પોતાના દોષ માટે બીજી ચીજ કર્મ નિમિત્ત છે ને ? એમ કર્મનું નિમિત્તપણું સ્વીકારતાં કર્મના વલણવાળા દોષનો સ્વીકાર આવી જાય છે, પણ વિકાર વિનાનો જ્ઞાનસ્વભાવ છે તેનો સ્વીકાર આવતો નથી તેથી બંધ થાય છે.

જ્ઞાનીને સંસારદશામાં અસ્થિરતાના કારણે અલ્પ રાગ-દ્વેષ થાય છે તેની વાત અહીં નથી. ધર્મી જીવ જાણે છે કે રાગ-દ્વેષ થાય છે તે પરને લીધે થતા નથી. મારી નબળાઈને લીધે થાય છે પણ તે ક્ષણિક છે. મારા ત્રિકાળી સ્વભાવમાં તે નથી. આમ સ્વભાવની સબળાઈનો સ્વીકાર છે ને નિમિત્ત તરફના વલણનો ભાવ મારા સ્વભાવમાં નથી; તેથી તેને નવાં કર્મનો બંધ થતો નથી ને જૂનાં કર્મોથી છૂટતો જાય છે. જ્યારે અજ્ઞાનીને તો રાગ જેટલો જ હું છું–એવી બુદ્ધિના કારણે કર્મ કે જે નિમિત્ત છે, તેના ઉપર વલણ જાય છે. હીરામાં ડાઘ હોય તો તે ડાઘ જોઈને હીરાનું આખું સ્વરૂપ ડાઘવાળું માની લ્યે તો તે હીરાનું ખરું સ્વરૂપ નથી. ડાઘ તો હીરાની અમુક હાંસમાં છે. આખો હીરો ડાઘવાળો નથી. તેમ અજ્ઞાની જીવ એક સમયના વિકારને આખો આત્મા માની લ્યે છે તે અજ્ઞાનભાવ છે. નિમિત્ત તથા રાગના સ્વીકારવાળાને પોતાનો સ્વભાવ જોવાનો અવસર રહેતો નથી. આત્મા અને જ્ઞાનાવરણીયાદિ જડ કર્મની પ્રકૃતિઓને પરમાર્થે કર્તા-કર્મપણાનો અભાવ છે તો પણ અજ્ઞાની જીવને પર ઉપરના વલણના કારણે પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકભાવને લીધે બંધ થાય છે. તેથી સંસાર છે અને તેથી જ કર્તા-કર્મપણાનો વ્યવહાર અજ્ઞાનીને છે.

જ્યાંસુધી આત્મા પ્રકૃતિના નિમિત્તે ઊપજવું–વિણસવું ન છોડે ત્યાંસુધી તે અજ્ઞાની, મિથ્યાદ્રષ્ટિ, અસંયત છે, એમ હવે કહે છે :–

## ગાથા ૩૧૪—૩૧૫

**ઉત્પાદ—વ્યય પ્રકૃતિનિમિત્તે જ્યાં લગી નહિ પરિતજે;**
**અજ્ઞાની, મિથ્યાત્વી, અસંયત ત્યાં લગી આ જીવ રહે. ૩૧૪.**
**આ આતમા જ્યારે કરમનું ફળ અનંતું પરિતજે,**
**જ્ઞાયક તથા દર્શક તથા મુનિ તેહ કર્મવિમુક્ત છે. ૩૧૫.**

**અર્થ :—**જ્યાંસુધી આ આત્મા પ્રકૃતિના નિમિત્તે ઊપજવું-વિણસવું છોડતો નથી ત્યાંસુધી તે અજ્ઞાયક છે, મિથ્યાદ્રષ્ટિ છે, અસંયત છે.

જ્યારે આત્મા અનંત કર્મફળને છોડે છે, ત્યારે તે જ્ઞાયક છે, દર્શક છે, મુનિ છે, વિમુક્ત (અર્થાત્ બંધથી રહિત) છે.

**ટીકા :—**જ્યાં સુધી આ આત્મા જ્ઞાનસ્વભાવી પોતે છે ને દયા-દાનાદિ વિકાર તે બંધભાવ છે; તે બન્નેનાં સ્વલક્ષણોનું ભેદજ્ઞાન નહિ હોવાના કારણે પ્રકૃતિ તરફનું વલણ જે બંધનું નિમિત્ત છે તેને છોડતો નથી ત્યાંસુધી સ્વ–પર એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે. હું આત્મા જ્ઞાનસ્વભાવી આનંદકંદ છું, તેને નહિ જાણતાં અજ્ઞાની જીવ મલિનતાને પોતાનું સ્વરૂપ માની રહ્યો છે. અહીં બાહ્ય સંયોગની વાત લીધી નથી પણ પ્રકૃતિ એટલે જડ પ્રકૃતિની વાત લીધી છે. મલિનતામાં કારણ બીજી વસ્તુ છે એટલે કે જડપ્રકૃતિ છે. ચૈતન્ય-સ્વભાવ તો મોક્ષનું કારણ છે, તે બંધનું કારણ ન હોઈ શકે. તેમ જ જડપ્રકૃતિ પણ બંધ કરાવતી નથી પણ કર્મ તરફનો વલણભાવ બંધ કરે છે તેમાં પ્રકૃતિ નિમિત્ત છે. આમ સ્વ ને પરના અજ્ઞાનને લીધે સ્વ–પર એકત્વબુદ્ધિ વર્તે છે તેથી અજ્ઞાયક છે. પોતે જ્ઞાતા-દ્રષ્ટા છે ને વિકારાદિ પરિણામો પર છે–એવું ભાન નથી તેથી એકત્વબુદ્ધિની માન્યતાથી મિથ્યાદ્રષ્ટિ છે.

કોઈ જીવ એમ કહે કે દુશ્મનનું બળ ઘણું છે; તો તેમ કબૂલાત કરતાં પોતાનું બળ ઓછું છે એમ જાહેરાત થાય છે. કર્મનું જોર સ્વીકારનાર પોતાનું બળ સ્વીકારતો નથી. કર્મ નિમિત્ત છે માટે પરજીવને બચાવવાનો ભાવ થયો એમ સ્વીકારનાર બંધભાવને સ્વીકારે છે પણ બંધના અભાવરૂપ સ્વભાવને સ્વીકારતો નથી. તેણે પોતાના ચૈતન્ય અબંધ શુદ્ધ સ્વભાવને ગોપવ્યો છે. તે ગુનેગાર છે, ચોર છે. તેણે પોતાના મૂળ સ્વભાવને હણ્યો છે. સ્વ–પરના એકત્વની માન્યતાથી તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે.

વળી પ્રકૃતિના નિમિત્તે થતા રાગ-દ્વેષને તથા પોતાના આત્માને એક માનતાં તે જીવ અસંયત છે. પુણ્ય–પાપમાં લીનતા કરે છે પણ શુદ્ધ આત્મામાં

લીનતા કરતા નથી. જેણે જડ કર્મ કે જે નિમિત્ત છે તેની સાથેની એકતા સ્વીકારી છે, તે જીવ અસંયત છે. વ્રત-પચ્ચખાણ વિનાનો છે. પર્યાયબુદ્ધિ છે અને ત્યાંસુધી પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા છે.

હવે જ્ઞાનીની વાત કરે છે. શુદ્ધ આત્માના જ્ઞાનને લીધે જ્ઞાની ભેદજ્ઞાન કરે છે. આત્મા જ્ઞાનસ્વભાવી આનંદકંદ છે. નરકના સંયોગો દુઃખનું કારણ નથી. સ્વર્ગના સંયોગો સુખનું કારણ નથી. પર તરફનો ભાવ તે દુઃખનું કારણ છે એમ સમજી પોતાના જ્ઞાનસ્વભાવમાં રહે છે. જ્ઞાની સમજે છે કે પ્રકૃતિ તરફના વલણનો ભાવ તે મારું સ્વરૂપ નથી. તે બંધભાવની દ્રષ્ટિ છોડે છે કારણ કે વિકાર તે ક્ષણિક ઉપાધિભાવ છે ને આત્મા ત્રિકાળી જ્ઞાયકભાવ છે. આમ બન્નેની વહેંચણીથી એટલે કે ભેદજ્ઞાનથી તે જ્ઞાયક છે. વિકાર ઉપાધિભાવ છે. તેના તરફનું વલણ છોડી ચૈતન્યસ્વભાવનું વલણ કરે છે તે જ્ઞાની છે. આટલાં પુસ્તકો ભણે, આટલું યાદ રાખે તે જ્ઞાની છે એમ કહ્યું નથી પણ હું જ્ઞાતા-દ્રષ્ટા છું તે સ્વ ને બાકીના બધાં ભાવો તે પર, એમ સ્વ-પર ભેદવિજ્ઞાનથી જ્ઞાયક થાય છે.

તેવી જ રીતે હું આત્મા જાણનાર-દેખનાર છું ને પુણ્ય-પાપ તે આત્માનો સ્વભાવ નથી. કર્મ તો જડ છે પણ તેના તરફનો વલણનો ભાવ વિકાર છે ને હીણી દશા દેખાય છે તે પણ હું નથી. હું તો પરિપૂર્ણ જ્ઞાયક છું એવી સ્વ-પરની સાચી શ્રદ્ધા અથવા માન્યતાથી તે જીવ સમ્યગ્દ્રષ્ટિ છે. લૌકિકમાં પણ કહેવત છે કે જે પુરુષો બહારવટિયાને મદદ આપે તે ઘસાય છે ને રાજાને મદદ આપે તે ન્યાલ થઈ જાય છે; તેમ અહીં પુણ્ય-પાપના ભાવો બહારવટિયા સમાન છે, તેને મદદ આપે તે આત્મા ઘસાઈ જાય છે એટલે કે ચાર ગતિમાં રખડે છે પણ ચૈતન્યસ્વભાવી રાજ્યનું રક્ષણ કરે છે તે ન્યાલ થઈ જાય છે એટલે કે તે સુખી થાય છે. આમ જ્ઞાતાસ્વભાવની અંતરશ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે.

આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે ને વિકારાદિ પર ભાવો છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં પરિણતિ એટલે સ્થિરતા કરવી તે સંયમ એટલે ચારિત્ર છે. કોઈ બહારની ક્રિયા કરવી અથવા શુભભાવ કરવા તે ચારિત્ર નથી. પર પદાર્થથી રહિત, દેહની ક્રિયાથી રહિત, પુણ્ય-પાપના ભાવોથી રહિત શુદ્ધ આત્માની અંતર પરિણતિ તે ચારિત્ર છે.

આમ જ્યારે સ્વ-પરના સાચા જ્ઞાનથી, સાચી શ્રદ્ધાથી ને સાચી લીનતાથી પોતા તરફ વળે છે ત્યારે પરનો અને સ્વનો એકત્વ અભ્યાસ છૂટી જાય છે ત્યારે પરનો કર્તા થતો નથી, અકર્તા રહે છે એટલે કે જ્ઞાતાદ્રષ્ટા રહે છે.

**ભાવાર્થ :—**જ્યાંસુધી આત્મા પોતાનાં ને પરનાં સ્વલક્ષણને જાણતો નથી, કર્મ તરફના વલણના ભાવને પોતાનો માને છે, અવિકારી આત્માનો સ્વીકાર કરતો નથી ને સ્વભાવ સાથે સંબંધ જોડતો નથી ત્યાંસુધી સ્વ–પરના ભેદજ્ઞાનના અભાવને લીધે કર્મ તરફના વલણને પોતાનો સમજી વિકારરૂપે પરિણમે છે. એ રીતે તે જીવ મિથ્યાદ્રષ્ટિ, અજ્ઞાની ને અસંયમી થઈને કર્તા થઈને કર્મનો બંધ કરે છે અને જ્યારે આ આત્મા જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે ને વિકાર, અનિત્ય ક્ષણિક ઉપાધિ છે–એવું ભેદજ્ઞાન કરે છે ત્યારે તે વિકારનો કર્તા થતો નથી. તેથી નવું બંધન થતું નથી ને જાણનાર–દેખનારરૂપે પરિણમે છે. સાધકદશામાં અલ્પ રાગ-દ્વેષ હોવા છતાં રાગ-દ્વેષનો તથા પરની ક્રિયાનો જાણનાર રહે છે, તે બંધ કરતો નથી.

એવી જ રીતે ભોક્તાપણું પણ આત્માનો સ્વભાવ નથી, એવા અર્થનો આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે :–

## કળશ ૧૯૬

**અર્થ :—**કર્તાપણાની જેમ ભોક્તાપણું પણ આ ચૈતન્યનો (ચિત્સ્વરૂપ આત્માનો) સ્વભાવ કહ્યો નથી. અજ્ઞાનથી જ તે ભોક્તા છે, અજ્ઞાનનો અભાવ થતાં અભોક્તા છે.

આત્મા પરનો તો ભોક્તા છે જ નહિ, લાડવા, દાળ, ભાત, પૈસા આદિ જડ પદાર્થો છે તેને તો અજ્ઞાની પણ ભોગવતો નથી. અજ્ઞાની જીવ તે પદાર્થો મારા છે એમ માની વિકારને ભોગવે છે પણ પરને તો ભોગવતો નથી. પણ જે જ્ઞાની હોય છે તે સમજે છે કે પર તરફની વૃત્તિનો ભાવ થાય તે મારું સ્વરૂપ નથી. હું તો હરખશોકની લાગણીનો જાણનાર છું. હું તો જ્ઞાન ને આનંદને ભોગવનાર છું એમ હોવાથી ભોક્તાપણું પણ જ્ઞાનસ્વભાવી આત્માનો સ્વભાવ નથી. અજ્ઞાની જીવ અજ્ઞાનના કારણે પ્રકૃતિના ફળરૂપે આવી ચડેલી ચીજોને મારી માની હરખશોકનો ભોક્તા થાય છે પણ હરખશોક મારું સ્વરૂપ નથી. હું તો આકુળતા રહિત નિરાકુળસ્વરૂપ છુ એવું ભેદજ્ઞાન થતાં ને અજ્ઞાનનો અભાવ થતાં આત્મા અભોક્તા થાય છે. સ્વભાવની મુખ્યતામાં વિકારનો ભોક્તા નથી એટલે અભોક્તા છે. ॥૩૧૪–૩૧૫॥

***

## સમયસાર : ગાથા ૩૧૬

*(આસો સુદ ૭, રવિવાર, ૨૦૦૭, તા. ૭-૧૦-૫૧)*

હવે આ અર્થને ગાથામાં કહે છે :

## ગાથા ૩૧૯

**અજ્ઞાની વેદે કર્મફળ પ્રકૃતિસ્વભાવે સ્થિત રહી,**
**ને જ્ઞાની તો જાણે ઉદયગત કર્મફળ વેદે નહિ. ૩૧૯.**

**અર્થ :—**અજ્ઞાની પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત રહ્યો થકો કર્મફળને વેદે (ભોગવે) છે અને જ્ઞાની ઉદિત (ઉદયમાં આવેલા) કર્મફળને જાણે છે, વેદતો નથી.

**ટીકા :—**અજ્ઞાની જીવ કર્મના નિમિત્તે હરખ-શોકનું વેદન કરે છે. જ્ઞાની જીવ શુદ્ધ સ્વભાવને વેદે છે. અજ્ઞાની જીવ પૈસા વગેરે બાહ્ય પદાર્થમાં મજા માને છે. અજ્ઞાનીને પર તરફના વલણને લીધે અંતર જ્ઞાનસ્વભાવ શુદ્ધ ધ્રુવ છે, તેનું ભાન નથી. હરખ-શોકના પરિણામ થાય તેને તે પોતાનું સ્વરૂપ માને છે. શરીરમાં પ્રતિકૂળતા આવે, ડાબા-જમણા સૂળ ચડે અથવા નરકનાં ગરમી કે ઠંડીના પ્રતિકૂળ સંયોગો વખતે શોક તથા દ્વેષને વેદીને, તે જ હું છું એમ માને છે ને અનુકૂળ સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી વગેરેના સંયોગો હોય ત્યારે તેમાં હરખ માને છે ને હરખની ઘાણીમાં પીલાઈ જાય છે. ચૈતન્ય જ્ઞાતા છું એવું ભાન નથી તેથી હરખ ને શોકની લાગણી જેટલો પોતાને માનીને પોતાના જ્ઞાન-દર્શન ગુણોને બળી રહ્યો છે ને અંતર શાંતિ પ્રગટ કરતો નથી. આમ સ્વ-પરના એકત્વજ્ઞાનથી, સ્વ-પરની એકત્વશ્રદ્ધાથી અને સ્વ-પરની એકત્વપરિણતિથી પ્રકૃતિ તરફના વલણથી હરખ-શોકના ભાવમાં ખૂંચી ગયો છે. હરખ-શોક પ્રકૃતિનો સ્વભાવ છે, આત્માનો સ્વભાવ નથી પણ તેનું તેને ભાન નથી તેથી હરખ-શોક તે જ હું છું એમ અનુભવે છે ને કર્મફળને ભોગવે છે.

નરકની અંદર પરમાધામી દેવો નારકી જીવોને ઘણા પ્રકારે દુઃખ આપે છે. ત્યાં નરકના જીવો દુઃખ પામે છે તે પ્રતિકૂળતાને લીધે કે શરીરના ટુકડા થવાને લીધે નથી, પણ ચૈતન્યના અભાનને લીધે દુઃખ પામે છે. હું ચૈતન્ય-સ્વભાવી છું ને આ શોકની લાગણી છે—એમ જુદા નહિ માનતાં પર્યાયમાં એકત્વબુદ્ધિ કરે છે. કોઈ જીવ દેવ થાય ત્યાં અનુકૂળતાના ઢગલા મળે ને દેવી તથા વિમાન વગેરે જોઈને રાગ કરી એકત્વબુદ્ધિ કરે તો તે પણ દુઃખી છે. તે હરખના પરિણામને પોતાના આત્મા સાથે એક કરે છે. ત્યાં પોતાના શુદ્ધ ગુણો-જ્ઞાન, દર્શન, આનંદ આદિ રોકાઈ જાય છે. પુણ્ય-પાપની રુચિવાળો જીવ શુદ્ધ સ્વભાવ તરફ નહિ વળેલો હોવાથી હરખ-શોકને પોતાના માની વેદન કરી રહ્યો છે, તે ચૈતન્યના ફળને ભોગવતો નથી.

અહીં મનુષ્ય પર્યાયમાં પ્રતિકૂળતા આવે ત્યાં અજ્ઞાની રાડ નાખે છે. દીકરો મરે, દીકરી રાંડે, દુકાન સળગે, વિમાવાળો ભાંગે, ઉઘરાણી ખોટી થાય, દાટેલાં ધન કોલસા થાય, શરીરમાં રોગ થાય એવા પ્રસંગો આવી પડે ત્યારે ક્યાં જવું ? આમ સંયોગોને જોનાર પ્રતિકૂળતા વખતે શોકમાં ઘેરાઈ જાય છે ને અનુકૂળતા હોય, પૈસાની કમાણી હોય, મોટરો ફરતી હોય, પંખા ફરતા હોય, કરોડોની મૂડી હોય, શરીર રૂપાળું માખણ જેવું હોય ત્યાં માને કે મારા જેવો કોઈ સુખી નથી. જ્ઞાની કહે છે કે તે પણ ખરેખર દુઃખી જ છે. હરખ વખતે હું ચૈતન્ય જ્ઞાનસ્વભાવી છું એવી બુદ્ધિ તેને ખસી ગઈ છે. બાહ્ય અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો હરખ-શોકનું કારણ નથી. હરખ-શોક જેવડો જ હું છું એવો અજ્ઞાનભાવ તે સંસારનું કારણ છે. હાસ્ય, રતિ, અરતિ, કુતુહલતા વગેરે અનેક પ્રકારના ભાવ જેટલો જ હું છું એવો ભાવ કરનાર જીવ મિથ્યાદ્રષ્ટિ છે. તે કર્મફળને વેદે છે-ભોગવે છે તે આત્માને અનુભવતો નથી.

હવે જ્ઞાનીની વાત કરે છે !

જ્ઞાની જીવોને ભાન છે કે હું જ્ઞાનસ્વભાવી આત્મા છું, મારો સ્વભાવ કોઈથી ઉત્પન્ન થયો નથી, કોઈથી નાશ પામતો નથી, મારા અંતરસ્વભાવમાં બીજી ચીજનો પ્રવેશ નથી ને હરખ-શોક ને રાગ-દ્વેષના પરિણામ પર્યાયમાં અલ્પ થાય છે તે મારું સ્વરૂપ નથી. હું તો આનંદસ્વરૂપ છું-આમ આત્માના જ્ઞાનના સદ્ભાવના કારણે રાગ-દ્વેષાદિને અનુભવતો નથી, પોતાને જ અનુભવે છે. કોઈ કર્મનો ઉદય આવ્યો માટે અજ્ઞાની હરખ-શોકને વેદે છે એમ કહ્યું નથી. પણ સ્વ-પરના અજ્ઞાનના કારણે હરખ-શોકને વેદે છે એમ કહ્યું છે. અહીં જ્ઞાની પણ કોઈ શાતાકર્મના ઉદયને લીધે સુખી છે અથવા સ્વર્ગની પ્રાપ્તિ થઈ છે માટે સુખી છે એમ કહ્યું નથી પણ પોતાના સ્વ-પર ભેદવિજ્ઞાનના સદ્ભાવના કારણે આત્માને અનુભવે છે એમ કહ્યું છે.

અહીં બહારમાં કરવાનું કાંઈ કહ્યું નથી. માત્ર સ્વ-પર ભેદવિજ્ઞાન એ જ ધર્મનું કારણ છે. અજ્ઞાની જીવને દયાના ભાવ આવે તો જાણે કે બહુ કરી નાખ્યું ને ઘણા જીવોને મેં બચાવી દીધા, એમ કહે છે ને પ્રતિકૂળતા આવે ત્યાં રાડ પાડે પણ ચૈતન્ય કોણ છે તેની તેને ખબર નથી. ભરત ચક્રવર્તીને પુણ્યના ઢગલા હતા ને કુટુંબમાં નાના-મોટા બધા તેમનું માનતા હતા ને એક સંપ હતો છતાં તે પુણ્ય ને સંયોગની રુચિ તેમને ન હતી. અલ્પ રાગનો ભાવ પોતાની નબળાઈના કારણે થતો પણ સુખ આત્મામાં છે એવાં શ્રદ્ધા-જ્ઞાન તેમને યથાર્થ હતાં. અહીં અત્યારે તો ચક્રવર્તીના જેટલી ઋદ્ધિ નથી તેમ જ કુટુંબમાં એટલી પુણ્યાઈ પણ ન હોય ને

માણસો વાંધા–વચકા કાઢતા હોય તો પણ અજ્ઞાની જીવ અભિમાન કરી હરખ–શોકને વેદે છે. જ્યારે જ્ઞાની, હરખ–શોક તે પર છે ને હું જ્ઞાનસ્વભાવી છું, એમ સ્વ–પરના ભેદવિજ્ઞાનપૂર્વક શ્રદ્ધાના કારણે આત્માને હું પણે અનુભવે છે ને હરખ–શોકના પરિણામની રુચિથી છૂટી ગયો છે.

કુળ, જાતિ, ધન, રૂપ વગેરે આઠ પ્રકારના મદ કહ્યા છે. ધર્મી તેવા મદ કરતો નથી. કોનો મદ કરું ? પિતાનું કુળ તે મારું કુળ નથી, સિદ્ધ ભગવાનનું કુળ તે મારું કુળ છે. માતાની જાતિ તે મારી જાતિ નથી. શુદ્ધ ચૈતન્યના આશ્રયે ઉપજતી શુદ્ધ પરિણતિ તે મારી જાતિ છે. અનંતગુણોનો પિંડ તે મારો સમાજ છે. આત્મલક્ષ્મી તે મારી લક્ષ્મી છે. બહારની લક્ષ્મી તો જડ છે. આમ જ્ઞાની પુરુષ બાહ્ય પદાર્થોનું અભિમાન કરતો નથી. અજ્ઞાની જીવને ચૈતન્યની જાતની ખબર નથી, અનંતવાર અનુકૂળ–પ્રતિકૂળ સંયોગોમાં, નરક ને સ્વર્ગમાં ગયો પણ પોતાની જાતને ઓળખી નહિ. જ્ઞાનીને સ્વ–પર ભેદવિજ્ઞાન વર્તે છે તે શુદ્ધ આત્માનો જ આશ્રય લે છે. બહારના સંયોગો ગમે તે હો, સ્વર્ગ હો કે નરક હો, સ્ત્રી હો કે પુરુષ હો–તે બધાં જ્ઞેય છે. વળી પોતામાં પોતાના કારણે રાગ-દ્વેષાદિના પરિણામ થાય તેને પણ તે જ્ઞેય તરીકે જાણે છે પણ મારાપણે માનતો નથી. પરપદાર્થને તથા રાગ-દ્વેષના પરિણામને તે જ્ઞેય તરીકે જાણે જ છે ને પોતાના શુદ્ધ આત્માને પોતાનો માને છે, ને અનુભવે છે. પરંતુ હરખ–શોકના પરિણામ મારા છે ને તે જ હું છું એમ જ્ઞાની અનુભવતો નથી. પોતાના સ્વભાવ સિવાય એકલા પરભાવનું વેદન, તે મિથ્યાભાવ છે. જ્ઞાનીને નીચલી દશામાં અલ્પ હરખ–શોકના પરિણામ થાય છે છતાં પણ ભેદજ્ઞાન હોવાથી સ્વભાવનું મુખ્ય વેદન છે. અલ્પ વેદનનો તે જાણનાર રહે છે. વસ્તુદ્રષ્ટિના અભેદ સ્વભાવમાં રાગ-દ્વેષને જ્ઞેય તરીકે જાણી લે છે. રાગ-દ્વેષને હુંપણે વેદાવું અશક્ય છે. તેથી જ્ઞાની હરખ–શોકને વેદતો નથી.

**<u>ભાવાર્થ :—</u>**હાથીને ચૂરમાના લાડવા તથા ઘાસ, બે વચ્ચેનો વિવેક નથી. તેમ અજ્ઞાનીને શુદ્ધ આત્મદ્રવ્ય ને રાગ-દ્વેષના પરિણામ—બે વચ્ચે વિવેક નથી. આત્મા શુદ્ધ છે. અનંત શક્તિનો ભંડાર છે–તેને ચૂકીને કર્મ પ્રત્યેના વલણમાં એટલે હરખ–શોકને પોતાના માની અજ્ઞાની ભોગવી રહ્યો છે. સંયોગો તથા પ્રકૃતિ તો જડ છે, તેને અજ્ઞાની પણ ભોગવતો નથી પણ તે તરફના વલણને હરખ–શોકરૂપે ભોગવે છે; પણ હું આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છું એમ પોતાના આત્માને ભોગવતો નથી. દીવાળીનો સમય આવ્યો એટલે નામમાં હોંશ લાવી પૈસાની કમાણી દેખતાં હરખ લાવે છે, તે અજ્ઞાનભાવ છે. એવી દીવાળી તો ઘણીવાર કરી

તેમાં સુખ નથી. જ્ઞાની જીવને સ્વ ને પરનું ભેદવિજ્ઞાન વર્તે છે. અનુકૂળ સંયોગોમાં સુખ ને પ્રતિકૂળ સંયોગોમાં દુઃખ તે માનતા નથી. પૈસા વગેરેને તે જડ માને છે ને પોતાને ચૈતન્ય સુખનો ભંડાર માને છે તેથી પ્રકૃતિ તરફના અસ્થિરતાના વલણને લીધે અલ્પ રાગ-દ્વેષ થાય છે તેને પોતાનું સ્વરૂપ માનતો નથી. તેનો જાણનાર રહે છે. સ્વભાવની મુખ્ય દ્રષ્ટિમાં સ્વભાવનો ભોક્તા રહે છે ને રાગ-દ્વેષનો મુખ્યપણે ભોક્તા નથી. માત્ર તેને જાણે છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–

## કળશ ૧૯૭

**અર્થ :—**અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં લીન–રક્ત હોવાથી (–તેને જ પોતાનો સ્વભાવ જાણતો હોવાથી) સદા વેદક છે અને જ્ઞાની તો પ્રકૃતિસ્વભાવથી વિરામ પામેલો–વિરક્ત હોવાથી (–તેને પરનો સ્વભાવ જાણતો હોવાથી–) કદાપિ વેદક નથી. આવો નિયમ બરાબર વિચારીને–નક્કી કરીને નિપુણ પુરુષો અજ્ઞાનીપણાને છોડો અને શુદ્ધ એક–આત્મામય તેજમાં નિશ્ચળ થઈને જ્ઞાનીપણાને સેવો.

પોતાના આત્માના સ્વભાવને ચૂકીને જેટલા પરિણામ દયા, દાન, વ્રતાદિના કે વ્યવહાર રત્નત્રયના થાય તે શુદ્ધ ચૈતન્યનું કાર્ય નથી પણ તે પરિણામ પ્રકૃતિના નિમિત્તે અથવા પરલક્ષે થાય છે માટે તે પ્રકૃતિનું કાર્ય છે. પ્રકૃતિનો શબ્દાર્થ પ્ર = વિશેષે, કૃતિ = કાર્ય. અજ્ઞાની દયાદાનાદિ શુભાશુભ ભાવોને પોતાનું કાર્ય માનતો હોવાથી તેમાં જ સદાય લીન છે ને તેમાં જ તેણે પોતાનો આખો આત્મા ડૂબાડી દીધો છે, તેથી તે હરખ–શોકને વેદી રહ્યો છે પણ પોતાના શુદ્ધ આનંદ સ્વભાવને દેખતો નથી. રસોઈ વખતે ઘણા જ ધુમાડાં હોય છે ત્યારે ચૂલા ઉપર લાપસી બનાવવા મૂકેલું તપેલું દેખાતું નથી. ધુમાડા આડે લાપસી ગોટવાઈ ગઈ છે તેમ દયા-દાનાદિના ભાવોની આડમાં શુદ્ધ ચૈતન્ય ગોટવાઈ ગયો છે. તેથી અજ્ઞાની શુદ્ધ આત્માને દેખતો નથી તેથી તે હરખ–શોકને સદાય વેદે છે.

જ્ઞાની સમજે છે કે આ બધા પર પદાર્થો છે ને તે તરફનો રાગ પણ પર છે. હું જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે અનંતા ગુણોનો ભંડાર છું. તે જ પોતાનું મહાજન છે. ને પોતાના મહાજનને છોડીને દયા-દાનાદિના ભાવરૂપ હલકી જાતને પોતાનું મહાજન સમજતો નથી. આમ પરભાવનો સ્વભાવ જાણતો હોવાથી પુણ્ય–પાપના ભાવોથી શ્રદ્ધાની અપેક્ષાએ વિરામ પામ્યો છે તેથી તે હરખ–શોકના ભાવોને પોતાના માનીને કદાપિ વેદતો નથી. તે પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવને જ પોતાનો માને છે.

અહીં આચાર્ય ભગવાન ભલામણ કરે છે કે ભાઈ, આવો નિયમ બરાબર વિચાર ને નક્કી કર કે પર તરફનું ગમે તે પ્રકારનું વલણ હોય તો પણ તેમાં શાંતિ નથી પણ પોતાના શુદ્ધ ચૈતન્ય તરફના વલણમાં શાંતિ ને ધર્મ છે. આ નિયમનો બરાબર વિચાર કર. વિકાર અલ્પ થાય છે તેટલું તારું સ્વરૂપ નથી. ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં વિભાવનું વેદન નથી. આ નિયમને નક્કી કર. અમો પૈસાવાળા થયા. અમોએ આટલાં કામ કર્યાં—એ બધાં અભિમાન ઉપર મીંડાં મૂક. એ વાતમાં કાંઈ માલ નથી. નિપુણ થા, જેમ તેમ વેંચાઈ ન જા. તારું વલણ ફેરવ. આ ધર્મનું સાધન બતાવે છે. તારી વર્તમાન પર્યાયમાં ભૂલ અને અશાંતિ છે, તે પલટી શકે છે ને શુદ્ધ સ્વભાવના આશ્રયે ભૂલ ટળી શાંતિ પ્રગટ થઈ શકે એમ છે. તારામાં શાંતિ છે, બહારના વલણમાં શાંતિ નથી. આમ નક્કી કરીને ડાહ્યા પુરુષો અજ્ઞાનીપણાને છોડો. આ ઉપદેશ મુનિને અપાતો નથી. અજ્ઞાનીને અપાય છે. વળી ડાહ્યા પુરુષો કહેવાનું કારણ એ છે કે દયા-દાનાદિના પુણ્ય પરિણામથી ધર્મ થાય, નિમિત્તથી ધર્મ થાય, એ વાત તું સાંભળતો નથી પણ તે તરફનું લક્ષ છોડી શુદ્ધ ચૈતન્યની વાત સાંભળવા આવ્યો છે માટે નિપુણ કહેલ છે. તને ચૈતન્યની વાત રુચિ છે. તેથી કહે છે કે અજ્ઞાનપણાને છોડો. અજ્ઞાન એ જ સંસાર છે. પ્રથમ વિવેક કરો કે દયા-દાનાદિના ભાવો તથા હરખ-શોકના પરિણામ વિકાર છે–ક્ષણિક છે. તે આત્માનું સ્વરૂપ નથી. આત્મા તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે. આમ ભેદજ્ઞાન કરીને શુદ્ધ એક આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન કરીને દ્રઢતા લાવીને જ્ઞાનપણાને સેવો, તે જ એક ધર્મ છે ને તેમાં જ શાંતિ છે. ।।૩૧૬।।

***

# પ્રસાદ નં. ૩૪૩

## સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

## શ્રી સમયસાર ગાથા ૩૧૭

*(આસો સુદ ૮, સોમવાર, ૨૦૦૭, તા. ૮-૧૦-૫૧)*

શુદ્ધ સ્વભાવનું ભાન નથી એવા અજ્ઞાનીને વિકારની મુખ્યતા છે, તે વાત સિદ્ધ કરે છે. પરનું ભોગવવું તે તો સ્થૂળ અજ્ઞાન છે પણ પોતામાં હરખ-શોકના પરિણામ થાય તેને જ એકાંતે અનુભવે છે, તે જીવ ત્રિકાળી સ્વભાવનો અનાદર કરે છે. એટલે કે અજ્ઞાની ભોક્તા જ છે એવો નિયમ છે, એમ કહે છે :–

### ગાથા ૩૧૭

**સુરીતે ભણીને શાસ્ત્ર પણ પ્રકૃતિ અભવ્ય નહિ તજે,**
**સાકરસહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. ૩૧૭.**

**અર્થ :—**સારી રીતે શાસ્ત્રો ભણીને પણ અભવ્ય પ્રકૃતિને (અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને) છોડતો નથી. જેમ સાકરવાળું દૂધ પીતાં છતાં સર્પો નિર્વિષ થતા નથી.

**ટીકા :—**જેમ જગતમાં સર્પ વિષભાવને પોતાની મેળે છોડતો નથી અને સાકર સહિત દૂધ પાવામાં આવે તો પણ વિષભાવને છોડતો નથી તેવી રીતે અભવ્ય જીવ હરખ, શોક, રતિ, અરતિ વગેરેના પરિણામને પોતાના માને છે. તે દયા, દાનાદિના તથા કામ, ક્રોધના પરિણામમાં આનંદ માને છે. તે પોતાની પર્યાયબુદ્ધિ છોડતો નથી. તેને હરખ–શોકના પરિણામનું વેદન મીઠું લાગે છે તેથી તે જીવ એકત્વબુદ્ધિના પરિણામ છોડતો નથી.

વળી તે અભવી જીવ શાસ્ત્રનો અભ્યાસી છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માનતો નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માને છે. જૈનદર્શન સાચું ને બીજાં દર્શનો પણ સાચાં–એમ સ્થૂલ વાતમાં ગડબડ કરતો નથી. પોતે શાસ્ત્ર વાંચે ત્યારે એમ પણ કહે કે ભગવાને વિકાર છોડવાનું ને આત્માની રુચિ કરવાનું કહ્યું છે. પણ પોતાના અંતર પરિણામમાં રાગની રુચિ છોડતો નથી ને સ્વભાવની રુચિ કરતો નથી. શાસ્ત્ર તો એમ કહે છે કે "તું વીતરાગ સ્વરૂપ છો. પર્યાયમાં હરખ–શોકના પરિણામ થાય છે તેટલો તું નથી. તે તારું વિકૃતસ્વરૂપ છે, તું તો પરિપૂર્ણ આનંદકંદ છો. તારા નિર્વિકારી આનંદનો તું ભોક્તા છો"—એમ શાસ્ત્ર કહે છે. એવી અભવીને છે, તેને તેટલો જ્ઞાનનો ઉઘાડ છે. બીજાને તેમ કહે પણ છે પરંતુ પોતાનું અંતર પરિણમન સ્વભાવ તરફ જતું નથી. તે હરખ–શોકની રુચિ છોડતો નથી ને સ્વભાવની રુચિ

કરતો નથી. હજારો રાણી છોડી હોય, પાંચ મહાવ્રતનું પાલન કરતો હોય, અગિયાર અંગનું જ્ઞાન કરેલ છે. શાસ્ત્ર સાંભળે છે, વાંચે છે. વિચારે છે પણ પોતાનો શાંતસ્વભાવ આનંદકંદ છે—તેના તરફ વલણ કરતો નથી.

જે જીવ બૈરાં છોકરાં તથા વેપારની અશુભ ઇચ્છામાં સુખ માની રહ્યા છે તેની તો વાત જ નથી. તેમ જ કુદેવ–કુગુરુ–કુશાસ્ત્રની શ્રદ્ધામાં પડેલા છે તેની પણ વાત જ નથી. વળી અશુભરાગ છોડ્યો છે ને સાચા દેવ–ગુરુને માને છે પણ શાસ્ત્રે કહેલી વાતને ધારણ કરતો નથી તેની પણ વાત નથી. પરંતુ શાસ્ત્ર આમ કહે છે એવી વાત ધારણ કરી છે છતાં દેવ–ગુરુની ભક્તિના રાગમાં તથા શાસ્ત્ર ભણતરમાં હરખ કરે છે ને તેમાં લાભ માની અટક્યો છે. તેવા જીવને રાગરહિત ચિદાનંદ ભગવાન આત્માનો અનુભવ નથી.

“તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ રે” તે કહેવતની જેમ શુભરાગની રુચિમાં ને હરખ–શોકના વેદનમાં નિરાકુળ આનંદસ્વભાવી ચૈતન્ય ભગવાન આખો દેખાતો નથી.

અહીં કોઈ કહે કે અભવીપણાનો તેનો સ્વભાવ છે માટે ચૈતન્યનો અનુભવ થતો નથી તો તે વાત બરાબર નથી. અભવીનું તો દ્રષ્ટાંત આપેલ છે. તે પોતાનો પ્રકૃતિ સ્વભાવ છોડતો નથી એટલે કે હરખ–શોકને પોતાના માનવાની પર્યાયબુદ્ધિ છોડતો નથી. વળી કોઈ કર્મનો ઉદય છે અથવા નિદ્ધત કે નિકાચિત કર્મો બાંધ્યા છે માટે આત્માનો અનુભવ નથી—એમ નથી પણ પોતાનો આત્મા શુદ્ધ ચિદાનંદ છે તેનાં શ્રદ્ધા–જ્ઞાન ને રમણતામાં શાંતિ છે, તેમ રુચિ નહિ કરતાં દ્રવ્યશ્રુતના રાગમાં અટકી હરખનું વેદન કરે છે ને પર્યાયબુદ્ધિ છોડતો નથી માટે આત્માનો અનુભવ નથી. દુનિયાના બાહ્ય પદાર્થોમાં ને વિષય–કષાયમાં સુખ છે તેવી બુદ્ધિ તો છોડી છે પણ શાસ્ત્રભણતરની ને નિમિત્તના વલણવાળા રાગની રુચિ કરે છે પણ સ્વભાવની રુચિ કરતો નથી તેથી શાસ્ત્રનું જ્ઞાન હોવા છતાં પણ પર્યાયબુદ્ધિ છોડતો નથી તે અજ્ઞાની છે.

કારણ કે તેને સદાય શુદ્ધ આત્માના જ્ઞાનનો અભાવ છે તેથી તે અજ્ઞાની છે. શાસ્ત્ર પર છે ને તે તરફનો રાગ તે આત્માનું સ્વરૂપ નથી. વળી શાસ્ત્ર તથા રાગથી જ્ઞાન નથી. શાસ્ત્રને તે તરફના રાગથી રહિત આત્મસ્વભાવ છે—એમ સ્વભાવસન્મુખ રહીને પોતાના જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થાય તો ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થાય છે. નિર્વિકલ્પ શાંતિ ને સમાધિ ભાવશ્રુતજ્ઞાનમાં છે, દ્રવ્યશ્રુતમાં નથી પણ અજ્ઞાની જીવને રાગ તરફની બુદ્ધિના કારણે ભાવશ્રુતજ્ઞાનનો અભાવ છે. તેથી

એવો નિયમ ઠરે છે કે અજ્ઞાની રાગની બુદ્ધિમાં સ્થિત હોવાથી હરખ–શોકના પરિણામનો ભોક્તા જ છે.

કોઈ કહે કે અભવી જીવ આત્માને ન અનુભવી શકે પણ અમે તો ભવી છીએ. અમે તો શુભરાગથી શુદ્ધતાને પામશું; એમ કહેનાર જીવ પણ અભવીની જેમ શુભરાગમાં અટકી ગયો છે. તેવા જીવને ચૈતન્યનો અનુભવ કદી પણ થઈ શકે નહિ.

**ભાવાર્થ :—**આ ગાથામાં અજ્ઞાની જીવ રાગ-દ્વેષ ને હરખ–શોકનો ભોક્તા જ છે એવો નિયમ કહ્યો. અહીં અભવ્યનું ઉદાહરણ યોગ્ય છે. અભવ્યનો એવો સ્વયમેવ સ્વભાવ છે કે બાહ્યથી શાસ્ત્રનું જ્ઞાન કરે, પાંચ મહાવ્રત પાળે, સાચા દેવ–ગુરુના સંગમાં રહે તો પણ શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે તે શુદ્ધ આત્માની રુચિ કરતો નથી. પણ પુણ્ય–પાપની રુચિ કરે છે ને તેથી સંસારમાં પરિભ્રમણ કરે છે. તેવી રીતે જે જીવ શાસ્ત્રોનું જ્ઞાન કરે, પાંચમહાવ્રત પાળે પણ આત્માનું જ્ઞાન કરે નહિ તો તે અજ્ઞાની છે ને તેથી ભોક્તા જ છે. વાંદરાને હીરો આપ્યો હોય તો તે હીરાને પછાડે કેમ કે તેને હીરાની કિંમત નથી, તેમ અજ્ઞાની જીવ શુદ્ધ ચૈતન્યસ્વભાવરૂપી હીરાને પુણ્ય–પાપ સાથે પછાડે છે એટલે કે એકત્વ કરે છે. વ્યક્ત રાગના પરિણામને ગોપવવા ને અવ્યક્ત શુદ્ધ આનંદ સ્વભાવને પ્રગટ કરવો, તે તેના હાથની વાત હોવા છતાં પણ અજ્ઞાનને લીધે તેમ તે કરતો નથી ને શુદ્ધ સ્વભાવને ગોપવે છે ને રાગને જ વ્યક્ત કરે છે. તેથી તે રાગાદિનો ભોક્તા જ છે. ॥૩૧૭॥

હવે જ્ઞાની તો કર્મફળનો અવેદક જ છે–એવો નિયમ કરવામાં આવે છે :–

## ગાથા ૩૧૮

**નિર્વેદને પામેલ જ્ઞાની કર્મફળને જાણતો,**
**–કડવા મધુર બહુવિધને, તેથી અવેદક છે અહો ! ૩૧૮.**

**અર્થ :—**નિર્વેદપ્રાપ્ત (વૈરાગ્યને પામેલો) જ્ઞાની મીઠા–કડવા બહુવિધ કર્મફળને જાણે છે તેથી તે અવેદક છે.

**ટીકા :—**ધર્મી જીવને ભાન છે કે હું ચૈતન્યસ્વભાવી છું ને રાગ તે મારું સ્વરૂપ નથી. હરખ–શોક, પુણ્ય–પાપ, કામ, ક્રોધ, ભક્તિ, પૂજા વગેરેમાં એકત્વબુદ્ધિ કરવાથી અનેક ભેદો પડતા હતા; પણ તે વિભાવભાવોની રુચિ છૂટી જવાથી તે ભેદો દૂર થયા છે. હું અખંડ જ્ઞાયક સ્વભાવી છું–તેની શ્રદ્ધાથી તે અભેદ થયો છે. જે બૈરાં–છોકરાં, પૈસા વગેરેમાં હરખ કરી પોતાને સુખી માને છે તે તો હરખ–

સન્નેપાતિયા જેવા છે. દેવ, ગુરુ ને શાસ્ત્રના પ્રેમમાં હરખ માની રોકાઈ જાય છે, તેને પણ અનેક ભેદો પડે છે અને તે ચૈતન્યને ભૂલી જાય છે. તે પણ અજ્ઞાની છે, અહીં જ્ઞાનીની વાત છે. જ્ઞાનીને સાચું જ્ઞાન હોવાથી અભેદ અખંડ સ્વભાવનો આશ્રય થતાં ભેદનો આશ્રય છૂટી ગયો છે. તે અંતર પુરુષાર્થ કરે છે ને પોતાના અખંડ જ્ઞાયક સ્વભાવની એકાગ્રતાના જોરે ભાવશ્રુતજ્ઞાન પ્રગટ કરે છે. તેવા જ્ઞાનીની અહીં વાત કહેવાય છે.

આવા ધર્મી જીવ પરથી અત્યંત વિરક્ત છે. પર, જડ ને ચેતન પદાર્થોથી તો વિરક્ત જ છે પણ સાચા દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા વગેરે વ્યવહાર રત્નત્રયના પરિણામ પણ પર છે. તેનાથી પણ અત્યંત વિરક્ત છે. સાધકદશામાં થતા અલ્પ રાગના પરિણામ અહીં ગૌણ છે. અહીં દ્રષ્ટિપ્રધાન કથન છે. પોતાના સ્વભાવમાં શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતા કરે છે એટલે રાગ ઉત્પન્ન જ થતો નથી. તેને અત્યંત વિરક્ત છે એમ કથન કર્યું છે. પર્યાયબુદ્ધિ નાશ પામી છે ને સ્વભાવ બુદ્ધિ થઈ છે તેથી પરથી અત્યંત વિરક્ત કહેવામાં આવે છે. પોતાની નબળાઈથી થતા દ્વેષ કે રાગના પરિણામને જ્ઞાતાપણાને લીધે તે કેવળ જાણે જ છે.

રાગ-દ્વેષના અસંખ્ય પ્રકાર છે. તેમ જ કર્મપ્રકૃતિમાં જુદા જુદા રસ અસંખ્ય પ્રકારના હોય છે. રોગ વખતે અથવા પ્રતિકૂળતાના પ્રસંગે જ્ઞાનીને પોતાના કારણે સ્વભાવથી વિરુદ્ધ દ્વેષભાવ–અમધુરભાવ થાય છે. પ્રસંગને લીધે નહિ પણ પોતાની નબળાઈના કારણે થાય છે; પણ તેને તે જાણી લ્યે છે. તેમ જ શાતાના સંયોગમાં રતિ ને હરખના પરિણામ પોતાના કારણે થાય છે; તેને મધુર કહ્યા છે તેને પણ જ્ઞાની જાણે છે. પોતાના અખંડ જ્ઞાયક સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાનને લીધે સ્વ–પર પ્રકાશક જ્ઞાનનો સ્વભાવ ખીલ્યો છે તેથી સ્વને જાણતાં રાગ-દ્વેષાદિ પરિણામને વ્યવહારે જાણે છે પરંતુ તે પરિણામ મારા છે એમ માની તેને અનુભવતો નથી. જ્ઞાતાપણાને લીધે ભેદ દૂર થયાં છે ને વિકારનો ભોક્તા થતો નથી. આમ સ્વ–પર ભેદવિજ્ઞાન હોવાના કારણે હરખ–શોકના પરિણામને પર જાણે છે તેથી તેને હુંપણે અનુભવવાની અયોગ્યતા હોવાથી ધર્મી જીવ તેને વેદતો નથી. હરખ–શોકના પરિણામ તે પ્રકૃતિનો સ્વભાવ છે. તે આત્માનો ખરો સ્વભાવ નથી. ધર્મી જીવ તેનાથી અત્યંત વિરક્ત હોવાથી તેનો અભોક્તા જ છે. અહીં દ્રષ્ટિપ્રધાન કથન છે. ધર્મી જીવને શુદ્ધ આનંદમય સ્વભાવની મુખ્યતા ગણી વિભાવના વેદનને ગૌણ કરી, વ્યવહાર કહી, અભૂતાર્થ કહી તેનો અભાવ કહ્યો છે. નબળાઈના રાગ-દ્વેષને ગૌણ કરી સ્વભાવને મુખ્ય કરી, સ્વભાવને વેદે છે ને હરખ–શોકને વેદતો નથી, એમ કથન કરેલ છે.

*

## શ્રી સમયસાર : ગાથા ૩૧૮

*(આસો સુદ ૯, મંગળવાર, ૨૦૦૭, તા. ૯-૧૦-૫૧)*

**ભાવાર્થ :—**ધર્મી જીવ કેવો હોય ? તે કહે છે. વસ્તુસ્વરૂપના ભાન વિના ધર્મ થાય નહિ. અજ્ઞાની જીવ માને છે કે હું લાડવા, દાળ, ભાત, વસ્ત્ર વગેરે પર વસ્તુને ભોગવું છું, પણ તે પરવસ્તુને ભોગવી શકતો નથી પણ અજ્ઞાનના કારણે થતા હરખ-શોકના પરિણામને ભોગવે છે. ધર્મી જીવને તો ભેદજ્ઞાન વર્તે છે તેથી તે જાણે છે કે પર વસ્તુ તો મારાથી અત્યંત ભિન્ન છે, તેને તો હું ભોગવતો નથી. પર્યાયમાં હરખ-શોકના પરિણામ થાય છે, તેને તે પોતાનું સ્વરૂપ માનતો નથી. હું તો પવિત્ર શાંત સ્વભાવી છું ને હરખ-શોકના પરિણામને જાણનાર છું—એવા સ્વભાવના ભાનમાં તેને હરખ-શોકનો સ્વીકાર નથી. અહીં દ્રષ્ટિ અપેક્ષાએ તે વિકારથી નિવર્ત્યો છે. ધર્મી જીવ વિકારથી વિરક્ત છે, તે તેને સ્વવશે ભોગવે નહિ અને પરવશે ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ. જેમ માંદો માણસ દવા પીએ તો હોંશથી અથવા સ્વાદ માટે પીતો નથી તેમ ધર્મી જીવને અસ્થિરતાને લીધે હરખ-શોકના ભાવ થાય છે તે કડવા ઝેર જેવા લાગે છે. શ્રેણિક રાજા સંસારમાં હતા, જ્ઞાની હતા, પોતાનું સ્વરૂપ સિદ્ધ સમાન છે એમ માનતા હતા તેથી કર્મથી મળેલી સામગ્રીને પોતાની માનતા ન હતા. જે જીવ પર પદાર્થોને ઠીક માની તેમાં હોંશ માને છે તે મોટો રોગી છે. તેને સ્વરૂપનું ભાન નથી. આત્માના ભાન વિના વ્રત, તપ, પ્રતિમા કે મુનિપણું હોય નહિ. ધર્મી જીવ પર પદાર્થને તો પોતાના માનતો નથી પણ પોતામાં વિકાર થાય છે તેને પણ પોતાના માનતો નથી. જેમ શરીરમાં રહેલાં વિષ્ટા અને પેશાબ કાઢી નાખવા જેવાં છે તેમ જ્ઞાની શુભાશુભ ભાવોને વિષ્ટા-પેશાબ સમાન માની કાઢી નાખવા જેવા માને છે. આ પ્રમાણે જ્ઞાની કર્મના ઉદયને પોતાનો જાણતો નથી તેથી તેનાથી વિરક્ત છે એટલે કે મિથ્યાત્વથી વિરામ પામ્યો છે. ચૈતન્ય શુદ્ધ છું તેનો સ્વામી થાય છે ને હરખ-શોકના પરિણામથી વિરક્ત છે. ભરત રાજા ધર્મી હતા. સંસારમાં હોવા છતાં શરીર, મન, વાણી, રાજ્ય, રાણીઓની રુચિ ન હતી તેમ જ અલ્પ હરખ-શોકના પરિણામની પણ રુચિ ન હતી, માત્ર સ્વભાવની રુચિ હતી.

અજ્ઞાની જીવ પૈસા, સ્ત્રી, કુટુંબ વગેરેમાં સુખ માની રહ્યો છે પણ તે બધા પદાર્થો તેના કારણે આવે છે ને જાય છે. એક પદાર્થ બીજા અનંતા જડ ને ચેતન પદાર્થના અભાવ સ્વભાવે ટકી રહેલો છે. શરીર, પૈસા વગેરે જડ પદાર્થો મૂર્ત છે.

આત્મામાં તેનો ત્રિકાળ અભાવ છે. તેના વિના જ આત્મા સદાકાળ ચલાવે છે. વળી એક જીવ વિના બીજો જીવ ચલાવી રહ્યો છે. સ્ત્રી મરી જાય તો પતિએ ચલાવ્યું છે ને પતિ મરી જાય તો પત્ની ચલાવે છે, પણ બીજા વિના ન ચાલે તેવી ભ્રાંતિ વિના ચલાવ્યું જ નથી, તે જ સંસાર છે.

અહીં તો ધર્મી જીવની વાત છે. આત્મા પવિત્ર છે તે હું છું ને શરીર, કુટુંબ, પૈસો પર છે ને વિકાર મારું સ્વરૂપ નથી, એવું તેને ભાન છે તેથી સ્વયમેવ તો પ્રકૃતિ સ્વભાવને એટલે કે હરખ-શોકને ભોગવતો નથી પણ પોતાની નબળાઈથી અલ્પ હરખ-શોકના પરિણામ થાય છે, તેને નિર્બળતાથી ભોગવે છે. પણ ભોગવવાનો અભિપ્રાય નથી તેથી પરમાર્થે ભોક્તા કહેવાય નહિ. અનીશ્વરનયથી જાણે છે કે હું સ્વતંત્ર છું, મારા સ્વરૂપ આનંદનો હું ભોક્તા છું પણ ઈશ્વરનયથી જાણે છે કે વર્તમાનમાં મારી નબળાઈ છે. પોતાનો અપરાધ છે, તેને કર્મ ઉપર મોટપ આપી કહેવાય છે કે ઉદયની બળજોરીથી પરવશ થાય છે. હરખ-શોકાદિના પરિણામને પોતાના પુરુષાર્થ દ્વારા થવા ન દેવા તેવી ભાવના છે. જેમ સિદ્ધ ભગવંતો સિદ્ધદશા આત્મામાંથી પામ્યા છે તેમ હું પણ સિદ્ધસમાન છું. મારી શક્તિની આરાધના કરવાથી સિદ્ધ થઈશ—એમ જ્ઞાની માને છે. ચારિત્રદોષથી અથવા નબળાઈથી હરખ-શોકમાં અટકે છે પણ તેની તેને રુચિ નથી. તેથી પરમાર્થે ભોક્તા કહેવાય નહિ. વ્યવહારથી ભોક્તા કહેવાય; પરંતુ શુદ્ધનયની દ્રષ્ટિમાં હરખ-શોકના પરિણામને વ્યવહાર ગણી, તે ત્રિકાળી સ્વભાવમાં નથી એ દ્રષ્ટિએ, તેને ગૌણ કરી, અભાવ કહેવામાં આવેલ છે. તેથી જ્ઞાની હરખ-શોકનો ભોક્તા નથી.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

## <u>કળશ ૧૯૮</u>

**<u>અર્થ :—</u>**જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો નથી, કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે. એમ કેવળ જાણતો થકો કરણના અને વેદનના (-કરવાના અને ભોગવવાના-) અભાવને લીધે શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો તે, ખરેખર મુક્ત જ છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. શરીર, મન, વાણી પર છે ને આત્મામાં થતા હરખ-શોકના પરિણામ તે આત્માનું ખરું સ્વરૂપ નથી. આત્મા તે બધાનો જાણનાર છે. આવી સાચી દ્રષ્ટિ હોવાના કારણે જ્ઞાની જીવ રાગ-દ્વેષને કરતો નથી તેમ જ હરખશોકને ભોગવતો નથી. અજ્ઞાની જીવ બાહ્યમાં સંસાર માને છે. સંસાર ક્યાં છે

? શરીર, બૈરાં, છોકરાં તારામાં પેઠા નથી, તે તારો સંસાર નથી ને તે તારા અધિકારની ચીજ નથી. જો તે તારા અધિકારની ચીજ હોય તો છૂટી પડવા ન દે પણ તેને રાખવાની ઇચ્છા હોવા છતાં તે છૂટી પડી જાય છે. વળી પુણ્ય–પાપના ભાવો પણ કાયમ રહેતા નથી માટે તે પણ આત્માનું સ્વરૂપ નથી. છતાં શરીર, કુટુંબને મારા માનવા ને પુણ્ય–પાપ જેટલો આત્માને માનવો તે સંસાર છે. ધર્મી જીવ સમજે છે કે શરીરાદિ પર છે ને વિકારીભાવ આત્માની શાંતિને લૂંટીને થનારો ભાવ છે. તે પરના ભાવો છે. તે ચૈતન્યસ્વભાવની મૂડી નથી. મારું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તે જ મારી મૂડી છે. કર્મના નિમિત્તે થતા રાગ-દ્વેષ, હરખ–શોકના પરિણામને ઊલટી સમાન માને છે. તેને પોતાના માનતો નથી. તે પરિણામને જ્ઞાની કેવળ જાણે જ છે. વિકારીભાવ મારે કરવા જેવા છે ને હરખ–શોકના ભાવ મારે ભોગવવા જેવા છે એમ ધર્મી માનતો નથી. તે કર્તા–ભોક્તાપણાથી રહિત પોતાના સ્વભાવને જ્ઞાતા-દ્રષ્ટારૂપ જાણે છે.

આવું આત્માનું ભાન કરવું તે સમ્યગ્દર્શન છે. ભગવાનના વખતમાં આઠ વર્ષની બાળા પણ આવું ભાન કરતી હતી. તિર્યંચો પણ સમ્યક્ભાનને પામતા હતા. શરીર નહિ, પુણ્ય–પાપ નહિ, હું તો જ્ઞાનસ્વરૂપ છું—એવું ભાન કરતા હતા. જે ધર્મી જીવ પોતાના આત્માને જ્ઞાનસ્વરૂપ જાણે છે ને રાગ-દ્વેષના કર્તાપણાના તથા હરખ–શોકના ભોક્તાપણાના અભાવને લીધે પોતાના શુદ્ધસ્વભાવમાં નિશ્ચળ છે તે ખરેખર મુક્ત જ છે–અહીં દ્રષ્ટિપ્રધાન કથન છે. જેને આવી દ્રષ્ટિ થઈ તે નિયમથી મુક્ત થવાનો જ. અલ્પ રાગ-દ્વેષના જે ભાવો થાય છે તેને ગૌણ કરી, વ્યવહાર કહી ત્રિકાળી સ્વભાવમાં તેનો અભાવ બતાવી સમ્યગ્દ્રષ્ટિ મુક્ત જ છે એમ અહીં કહી દીધું છે. કારણ કે મિથ્યાત્વ એ જ સંસાર છે ને સમ્યગ્દર્શન થતાં ધર્મી જીવ સિદ્ધ સદ્રશ છે. અજ્ઞાની જીવ અજ્ઞાનના કારણે શરીર, પૈસા તથા પુણ્ય–પાપનો સ્વામી થાય છે. તે કદાચિત્ ત્યાગી થાય, હજારો રાણી છોડી મુનિ થાય પણ અંતરભાન નહિ હોવાના કારણે તે ત્યાગી નથી પણ સંસારી છે. ને શ્રેણિક રાજા સંસારમાં હતા, રાજ્ય હતું ને વર્તમાન નરકમાં હોવા છતાં આત્માનું ભાન છે. અનુકૂળ–પ્રતિકૂળ સંયોગો તે મારા નથી ને અલ્પ રાગ-દ્વેષ થાય તે મારું સ્વરૂપ નથી. હું તો જ્ઞાનસ્વરૂપ છું એવા ભાનના કારણે ધર્મી છે ને શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ છે તેથી મુક્ત જ છે.

અહીં આચાર્ય ભગવાને સમ્યગ્દ્રષ્ટિને ખરેખર મુક્ત જ કહી દીધો છે. તે દ્રષ્ટિનું જોર બતાવે છે. આત્મા ત્રિકાળ જ્ઞાનસ્વભાવી છે ને વિકાર એક સમયની ઉપાધિ છે તેથી ત્રિકાળીની અપેક્ષાએ વિકાર છતો પદાર્થ નથી. સંસારભાવ તે

ઉદયભાવ છે. તે એક સમયનો છે. તેથી અભૂતાર્થ છે. આત્માના શુદ્ધ સ્વભાવમાં સંસાર છે જ નહિ તેમ જ અધૂરાશ ને પૂર્ણતા એવા ભેદ પણ આત્માના શુદ્ધ સ્વભાવમાં નથી. શુદ્ધ સ્વભાવ તો એકરૂપ છે. મિથ્યાત્વ એ જ ખરેખર સંસાર છે ને મિથ્યાત્વ ગયા પછી અલ્પ રાગ-દ્વેષને ગૌણ કરી તેને અભૂતાર્થ ગણી ત્રિકાળી આત્મામાં તેનો અભાવ બતાવી સમ્યગ્દ્રષ્ટિને મુક્ત જ કહી દીધો છે. ચૈતન્યનું ભાન થયું એટલે સંસાર નથી ને હરખ–શોકનો વેદનાર નથી એમ કહી દીધું.

અજ્ઞાની જીવ તો પોતાનો અપરાધ કર્મના માથે ઢોળે છે. કર્મના ઉદયના પ્રમાણમાં વિકાર કરવો પડે એમ માનનારને તો શુભભાવ કરવાનો પ્રસંગ પણ રહેતો નથી. ધર્મી જીવને ભાન છે કે જેટલો વિકાર થાય છે તેટલો પર્યાયમાં મારો અપરાધ છે પણ મારા શુદ્ધ સ્વભાવમાં તો નથી. ઈશ્વરનયથી કર્મને મોટપ આપે છે પણ પોતાની સ્વતંત્રતા રાખીને તે નબળાઈનું જ્ઞાન કરે છે ને સ્વભાવના આશ્રયે નબળાઈ તૂટતી જાય છે. પણ અહીં તો નબળાઈના રાગ-દ્વેષને ગૌણ કરી, ત્રિકાળી સ્વભાવમાં તેનો અભાવ બતાવી સમ્યગ્દ્રષ્ટિને મુક્ત જ કહી દીધો છે.

**<u>ભાવાર્થ :—</u>**જ્ઞાની જીવને શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું ભાન છે તેથી રુચિપૂર્વક રાગ-દ્વેષનો કર્તા ને હરખ–શોકનો ભોક્તા નથી. જેમ ગામડામાં કોઈ અધિકારી ગાડું વેઠે લઈ જાય તો ગાડાવાળો ગાડું જોડે છે તે હોંશથી જોડતો નથી પણ લાચારીથી જોડે છે; તેમ ધર્મી જીવને શુદ્ધ ચૈતન્યના ભાનમાં અસ્થિરતાને લીધે પુણ્ય–પાપમાં જોડાવું પડે તો તેમાં જરા પણ રુચિ નથી. દયા-દાનના ભાવને પોતાના માનતો નથી પણ માત્ર જાણે છે. માટે તે કેવળ શુદ્ધ સ્વભાવરૂપ થયો થકો મુક્ત જ છે. કર્મનો ઉદય જ્ઞાનીને આવે છે પણ તે જ્ઞાનીને કાંઈપણ કરવા સમર્થ નથી કારણ કે કર્મને લીધે વિકાર થાય તેમ જ્ઞાની માનતો નથી. જ્યાંસુધી પોતાની કમજોરી છે ત્યાંસુધી કર્મ જોર ચલાવી લે છે પણ કર્મ વિકાર કરાવે છે એવો એનો અર્થ નથી. સ્વભાવનું ભાન છે, છતાં નબળાઈ છે તેથી રાગ-દ્વેષમાં જોડાઈ જાય છે પણ રાગ-દ્વેષનો સ્વામી થતો નથી. રાગ-દ્વેષ મારા સ્વરૂપમાં પેસતા નથી. પર્યાયદ્રષ્ટિનો તે સ્વામી થતો નથી. પણ સ્વભાવદ્રષ્ટિનો સ્વામી રહે છે તેથી રાગ-દ્વેષનું કાર્ય મારા શુદ્ધ સ્વભાવનું નથી પણ કર્મનું છે, એમ કહી દે છે. પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો જેટલો જેટલો આશ્રય વધતો જશે તેટલી તેટલી અસ્થિરતા ઓછી થતી જશે ને ક્રમેક્રમે રાગ-દ્વેષનો નિર્મૂળ નાશ થશે એટલે જડ કર્મો પણ સ્વયં નાશ થઈ જશે.

શ્રેણિક રાજાને કોણિક મુક્ત કરવા આવે છે, પણ શ્રેણિકે માન્યું કે તે મને મારવા આવે છે. તેથી તે મારે તે પહેલાં જ હું મારી મેળે આપઘાત કરી મરી જાઉં,

એમ વિચારી માથું ફોડે છે. તે વખતે પણ તેમને આત્માનુ ભાન છે કે કોઈ કોઈને મારી શકતું નથી. હું તો ચિદાનંદ સ્વરૂપ છું. અલ્પ રાગ-દ્વેષ થાય છે તેનો પણ જ્ઞાતા છે. આ સમ્યક્દર્શનની બલિહારી છે. ને એ સમયે પણ તીર્થંકર નામકર્મ બંધાયા કરે છે. કોણિક ઉપર લક્ષ જતાં પોતાના કારણે દ્વેષ થાય છે છતાં સ્વભાવનો વિશેષ આશ્રય લઈ ક્રમેક્રમે વધી સ્વરૂપમાં લીન થઈ વીતરાગદશા ને કેવળજ્ઞાન પામી તીર્થંકર થશે. આમ જ્ઞાની કર્મનો નિર્મૂળ નાશ કરશે જ. ।।૩૧૮।।

***

# પ્રસાદ નં. ૩૪૫

## સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

## શ્રી સમયસાર ગાથા ૩૧૯

હવે આ જ અર્થને ફરી દ્રઢ કરે છે.

### ગાથા ૩૧૯

**કરતો નથી, નથી વેદતો જ્ઞાની કરમ બહુવિધને,**
**બસ જાણતો એ બંધ તેમ જ કર્મ ફળ શુભ—અશુભને. ૩૧૯.**

અર્થ :—જ્ઞાની બહુ પ્રકારનાં કર્મોને કરતો નથી, વેદતો નથી (ભોગવતો) પણ નથી; પરંતુ પુણ્ય અને પાપરૂપ કર્મ બંધને તથા કર્મ ફળને જાણે છે.

ટીકા :—આત્માનો સ્વભાવ જાણવા–દેખવાનો છે. પર્યાયમાં ઓછું જાણે કે વધારે જાણે પણ તેનો સ્વભાવ તો જાણવાનો જ છે. જ્ઞાની પોતાના આત્માને જ્ઞાતા–દ્રષ્ટા જાણે છે તેથી રાગ-દ્વેષના પરિણામ થાય તેમાં એકાગ્ર થવું તે જ્ઞાનીને હોતું નથી. પુણ્ય–પાપમાં એકાગ્ર થવું તે કર્મ ચેતના છે. ધર્મી જીવ કર્મ ચેતના રહિત છે. ગમે તે ક્ષેત્ર કે કાળે હોય તો પણ હું જ્ઞાન છું, ચૈતન્ય છું એવા ભાનને લીધે જ્ઞાનીને વ્યવહારની રુચિ નથી. અધૂરી દશામાં સાધક જીવને વ્યવહાર રત્નત્રયના પરિણામ હોય છે પણ તેમાં એકાગ્રતાની મુખ્યતાના અભાવને લીધે તેને ગણવામાં આવ્યા નથી. પ્રતિકૂળતા અને અનુકૂળતાના સંયોગો હોવા છતાં ધર્મી જીવની દ્રષ્ટિ શુદ્ધ સ્વભાવની એકાગ્રતામાં છે. વ્યવહાર રત્નત્રયની એકાગ્રતામાં નથી. પર્યાયમાં સંસારનો અશુભ રાગ કે ભગવાનની શ્રદ્ધાનો શુભરાગ હોવા છતાં ધર્મી જીવ તેનો ધણી નથી. તેનો જાણનાર છે. એવી સ્વભાવ દ્રષ્ટિના જોરે રાગરૂપી વ્યવહારને ગૌણ કરી ત્રિકાળી સ્વભાવમાં તેનો અભાવ ગણી; ધર્મી જીવને કર્મચેતના રહિત કહ્યો છે. ધર્મીજીવને વ્યવહાર રત્નત્રયના પરિણામ જ નથી એટલે કે તે તેનો અકર્તા છે, અલ્પ રાગ થાય છે. તેનો નિષેધ વર્તે છે. દેવ-ગુરુ પ્રત્યે જે વિકલ્પ ઊઠે છે તે તેમની ખાતર નથી પણ પોતાની નબળાઈને લીધે થાય છે. તેનો સ્વભાવની સબળાઈમાં અભાવ છે. પોતાનો આત્મા સર્વ વિશુદ્ધ જ્ઞાનમય છે–એવા ભાનમાં વર્તમાન વિભાવનો ત્રિકાળી સ્વભાવમાં અભાવ કહ્યો છે. કુટુંબ, શરીર તેમ જ દેવ-ગુરુ-શાસ્ત્રનો તો આત્મામાં અત્યંત અભાવ જ છે. પણ દયા, દાનાદિ પુણ્ય ને હિંસા જૂઠ આદિ પાપભાવોનો શુદ્ધ સ્વભાવમાં અભાવ છે. હું

ચૈતન્ય છું. શુદ્ધ છું એવા ભાનમાં ધર્મી જીવ વિકારરૂપે પરિણમતો નથી તેથી અકર્તા છે.

વળી ધર્મી જીવ હરખ-શોકના પરિણાને પોતાનું સ્વરૂપ માનતો નથી. પોતે આનંદકંદ સ્વરૂપ છે એમ તે માને છે. અજ્ઞાની જીવ માને છે કે હું પરને ભોગવું છું–તે તો સ્થૂળ અજ્ઞાન છે. અહીં પરની તો વાત નથી. પોતાની પર્યાયમાં પોતાના કારણે થતા હરખ–શોકના ભાવ પણ આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. શુદ્ધ આત્મામાં હરખ-શોક છે જ નહિ એવા ભાનના કારણે ધર્મી જીવ કર્મફળચેતના રહિત છે, તેથી અભોક્તા છે. જ્ઞાનીને અંતર સ્વભાવ તરફની રુચિમાં હરખ-શોકનું વેદવું રહેતું નથી. શુદ્ધ સ્વભાવની દ્રષ્ટિની મુખ્યતામાં હરખ–શોકના પરિણામને ગૌણ કરી ત્રિકાળી સ્વભાવમાં તેનો અભાવ ગણી, તેને વેદતો નથી એમ કહ્યું છે. ધર્મી જીવ લડાઈમાં હોય, ધનુષ્યમાંથી તીર છૂટતાં હોય ને લડાઈમાં હુકમ કરે કે દુશ્મનને મારો, એવા દ્વેષના પરિણામ દેખાતા હોય છતાં તે પરિણામનું વેદન અલ્પ છે. સ્વભાવ દ્રષ્ટિની મુખ્યતામાં દ્વેષના પરિણામ હોવા છતાં તેનાથી રહિત છે, એમ કહ્યું છે. “હું જ્ઞાન સ્વભાવી આત્મા છું” એવી મુખ્યતામાં–જ્ઞાન ચેતના વર્તે છે. કોઈ જીવ સાતમી નરકે સમકિત પૂર્વે દેશના લબ્ધિના સંસ્કારના નિમિત્તે પામે તો તે ધર્મીજીવને પ્રતિકૂળ સંયોગો તેમ જ અલ્પદ્વેષ હોવા છતાં તેના ઉપર દ્રષ્ટિ નથી. હું જ્ઞાન સ્વભાવી છું એવી દ્રષ્ટિ મુખ્યપણે વર્તે છે ને કોઈ ધર્મી જીવને પૂર્વ કર્મને લીધે તીર્થંકર પદ ફળે કે ચક્રવર્તી આદિ પુણ્યના ફળો ફળે તો જાણે કે તે પર વસ્તુ છે. મારામાં કાંઈ ફળ્યું નથી. મારું હોય તે મારાથી દૂર ન હોય, તે મને મળ્યાં નથી તેમ જ તે ફળના કારણરૂપ પુણ્યભાવ પણ મેં બાંધ્યા નથી. હું તો જ્ઞાનસ્વભાવી છું, કર્મનો બાંધનાર નથી તેમ જ કર્મના ફળનો ભોગવનાર નથી. આમ જ્ઞાની જાણે છે. પુણ્ય–પાપનાં અનુકૂળ–પ્રતિકૂળ ફળ મળે તેને જાણવાની ક્રિયા તે કરે છે. આમ હોવાથી ધર્મીજીવ કર્મને કરતો નથી તેમ જ ભોગવતો નથી. પરંતુ જ્ઞાતા-દ્રષ્ટામય હોવાને લીધે કેવળ જાણે છે. શુભ અથવા અશુભ કર્મબંધને તથા કર્મફળને તે કેવળ જાણે જ છે.

હવે પૂછે છે કે જ્ઞાની કરતો–ભોગવતો નથી, જાણે જ છે, એ કઈ રીતે? તેનો ઉત્તર દ્રષ્ટાંતપૂર્વક કહે છે.

## ગાથા ૩૨૦

**જ્યમ નેત્ર તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે !**
**જાણે જ કર્મોદય નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.**

**અન્વયાર્થ :—**જેમ નેત્ર (દ્રશ્ય પદાર્થોને કરતું-ભોગવતું નથી, દેખે જ છે.) તેમ જ્ઞાન અકારક તથા અવેદક છે અને બંધ, મોક્ષ, કર્મોદય તથા નિર્જરાને જાણે જ છે.

**ટીકા :—**આ જગતમાં આંખ દેખવા યોગ્ય પદાર્થોથી તદ્દન જુદી છે. આંખ મકાનોને કરે, આંખ અગ્નિને ઓલવે, બરફને તોડે, રોટલા બનાવે, ઘડિયાળ ચલાવે, તેવો આંખનો સ્વભાવ જ નથી. આંખનો સ્વભાવ તો દેખવાનો છે. આંખમાં દ્રશ્ય પદાર્થ નથી ને દ્રશ્ય પદાર્થમાં આંખ નથી. આંખ માત્ર જોવાનું કામ કરે. દ્રશ્ય પદાર્થનું કાર્ય કરવું કે અનુભવવું, તે આંખનું કામ નથી. આ શરીર છે, તેને આંખ દેખે પણ તેને ઊંચું નીચું કરવું કે બીજા પદાર્થને હેરવવું, ફેરવવું, પરિણમાવવું, પલટાવવું ને વેદાવું તે આંખ માટે અશક્ય છે.

જો એમ ન હોય તો અગ્નિને દેખવાથી, નેત્ર વડે અગ્નિ સળગવી જોઈએ. જેમ સંધૂકણ અગ્નિને સળગાવે છે ને તેનું કાર્ય અગ્નિને સળગાવવાનું છે તેમ આંખ પર પદાર્થને કરતી હોય તો આંખ વડે નજર પડતાં સામો પદાર્થ સળગી જવો જોઈએ, સામેનો પદાર્થ સંધૂકણને લીધે સળગે છે, તે અહીં સિદ્ધ કરવું નથી પણ આંખનો સ્વભાવ સિદ્ધ કરવો છે કે સામેના પદાર્થને કરવાનો આંખનો સ્વભાવ નથી. માત્ર તેને (જાણવાનો) જોવાનો તેનો સ્વભાવ છે.

વળી જો આંખ દ્રશ્ય પદાર્થને ભોગવતી હોય તો જેમ લોખંડના ગોળાને ગરમ થતાં જેમ અગ્નિનો અનુભવ થાય છે તેમ આંખને પણ ગરમીનો અનુભવ થવો જોઈએ. મોટા ગંજના ગંજ ઘાસ સળગી જાય છે પણ આંખ ગરમ થતી નથી. માટે આંખનો સ્વભાવ પર પદાર્થને ભોગવવાનો પણ નથી.

સારી દુકાન ચાલતી હોય તો આંખમાં કાંઈ તેજ આવતું નથી ને દુકાનમાં ખોટ આવે તો આંખમાં ચસકા આવતા નથી. બન્ને સંયોગોને આંખ દેખવાનું કામ કરે છે માટે આંખનું કામ કોઈપણ પદાર્થને ફેરવવાનું, પલટાવવાનું કે ભોગવવાનું છે જ નહિ. ને જો તેમ હોય તો નજર પડતાં સામેના પદાર્થો સળગી જવા જોઈએ અથવા સામેના ગરમ પદાર્થો દેખતાં આંખને ગરમીનો અનુભવ થવો જોઈએ અથવા સામેના પદાર્થમાં ફેરફાર થવો જોઈએ—પણ એમ થતું દેખાતું નથી.

બરફને દેખવાથી આંખ ઠંડી દેખાતી નથી. બરફના ગંજો દેખાય તેથી આંખ ઠંડી થઈ જાય ? મોટા સર્પો દેખાય તેથી આંખને ઝેર ચડી જાય ? ના, એમ બનતું નથી. આગ લાગી હોય તો આંખ દેખે કે આગ લાગી છે. બરફ પડ્યો હોય તો બરફ પડ્યો છે એમ દેખે; તે માત્ર દેખે છે. આ ચીજો પલટે છે, આ ચીજો બગડે છે, આ ચીજો સળગે છે, દાળ ભાત કાચા છે કે પાકી ગયા છે, પચી ગયા છે. તે

બધાને દેખવાનો આંખનો સ્વભાવ છે પણ પદાર્થોને પલટાવવાનો તેનો સ્વભાવ નથી. આંખ પુસ્તક લાવતી નથી. આંખ પુસ્તક મૂકતી નથી. આંખ દેખાવા યોગ્ય પદાર્થથી તદ્દન ભિન્ન છે, તે તો માત્ર દેખનાર છે, બીજુ કાંઈ કરનાર નથી. અહીં આંખનું દ્રષ્ટાંત વિસ્તારથી સમજાવ્યું, તે આત્મામાં ઉતારે છે. આત્મા જ્ઞાન સ્વભાવી છે. બહારના પદાર્થોથી તો આત્મા જુદો છે જ પણ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય વિગેરે કર્મોથી પણ આત્મા અત્યંત જુદો છે. કર્મના ફળથી પણ જુદો છે; તેથી આત્મા કર્મના ઉદયને કરતો નથી પણ કર્મનો ઉદય આવે તેને જાણે છે. આત્મા કર્મની નિર્જરા કરતો નથી પણ કર્મની નિર્જરાને જાણે છે. આત્મા કર્મના બંધને કરતો નથી પણ કર્મ બંધાય તેને જાણે છે. આત્મા કર્મને છૂટાં કરતો નથી પણ કર્મો છૂટાં પડે તેને જાણે છે.

કર્મને લીધે રાગ-દ્વેષ થાય તે વાત તો છે જ નહિ પણ કર્મનો ઉદય આવ્યો માટે તેને લીધે જ્ઞાન થાય અથવા રાગને લીધે જ્ઞાન થાય છે એમ પણ નથી. જ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવને જાણતાં કર્મ વિગેરે પરને જાણી લ્યે છે.

સાત તત્ત્વોની નિર્વિકલ્પ શ્રદ્ધા—તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. તે વ્યવહાર નથી. કારણ કે પોતાના ત્રિકાળી સ્વભાવના આશ્રયે તેને જાણ્યા છે. રાગ અથવા વિકલ્પના ભેદ પૂર્વક જાણ્યા નથી. કારણ પરમાત્માનો આશ્રય કહો, નવ તત્ત્વનું યથાર્થ જ્ઞાન કહો, તે નિશ્ચય મોક્ષમાર્ગ છે અથવા શુદ્ધ રત્નત્રય સ્વરૂપ છે. પોતાના જ્ઞાન સ્વભાવનો આશ્રય લેતાં નવ તત્ત્વોને યથાર્થ જાણી લ્યે છે. આમ પોતાના ત્રિકાળી સ્વભાવનાં શ્રદ્ધા જ્ઞાનને લીધે ધર્મી જીવ જ્ઞાન ચેતનામય છે તેથી કર્મ બંધને, મોક્ષને, કર્મના ઉદયને તથા નિર્જરાને કેવળ જાણે જ છે.

***

# પ્રસાદ નં. ૩૪૭

## શ્રી સમયસાર ગાથા ૩૨૦

*(આસો સુદ ૧૨, શુક્રવાર,૨૦૦૭, તા. ૧૨-૧૦-૫૧)*

આંખનો સ્વભાવ દ્રશ્ય પદાર્થને દેખવાનો છે. કોઈ પદાર્થને ફેરવવો કે અનુભવવો તે આંખનો સ્વભાવ નથી, તેમ જ્ઞાનનો સ્વભાવ પણ નેત્રની જેમ જડ અને ચેતનને જાણવાનો છે. આત્મા કર્મોથી તદ્દન જુદો છે, એકમેક નથી. આત્મા કર્મોને બાંધે, રચે અથવા કરે, તેમ બનતું નથી. આત્મા કર્મથી જુદો છે તો પછી આત્મામાં કર્મને લીધે વિકાર થાય ને આત્મા તેને વેદે તેમ બને નહિ. આત્મામાં કર્મ એકક્ષેત્રે છે તેથી તે નિકટવર્તી કહેવાય છે. કર્મ રૂપી મૂર્ત છે. તેનો ઉદય જડ છે, રૂપી છે. આત્મામાં તેનો અત્યંત અભાવ છે. આત્મા કર્મને કરે, બાંધે કે ભોગવે—તે માન્યતા મિથ્યાદ્રષ્ટિની છે. ખરેખર આત્મા કર્મને કરવાને કે વેદવાને અસમર્થ છે. તેને જાણવાનો તેનો સ્વભાવ છે. નબળાઈથી જે રાગ-દ્વેષ થાય છે તેને પણ જાણવાનો સ્વભાવ છે. આમ જાણવાના સ્વભાવવાળો પોતાનો આત્મા છે—એમ માનવું તે ધર્મ છે. આત્મા કર્મના બંધને, કર્મના ઉદયને, કર્મની નિર્જરાને તથા મોક્ષને જાણે છે. આત્મા કર્મને બાંધતો નથી તેમ જ છોડતો પણ નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે આત્મા ઘાતિકર્મ ટાળે છે ને ?

**સમાધાન :—**કર્મ જડ, મૂર્ત છે. કોઈપણ કર્મને ટાળવાની આત્મામાં તાકાત નથી. તે કર્મના ઉદયને તથા છૂટવાને જાણવાની તાકાતવાળો છે. પોતે કેવળજ્ઞાનદશા પ્રાપ્ત કરે છે ત્યારે ઘાતિકર્મ ટાળ્યાં એમ કહેવાય છે.

જે જીવો એમ માને છે કે કર્મના ઉદયના પ્રમાણમાં રાગ-દ્વેષ કરવો પડે, તે તો સ્થૂલ મિથ્યાદ્રષ્ટિ છે. કર્મનો ઉદય ને વિકાર એક જ સમયે છે. કર્મના ઉદય પ્રમાણે જોડાવું પડે તો જીવને શુભભાવ કરવાનો અવસર પણ રહેતો નથી. તેવો જીવ પુણ્ય બાંધી નવમી ગૈવેયકે જઈ શકે નહિ. માટે તે વાત તો છે જ નહિ પણ પોતાની નબળાઈના કારણે થતો વિકાર પણ ક્ષણિક છે, તે આત્માનો સ્વભાવ નથી. શુદ્ધ સ્વભાવમાં વિકારનો અભાવ છે. સ્વભાવદ્રષ્ટિમાં જ્ઞાની રાગનો કર્તા–ભોક્તા નથી. નબળાઈના રાગને જાણે એવો આત્માનો સ્વભાવ છે. રાગ થયો છે માટે જ્ઞાન થાય છે—એમ નથી. રાગથી જ્ઞાન માનવામાં આવે તો જ્ઞાન રાગનું થઈ જાય, પણ—એમ નથી. જ્ઞાન તો આત્માનું છે. જ્ઞાન સ્વભાવી રાગરહિત આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન થતાં આત્મા રાગને જાણી લ્યે છે. આવી રીતે આત્મા

જ્ઞાનસ્વભાવવાળો હોવાથી કર્મના બંધને, મોક્ષને, ઉદયને તથા નિર્જરાને જાણે છે પણ કર્મને બાંધતો નથી તેમ જ ટાળતો પણ નથી.

**ભાવાર્થ :—**આંખનો સ્વભાવ દ્રશ્ય પદાર્થોને જોવાનો છે. તે પદાર્થોને કરવાનો કે પલટાવવાનો તેનો સ્વભાવ નથી. તેમ આત્મા જ્ઞાનમય છે. તેનો સ્વભાવ તો કર્મો તથા બીજા પદાર્થો કે જે સ્વયં પલટી રહ્યા છે, તેને જાણવાનો છે પણ અટકાવવાનો કે પલટાવવાનો તેનો સ્વભાવ નથી. વળી પરમાં ભળીને જાણવાનો તેનો સ્વભાવ નથી તેમ જ રાગમાં અટકીને પણ જાણવાનો તેનો સ્વભાવ નથી. રાગથી પણ પૃથક્ રહી, જ્ઞાનમાં રહીને તેનો જાણવાનો સ્વભાવ છે. વ્યવહારને જાણવાનો તેનો સ્વભાવ છે પણ વ્યવહારથી લાભ થાય એમ માનવાનો તેનો સ્વભાવ નથી.

આત્મા રાગ કરે ત્યારે કર્મ બંધાય ને સ્વ તરફનો પુરુષાર્થ કરે ત્યારે કર્મ ટળે—તેમ વ્યવહારે બોલાય પણ વસ્તુસ્વરૂપ એમ નથી. કર્મ બાંધવા ને ટળવા વખતે કોણ નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવે છે. પણ આત્મા કર્મને બાંધે કે ભોગવે અથવા પરચીજને કરે કે ભોગવે એમ માનવું તે અજ્ઞાન છે ને તે સંસાર છે. જડ પદાર્થોની અવસ્થા સમયે સમયે સ્વતંત્ર થઈ રહી છે, તેને આત્મા કરે કે ભોગવે એમ માનવું તે મિથ્યાત્વ છે. વળી આત્માની પર્યાયમાં રાગ-દ્વેષના પરિણામ થાય છે તે રાગ મારું કર્તવ્ય છે ને તેટલો જ હું છું એ માન્યતા પણ અજ્ઞાન છે. વ્યવહાર રત્નત્રયના પરિણામને આત્મા રચે ને વેદે તેવો આત્માનો ત્રિકાળી સ્વભાવ નથી. વસ્તુસ્વભાવની દ્રષ્ટિથી આત્મા સંસાર પર્યાયને રચતો નથી તેમ જ વેદતો નથી. આમ વિકાર ને શુદ્ધ સ્વભાવના ભેદજ્ઞાન વિના રાગનો કર્તા માને તે જૈન નથી, મિથ્યાદ્રષ્ટિ છે. તે અજ્ઞાનભાવમાં રહેલો છે ને તેથી તેનાં વ્રત, તપ વગેરે સંસાર અર્થે છે.

અહીં કોઈ પ્રશ્ન પૂછે કે એવું તો કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાન થાય ત્યારે રાગનું કર્તાપણું કે ભોક્તાપણું ન હોય, બાકી જ્યાંસુધી મોહકર્મનો ઉદય છે એટલે કે સાધક જીવ અસ્થિરતાના રાગ-દ્વેષમાં જોડાય છે ત્યાંસુધી રાગ-દ્વેષ, હરખ-શોકના પરિણામ તો સાધક જ્ઞાનીને પણ થાય છે. તેમ જ પોતાના સ્વભાવની એકાગ્રતા વડે પોતાના કારણે જ્ઞાન, દર્શન, વીર્ય, પરિપૂર્ણ પ્રગટ થયેલ નથી ને નિમિત્તરૂપે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય ને વીર્યાંતરાય કર્મનો ઉદય છે ત્યાંસુધી કેવળજ્ઞાન કેવળદર્શન નથી ને વીર્ય પણ ઓછું છે. સાધકજીવોને જ્ઞાન–દર્શન વીર્ય અધૂરાં છે. રાગ-દ્વેષ, હરખ- શોકના પરિણામ થાય છે તો પછી કેવળજ્ઞાન થયા પહેલાં તેને

જ્ઞાતા-દ્રષ્ટા કેમ કહો છો ? પૂર્ણદશા થયા પછી જ્ઞાતાદ્રષ્ટાપણું કહો તો તો બરાબર છે પણ અધૂરી દશામાં જ્ઞાતા-દ્રષ્ટા કેમ કહો છો ?

**સમાધાન :—પહેલેથી કહ્યું છે કે જે જીવ રાગ-દ્વેષને રુચિપૂર્વક કરે ને હરખ-શોકને રુચિપૂર્વક ભોગવે તેને ખરેખર કર્તા–ભોક્તા કહેવાય.** જ્યાંસુધી પર પદાર્થ તથા રાગ સાથે એકત્વબુદ્ધિ હોય ત્યાંસુધી અજ્ઞાન કહેવાય પણ જ્ઞાનીને પરપદાર્થ તથા રાગ સાથે એકત્વબુદ્ધિ નથી. જ્ઞાની સમજે છે કે બૈરાં–છોકરાં, રાજ્ય, પૈસો વગેરે જડ ને ચેતન પદાર્થો પર છે. તેમાં મારું સુખ–દુઃખ નથી. તે પદાર્થો તેના કારણે પરિણમી રહ્યા છે. તેનો ધર્મી જીવ સ્વામી થતો નથી. તેમ જ એક સમયની પર્યાયમાં રાગ-દ્વેષ, હરખ–શોકના પરિણામ થાય છે, તેને પોતાનું ત્રિકાળી સ્વરૂપ માનતો નથી. વ્યવહાર રત્નત્રયના પરિણામ થાય છે પણ તેની રુચિ નથી. રુચિ તો પોતાના શુદ્ધ સ્વભાવની જ છે તેથી જ્ઞાની છે. તે પર દ્રવ્યનો તથા રાગનો સ્વામી થતો નથી. તેથી કોઈનો કર્તા–ભોક્તા થતો નથી.

વળી પોતાની નબળાઈથી કર્મના નિમિત્તે અલ્પ રાગ-દ્વેષ થાય છે તેનો પરમાર્થદ્રષ્ટિએ કર્તા–ભોક્તા થતો નથી. પોતાના સ્વભાવનું ભાન છે. શરીરાદિ પરપદાર્થની ક્રિયા આત્મા કરી શકતો નથી ને રાગ-દ્વેષ તે વિભાવ છે. તે આત્માનું ખરું સ્વરૂપ નથી. આત્મા ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ છે—એવું ભાન તો વર્તે છે પણ હજી પુરુષાર્થ ઓછો છે તેથી અલ્પ રાગ-દ્વેષ થાય છે. કર્મને લીધે રાગ-દ્વેષ થાય, એમ માને તે તો મિથ્યાદ્રષ્ટિ છે.

(૧) સાચાં શ્રદ્ધા–જ્ઞાન થતાંની સાથે જ ચારિત્ર પૂર્ણ હોય ને રાગ–દ્વેષનો સર્વથા નાશ થયો હોય તો તે જીવ કેવળી હોવો જોઈએ.

(૨) પુરુષાર્થની નબળાઈ જેટલો જ કે રાગ-દ્વેષ જેટલો જ આત્માને માને તો તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે, સમકિતી નથી.

(૩) અહીં સાધક જીવની વાત છે. દ્રષ્ટિ તો અખંડને જ સ્વીકારે છે પણ પર્યાયમાં ચારિત્રમાં પુરુષાર્થ ઓછો છે એટલે બાધકપણું છે ને અલ્પ રાગ-દ્વેષ વર્તે છે પણ તે રાગ-દ્વેષનો આદર નથી. તે ટાળવા જેવા છે એમ માને છે ને પોતાના પુરુષાર્થ અનુસાર ટાળે પણ છે. અલ્પ રાગ-દ્વેષ તથા હરખ-શોકના પરિણામ થાય છે તેનો પરમાર્થ દ્રષ્ટિએ કર્તા–ભોક્તા નથી કારણ કે તેની રુચિ નથી.

વળી અલ્પ રાગ-દ્વેષ તથા હરખ–શોકના કારણે નવીન કર્મબંધ થાય છે તો પણ તેને દ્રષ્ટિની અપેક્ષાએ અહીં બંધનમાં ગણવામાં આવેલ નથી કારણ કે

મિથ્યાત્વ તે જ સંસાર છે. નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય, પુણ્યથી ધર્મ થાય, કર્મથી વિકાર થાય—એવી માન્યતા જ સંસાર છે. દયા, દાન, વ્રતાદિ જેટલો જ આત્માને માનવો, તેવી પર્યાયબુદ્ધિ એ જ સંસાર છે.

અજ્ઞાની જીવો કહે છે કે બૈરાં-છોકરાં વગેરે પર પદાર્થોને છોડો તો ધર્મ થાય. પણ ભાઈ, શરીરાદિ જડ પદાર્થો ને બીજા જીવો તારાથી અત્યંત જુદા છે. જે તારાથી છૂટા પડેલા છે તેનો તારામાં કદી પ્રવેશ નથી તો તેને શું છોડવા ? અહીં તો કહે છે કે વસ્તુના ભાન વિના રાગને છોડો એમ કહેનાર પણ સ્વરૂપને સમજતો નથી. પૂર્વના રાગ-દ્વેષનો તો વ્યય થઈ ગયો છે. ભવિષ્યના રાગ-દ્વેષ ઉત્પન્ન થયા નથી. વર્તમાનમાં જે રાગ ઉત્પન્ન થયો છે તે ઉત્પાદરૂપ હોવા છતાં "હું તે રાગને છોડું છું"—એવી માન્યતા કરવી એ જ ભ્રાંતિ છે. રાગના લક્ષે રાગ છૂટતો નથી. આમ માનનારને ધર્મની વિધિની ખબર નથી. આત્માએ ચૈતન્ય સ્વભાવને ગ્રહ્યો છે. તેને કદી છોડ્યો નથી ને ત્રિકાળી ચૈતન્ય સ્વભાવે એક સમયનો વિકાર કદી ગ્રહ્યો જ નથી. સંસાર આત્મામાં છે જ નહિ. આવા રાગરહિત શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતા કરવાથી રાગની ઉત્પત્તિ થતી નથી, તેને રાગ છોડ્યો એમ કથન કરવામાં આવે છે.

શુદ્ધ ચૈતન્યસ્વભાવના ભાન વિના અજ્ઞાની કહે છે કે પરના આટલાં કામ કર્યાં—એ માન્યતાનો ભાવ મિથ્યાત્વ છે જ પણ દયા-દાનાદિ જેટલો આત્માને માનવો અથવા રાગના લક્ષે વીતરાગતા લાવવાનો પ્રયત્ન કરવો એ પણ મિથ્યાત્વ છે. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે—એવા સ્વધર્મનો ત્યાગ કરી, જે પુણ્ય-પાપને પોતાનાં માને છે તે જીવે સ્વધર્મત્યાગ કર્યો છે. એ જ મોહ છે-મિથ્યાત્વ છે એમ નિયમસારમાં કહ્યું છે. તેણે બહારથી ગમે તેટલો ત્યાગ કર્યો દેખાતો હોય તો પણ તેણે સ્વધર્મ ત્યાગ કર્યો છે. ને એ જ સંસાર છે. જે ધર્મી જીવે શુદ્ધ ચૈતન્યનું ભાન કર્યું છે ને પુણ્ય-પાપથી ધર્મ માનતો નથી, તેણે મિથ્યાત્વનો ત્યાગ કર્યો છે એટલે કે સંસારનો ત્યાગ કર્યો છે. મિથ્યાત્વ ગયા પછી સંસારનો અભાવ જ થાય છે. મિથ્યાત્વરૂપી મહાન સમુદ્ર જે ઓળંગી ગયો છે તેને પાણીના બિંદુ જેટલી અશુદ્ધતા નાશ કરતાં શી વાર ? એટલે કે પોતાના નિરપરાધી સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાનને લીધે અલ્પ અપરાધ લાંબો વખત રહેશે નહિ. શ્રેણિક રાજાને આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન છે, વર્તમાનમાં નરકમાં હોવા છતાં હવે પછીના ભવે તીર્થંકર થશે ને સિદ્ધદશાને પામશે. ચોથે ગુણસ્થાને શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું ભાન થતાં અનંત સંસારનાં મૂળરૂપ મિથ્યાત્વ ને અનંતાનુબંધીનો અભાવ વર્તે છે. તેને

અસ્થિરતાના રાગ-દ્વેષ બાકી છે, તે સમુદ્રમાં બિંદુ સમાન છે. જે ટૂંક સમયમાં ટળી જ જવાના.

સમકિતી જીવના રાગને બિંદુ સમાન કહ્યો ને મિથ્યાદ્રષ્ટિના રાગને સમુદ્ર સમાન કહ્યો તેનું કારણ એ છે કે અજ્ઞાની જીવને રાગનો આદર છે ને પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય વગેરે અનંત ગુણો છે ને તેમાં જ સુખ છે—એમ નહિ માનતાં પરમાં સુખ છે એવી માન્યતાના કારણે અજ્ઞાની જીવને અનંતા ગુણોનો અનાદર વર્તે છે. શુદ્ધ ચૈતન્ય ભગવાનનો અનાદર છે તે જ પોતાના જ્ઞાનસ્વભાવની હિંસા છે, તે જ મિથ્યાત્વનો મોટો સમુદ્ર છે. તેનો શુભરાગ સંસાર અર્થે છે, તેનું સંસારનું મૂળ સાજું છે.

ધર્મી જીવ સમજે છે કે પર પદાર્થો મારાથી જુદા છે ને પુણ્ય-પાપ વિકૃતભાવ છે. હું જ્ઞાન-દર્શન, ચારિત્ર વગેરે અનંતાગુણોનો ભંડાર આત્મા છું. મારું સુખ ને જ્ઞાન મારામાં છે પણ બહારમાં કે પુણ્યમાં નથી એવાં શ્રદ્ધા-જ્ઞાન તેને છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પણ એમ જ કહે છે. પોતાની નબળાઈથી રાગ બાકી છે તેને જાણે છે. સ્વભાવ દ્રષ્ટિપૂર્વક વિશેષ સ્થિરતા દ્વારા રાગ ટળશે એમ જાણે છે તેથી તેની દ્રષ્ટિ તો અનંતા ગુણોના પિંડસ્વરૂપ ચૈતન્યસ્વભાવ ઉપર છે તેથી તેને અનંતા ગુણોનો આદર વર્તે છે ને વિકારનો અનાદર વર્તે છે. તેનો ઘણો સંસાર કપાઈ ગયો છે. અલ્પ રાગ-દ્વેષ બાકી છે તે ટૂંક સમયમાં ટળી જવાના. વૃક્ષનું મૂળ કપાવાથી લાખો પાંદડાં સુકાઈ જાય છે તેમ મિથ્યાત્વરૂપી મૂળ કપાવાથી રાગ-દ્વેષ ટળી જવાના ને તે જીવ વીતરાગદશાને પામવાનો જ.

*

## શ્રી સમયસાર ગાથા ૩૨૦

*(આસો સુદ ૧૪, શનિવાર, ૨૦૦૭, તા. ૧૩-૧૦-૫૧)*

આત્મા જ્ઞાનસ્વભાવી છે. તેનું સામર્થ્ય પરને કરવાનું કે ભોગવવાનું નથી. તેમ જ રાગ-દ્વેષ કરવાનો તથા હરખ-શોક ભોગવવાનો તેનો સ્વભાવ નથી. માત્ર જાણવાનો તેનો સ્વભાવ છે. આમ ભાન થતાં મિથ્યાત્વનો નાશ થાય છે, તેનો સંસાર નાશ થયો છે. અલ્પ રાગ-દ્વેષનું બંધન છે પણ મોટું બંધન ગયું છે તેથી અલ્પ બંધનનો કાંઈ હિસાબ નથી.

વળી વિશેષ એટલું જાણવું કે કેવળજ્ઞાની તો સાક્ષાત્ શુદ્ધ સ્વરૂપ જ છે. તેમને પર્યાયમાં જ્ઞાન ચારિત્રની પરિપૂર્ણ વ્યક્તદશા વર્તે છે; રાગ નથી તેમ જ અપૂર્ણતા નથી. પૂર્ણ વીતરાગતા ને કેવળજ્ઞાન વર્તે છે. શ્રુતજ્ઞાનીને સમ્યક્ ભાન

છે કે શરીરાદિ પર પદાર્થ છે ને રાગ તે મારું સ્વરૂપ નથી. હું આત્મા જ્ઞાનસ્વરૂપ છું. અસ્થિરતાના રાગ-દ્વેષ પણ પોતાના જ્ઞેય છે. શ્રદ્ધા અપેક્ષાએ તથા જ્ઞાન અપેક્ષાએ "હું જ્ઞાનસ્વરૂપ જ છું" એવા ભાનના કારણે શુદ્ધનયના અવલંબનથી શ્રુતજ્ઞાની પોતાના આત્માને ભગવાન જેવો જ અનુભવે છે. અનુભવની જાત એક છે. કેવળી ભગવાન જેટલો પૂર્ણ આનંદ નથી પણ નિર્વિકલ્પ અનુભવ તે જાતનો છે, તેમ જ જ્ઞાનનો વિષય સ્વ તરફ વળ્યો છે તેટલી અપેક્ષાએ આત્માને અનુભવે છે–એમ કહ્યું છે. કેવળી ભગવાન અસંખ્ય પ્રદેશી આત્માને પ્રત્યક્ષ જાણે છે. શ્રુતજ્ઞાની આત્માને પરોક્ષ જાણે છે, એટલો ભેદ છે. શ્રુતજ્ઞાનીને શ્રદ્ધા–જ્ઞાનની અપેક્ષાએ તો જ્ઞાતા-દ્રષ્ટાપણું જ છે.

ચારિત્રની અપેક્ષાએ શ્રુતજ્ઞાનીને પ્રતિપક્ષીકર્મનો જેટલો ઉદય છે તેટલો ઘાત છે. આ નિમિત્તનું કથન છે. કર્મના ઉદય પ્રમાણે ઘાત હોય તો પુરુષાર્થ કરવાનો રહેતો નથી. કર્મના ઉદયનો તથા ઘાતનો સમય તો એક જ છે. કર્મના ઉદયને લીધે ઘાત હોય તો સંસાર કદી ટળે નહિ માટે એમ છે નહિ. અહીં તો સાધક જીવને પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવની પ્રતીતિ તો છે જ. પણ જેટલી અસ્થિરતા થાય છે તેટલો ઘાત છે ને નિમિત્તરૂપે તેટલો કર્મનો ઉદય છે ને તે નાશ કરવાનો ઉદ્યમ છે. સ્વભાવમાં જેટલી એકાગ્રતા થાય છે તેટલી અસ્થિરતા તૂટતી જાય છે. વીતરાગતા વધે છે. ઘાત સમયે સમયે ઘટતો જાય છે. જ્ઞાતાદ્રષ્ટાપણું તથા શાંતિ વધે છે. જ્ઞાન જ્ઞાનમાં જ રમે, એમ જ્ઞાન–શ્રદ્ધા વર્તે છે પણ જ્ઞાન સર્વથા જ્ઞાનમાં જ રમે એટલી સંપૂર્ણ એકાગ્રતા નથી. પરિપૂર્ણ આનંદ ને વીર્ય અંતરમાં છે એવી પ્રતીતિ છે અને જેટલું જેટલું સ્વભાવનું અવલંબન લ્યે છે તેટલી શાંતિ વધતી જાય છે અને જ્યારે સ્વભાવનું સંપૂર્ણ અવલંબન લેશે ને પર તરફનું અવલંબન સર્વથા તૂટી જશે ત્યારે સાક્ષાત્ યથાખ્યાત ચારિત્રદશા થશે ને જે સર્વજ્ઞદશા શક્તિરૂપે અંતર પડી છે તે વ્યક્ત–પ્રગટ થશે.

અજ્ઞાની જીવને સ્વભાવની વાત બેસતી નથી. તેનું વીર્ય અંતરમાં પેસતું નથી. આત્માનો સ્વભાવ જ્ઞાન છે. બીજો ભાવ તેનો હોઈ શકે નહિ. તેના વિકાસ માટે પરનું અવલંબન હોઈ શકે નહિ તેમ જ વિકાર કે જે ક્ષણિક છે, તેનું પણ અવલંબન નથી તેમ જ સમય–સમયની પર્યાય છે તે પણ ક્ષણિક છે, તેનું પણ અવલંબન નથી એટલે કે તે બધાના અવલંબને જ્ઞાન વિકાસ પામતું નથી. જેમ મોરના ઇંડામાં મોર થવાની તાકાત ભરી છે તેમ આત્મા જ્ઞાનસામર્થ્યવાન છે, જેની તાકાત જ્ઞાન છે, જેનું સર્વસ્વ જ્ઞાન છે. તેમાં જેટલો જીવ એકાગ્ર થાય છે

તેટલી ચારિત્રદશા થાય છે ને એકાગ્રતા પૂરી થવાથી વીતરાગતા થઈ કેવળજ્ઞાન પામી મુક્તિ પામે છે.

અહીં સમ્યગ્દ્રષ્ટિ જીવને જ્ઞાની કહેવામાં આવ્યો છે. તેને ભ્રાંતિ ટળી છે, પોતે નિભ્રાંત થયો છે એ અપેક્ષાએ જ્ઞાની કહેવામાં આવેલ છે. સામાન્ય અપેક્ષા લેવામાં આવે તો સર્વે જીવો જ્ઞાન સ્વરૂપ છે, જડ નથી; જ્ઞાનના ભંડાર શક્તિરૂપે છે માટે જ્ઞાની છે અને વિશેષ અપેક્ષા લઈએ તો જ્યાંસુધી કિંચિત્માત્ર પણ અધૂરું જ્ઞાન રહે ત્યાંસુધી જ્ઞાની (પૂર્ણજ્ઞાની) કહી શકાય નહિ. જેમ સિદ્ધાંતમાં ભાવોનું વર્ણન કરતાં જ્યાંસુધી કેવળજ્ઞાન ન ઊપજે ત્યાંસુધી અર્થાત્ બારમા ગુણસ્થાન સુધી અપૂર્ણ જ્ઞાનભાવ કહ્યો છે. અજ્ઞાનનો અર્થ અહીં અધૂરું જ્ઞાન લેવો પણ વિપરીતજ્ઞાન એવો અર્થ ન લેવો. માટે અહીં જે જ્ઞાની-અજ્ઞાનીપણું કહ્યું છે તે સમ્યક્ત્વ-મિથ્યાત્વની અપેક્ષાએ જ જાણવું.

આત્મા શરીરને હલાવે, ચલાવે, હું છું તો પર પદાર્થ ટકે છે, આત્માને પરનો કર્તા માને, પરનાં કામ કરી શકાય, પરને મદદ કરી શકાય, અમે છીએ તો દુકાન ચાલે છે, અમે આત્મા છીએ તો ઉપદેશ આપી શકાય છે ને તે ઉપદેશથી જગતમાં શાંતિ થાય અને તે શાંતિથી બધાનું કલ્યાણ થાય—આવી જેની માન્યતા છે તેને પરના સંબંધ વિનાનો શુદ્ધ આત્મા છે—તેનું ભાન નથી, તે જીવ અજ્ઞાની-મિથ્યાદ્રષ્ટિ છે.

હવે જેઓ જૈન સંપ્રદાયમાં નગ્ન દિગંબર સાધુ હોવા છતાં સર્વથા એકાંતના આશયથી આત્માને કર્તા જ માને છે, શરીરની ક્રિયા આત્મા કરી શકે એમ માનનાર, પર જીવની દયા પાળી શકું છું એમ માનનાર પરનો કર્તા થાય છે; એમને નિષેધતો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક કહે છે :—

## કળશ ૧૯૯

**અર્થ :—**જેઓ અજ્ઞાન-અંધકારથી આચ્છાદિત થયા થકા આત્માને કર્તા માને છે; તેઓ ભલે મોક્ષને ઇચ્છનારા હોય તો પણ સામાન્ય (લૌકિક) જનોની માફક તેમનો પણ મોક્ષ થતો નથી.

આત્મા શરીર, મન, વાણીની ક્રિયા કરી શકે છે. આત્મા છે તો બોલાય છે, આત્મા પર જીવને બચાવી શકે છે, એવી માન્યતા તે અજ્ઞાનભાવ છે. આમ અજ્ઞાનઅંધકારથી ઘેરાયેલા થકા આત્માને પર વસ્તુનો કર્તા માને છે. તે જીવોએ

બૈરાં, છોકરાં, દુકાન, ધંધા છોડ્યા હોય, વીતરાગ ભગવાનને માનતા હોય, મોક્ષને ઇચ્છનારા હોય તો પણ લૌકિક જનોની માફક તેમનો મોક્ષ થતો નથી.

હવે આ જ અર્થને ગાથા દ્વારા કહે છે :–

## ગાથા ૩૨૧—૩૨૩

**જ્યમ લોક માને ‘દેવ, નારક—આદિ જીવ વિષ્ણુ કરે,’**
**ત્યમ શ્રમણ પણ માને કદી ‘આત્મા કરે ષટ્ કાયને.’ ૩૨૧.**
**તો લોક—મુનિ સિદ્ધાંત એક જ, ભેદ તેમાં નવ દીસે,**
**વિષ્ણુ કરે જ્યમ લોકમતમાં, શ્રમણમત આત્મા કરે. ૩૨૨.**
**એ રીત લોક મુનિ ઉભયનો મોક્ષ કોઈ નહીં દીસે,**
**–જે દેવ, મનુજ, અસુરના ત્રણ લોકને નિત્યે કરે. ૩૨૩.**

**અર્થ :**—લોકના (લૌકિકજનોના) મતમાં દેવ, નારક, તિર્યંચ, મનુષ્ય–પ્રાણીઓને વિષ્ણુ કરે છે અને જો શ્રમણોના (મુનિઓના) મન્તવ્યમાં પણ છ કાયના જીવોને આત્મા કરતો હોય તો લોક અને શ્રમણોનો એક સિદ્ધાંત થાય છે, કાંઈ ફેર દેખાતો નથી (કારણ કે) લોકના મતમાં વિષ્ણુ કરે છે અને શ્રમણોના મતમાં પણ આત્મા કરે છે (તેથી કર્તાપણાની માન્યતામાં બન્ને સમાન થયા). એ રીતે દેવ, મનુષ્ય અને અસુરવાળા ત્રણ લોકને સદાય કરતા (અર્થાત્ ત્રણે લોકના કર્તાભાવે નિરંતર પ્રવર્તતા) એવા તે લોક તેમ જ શ્રમણ–બન્નેનો કોઈ મોક્ષ દેખાતો નથી.

**ટીકા :**—જેઓ આત્માને કર્તા જ દેખે છે–માને છે, તેઓ લોકોત્તર હોય તોપણ લૌકિકતાને અતિક્રમતા નથી. આત્મા જ્ઞાનસ્વભાવી છે. પર વસ્તુનો જાણનાર–દેખનાર છે છતાં પર વસ્તુનો કર્તા માને છે તે જીવ અજ્ઞાની છે અમે પૃથ્વી, વાયુ, અગ્નિ, વનસ્પતિ વગેરેના જીવોને બચાવી શકીએ છીએ. ત્રસ જીવની દયા પાળી શકીએ છીએ. ચાલતાં ધ્યાન રાખીએ તો જીવ બચી જાય, ન ધ્યાન રાખીએ તો મરી જાય, એમ માનનાર જીવ અજ્ઞાની છે. અનુકંપાના ભાવ શુભ છે. તે પોતામાં થાય છે. તેનાથી પર જીવ બચતો નથી ને ધ્યાન નથી રાખતા માટે મરી જાય છે, એમ પણ નથી. તે જીવોનું વર્તમાન ટકવું. શરીરની સાથે સંયોગરૂપે રહેવું, તે જીવોની લાયકાત મુજબ છે છતાં અજ્ઞાની જીવો પર પદાર્થોના વર્તમાનને હું કરી શકું છું, એમ માની રહ્યા છે. કોઈ પણ પદાર્થનું વર્તમાન મારાથી થાય છે—એમ માનનાર જીવ તે વસ્તુને સત્ ત્રિકાળ, સ્વતંત્ર માનતો નથી. એક સમયનું વર્તમાન પરાધીન માન્યું તેણે ત્રણે કાળની પર્યાયોને

પરાધીન માન્યા એટલે કે દ્રવ્ય પરાધીન માન્યું. પર પદાર્થોની અવસ્થા તે તે પદાર્થોના આધારે છે. આત્મા તેનો જાણનાર છે—તેમ નહિ માનતાં, પરની અવસ્થાનો કર્તા થનાર દ્રવ્યને પરાધીન માને છે. પરની ઉપેક્ષા કરી સ્વભાવદ્રષ્ટિ કરવી તે વાત તેને બેસતી નથી. દ્રશ્ય પદાર્થને દેખે, જ્ઞેયને જાણે, જે જ્ઞેય છે તેનું વર્તમાન તે જ્ઞેયથી થાય પણ જ્ઞાનથી ન થાય. આત્મા ચૈતન્યસ્વભાવી સર્વજ્ઞ શક્તિવાળો છે એમ નહિ માનતા, હું છું તો છ કાયના જીવોની રક્ષા થાય એમ માનનાર પરનો કર્તા થાય છે. તે જીવ જૈનનો નામધારી સાધુ હોય, છતાં પણ તે લૌકિકજન જેવો છે. બન્ને સરખા-મિથ્યાદ્રષ્ટિ છે.

કારણ કે લૌકિક જનોના મતમાં-વૈશેષિક-નૈયાયિક આદિનો એવો મત છે કે આ જગતને વિષ્ણુએ બનાવ્યું છે ને વિષ્ણુ દેવ, નારકાદિનાં કાર્યો કરે છે. વસ્તુ ન હતી ને વિષ્ણુએ નવી બનાવી તેમ તેઓ માને છે. એટલે કે જડ ને ચેતન વસ્તુ ત્રિકાળી સત્ છે, તેને તેઓ માનતા નથી. જે વસ્તુ હોય તેનો સર્વથા નાશ થાય નહિ ને જે ન હોય તે કદી નવી થાય નહિ—એવો વસ્તુસ્વભાવ છે, તેને તેઓ માનતા નથી. ઈશ્વરને જગતનો કર્તા માને છે, તે જેમ ખોટા છે તેમ જૈન નામ ધરાવી વીતરાગને ઓઘે ઓઘે માનવા છતાં એમ કહે કે આત્મા છે તો શરીર ચાલે છે, આત્મા મન, વાણીની ક્રિયા કરી શકે છે, આત્મા છ કાયના જીવોની દયા પાળી શકે છે. તેવી માન્યતાવાળા **જીવો પર વસ્તુ છે. એમ તો સ્વીકારે છે પણ તેના વર્તમાનને 'હું કરું' તો થાય**—એમ માનીને પરની પર્યાયમાં ફેરફાર કરવામાં રોકાય છે પણ પોતાના જ્ઞાનસ્વભાવને કબૂલતા નથી. આત્માને ચૈતન્યસ્વભાવી કહેવો ને પરનું કરનારો કહેવો—તે વિરુદ્ધ વાત છે. જેમ જગતનો કર્તા ઈશ્વર છે, એમ માનવાવાળા ત્રિકાળી વસ્તુના કર્તા ઈશ્વરને માને છે. વસ્તુને અસત્ માની નવી ઉપજાવી કહે છે. તેમ આ સાધુ જૈનમાં હોવા છતાં પર વસ્તુનું વર્તમાન અસત્ માને છે એટલે તે પણ વસ્તુને પરાધીન માની રહ્યો છે. પોતાનો સ્વભાવ જ્ઞાન જ છે. પરવસ્તુનો જાણનાર છે પણ પરવસ્તુની પર્યાયમાં અટકનાર નથી તેમ જ પોતાનામાં થતા પુણ્ય-પાપના ભાવોનો પણ જાણનાર છે. તેમાં પણ અટકનાર નથી. આમ પોતાના જ્ઞાનસ્વભાવને કબૂલે તો તો જ્ઞાન સ્વમાં એકાગ્ર થઈ કેવળજ્ઞાનદશાને પામે. પણ **અજ્ઞાની જીવનું જ્ઞાન પરની અવસ્થામાં રોકાઈ ગયું છે, ચોંટી ગયું છે.** જગતના જડ ને ચેતનની વર્તમાન અવસ્થા અમુક પ્રકારે થવાની ન હતી પણ હું હાજર હતો માટે તેની વર્તમાનદશા થઈ. હું હતો તો શરીર ને ભાષાની અવસ્થા થઈ, એમ પરમાં જ્ઞાન રોકાઈ જાય છે ને સંકોચ દશાને પામે છે. જેને એક પદાર્થની વર્તમાન પર્યાયને કરવાનો અભિપ્રાય છે; તે જીવને ત્રણ

કાળના પદાર્થોની અવસ્થાના કર્તાપણાનો અભિપ્રાય રહેલો છે. એક પણ પરમાણુને કરવાની મારામાં તાકાત નથી પણ ત્રણેકાળના પદાર્થોને જાણવાની તાકાત છે—તે વાત તેને બેસતી નથી. આવી માન્યતાના કારણે જૈન નામધારી સાધુ કે શ્રાવકમાં અને અન્યમતવાળા–અર્થાત્ જગતકર્તા ઈશ્વરની માન્યતાવાળામાં કાંઈ ફેર નથી. બન્નેના સિદ્ધાંતો ભૂલ ભરેલા છે. લૌકિકજન ત્રિકાળ વસ્તુનો કર્તા ઈશ્વરને માને છે ને જૈન નામ ધરાવી આત્માને પરવસ્તુની વર્તમાન પર્યાયનો કર્તા માને છે–તે બન્ને ખોટા છે. દ્રષ્ટિના વિપરીતતાના વર્ગમાંથી તેઓ જુદા પડતા નથી.

ગાથા ૩૨૦માં કહ્યું હતું કે આત્માનો સ્વભાવ જ્ઞાન છે. પરંતુ કરવાનો નથી. છતાં જૈન સાધુ થઈને એમ માને કે અમે છ કાયના જીવની રક્ષા કરી શકીએ છીએ, તો તે અજ્ઞાની છે. ચૈતન્યસ્વભાવ પોતામાં એકાગ્ર થાય તો કેવળજ્ઞાન પ્રગટે પણ પરની અવસ્થા તે કદી બનાવી શકે નહિ. એક સમય પણ પરની પર્યાય કરી શકું છું, એમ માનનાર બધા પદાર્થોના ત્રણેકાળની પર્યાયનો કર્તા થાય છે જેથી તેની માન્યતા નિત્યકર્તાપણાની છે. ચૈતન્ય સ્વભાવની પરાડમુખતા થઈ છે. બંધભાવમાં અટક્યો છે, તેને મુક્ત થવાની આશા નથી. મારી હાજરી જ્ઞાનસ્વભાવમાં રહે તેમ તે માનતો નથી પણ પરમાં હાજર રહેવા માગે છે. ચૈતન્યસ્વભાવનો આશ્રય લ્યે તો જ્ઞાન જે સંકોચરૂપ છે તે ગુલાબની કળીની જેમ વિકસીને કેવળજ્ઞાનરૂપ થાય તેવું છે પણ તેમ નહિ માનતાં પરમાં અટકી સંકોચદશાને પામે છે. પોતાના જાણનાર–દેખનાર સ્વભાવનો ભરોસો નહિ કરતાં મારે લીધે પર સમજી શકે ને પરને લીધે મારામાં કામ થાય–આવી માન્યતાના કારણે તે બંધભાવમાં અટકે છે. એક સમય પણ પરની અવસ્થાનો કર્તા થાય છે, તે ત્રણે કાળના પદાર્થોનો કર્તા થાય છે. તેને ત્રણ કાળના જ્ઞાનસ્વભાવનો અનાદર વર્તે છે તે જ જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવની હિંસા છે. ઈશ્વરકર્તાની માન્યતાવાળો ઈશ્વરને જગતકર્તા માને છે ને આ જૈન નામ ધરાવી પોતાના આત્માને પર પદાર્થની વર્તમાન પર્યાયનો કર્તા માને છે–બન્ને મિથ્યાદ્રષ્ટિ છે. આ જૈન નામધારી સાધુનો પણ લૌકિકજનોની માફક મોક્ષ થતો નથી.

***

# <u>પ્રસાદ નં. ૩૪૯</u>

## <u>સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર</u>
## <u>શ્રી સમયસાર ગાથા ૩૨૧—૩૨૩</u>

*(આસો સુદ ૧૫, રવિવાર, ૨૦૦૭, તા. ૧૪-૧૦-૫૧)*

આત્મા જ્ઞાનસ્વભાવી છે—એમ નહિ માનતાં આત્મા પર જીવોને બચાવી શકે છે કે મારી શકે છે એમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે. તે જગતકર્તા ઈશ્વર છે એવી માન્યતાવાળા મિથ્યાદ્રષ્ટિની જેમ વિપરીત માન્યતાવાળો છે. કોઈ કહે કે નિશ્ચયથી દયા પાળી ન શકાય પણ વ્યવહારથી પાળી શકાય ને ? ભાઈ, ભાષામાં વ્યવહારથી કથન આવે કે આ જીવે આને બચાવ્યો પણ વસ્તુસ્વરૂપ એમ નથી. તે વખતે શુભભાવવાળા જીવનું જ્ઞાન કરાવે છે પણ શુભભાવથી જીવ બચી ગયો એવું વસ્તુસ્વરૂપ નથી. આટલા જીવ મેં બચાવ્યા, મેં ધ્યાન ન રાખ્યું હોત તો ઘણા જીવ મરી જાત, એમ અજ્ઞાની પરના કર્તાપણાનું અભિમાન કરે છે. તે જીવ કદાચ વ્રત, તપાદિ કરતો હોય તો પણ મિથ્યા છે. <u>**અલ્પ શુભ સાથે મિથ્યાત્વનું અનંતું પાપ તે જ સમયે બંધાય છે.**</u> પરની પર્યાયનો કર્તા થનાર ત્રણેકાળના પદાર્થોની પર્યાયોનો કર્તા થાય છે. તત્ત્વની મૂળ વાતને તે સમજતો નથી. જૈનદર્શન કોઈ વાડો નથી પણ વસ્તુસ્વભાવ જેમ છે તેમ જૈનદર્શન બતાવે છે.

અજ્ઞાની અભિમાન કરે છે કે અમે પરને બચાવી શકીએ છીએ. પરને બચાવી શકતો હો તો તારા શરીરને કેમ બચાવી શકતો નથી ? રોગની ઇચ્છા નથી છતાં રોગ આવે છે, તેને કેમ અટકાવતો નથી ? શરીર વગેરેની પર્યાય તે તે જડ પરમાણુને આધીન છે, તારે આધીન નથી. અજ્ઞાની જીવને જડની તાકાતની ખબર નથી. જડમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ક્રિયાવતી શક્તિ, અસ્તિત્વ આદિ અનંતા ગુણો છે. તે પોતાના કારણે પરિણમી રહ્યા છે. અજ્ઞાની માને છે કે મારાથી તે પલટી રહ્યા છે, તે જ અજ્ઞાન છે. વળી બીજા જીવો પણ પોતાના કારણે જીવે છે અથવા મરે છે છતાં અજ્ઞાની માને છે કે મેં મીઠાના જીવને, વાયરાના જીવને વગેરે ઘણા જીવોને બચાવ્યા–તે અજ્ઞાનભાવ છે. મુનિ થઈને માને કે મેં ઉપદેશ આપ્યો તેથી આટલા જીવો તરી ગયા—તે બધો અજ્ઞાનભાવ છે. આત્મા ઉપદેશની ભાષા કરી શકતો નથી કારણ કે તે જડની પર્યાય છે. સામો જીવ પોતાથી સમજે છે. ભાષાથી અથવા બીજા જીવથી સમજતો નથી છતાં અજ્ઞાની માને છે કે મારાથી સમજ્યો. આમ માનનાર મુનિ હોવા છતાં મિથ્યાદ્રષ્ટિ છે.

પરની પર્યાયનો કર્તા માનનાર નિત્યકર્તાની માન્યતાવાળો છે. લૌકિકજનોની જેમ તેનો મોક્ષ થતો નથી.

જેમ અફીણનો સ્વભાવ કડવો છે, મીઠાનો સ્વભાવ ખારો છે, લીંબુનો સ્વભાવ ખાટો છે, તેમ આત્માનો સ્વભાવ જ્ઞાન છે. દયા, દાનાદિ પરિણામ કરવાનો તેનો સ્વભાવ નથી. તો પછી પરની પર્યાયને કરે ને પલટાવે તેમ ત્રણ કાળમાં બને નહિ. પરની પર્યાયનો કર્તા માનનાર પોતાના જ્ઞાન સ્વભાવની હિંસા કરે છે. તે જીવ ગમે ત્યાં જશે તોપણ પરના કર્તાપણામાં ચોંટશે. અનંતવાર સમવસરણમાં ગયો. દયા-દાનાદિના પરિણામ કરી સ્વર્ગમાં ગયો, **નરક કરતાં સ્વર્ગમાં ઘણી વાર ગયો છે પણ કર્તાપણાનું શલ્ય રાખ્યું છે.** પોતાને ઊંધું બેઠું છે ને ઉપદેશક પણ એવા મળ્યા. પોતાની યોગ્યતાના કારણે મેળ ખાઈ ગયો ને કર્તૃત્વનું મિથ્યાશલ્ય દ્રઢ થયું. તેવા જીવોનો મોક્ષ થતો નથી.

**ભાવાર્થ :—**જેઓ આત્માને પર પદાર્થની અવસ્થાના કર્તા માને છે તેઓ ભલે પાંચ મહાવ્રતધારી મુનિ હોય તો પણ લૌકિક જન જેવા મિથ્યાદ્રષ્ટિ છે. નવમી ગ્રૈવેયકે જાય તેવી શુક્લ લેશ્યાના પરિણામ હોય છતાં શરીરની ક્રિયાથી ધર્મ માને, વ્યવહારથી ધર્મ માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે. કૃષ્ણ, નીલ, કાપોત, તેજુ, પદ્મ, શુક્લ છ લેશ્યાના પરિણામ અધર્મ છે, એક પણ ધર્મનું કારણ નથી. વળી અજ્ઞાની જીવો માને છે કે આત્મા કર્મને બાંધે ને છોડે તે પણ મિથ્યાભાવ છે. કર્મ જડ છે, તેની પર્યાયને આત્મા કરતો નથી તેમ જ ભોગવતો નથી, છતાં કર્મનો કર્તા આત્માને માનવો તે મિથ્યાદ્રષ્ટિ છે. તેથી તેવા મુનિનો મોક્ષ થતો નથી. જે પરનો કર્તા થશે તે કાર્યના ફળને ભોગવશે જ અને જે ફળ ભોગવશે તેનો મોક્ષ કેવો ? એટલે કે તેનો મોક્ષ થતો નથી, તે સંસારમાં રખડે છે.

હવે પરદ્રવ્યને અને આત્માને કાંઈ સંબંધ નથી માટે કર્તાકર્મ સંબંધ નથી, એમ શ્લોકમાં કહે છે :—

## કળશ ૨૦૦

**અર્થ :—**પરદ્રવ્યને અને આત્મતત્ત્વને સઘળોય (અર્થાત્ કાંઈ પણ) સંબધ નથી; એમ કર્તા-કર્મપણાના સંબંધનો અભાવ હોતાં, આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય ?

પરદ્રવ્ય એટલે કર્મ વગેરે પરવસ્તુને આત્મા સાથે કાંઈ પણ સંબંધ નથી. આત્મા કર્મને બાંધે ને છોડે એ વાત છે જ નહિ કારણ કે કર્મ જડ-રૂપી છે. આત્મા ચેતન–અરૂપી છે. "નમો અરિહંતાણં" એ પદનો અર્થ એમ નથી કે જડકર્મનો નાશ

કર્યો એવા ભગવાનને નમસ્કાર હજો પણ તેનો અર્થ એ છે કે સ્વભાવનાં ભાન અને સ્થિરતા દ્વારા ભગવાને અજ્ઞાન અને રાગ-દ્વેષરૂપી શત્રુનો નાશ કર્યો ને તે ટળતાં જડકર્મો સ્વયં નાશ પામ્યાં. આત્મા પોતાના સ્વરૂપનું ભાન કરે છે ત્યારે દર્શનમોહ ટળે છે ને તેથી દર્શન-મોહનીય કર્મ સ્વયં ટળી જાય છે ને સ્થિરતા કરીને કેવળજ્ઞાનાદિ ચતુષ્ટય પ્રગટ કરે છે ત્યારે ઘાતિકર્મો સ્વયં નાશ પામે છે; તેને ભગવાને ચાર ઘાતિકર્મો ટાળ્યાં એમ કથન કરવામાં આવે છે.

જે જીવ એમ માને છે કે હું શરીરને ચલાવું છું ને કર્મ મને રખડાવે છે. તે બન્ને ભૂલ છે. કર્મ જડ છે–રૂપી છે. આત્મામાં તેનો અત્યંત અભાવ છે. કર્મની તાકાત કર્મરૂપે પરિણમવાની છે. કર્મ આત્માને નુકશાન કરે નહિ. કોઈ કહે કે એક આંધળા માણસે દેખતા માણસને લૂંટ્યો—એ ઘણી આશ્ચર્યની વાત છે; તેવી રીતે કર્મ જડ, આંધળાં, જ્ઞાન વગરના અનાદિથી છે, તે આંધળાંએ દેખતા આત્મા–ચૈતન્યસ્વરૂપને લૂંટ્યો–હેરાન કર્યો એમ માને તે ઘણી આશ્ચર્યની વાત છે. જીવ વિકાર કરે તો કર્મ કર્મના કારણે પરિણમીને બંધાય ને જીવ ભાન કરે તો કર્મ પોતાના કારણે છૂટે–એ બધાનો આત્મા જાણનાર છે, પણ આત્મા કર્મનો કર્તા નથી.

તેવી જ રીતે આત્માને અને શરીરને સંબંધ નથી, એકનો બીજામાં અત્યંત અભાવ છે. કોઈ પૂછે છે કે શરીરમાં સોય લાગતાં દુઃખ થાય છે ને?

**<u>સમાધાન :</u>—**ભાઈ, સોય લાગવાનું દુઃખ નથી. શરીરને સોયનો તે પ્રકારનો સંબંધ થતા સોય મને (આત્માને) લાગી—એવી શરીર સાથેની એકત્વબુદ્ધિ તે દુઃખનું કારણ છે. ને મિથ્યાત્વ ટળ્યા પછી જ અલ્પ રાગ-દ્વેષ થાય તે દુઃખનું કારણ છે પણ સંયોગો તો દુઃખનું કારણ છે જ નહિ.

અહીં કોઈ પૂછે છે કે સામાયિકના પાઠમાં કાયાના દોષ ટાળવા એમ આવે છે ને ? તો કહે છે કે ભાઈ, તે કાયાના દોષ નથી પણ જીવના દોષની વાત છે ને તેમાં કાયા નિમિત્ત છે માટે કાયાના દોષ કહેવામાં આવ્યા છે.

વ્યવહારની ભાષા ઘણા પ્રકારે આવે, તેનો ભાવ સમજવો જોઈએ. ઘેર મહેમાન આવે ત્યારે વિવેક કરે અને કહે કે ''આ તમારું જ ઘર છે ને જે જોઈએ તે માગશો'' એ વિવેકની ભાષા છે તેથી કરીને તે ઘર મહેમાનને લખી આપતો નથી તેમ જ મહેમાન પણ તેને પોતાનું માની બેસતો નથી.

ભગવાને કર્મ ટાળ્યાં વગેરે ભાષા છે. મુનિએ જોઈને ચાલવું, એમ કથન છે. ત્યાં તેનો અર્થ એમ છે કે મુનિએ ચાલતી વખતે શુદ્ધ સ્વભાવના ભાન સહિત પ્રમાદ ન થવા દેવો. ગુરુએ ઉપદેશ આપ્યો–એ વાક્ય આવ્યું તેમાં ઉપદેશ તો જડ

છે, તેઓ તે આપી શકતા નથી પણ ઉપદેશનાં વાક્યો વાક્યના કારણે નીકળે ત્યારે ગુરુનો ભાવ નિમિત્ત હતો, એમ બતાવવા તેમ કહેલ છે.

શરીર, મન, વાણી વગેરે બધાં પરદ્રવ્યો છે, તેને તથા આત્માને કાંઈ સંબંધ નથી. આત્મા કોઈની પર્યાયનો કર્તા નથી. ભક્તિમાં કથન આવે છે કે "હે ભગવાન ! તું ધર્મ ને વીતરાગતામાં સાધન છો." ત્યાં પ્રતિમા તો જડ છે. આત્મામાં તેનો અત્યંત અભાવ છે પણ પોતે પોતાના કારણે સમજે તો પ્રતિમા ઉપર આરોપ આપે છે–એમ એનો અર્થ છે. જીવ શુભભાવ કરે છે પણ શુભભાવ કરે છે માટે શબ્દો બોલાય છે, એમ નથી. ને તે શબ્દો અથવા મૂર્તિ છે માટે જ્ઞાન થાય છે, એમ પણ નથી. જીવ માત્ર જાણનાર છે, પરદ્રવ્ય સાથે તેને કાંઈ સંબંધ નથી.

અહીં કોઈ પૂછે છે કે નિશ્ચયથી પરદ્રવ્ય સાથે સંબંધ નથી પણ વ્યવહારે તો સંબંધ છે ને ?

**સમાધાન :—**વ્યવહારે પણ પર સાથે સંબંધ નથી પણ વ્યવહારે કથન કરવામાં આવે છે. કોઈ પણ વસ્તુમાં કાર્ય થાય ત્યારે બીજી ચીજ કોણ નિમિત્ત છે તેનું જ્ઞાન કરવા માટે કથન કરવામાં આવે છે પણ નિમિત્ત હતું તો કાર્ય થયું—એ માન્યતા મૂળમાં ભૂલ છે.

આત્મા કરનારો ને પરની અવસ્થા તેનું કાર્ય—એવો કર્તા-કર્મ સંબંધ નથી. આત્મા કર્તા ને શુક્લધ્યાન તેનું કાર્ય, આત્મા કર્તા ને કેવળજ્ઞાન તેનું કાર્ય. આત્મા કર્તા ને સિદ્ધદશા તેનું કાર્ય હોઈ શકે. આત્મા રાગનો પણ ખરેખર કર્તા નથી તો પછી પરની ક્રિયાનો આત્મા કર્તા થાય તેમ ત્રણ કાળમાં બને નહિ.

અહીં કોઈ પ્રશ્ન કરે કે કુંભાર ઘડો કરતો દેખાય છે, બાઈ રસોઈ કરતી દેખાય છે ને ?

**સમાધાન :—**તે પદાર્થો તેના કારણે પરિણમે છે, એમ દેખાય છે. કુંભાર ત્યાં હાજર છે ખરો પણ તે ઘડામાં કાંઈ પણ કરી દેતો હોય એમ દેખાતું નથી. લોકમાં કથન આવે કે કુંભારે ઘડો બનાવ્યો. બાઈના હળવા હાથે રસોઈ સારી ને જલદી થાય છે. દાક્તરના હાથે ઇંજેક્શન અપાય છે વગેરે પ્રકારે કથન આવે છે. તે નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. આત્માને અર્હંતભગવાન, તેમની વાણી કે કોઈની સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ નથી.

**ભાવાર્થ :—**પરદ્રવ્યને અને આત્માને કાંઈપણ સંબંધ નથી. આત્માને શરીર, વાણી, મન, ઉપદેશ, ગુરુ વગેરે તથા બૈરાં, છોકરાં, પૈસા, મકાન વગેરે સાથે કાંઈ પણ સંબંધ નથી તો પછી તેમની સાથે કર્તાકર્મ સંબંધ કઈ રીતે હોય ?

એ રીતે જ્યાં કર્તા-કર્મ સંબંધ નથી ત્યાં આત્માને પરદ્રવ્યનું કર્તાપણું કઈ રીતે હોઈ શકે ? એટલે કે આત્માને પરદ્રવ્યનું કર્તાપણું નથી.

હવે જેઓ વ્યવહારનયના કથનને ગ્રહીને ''પરદ્રવ્ય મારું છે'' એમ કહે છે, એ રીતે વ્યવહારને જ નિશ્ચય માનીને આત્માને પરદ્રવ્યનો કર્તા માને છે, તેઓ મિથ્યાદ્રષ્ટિ છે. જેમ કે છોકરો નાનો હતો તેથી તેના રૂપિયા તેના ટ્રસ્ટીઓએ સાચવ્યા તેથી રૂપિયા સચવાયા. નહિતર મૂડી સાફ થઈ જાત. ભાઈ, તે વ્યવહારનું કથન છે. રૂપિયા પોતાના કારણે સચવાયા છે. તેમાં ટ્રસ્ટી નિમિત્ત હતા તેમ જ્ઞાન કરાવ્યું તેને બદલે ટ્રસ્ટીએ પૈસાને સાચવી દીધા એમ માનીને પરદ્રવ્યનો કર્તા માને તો વ્યવહાર નિશ્ચય થઈ જાય છે ને તેથી વ્યવહાર કે નિશ્ચય એકપણ રહેતા નથી. તે જીવો વ્યવહારનાં વાક્યોના ભાવને સમજતા નથી, શબ્દોને જ પકડી રાખનારા મિથ્યાદ્રષ્ટિ જીવો છે. આ પ્રકારના અર્થની ગાથાઓ દ્રષ્ટાંત સહિત કહે છે.

*

## શ્રી સમયસાર : ગાથા ૩૨૪-૩૨૬

*(આસો વદ ૧, સોમવાર, ૨૦૦૭, તા. ૧૫-૧૦-૫૧)*

### ગાથા ૩૨૪—૩૨૬

**વ્યવહારમૂઢ અતત્ત્વવિદ્ પરદ્રવ્યને 'મારું' કહે,**
**'પરમાણુમાત્ર ન મારું' જ્ઞાની જાણતા નિશ્ચય વડે. ૩૨૪.**
**જ્યમ પુરુષ કોઈ કહે 'અમારું ગામ, પુર ને દેશ છે,'**
**પણ તે નથી તેનાં, અરે ! જીવ મોહથી 'મારાં' કહે. ૩૨૫.**
**એવી રીતે જે જ્ઞાની પણ 'મુજ' જાણતો પરદ્રવ્યને,**
**નિજરૂપ કરે પરદ્રવ્યને. તે જરૂર મિથ્યાત્વી બને. ૩૨૬.**
**તેથી 'ન મારું' જાણી જીવ, પરદ્રવ્યમાં આ ઉભયની**
**કર્તૃત્વબુદ્ધિ જાણતો, જાણે સુદ્રષ્ટિરહિતની. ૩૨૭.**

**અર્થ :—**(ગાથા ૩૨૪નો) જેમણે પદાર્થનું સ્વરૂપ જાણ્યું નથી એવા પુરુષો વ્યવહારનાં વચનોને ગ્રહીને 'પરદ્રવ્ય મારું છે' એમ કહે છે. પરંતુ જ્ઞાનીઓ નિશ્ચય વડે જાણે છે કે 'કોઈ પરમાણુમાત્ર પણ મારું નથી.'

જેમણે પદાર્થોનું સ્વરૂપ જાણ્યું નથી એવા પુરુષો વ્યવહારનાં વચનો ગ્રહીને 'પરદ્રવ્ય મારું છે' એમ માને છે ને કહે છે. ભક્તિમાં આવે કે 'હે ભગવાન! તારા

કારણે તરું છું, તારી સહાય છે.' એનો અર્થ એમ છે કે હું મારા સ્વભાવથી તરું છું પણ વર્તમાન શુભરાગ છે ને નિમિત્ત ઉપર લક્ષ જાય છે ત્યારે વાણી એ પ્રકારની નીકળે છે. 'હે નાથ ! ભવોભવ તારું શરણ હજો'—એમ જ્ઞાનીઓ પણ કહે. અજ્ઞાની ઊંધા અર્થ સમજી વ્યવહારની ભાષાને પકડે છે. 'ભગવાન તારી દે છે' એવો તેનો અર્થ નથી. ભગવાન તો પર છે તેથી તેમનું તો શરણ નથી પણ પોતામાં થતા શુભરાગ અથવા નિર્મળ પર્યાયનું પણ શરણ નથી. શરણરૂપ તો પોતાનો ધ્રુવસ્વભાવ એક જ છે; પણ રાગ ઊઠે છે ત્યારે ભગવાન ઉપર આરોપ કરે છે.

લોકમાં કહે છે કે 'નેવા ચૂવે છે' પણ ત્યાં નેવા ચૂતા નથી પણ વરસાદ અથવા પાણી પડે છે, તેને નેવા ચૂવે છે એમ કહે છે. મુસાફરી કરતાં અમુક ગામ આવ્યું એમ કહે; તો તે ગામ ક્ષેત્રાંતર થઈને તેની પાસે જતું નથી. પોતે તે ગામ નજીક ગયો છે. મહેમાન આવે ત્યારે વિવેક ખાતર બોલે કે 'આ તમારું ઘર છે' એટલે કે તમારે સંકોચ ન રાખવો. ભાષા પ્રમાણે અર્થ કરે તો ઘર મહેમાનને આપી દે છે ? મહેમાન પણ સમજે છે કે આ મારું ઘર નથી, વિવેકની ભાષા છે. એ પ્રમાણે શાસ્ત્રની અંદર આવેલાં લખાણની પાછળનો ભાવ સમજવો જોઈએ.

કેટલાક લોકોને એમ લાગે છે કે "અહીં પુણ્યને ધર્મ તો માનતા નથી છતાં પણ ભક્તિ, પૂજા, સ્વાધ્યાય વગેરેના શુભભાવો તો કરે છે. મંદિરો, પુસ્તકો વગેરે બનાવે છે. આ લોકો બોલે છે કાંઈક ને કરે છે બીજું." ભાઈ, જ્ઞાની કે અજ્ઞાની કોઈપણ પર પદાર્થની, મંદિરની કે પ્રતિમાની ક્રિયા કરી શકતો નથી. પ્રતિમા તેના કાળે આવે છે. જીવને અધૂરી દશામાં રાગ થાય છે તેના અસંખ્ય પ્રકાર હોય છે ને તે વખતે જુદાં જુદાં નિમિત્તો ઉપર લક્ષ જાય છે પણ તેથી તેની ક્રિયા આત્મા કરી શકે છે અથવા નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય છે અથવા પુણ્યથી ધર્મ થાય છે, એવો એનો અર્થ છે જ નહિ.

ગુરુને ધર્મી કહે છે કે 'પ્રભુ ! તમોએ આત્મા આપ્યો'–તો શું આત્મા કોઈ લઈ ગયેલ હતો તે પાછો આપ્યો ? એમ છે જ નહિ. પોતે પોતાથી આત્માની સમજણ પામ્યો, એમાં ગુરુ નિમિત્ત છે એવો એનો અર્થ છે. 'ભવોભવ તારી ભક્તિ હજો.' એમ ભક્તિમાં ધર્મી જીવ બોલે પણ ત્યાં શુભભાવની માગણી નથી. મારાં શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં વૃત્તિ ઊઠે છે તે ઝેર છે–એવું તેને ભાન છે પણ અંતરમાં ઠરી શકતો નથી ત્યારે શુભભાવ આવે છે. તેનો અર્થ એમ છે કે શુભરાગથી નીચે ઊતરી અશુભમાં તો ન જ જાઉં, પણ શુભ તોડીને શુદ્ધ થઈ જવાની ભાવના છે. શુભની માગણી નથી, શુભની અથવા નિમિત્તની માગણી કરનાર મિથ્યાદ્રષ્ટિ છે.

જે જીવ એમ માને છે કે મારાથી જડ પદાર્થોની ક્રિયા–મૂર્તિ લાવવા વગેરેની ક્રિયા કરી શકાય છે તે મૂઢ છે. મૂર્તિ આવવાનો કાળ હતો માટે મૂર્તિ આવે છે. શુભરાગને લીધે મૂર્તિ આવી નથી. મૂર્તિ આવી માટે શુભરાગ થયો નથી. શુભરાગ થયો માટે ધર્મ થાય છે, એમ પણ નથી. જે જીવ પરની ક્રિયાનો સ્વામી થાય છે, તે જગતના કર્તા ઈશ્વર છે, એમ માનનારની જેમ મિથ્યાદ્રષ્ટિ છે.

'મુનિની સેવા અથવા વૈયાવૃત્ય કરવી' એમ કથન આવે તેથી પરની ક્રિયા કરી શકાય છે, એમ માનનાર જીવ અજ્ઞાની છે. મુનિના શરીરની અવસ્થા તેના કારણે થાય છે પણ શિષ્યને શુભરાગ વખતે વૈયાવૃત્યનો શુભરાગ આવ્યો છે, તેનું જ્ઞાન કરાવ્યું છે.

મુનિને પાંચ સમિતિનું પાલન કરવાનું કહ્યું છે. તેમાં ઈર્યાસમિતિના પાલનમાં કહે કે 'મુનિએ જોઈને ચાલવું' તેનો અર્થ એમ કરે કે મુનિ શરીરની ક્રિયા કરી શકે છે ને જોઈને ચાલી શકે છે. માટે જીવ બચે છે, તો તે અર્થ જૂઠો છે ને એમ માનનાર જીવ મિથ્યાદ્રષ્ટિ છે. તેનો ખરો અર્થ એમ છે કે શરીરની ચાલવાની ક્રિયા વખતે શુદ્ધ સ્વભાવના ભાન સહિત અંતરપ્રમાદ થવા ન દેવો ને એમ થતા પોતે બીજા જીવની હિંસામાં નિમિત્ત થતો નથી. જીવની રક્ષા કરવી એમ કહે છે, એનો અર્થ એટલો છે કે કોઈ જીવ બીજા જીવની રક્ષા કરી શકતો નથી. જીવ અને જડ શરીરનો સમય- સમયનો પર્યાય તે તે દ્રવ્યના કારણે થાય છે પણ પોતાના સ્વભાવનું ભાન રાખી બીજાને દુઃખ દેવાનો ભાવ કરીશ નહિ, એવો તેનો અર્થ છે.

ભાષા સમિતિના પાલનમાં એમ લખાણ આવે કે મુનિએ વિચારીને બોલવું. તેનો અર્થ એમ નથી કે આત્મા બોલી શકે છે. પણ એનો અર્થ એમ છે કે ભાષા તો ભાષાના કારણે નીકળે છે, આત્માને લીધે ભાષા નથી નીકળતી, પણ બોલવાનો રાગ હોય તો અંતરના ભાનસહિત મૃદુ ને પ્રિય વચન બોલવાનો ભાવ રાખજે.

એષણા સમિતિના પાલનમાં એમ લખાણ આવે કે મુનિએ નિર્દોષ આહાર લેવો. તેનો અર્થ એમ છે કે સ્વભાવના ભાન સહિત અંતર રમણતા વર્તે છે. પણ જ્યારે આહારની વૃત્તિ ઊઠે ત્યારે દોષવાળો આહાર લેવાની અશુભ વૃત્તિ થવા ન દેવી, એમ બતાવી શુભનું જ્ઞાન કરાવેલ છે. આહાર લેવાની ક્રિયા જડની છે. તેને પરમાર્થ માની આહારની ક્રિયાનો આત્મા ધણી થાય તે મિથ્યાદ્રષ્ટિ છે.

આદાન-નિક્ષેપણ સમિતિના પાલનમાં એમ લખાણ આવે કે મુનિએ સાવધાનીપૂર્વક વસ્તુ લેવી–મૂકવી. જે એમ અર્થ કરે કે આત્મા પરવસ્તુ લઈ-મૂકી શકે છે, તે મિથ્યાદ્રષ્ટિ છે. જડને લેવા–મૂકવાની ક્રિયા થતી હોય ત્યારે સ્વભાવના લક્ષે પ્રમાદભાવ થવા ન દેવો, એવો એનો અર્થ છે.

ઉત્સર્ગસમિતિના પાલનમાં એમ લખાણ આવે કે મળ, મૂત્ર, થૂંક આદિનું ક્ષેપણ જીવરહિત સ્થળમાં કરવું. ત્યાં પરમાણુની ક્ષેત્રાંતર થવાની ક્રિયાનો કર્તા આત્માને માને તે મિથ્યાદ્રષ્ટિ છે પણ તે જડ પદાર્થની ક્રિયા થતી હોય ત્યારે પોતામાં પ્રમાદભાવ થવા ન દેવો, એવો તેનો અર્થ છે.

વ્યવહારનાં વચનોનો ભાવ નહિ સમજતાં જે જીવો પરદ્રવ્યના સ્વામી થાય છે તે મિથ્યાદ્રષ્ટિ છે. તેને ધર્મ થતો નથી. સાચી સમજણ વિનાના વ્રત, તપ, બધાં ખોટાં છે. જે એમ કહે કે અમોએ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી, મંદિરો બંધાવ્યાં ને તેથી ઘણા કાળ સુધી ધર્મ ટકશે. પણ ભાઈ, જડની પર્યાયનો આત્મા કર્તા નથી. વળી તે જડ પદાર્થોથી બીજા ધર્મ પામતા નથી છતાં જે જીવ બીજાની પર્યાયનો કર્તા થાય છે, તે જીવ જગતકર્તા ઈશ્વરની માન્યતાવાળાની જેમ મિથ્યાદ્રષ્ટિ છે.

સમકિત પ્રગટ થવામાં પ્રતિમાદર્શન, દેવઋદ્ધિ, જાતિસ્મરણ વગેરે ઘણા પ્રકારે નિમિત્ત છે—એમ લખાણ આવે. અજ્ઞાની જીવ પર પદાર્થને સમકિતનું યથાર્થ કારણ માની તેને ચોંટે છે પણ તે યથાર્થ નથી. જીવ પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયે સમકિત પ્રગટ કરે ત્યારે બાહ્ય નિમિત્ત ક્યું છે, તેનું જ્ઞાન કરાવે છે. પરને લીધે સમકિત હોય તો સમવસરણમાં અનંતવાર જઈ ભગવાનની પૂજા પણ કરી છે છતાં સમકિત થયું નહિ. માટે તે બધાં લખાણો નિમિત્તનું જ્ઞાન કરવા માટે છે.

શ્રી ધવળ શાસ્ત્રમાં લખાણ છે કે મુનિએ જતનાથી ચાલવું, સુવું, ઊભા રહેવું, બોલવું, આહાર કરવો વગેરે. ત્યાં જે જીવ એમ માને કે શરીરની ક્રિયા જીવ કરી શકે છે, સૂતી વખતે શરીરનું પડખું ફેરવી શકે છે, એ જીવ મૂઢ છે. તે વસ્તુસ્વભાવની તથા પોતાના જ્ઞાતા સ્વભાવની હિંસા કરે છે. મુનિને શુદ્ધ ચૈતન્યની દ્રષ્ટિ હોવાથી નિમિત્તનું, વિકલ્પનું કે નિર્મળ પર્યાયનું અવલંબન નથી. સ્વભાવનાં ભાન અને સ્થિરતા દ્વારા નિર્મળતા પ્રગટ કરવાનો કામી છે પણ રાગની વૃત્તિ ઊઠે તો તીવ્ર રાગ ન થવા દ્યે. એના પ્રકાર બતાવ્યા છે.

વળી એમ કહેવામાં આવે કે ચૌદ પ્રકારનો અભ્યંતર ને દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ છોડવો. તેમાં બાહ્યવસ્તુ વસ્ત્ર, મકાનાદિને આત્મા છોડી શકતો હશે ? તે તો વ્યવહારની ભાષા છે. બાહ્ય વસ્તુ તો છૂટેલી જ પડી છે પણ મુનિને આત્માના ભાન ઉપરાંત સ્વરૂપ લીનતા ઘણી વધી ગઈ હોય છે. વીતરાગતા પ્રગટી છે. ઘડીમાં છઠ્ઠે ને ઘડીમાં સાતમે ગુણસ્થાને ઝૂલે છે, તેણે ત્રણ કષાયનો નાશ કર્યો છે તેથી શરીરને ટાઢ–તડકાથી બચાવું ને વસ્ત્ર ઓઢું, એવી વૃત્તિ જ ઊઠતી નથી. તેને

પરિગ્રહના સંગની વૃત્તિ જ ઊઠતી નથી તેથી તે બાહ્ય વસ્તુ ઉપર લક્ષ જતું નથી અને પરિગ્રહ છોડ્યો એમ કહેવાય છે.

'આત્મસિદ્ધિ'માં લખાણ છે કે

**ઉપાદાનનું નામ લઈ એ જે તજે નિમિત્ત,**
**પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત.**

જેને ભાષા પાછળના ભાવની ખબર નથી તે આનો અર્થ ઊંધો કરે છે કે જુઓ, 'જે નિમિત્તને છોડે છે તે ભ્રાંતિમાં રહે છે' એમ કહ્યું છે. માટે આપણે દેવ–ગુરુ વગેરે નિમિત્ત છે તેનો ધર્મ માટે આશ્રય લેવો. ભાઈ, એવો એનો અર્થ નથી. જે જીવને શુદ્ધ ચૈતન્યની દ્રષ્ટિ થઈ નથી ને સમકિત કેમ પ્રાપ્ત થાય તેની ખબર નથી. તેવા અજ્ઞાની જીવ, સાચા દેવ–ગુરુનો યોગ મળવા છતાં ઉપાદાનનું નામ લઈ, સ્વચ્છંદ સેવી, સ્વલક્ષપૂર્વક, સાચા દેવ–ગુરુ આત્માનું સ્વરૂપ શું કહે છે તે સાંભળવાની ને સમજવાની દરકાર કરતો નથી, તે જીવ ભ્રાંતિમાં રહે છે ને સિદ્ધદશાને પામતો નથી. એમ ત્યાં કહેવાનો આશય છે. ત્યાં નિમિત્તદ્રષ્ટિ કરાવવી નથી. સાચા દેવ શું કહે છે તે સાંભળવામાં પોતાના આત્માનું બહુમાન કરવાનો શુભભાવ છે. તે શુભભાવનો શ્રદ્ધામાં ધર્મીને નકાર વર્તે છે. છતાં તે ધર્મી સમજે છે કે વર્તમાનમાં નિમિત્ત તરફના વલણની મારી યોગ્યતા છે ને સ્વભાવના આશ્રયે તે ધીમે ધીમે ટળી જશે. તેવા ભાવનું શ્રીમદ્ લખે છે કે :–

**"સંયમના હેતુથી યોગપ્રવર્તના,**
**સ્વરૂપ લક્ષે જિન આજ્ઞા આધીન જો,**
**તે પણ ક્ષણક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,**
**અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો."**

જુઓ, સ્વરૂપનું લક્ષ છે. પોતે આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે. નિમિત્ત રહિત તથા રાગરહિત જ્ઞાનસ્વરૂપી આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન વર્તે છે પણ રાગ ઊઠે તો જિનઆજ્ઞા શું છે, ભગવાન શું કહે છે—તે સાંભળવાનો તથા વાંચવાનો વિકલ્પ ઊઠે છે. ભગવાને સ્વરૂપ આમ કહ્યું છે. એમ જુદા જુદા પ્રકારે જિનઆજ્ઞા મુજબ સ્વરૂપને રાગસહિત વિચાર કરે છતાં તે રાગનો નિષેધ વર્તે છે ને તે જિનઆજ્ઞાનો રાગ પણ સ્વભાવના આશ્રયે ધીમે ધીમે ઘટતો જાય છે ને અંતે પોતાના સ્વરૂપમાં લીન થાય છે. આમ ઉપાદાન- નિમિત્ત અથવા નિશ્ચય ને વ્યવહારનું યથાર્થ જ્ઞાન કરાવ્યું છે. માટે જેમ છે તેમ અર્થ કરવો જોઈએ.

"જો મંદિર હોય તો ત્યાં ભક્તિ થાય, માટે મંદિરો બનાવ્યાં" એમ કથન આવે. તો એનો અર્થ એમ છે કે ધર્મી જીવ શુદ્ધ સ્વભાવમાં ન રહી શકે ત્યારે મંદિર

ઉપર લક્ષ જાય છે પણ મંદિરને લીધે શુભભાવ નથી. મંદિરને લીધે શુભરાગ હોય તો ચકલાને પણ શુભભાવ થવો જોઈએ.

શ્રાવકધર્મ બતાવતાં એમ પણ કથન આવે કે "શ્રાવકે મુનિને મોક્ષ આપ્યો," એ કથન વ્યવહારનું છે. શ્રાવક નિર્દોષ આહાર મુનિને આપે, આહારથી મુનિનું શરીર ટકે, શરીર ટકે તો મુનિપણું ટકે ને મોક્ષ થાય. એ બધાં કથન વ્યવહારનાં છે. મુનિપણું કે મોક્ષમાર્ગ પોતાના સ્વભાવના આશ્રયે ટકે છે. આહારથી મુનિપણું ટકતું નથી તેમ જ મોક્ષ પણ પોતાના સ્વભાવના આશ્રયે થાય છે. પણ મુનિ જ્યારે સ્વભાવમાં ટકી શકતા નથી ત્યારે આહારનો વિકલ્પ ઊઠે છે ને તે વખતે આહારદાનમાં શ્રાવક નિમિત્ત છે, એમ જ્ઞાન કરાવ્યું છે. વ્યવહાર ભાષાની પાછળનો ભાવ સમજવો જોઈએ.

"અન્ન એવું મન" એ વ્યવહારકથન છે. ખરાબ અન્નને લીધે પરિણામ બગડે, તેમ માનનાર મૂઢ છે. પોતે પરિણામ બગાડે તો અન્નને નિમિત્ત કહેવાય. શાસ્ત્રમાં લખાણ આવે કે સ્ત્રીને દેખીને રાગ થાય, ખૂબ આહાર લેવાથી વિકાર થાય, અમુક સ્થાનમાં રહેવું નહિ, પરિગ્રહ ઘણો હોય તો મમતા ઘણી થાય—એ બધાં લખાણ વ્યવહારનાં છે. રાગના, અબ્રહ્મચર્યના, મમતાના વગેરે પરિણામ જીવ પોતે પોતાના કારણે કરે તો પર પદાર્થને નિમિત્ત કહેવાય.

ભરત ચક્રવર્તીને પરિગ્રહના ઢગલા હતા છતાં આત્માનું ભાન હતું તેથી મમતા અનંતમાં ભાગે હતી ને નિગોદના જીવને બાહ્યથી કાંઈપણ પરિગ્રહ નથી ને દ્રવ્યલિંગી મુનિને પણ બાહ્યથી પરિગ્રહ નથી છતાં અંતરભાન નહિ હોવાના કારણે બન્ને અનંતી મમતાથી ભરેલા છે.

"સોબત તેવી અસર" એ ભાષા વ્યવહારની છે. સમવસરણમાં ઘણા જીવો જાય છે પણ જે જીવ ધર્મ પ્રગટ કરે છે તેને ભગવાન નિમિત્ત કહેવાય છે. પુત્ર પિતાનું માને છે, ઘરમાં મુખ્ય માણસ કડક છે તો બધાની વ્યવસ્થા બરાબર સચવાય છે, તે વ્યવહારનાં કથનો છે. દરેકની પર્યાય પોતાના કારણે છે. પરને લીધે નહિ.

આ પ્રમાણે શાસ્ત્રમાં વ્યવહારનાં વચનો ઘણા પ્રકારે આવે, પણ તેનો ભાવ નહિ સમજતાં વચનોને પકડીને "પરદ્રવ્ય મારું છે" એમ જે માને છે તે જીવ પદાર્થના સ્વરૂપને સમજતો નથી, તેથી મિથ્યાદ્રષ્ટિ છે. પરંતુ જ્ઞાનીઓ ખરેખર જાણે છે કે એક પણ પરદ્રવ્ય મારું નથી. હું તો જાણનાર છું એમ તેઓ જાણે છે.

અર્થ :–(ગાથા ૩૨૫) “જેવી રીતે કોઈ પુરુષ અમારું ગામ, અમારો દેશ, અમારું નગર, અમારું રાષ્ટ્ર એમ કહે છે પરંતુ તે તેનાં નથી, મોહથી તે આત્મા ‘મારાં’ કહે છે.”

જેવી રીતે કોઈ માણસ ભાવનગર રહેતો હોય તો કહે છે કે ભાવનગર મારું ગામ છે. ભલે ભાવનગરમાં રહેવાનું તેને ઘરનું ઘર પણ ન હોય છતાં ત્યાં રહેવાનાં સ્થાનની ઓળખાણ માટે ‘ભાવનગર મારું ગામ છે’ એમ કહે છે. તેથી તે ભાવનગરનો માલિક થઈ જતો નથી. એમ અજ્ઞાની જીવો શાસ્ત્રના ભાવને સમજતા નથી. શાસ્ત્રમાં લખાણ આવે કે કોઈ સંસ્થાએ લાખો ધાર્મિક પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં તેથી ઘણાને ધર્મનો લાભ થયો. પણ ખરેખર તે પુસ્તકોથી લાભ થયો નથી. જીવ લાભ પ્રગટ કરે તો તેને (પુસ્તકને) નિમિત્ત કહેવાય પણ અજ્ઞાની જીવ ભાવને સમજતા નથી. વ્યવહાર વચનોને નિશ્ચય માની પરવસ્તુને મારી કહે છે. તે જ અજ્ઞાન ને મિથ્યાભાવ છે ને સંસારનું કારણ છે. ***

# પ્રસાદ નં. ૩૫૧

## શ્રી સમયસાર : ગાથા ૩૨૪—૩૨૭

*(આસો વદ ૨, મંગળવાર, ૨૦૦૭, તા. ૧૬-૧૦-૫૧)*

જુઓ! અહીં અધિકાર એ ચાલે છે કે શાસ્ત્રમાં વ્યવહારનયનાં જે કથન હોય છે તેને જે નિશ્ચય માની બેસે છે, તે મિથ્યાદ્રષ્ટિ છે. જેમણે પદાર્થનું સ્વરૂપ જાણ્યું નથી એવા અજ્ઞાનીઓ વ્યવહારનયનાં વચનો ગ્રહીને પરદ્રવ્ય મારું છે એમ કહે છે. અહીં મૂળગાથામાં व्यवहार भासिदेण શબ્દ પડ્યો છે, તેના ઉપર વજન છે. જેમ લૌકિકજનો વિષ્ણુને જગતનો કર્તા માને છે તેમ કોઈ જૈન સાધુ થઈને પણ શાસ્ત્રમાં વ્યવહારથી કથન કર્યું હોય તેને તેમ જ માની લઈને 'હું પર વસ્તુનું કરી શકું છું' એમ માને તો તે લૌકિક જનોની જેમ મિથ્યાદ્રષ્ટિ છે.

### જેમ 'મારું ગામ છે' એ કહેવા માત્ર છે તેમ 'આત્મા આહારાદિ છોડે' તે કહેવા માત્ર છે.

બાર પ્રકારના તપમાં અનશન, ઉણોદરી, રસપરિત્યાગ આદિના ભેદો આવે છે, તે બધા વ્યવહારનયનાં કથનો છે. કાયક્લેશમાં આત્મા કાયાને ક્લેશ આપી શકતો નથી. આત્મા રસનો ત્યાગ કરી શકે નહિ પણ અજ્ઞાની વ્યવહારના કથનને નિશ્ચય માની બેસે છે. આત્મા શરીરની ક્રિયાને કરી શકતો નથી. અજ્ઞાની શાસ્ત્ર વાંચીને પણ હું પરની ક્રિયા કરી શકતો નથી એમ માનતો નથી પણ આ પરની ક્રિયા હું કરી શકું છું એમ પરદ્રવ્યને પોતાપણે માને છે તે નિઃસંદેહ મિથ્યાદ્રષ્ટિ છે. અહીં જ્ઞાની કહ્યો છે તે શાસ્ત્રનો જાણનાર લેવો, તે પરદ્રવ્યના કર્તાપણાની બુદ્ધિથી મિથ્યાદ્રષ્ટિ થાય છે.

જ્ઞાનીઓ 'પરદ્રવ્ય મારું નથી' એમ જાણીને લૌકિકજનો તથા દ્રવ્યલિંગી મુનિ–બન્નેનો પરદ્રવ્યમાં કર્તાપણાનો વ્યવસાય જાણતા થકા, એમ જાણે છે કે આ વ્યવસાય સમ્યક્દર્શન રહિત પુરુષોનો છે. 'હું ઉપદેશ આપું છું તેથી આટલા પૈસા ભેગા થયા' એમ માનનાર મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે. ઈશ્વર જગત કર્તા છે એમ માનનાર ને તે બન્નેનો એક વ્યવસાય છે. રસ, દૂધ, સાકર વગેરે પરદ્રવ્યો આપણને આટલાં ખપે એમ માનનાર પરદ્રવ્યનો કર્તા થાય છે. ચક્રવર્તીને છન્નુ હજાર સ્ત્રી હોય છે. હીરાના થાળમાં અને મણિરત્નના વાટકામાં ભોજન ખાય છે. છતાં તે વખતે આત્માનું ભાન હોવાથી તેને નિર્જરા થાય છે. આ આત્મા ચૈતન્ય મૂર્તિ છે. તેનું જ્ઞાન શરીર છે. તે જ્ઞાતા-દ્રષ્ટાનો પિંડ છે. તે પરપદાર્થને લ્યે કે મૂકે એવું તેનું

સ્વરૂપ જ નથી. શાસ્ત્રમાં વ્યવહારથી કથન આવે તેને તે પ્રમાણે કોઈ માની લ્યે તો તે આત્માને જાણતો નથી.

શ્રી કુંથુનાથ, શ્રી શાંતિનાથ, શ્રી અરનાથ ચક્રવર્તી હતા. પૂર્વનાં પુણ્યના યોગે તેમને પુષ્કળ સામગ્રી હતી. તે પુદ્‌ગલના પરિણમનનું કાર્ય છે. તે કાર્યને આત્મા હઠાવે એમ માનવું તે મિથ્યાદ્રષ્ટિપણું છે. માણસ ભાષાનો પ્રયોગ કરવા જાય પણ તેની ઇચ્છા મુજબ થઈ શકતો નથી. છતાં જૈન સાધુ કે શ્રાવક નામ ધરાવીને પણ 'પરદ્રવ્યનો હું કર્તા છું' એમ માને તો તે વિષ્ણુને કર્તા માનનારની જેમ મિથ્યાદ્રષ્ટિ છે.

## આત્મા પોતાની સત્તામાં પલટો કરી શકે પણ પર સત્તામાં ફેરફાર કરી શકે નહિ.

આત્મા પરની સત્તામાં ફેરફાર કરી શકે છે—તે માન્યતા ભૂલ ભરેલી છે. જગતને વિષ્ણુએ બનાવ્યું છે—એમ માનતાં જગતના પદાર્થનું નિત્યપણું રહેતું નથી તેમ પરપદાર્થની પર્યાય મારાથી થાય છે—એમ કોઈ સાધુ માને તો તે પરની સત્તાનો જ અભાવ કરે છે. એ રીતે બન્નેની માન્યતા એક સરખી છે. પરદ્રવ્યની ક્રિયા આત્મા કરી શકતો નથી, અજ્ઞાની તેના કર્તાપણાનું અભિમાન કરી શકે છે પણ પર દ્રવ્યની ક્રિયા તે પણ કરી શકતો નથી. જગતમાં જડ અને ચેતન બે પદાર્થ છે—એમ કહેવું અને એક બીજાને લીધે છે—એમ કહેવું તે વિરુદ્ધ છે. એમ માનતાં બે પદાર્થ ભિન્ન રહેતા નથી પણ અજ્ઞાની પરની ક્રિયા મારાથી થાય છે એમ માને છે તે મિથ્યાદ્રષ્ટિનો વ્યવસાય છે. તે સમ્યગ્દ્રષ્ટિ રહિત છે, એમ અસ્તિનાસ્તિથી કહેલ છે.

**ટીકા :—**અજ્ઞાનીઓ જ વ્યવહારમાં મૂઢ હોવાથી પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે છે-માને છે. આત્માની અજ્ઞાનરૂપી રાગ-દ્વેષની ક્રિયા હોય અથવા તો જ્ઞાનપૂર્વક વીતરાગતાની ક્રિયા હોય છે. એ સિવાય પર સત્તામાં ભેળસેળ કરવાની આત્મામાં તાકાત નથી. જો એમ થાય તો જગતમાં કોઈ પદાર્થ જ રહે નહિ. અજ્ઞાની વ્યવહાર મૂઢ છે. શાસ્ત્રમાં આવે કે ભગવાને ચાર તીર્થની સ્થાપના કરી. પણ તે વ્યવહારનું કથન છે, ભગવાને ચાર તીર્થને સ્થાપ્યા નથી, તેમણે તો વીતરાગતા પ્રગટ કરી છે. જગતના લોકો પોતાના પુરુષાર્થથી સમજ્યા ત્યારે ભગવાનને ઉપચારથી તીર્થના સ્થાપક કહેવાય છે. અજ્ઞાની માને છે કે સાધુને કેમ ભણાવવા, ચાર સંઘની વ્યવસ્થા બરાબર કેમ રહે, તે બધું અમે કરી શકીએ છીએ પણ પરદ્રવ્યનો કોઈ આત્મા કરનાર છે જ નહિ. જગતના પદાર્થોનું પરિણમન તેના કાળે તેના કારણે થાય છે, તેનો કોઈ બીજો કર્તા નથી. આ રીતે વસ્તુ સ્વરૂપ

યથાર્થ જાણ્યું તેનું નામ સાચું જૈનપણું છે. ભગવાન કુંદકુંદાચાર્યે સમયસાર શાસ્ત્ર બનાવ્યું—એમ વ્યવહારથી કહેવાય પણ પરમાર્થે એમ છે જ નહિ. શાસ્ત્ર થતી વખતે કોનો વિકલ્પ હતો, તેનું જ્ઞાન કરાવવા વ્યવહારથી કહેવાય કે આ શાસ્ત્ર કુંદકુંદાચાર્યે બનાવ્યું છે. તે શાસ્ત્રમાં એક એક અક્ષર અનંતા પુદ્‌ગલ પરમાણુનો પિંડ છે, તે પર્યાય તે તે પુદ્‌ગલ પરમાણુના આધારે થઈ છે, તેને કોઈ આત્મા કરી શકે નહિ—એમ સમજનાર જ્ઞાની પરદ્રવ્યનો કર્તા થતો નથી. આત્મા ચૈતન્યધ્રુવ છે. તેની આ એક જ રસ્તે મુક્તિ થાય છે. જેને આવી શ્રદ્ધા અને જ્ઞાન નથી, તેની મુક્તિ થતી નથી.

**જ્ઞાનીઓ તો નિશ્ચયના જાણનારા હોવાથી પરદ્રવ્યની કર્ણિકા માત્રને પણ આ મારું છે એમ માનતા નથી.**

ખાવામાં ભૂલ થઈ, માટે શરીરમાં રોગ આવ્યો એમ માને તે મિથ્યાદ્રષ્ટિ છે. જ્ઞાની માને છે કે આત્મામાં ભૂલ થાય અને શરીરમાં રોગ આવે એમ બને નહિ. જ્ઞાની 'પરદ્રવ્યની ક્રિયા હું કરી શકું છું' એમ માનતો નથી. સ્ત્રી ઉપર પ્રેમ હોય પણ તે મરતી હોય તો તેને બચાવવા તેનો પતિ સમર્થ નથી. જડની પર્યાયને કરવાની આત્મામાં તાકાત હોય તો સ્ત્રી કે પુત્રને કોઈ મરવા દે નહિ; પણ તે પદાર્થ સ્વતંત્ર છે. કોઈ પણ પરપદાર્થમાં ફેરફાર આત્માથી થાય—એમ જ્ઞાની માનતો નથી.

આ જગતમાં કોઈ વ્યવહારથી વિમૂઢ એવો પારકા ગામમાં રહેનારો માણસ 'આ ગામ મારું છે' એમ દેખતો-માનતો થકો મિથ્યાદ્રષ્ટિ છે તેમ જો જ્ઞાની પણ કોઈપણ પ્રકારે વ્યવહાર વિમૂઢ થઈને 'પરદ્રવ્યને આ મારું છે' એમ દેખે તો તે વખતે તે પણ નિઃસંશય પણે અર્થાત્ ચોક્કસ પરદ્રવ્યને પોતારૂપ કરતો થકો, મિથ્યાદ્રષ્ટિ જ થાય છે.

જીવ અજીવ બન્ને તત્વો ભિન્ન છે તેથી કોઈ તત્વ કોઈને લઈને થાય એમ બનતું નથી. અજ્ઞાની 'હું કરું, હું કરું' એમ પરની ક્રિયાનો ધણી થાય છે. જેમ ઊંટ ગાંગર્યા કરે છે; એક મણ ભાર નાખે તો પણ ગાંગરે અને દશમણ નાખે તો પણ ગાંગરે. તેને ગાંગરવાની ટેવ પડી છે. તેમ અજ્ઞાનીને ''પરનું હું કરી શકું છું'' એમ ગાંગરવાની ટેવ પડી છે. હું આત્મા જાણનાર-દેખનાર છું અને પરની ક્રિયા હું કરી શકું નહિ—એમ તે માનતો નથી.

અહીં કોઈ ધર્મી જીવ પણ છએ દ્રવ્ય સ્વતંત્ર છે એમ જાણવા છતાં કોઈ વખત પણ પરદ્રવ્યની ક્રિયા મારાથી થાય છે—એમ માને તો તે નિઃશંકપણે મિથ્યાદ્રષ્ટિ થાય છે. તેને સાચાં વ્રત-તપ હોતાં નથી. કેમ કે ચૈતન્યની સત્તામાં

પરના કર્તાપણા રહિતનું એકલું જ્ઞાન ભર્યું છે. તેનું જ્ઞાન તેને નથી. તત્ત્વજ્ઞાની એમ જાણે છે કે મારા સિવાય કોઈ પર ચીજની પર્યાયને હું કરી શકું નહિ. જે કોઈ પરનો કર્તા થાય છે તે નિઃશંકપણે મિથ્યાદ્રષ્ટિ છે, એમ તે જાણે છે.

સમ્યગ્દ્રષ્ટિ જાણે છે કે આ વ્યવસાય કરનારા એટલે કે પરનું હું કરી શકું છું એવા અભિપ્રાયવાળા મિથ્યાદ્રષ્ટિ છે. આ રીતે મિથ્યાદ્રષ્ટિને જ્ઞાની બરાબર જાણે છે. અજ્ઞાની લોકો કહે છે કે બીજા મિથ્યાદ્રષ્ટિ છે એ કેમ જણાય ? તો અહીં કહે છે કે જેને પરમાં કર્તાપણાની બુદ્ધિ છે તે મિથ્યાદ્રષ્ટિ છે, એમ જ્ઞાની જાણે છે.

અજ્ઞાની માને છે કે મેં આટલા મકાનો કર્યા, વેપારની વ્યવસ્થા હું કરી શકું છું. તે જીવ પરપદાર્થની પર્યાયનો કર્તા થાય છે, તે પરપદાર્થની ક્રિયા એનાથી થાય છે—એમ તે માનતો નથી. અહીં તો કહે છે કે પરદ્રવ્યની ક્રિયા બીજા દ્રવ્યથી થાય અને પુણ્યથી ધર્મ થાય—એમ માનનાર મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે અને પર્યાયમાંથી પર્યાય થાય—એમ માને તે પણ વ્યવહાર મૂઢ છે. તે મિથ્યાત્વ જ સંસાર છે. જેમ મોક્ષનો એક જ માર્ગ છે તેમ સંસારનો પણ મિથ્યાત્વ એક જ માર્ગ છે. તે સંસાર આત્માની પર્યાય સિવાય બહાર રહેતો નથી, એવા મિથ્યાદ્રષ્ટિની આ વાત છે. કોઈ કહે છે કે આ કેવળી અને મુનિની વાત છે—પણ એમ નથી. એમ માનનાર આ વાત ને સમજતા નથી.

<u>**ભાવાર્થ :—**</u>જે વ્યવહારથી મોહી થઈને પરદ્રવ્યનું કર્તાપણું માને છે, તે લૌકિકજન હો કે મુનિજન હો–મિથ્યાદ્રષ્ટિ જ છે. જ્ઞાની પણ જો વ્યવહાર મૂઢ થઈને પર દ્રવ્યને મારું માને તો મિથ્યાદ્રષ્ટિ જ થાય છે :—

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

## <u>કળશ—૨૦૧</u>

<u>**અર્થ :—**</u>કારણ કે આ લોકમાં એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે; તેથી જ્યાં વસ્તુભેદ છે અર્થાત્ ભિન્ન વસ્તુઓ છે ત્યાં કર્તા-કર્મ ઘટના હોતી નથી. જગતમાં છ દ્રવ્યો અનાદિથી છે, તેને કોઈએ રચ્યાં નથી. સર્વજ્ઞે તેને બતાવ્યાં છે પણ તેને રચ્યાં નથી. આત્માને પરદ્રવ્ય સાથે સઘળોય સંબંધ નથી. છતાં અજ્ઞાની આખો દિવસ શરીરનું હું કરું, સ્ત્રી, કુટુંબ પૈસા આદિનું હું કરું, એમ પરનો કર્તા થાય છે. અહીં તો કહે છે કે આત્માનો પરની સાથે એટલે કર્મની સાથે પણ સઘળોય સંબંધ નિષેધવામાં આવ્યો છે. <u>નિશ્ચયથી તો આત્મા પર દ્રવ્યનો કર્તા નથી પણ વ્યવહારથી પરદ્રવ્યનો કર્તા છે એમ માને તો તે પણ મિથ્યાદ્રષ્ટિ છે</u> કેમ કે આત્માને પરદ્રવ્ય સાથેનો સઘળોય સંબંધ નિષેધવામાં આવ્યો છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એનો અર્થ એ છે કે બન્ને

પદાર્થો સ્વતંત્ર છે, બન્ને વસ્તુ ભિન્ન છે, ત્યાં કર્તા-કર્મની ઘટના બનતી નથી. અજ્ઞાની માને છે કે કાગળ લખવો હોય તો લખાય છે અને રાંધવું હોય તો રંધાય છે; પણ ખરેખર તે ક્રિયા આત્માની નથી. પરમાણું પુદ્‌ગલની પર્યાય તેના સમયે તેના કારણે થાય છે પણ મૂઢ જીવ કર્તા થઈને પોતાથી થાય છે—એમ માને છે પણ એક દ્રવ્ય કર્તા થઈને બીજા દ્રવ્યનું કાર્ય થાય—એમ બનતું નથી. માટે હે મુનિઓ ! એટલે મિથ્યાદ્રષ્ટિ દ્રવ્યલિંગી અને લૌકિકજનો બન્નેને આચાર્ય ભગવાન ઉપદેશ આપે છે કે કોઈ કોઈનો કર્તા નથી—એમ શ્રદ્ધામાં લાવો. એ સિવાય કલ્યાણ થશે નહિ.

*

## <u>શ્રી સમયસાર : કળશ ૨૦૧</u>

*(આસો વદ 3, બુધવાર, ૨૦૦૭, તા. ૧૭-૧૦-૫૧)*

અહીં આચાર્ય ભગવાન ભલામણ કરે છે કે આત્માને અકર્તા દેખો. લૌકિકજનો એમ માની રહ્યા છે કે જગતનો કોઈ કર્તા છે અને મુનિજનો કોઈ એમ માને કે અમે પરદ્રવ્યની પર્યાયને કરીએ છીએ; તો એવું વસ્તુનું સ્વરૂપ નથી. તેને કહે છે કે આત્માને અકર્તા માનો એટલે કે આત્મા પરનું જરાપણ કરી શકતો નથી, એમ માનો.

આત્મા પોતાની સત્તામાં અવળો કે સવળો ભાવ કરી શકે પણ પર સત્તામાં કાંઈ કરી શકે નહિ. પરને માટે આત્મા પાંગળો છે તેથી 'પરનું કાંઈ પણ કરી શકું છું'—એ માન્યતા અધર્મ છે. પરમાં મારો અને મારામાં પરનો અત્યંત અભાવ છે માટે પરનું હું કરી દઉં તે વાતને છોડી દે, નહિતર ચોરાશીના અવતારમાં રખડી મરીશ. ભાઈ ! તું કોણ છો ? ભગવાન ! તારું સ્વરૂપ તો અરૂપી છે, રૂપી પદાર્થને કરે તો રૂપી પદાર્થ રહેતો નથી. માટે ભિન્નવસ્તુમાં કર્તા-કર્મપણું ઘટતું નથી. તેથી તું સાધુ હો કે અન્ય હો, પણ આત્મતત્ત્વને અકર્તા દેખો.

જે પુરુષો આવો વસ્તુસ્વભાવનો નિયમ જાણતા નથી, તેઓ અજ્ઞાની થયા થકા કર્મને કરે છે. એ રીતે ભાવકર્મનો કર્તા અજ્ઞાનથી ચેતન જ થાય છે. પરનું હું કરી શકું છું—એવો અહંકાર જે કરે છે તે ભાવકર્મનો કર્તા થાય છે. તે અજ્ઞાનીનું અજ્ઞાન છે. એવા અર્થનું આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય કહે છે.

### <u>કળશ ૨૦૨</u>

**<u>અર્થ :—</u>**આચાર્ય ભગવાન ખેદપૂર્વક કહે છે કે જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી તેઓ બિચારા, જેમનું (પુરુષાર્થરૂપ—પરાક્રમરૂપ) તેજ

અજ્ઞાનમાં ડૂબી ગયું છે એવા, કર્મને કરે છે તેથી ભાવકર્મનો કર્તા ચેતન જ પોતે થાય છે, અન્ય કોઈ નહિ.

## એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ, એવો વસ્તુસ્વભાવનો નિયમ છે.

આચાર્યદેવ કહે છે કે દરેક પદાર્થ પોતાના પરિણામથી પરિણમી રહ્યો છે. તેમ આત્મા પણ પોતાના ભાવથી પરિણમી રહ્યો છે. તે બીજા તત્ત્વને કાંઈ કરી શકતો નથી, એવો વસ્તુનો નિયમ છે. જેઓ આવા વસ્તુના નિયમને જાણતા નથી, તે અજ્ઞાનમાં ડૂબી રહ્યા છે. આત્મદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય બધાં સ્વતંત્ર છે. તે પરદ્રવ્યને કાંઈ કરી શકે નહિ. એમ તું નિયમ પ્રથમ લે. એમ આચાર્ય ભગવાન કહે છે. આ નિયમ લીધા વિના કોઈનું કલ્યાણ થાય એમ નથી. કોઈ દ્રવ્ય કોઈનું ભલું કે ભૂંડુ કરી શકે નહિ. કેમ કે દરેક પદાર્થનું પરિણમન પોતાના કારણે થાય છે એવો નિયમ છે—એમ તું માન.

અરેરે ! જીવો આટલુંયે સમજતા નથી કે શરીરમાં રોગ આવે તો મટાડી શકાતો નથી. તો પછી બીજાનો રોગ મટાડવા અને તેનું ભલું કરવા જાય છે, એ કેમ બને ? એમ બનતું જ નથી. દરેક દ્રવ્ય ઉત્પાદ, વ્યય અને ધ્રુવાત્મક છે. તેથી આત્મા કોઈ પરવસ્તુનો ફેરફાર કરી શકતો નથી એવો નિયમ છે. ભાઈ, ધીરો થા ! જગતનાં પદાર્થો શું છે તે પ્રથમ સમજ. જે વસ્તુ છે તે તેના ગુણપર્યાયમાં વસેલી છે. તેની શક્તિ અને અવસ્થા તેને આધીન છે. કોઈ વસ્તુ કોઈને આધીન નથી—એવો નિયમ લીધા વિના બીજા નિયમો લે તો તે નિયમ યથાર્થ નથી.

## જેઓ વસ્તુના નિયમને જાણતા નથી, તે બિચારા અજ્ઞાનમાં ડૂબી ગયા છે.

આત્મા પોતાની ભૂમિકામાં બદલો કરે અને જડ પણ એના અસ્તિત્વમાં પલટો કરે—એવો વસ્તુનો નિયમ છે. તેને જેઓ જાણતા નથી, તેઓ બિચારા રાંકા છે. આચાર્યદેવ કરુણાથી કહે છે ‘તે બિચારા રાંકા છે’ કેમ કે જડનું હું કરું. પરને હું બચાવી શકું, પરને મારી શકું, હેરાન કરી શકું, પરથી હું હેરાન થાઉં, તેમ માનનાર સ્વતંત્રતાને લૂંટનારા અને પરતંત્રતાની દ્રષ્ટિને ઉત્પન્ન કરનારા રાંકા છે. આત્મા સ્વતંત્ર પદાર્થ છે. તે પરવસ્તુને નજીક લાવી શકે નહિ તેમ જ દૂર પણ કરી શકે નહિ છતાં અજ્ઞાની પરાધીન દ્રષ્ટિ ઉત્પન્ન કરે છે, તે ભિખારી છે. દેશનું હું કરી શકું છું. કુટુંબનું કરી શકું છું. પૈસા ઉપજાવી શકું છું અને પૈસા ખરચી શકું છું એમ પરના કર્તાપણાથી તે પરતંત્રતા ઉત્પન્ન કરે છે.

'પરનું હું કરી શકું છું' એમ માનનાર અજ્ઞાનીનું વીર્ય હણાઈ જાય છે તેથી તે નપુંસક છે. તેનું તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે. હું જાણનાર—દેખનાર છું, સાક્ષી છું, એવા વીર્યની સ્ફુરણા તેને થતી નથી. તે પરના કર્તાપણામાં ડૂબી ગયો છે તેથી તે વિકારી ભાવને કરે છે એટલે કે મિથ્યાત્વરૂપી ભાવને અજ્ઞાનથી કરે છે. આ રીતે વિકારી ભાવનો કર્તા અજ્ઞાની થાય છે.

## અનાસક્તિ ભાવથી પરનાં કામ કરવાં, એમ માનનાર મૂઢ મિથ્યાદ્રષ્ટિ છે

અજ્ઞાની કહે છે કે પરનું કામ કરવું પણ આસક્તિ રાખવી નહિ, તે મૂઢ છે. કેમ કે પ્રથમ તો કોઈ પરનું કાંઈ કરી શકતું નથી છતાં પરનું કરવું તો ખરું—તે જ મહાન આસક્તિ છે. પર પદાર્થમાં મારો અધિકાર જ નથી એમ જાણી સાક્ષીપણે રહેવું તે ખરેખર અનાસક્તિપણું છે. પણ જેમ શેરડી અને બાસુદી એકી સાથે ખવાય નહિ, એમ પરનું કરવું અને અનાસક્તિપણું રાખવું, એ બન્ને વાત સાથે બને નહિ. અહીં તો કહે છે કે પરનું કોઈ કાંઈ કરી શકતું જ નથી—તે નિયમ છે, એમ જે જાણતો નથી, તે અજ્ઞાની ભાવકર્મનો કર્તા થાય છે.

**ભાવાર્થ :—**વસ્તુના સ્વરૂપના નિયમને નહિ જાણતો હોવાથી પરદ્રવ્યનો કર્તા થતો અજ્ઞાની જીવ પોતે જ અજ્ઞાનભાવે પરિણમે છે. એ રીતે પોતાના ભાવકર્મનો કર્તા અજ્ઞાની પોતે જ છે, અન્ય નથી. જડ અને આત્મા—બન્નેની ક્રમબદ્ધ પર્યાય થયા જ કરે છે. કોઈની પર્યાયનો કોઈ કર્તા નથી. પહેલેથી આ વાત ચાલી આવે છે. એવા નિયમને જે જાણતો નથી, તે પરદ્રવ્યનો કર્તા થાય છે અને અજ્ઞાનપણે પરિણમે છે તેથી તે વિકારીદશાનો પોતે કરનારો છે. અજ્ઞાની માને છે કે મેં આટલા સાધુ કર્યા, આટલા શ્રાવક કર્યા, આટલાં વ્રત-નિયમ કરાવ્યાં, ચાતુર્માસમાં નિયમ કરાવીને ભાતું બાંધ્યું—આમ અજ્ઞાનભાવે પોતે મિથ્યાત્વરૂપે પરિણમે છે અને ભાવકર્મનો કર્તા થાય છે.

હવે જીવને જે મિથ્યાત્વભાવ થાય છે તેનો કર્તા કોણ છે ? એ વાતને બરાબર ચર્ચીને ભાવકર્મનો કર્તા અજ્ઞાની જીવ જ છે—એમ યુક્તિથી સિદ્ધ કરે છે. પરના કર્તાપણાની ભ્રમણા ઉત્પન્ન કરી કોણે ? તે કહે છે. અજ્ઞાન આત્માએ પોતે ઉત્પન્ન કર્યું છે. જેમ નાનું બાળક ઉનાળાના વખતમાં પાતળો ઝાડો કરે અને ઠંડુ લાગે તેથી ચાટવા મંડી જાય તેમ અજ્ઞાની પોતે અજ્ઞાનથી ભાવકર્મનો કર્તા થાય છે, તે તેની ભ્રમણા છે. જેમ સુંદરજી ભાવસાર હતો, તે પોતે કર્તાપણાના અભિમાનનો ગુંગો ખાઈને રાજી થાય છે. જગતનાં કાર્યો હું કરું છું, એમ અભિમાન

કરે છે, મેળાવડો થાય તેમાં માનપત્ર આપે ત્યારે પોતે ફુલાઈ જાય; તે જીવ અજ્ઞાનથી પરના કર્તૃત્વભાવમાં ડૂબી ગયો છે. તે વાતને યુક્તિથી સિદ્ધ કરે છે :—

**ગાથા ૩૨૮—૩૩૧**

**જો પ્રકૃતિ મિથ્યાત્વની મિથ્યાત્વી કરતી આત્મને,**
**તો તો અચેતન પ્રકૃતિ કારક બને તુજ મત વિષે ! ૩૨૮.**
**અથવા કરે જો જીવ પુદ્‌ગલદ્રવ્યના મિથ્યાત્વને,**
**તો તો ઠરે મિથ્યાત્વી પુદ્‌ગલદ્રવ્ય, આત્મા નવ ઠરે ! ૩૨૯.**
**જો જીવ અને પ્રકૃતિ કરે મિથ્યાત્વ પુદ્‌ગલદ્રવ્યને,**
**તો ઉભયકૃત જે હોય તેનું ફળ ઉભય પણ ભોગવે ! ૩૩૦.**
**જો નહિ પ્રકૃતિ, નહિ જીવ કરે મિથ્યાત્વ પુદ્‌ગલદ્રવ્યને,**
**પુદ્‌ગલદરવ મિથ્યાત્વ વણકૃત !—એ શું નહિ મિથ્યા ખરે ? ૩૩૧.**

**અર્થ :—**(ગાથા ૩૨૮નો) જો મિથ્યાત્વ નામની (મોહનીય કર્મની) પ્રકૃતિ આત્માને મિથ્યાદ્રષ્ટિ કરે છે—એમ માનવામાં આવે તો તારા મતમાં અચેતન પ્રકૃતિ (મિથ્યાત્વભાવની) કર્તા બની ! (તેથી મિથ્યાત્વભાવ અચેતન ઠર્યો !)

**(૧) આત્માની પર્યાયમાં જે દોષ થાય છે**
**તે કર્મ કરાવે તો તે દોષ અચેતન ઠરે !**

અજ્ઞાની કહે છે કે અમારે ભુંડા ભાવ કરવા નથી પણ કર્મનો ઉદય આવે તેને લઈને તે ભાવ થાય છે. ચૈતન્યની પર્યાયમાં અજ્ઞાન પોતે કરે છે અને જડકર્મમાં વિપાક આવ્યો તેના કારણે તે થાય છે, એમ માનવામાં આવે તો તે ભૂલનો કર્તા અચેતન—જડ ઠર્યો; તેથી ભૂલ પણ અચેતન—જડ થઈ, તારી ભૂલનો કર્તા તું છો એ વાત રહેતી નથી. તું આત્મા છો કે નહિ ? જો તું છો તો તારી ભૂલ તું કરે કે જડ કરાવે ? જો તે ભૂલ જડકર્મ કરાવતું હોય તો તે અજ્ઞાન, મિથ્યાત્વ જડનું ઠરે અને તે ભૂલ જડની ઠરતાં આત્માને પ્રત્યક્ષ આનંદ હોવો જોઈએ. પણ એમ બનતું નથી. માટે તે ભૂલનો કર્તા આત્મા અજ્ઞાનભાવે પોતે છે. બીજો કોઈ તે ભૂલ કરાવતો નથી.

આત્મા ક્રમબદ્ધ પર્યાયને ચૂક્યો એટલે કર્તાપણાનો ભાવ થયો છે. ક્રમ જેમાંથી વહે છે એવા ધ્રુવસ્વભાવને ચૂકવાથી અજ્ઞાનભાવ થયો છે. ક્રમસર પર્યાયના નિયમને જાણે તો આનંદકંદ એવા આત્માની પ્રતીતિ થાય છે. તેને ચૂક્યો માટે ભ્રાંતિ થઈ છે. કર્મના કારણે કે પૂર્વની પર્યાયના કારણે ભ્રાંતિ થઈ નથી.

શાસ્ત્રમાં લખાણ આવે કે દર્શન-મોહનીયકર્મના કારણે મિથ્યાત્વ થાય અને જ્ઞાનાવરણીય કર્મના કારણે જ્ઞાન રોકાય, પણ તે બધાં નિમિત્તનાં કથન છે. અહીં તો કહે છે કે ધ્રુવ ચૈતન્ય સ્વભાવને ભૂલીને અજ્ઞાનપણે તું જ ભાવકર્મનો કર્તા થાય છે, કર્મ કાંઈ કરાવતું નથી. શાંતિનું કાર્ય તો શાંતિના કારણમાંથી આવે. તેને ન સ્વીકારતાં પરનું હું કરી દઉં એવો સ્વીકાર કરે છે, તેને શાંતિ થતી નથી. ત્રિકાળી ધ્રુવ સ્વભાવની તેને ખબર નથી તેથી અજ્ઞાનત્વનો ભાવ થયો છે.

## (૨) પુદ્‌ગલની મિથ્યાત્વાદિ પ્રકૃતિને આત્મા કરે તો પુદ્‌ગલ ચેતન થાય.

અથવા, આ જીવ પુદ્‌ગલ દ્રવ્યના મિથ્યાત્વને કરે છે એમ માનવામાં આવે તો પુદ્‌ગલ દ્રવ્ય મિથ્યાદ્રષ્ટિ ઠરે ! જીવ નહિ. આત્માએ પોતાની પર્યાયમાં ભૂલ કરી માટે પુદ્‌ગલદ્રવ્યમાં મિથ્યાત્વ આદિ પ્રકૃતિ થઈ, એમ માનવામાં આવે તો પુદ્‌ગલદ્રવ્ય મિથ્યાદ્રષ્ટિ થાય. આત્મામાં ભૂલ ન હોય અને એમ થતાં આત્મા કેવળજ્ઞાની ઠરે અને તેથી આત્માને વર્તમાન શાંતિ હોય; પણ એમ તો દેખાતું નથી માટે આત્મા પુદ્‌ગલકર્મનો કર્તા નથી એટલે આત્મા પોતે મિથ્યાત્વાદિ ભાવનો કર્તા છે.

## (૩) આત્મા અને કર્મ ભેગા થઈને ભૂલ કરે છે, એમ માનવામાં આવે તો ફળ બન્નેને ભોગવવું પડે.

અથવા જો જીવ તેમ જ પ્રકૃતિ બન્ને પુદ્‌ગલદ્રવ્યને મિથ્યાત્વ ભાવરૂપ કરે છે એમ માનવામાં આવે તો જે બન્ને વડે કરવામાં આવ્યું તેનું ફળ બન્ને ભોગવે ! પણ એમ તો બનતું નથી. માટે ભાવકર્મ એવો મિથ્યાત્વભાવ બન્ને સાથે મળીને કરતા નથી પણ જીવ એક જ તેનો કર્તા છે.

## (૪) મિથ્યાત્વભાવ જીવ અને પુદ્‌ગલ કોઈ કરતું નથી, એમ હોય તો પુદ્‌ગલ સ્વભાવે જ મિથ્યાત્વ ભાવરૂપ ઠરે !

અથવા જો પુદ્‌ગલ દ્રવ્યને મિથ્યાત્વભાવરૂપ–નથી પ્રકૃતિ કરતી કે નથી જીવ કરતો (બેમાંથી કોઈ કરતું નથી), એમ માનવામાં આવે તો પુદ્‌ગલ દ્રવ્ય સ્વભાવે જ મિથ્યાત્વ ભાવરૂપ ઠરે ! તે શું ખરેખર મિથ્યા નથી? પુદ્‌ગલમાં નવી નવી પર્યાય થાય છે, એને ન માને તો તે મિથ્યાત્વ ભાવ જડનો સ્વભાવ થઈ જાય, પણ એમ તો છે નહિ. જડની પર્યાયમાં આત્માનો અધિકાર નથી. જડ પોતે મિથ્યાત્વઆદિરૂપે પરિણમે છે એમ માનવામાં આવે તો પુદ્‌ગલનો સ્વભાવ મિથ્યાત્વરૂપ રહેવાનો થઈ જાય.

—આથી સિદ્ધ થાય છે કે આત્મામાં થતા મિથ્યાત્વાદિ ભાવોનો આત્મા જ પોતે અજ્ઞાનથી કર્તા છે.

***

# <u>પ્રસાદ નં. ૩૫૩</u>

## <u>શ્રી સમયસાર : ગાથા ૩૨૮—૩૩૧</u>

*(આસો વદ ૪, ગુરુવાર, ૨૦૦૭, તા. ૧૮-૧૦-૫૧)*

અહીં અધિકાર એ ચાલે છે કે આત્મા ભૂલ કરે છે તે તેનું પોતાનું કાર્ય છે. પરપદાર્થમાં સુખ છે અને પરથી આત્મામાં લાભ થાય છે એવા કાર્યનો કર્તા જીવ જ છે, જડ કર્મ તે કાર્ય કરાવતું નથી.

(૧) અજ્ઞાની માને છે કે તે કાર્ય આત્મા પોતે કરે છે પણ કર્મનો ઉદય આવે તેના પ્રમાણમાં આત્માને વિકારીભાવ કરવો પડે છે, પણ એમ છે જ નહિ. જો એમ માનવામાં આવે તો આત્માને શુભ—અશુભ ભાવ ફેરવવાનો પણ અવસર આવે નહિ. આત્મા પોતે ઉપાધિનો આશ્રય લ્યે છે તો વિકાર ભાવ થાય છે. આત્માને ભૂલ કરવાની ઇચ્છા નથી છતાં ભૂલ થાય છે માટે તે ભૂલ કર્મ કરાવે છે એમ કોઈ કહે છે; પણ એમ નથી. જેને ભલા—ભૂંડાની ખબર નથી, તે આત્માના સ્વભાવને ભૂલીને પોતે ભૂલ કરે છે તો થાય છે. વળી કોઈ કહે કે ભવ્યતા પાકી નથી માટે ભૂલ થાય છે. તો તેને કહે છે કે ભવ્યતા પકવનાર આત્મા પોતે છે તેને જે જાણતો નથી તે પરની રુચિપૂર્વક વિકાર કરે છે પણ જડકર્મ તેને વિકાર કરાવતા નથી. જો જડકર્મ વિકાર કરાવે તો વિકાર અજીવ ઠરે ! પણ એમ બનતું નથી.

(૨) જીવ પોતાના મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે કારણ કે જો જીવ પુદ્ગલ દ્રવ્યના મિથ્યાત્વાદિ ભાવકર્મને કરે તો પુદ્ગલદ્રવ્યને ચેતનપણાનો પ્રસંગ આવે. અહીં કહે છે કે આત્મા પોતાના મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા છે પણ જડકર્મનો કર્તા નથી. જ્ઞાનવરણીય, દર્શનાવરણીયાદિ કર્મો આત્માએ ભૂલ કરી માટે ફરી બંધાયા એમ કહેવામાં આવે તો જડકર્મ ચેતન થઈ જાય પણ એમ બનતું નથી.

### <u>આત્મા જડકર્મને બાંધતો નથી અને કર્મના કારણે સંસારમાં રખડતો નથી.</u>

અજ્ઞાની કહે છે કે આત્માના રાગ-દ્વેષના કારણે કર્મ બંધાય છે અને તે જડકર્મો બંધાયાં માટે જીવને સંસારમાં રખડવું પડે છે; તો તેને અહીં આચાર્યદેવ કહે છે કે જો જીવ પુદ્ગલકર્મને કરે તો પુદ્ગલ—જડકર્મ ચેતનપણાને પામે, પણ એમ બનતું નથી. માટે આત્મા જડ કર્મનો કર્તા નથી. વળી જડકર્મ આત્મામાં વિકાર કરાવે તો સંસાર જડનો ઠરે, પણ એમ નથી. માટે આત્મા જડકર્મને કરતો

નથી અને કર્મના કારણે તે સંસારમાં રખડતો નથી. અજ્ઞાની કહે છે કે જૈન કર્મવાદી છે. કર્મના કારણે આત્મામાં વિકારાદિ થાય છે એમ માનો તો કર્મને માન્યાં કહેવાય. અહીં કહે છે કે એમ માનનાર કર્મના અને આત્માના ભેદને જાણતો નથી. જૈન તો આત્મવાદી છે અને કર્મ ભિન્ન સ્વતંત્ર વસ્તુ છે. તેને આત્મા કરી શકે નહિ.

(૩) વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના કર્તા છે– એમ પણ નથી; કારણ કે જો તે બન્ને કર્તા હોય તો જીવની માફક અચેતન પ્રકૃતિને પણ તેનું (ભાવકર્મનું) ફળ ભોગવવાનો પ્રસંગ આવે. અજ્ઞાની કહે છે કે જેમ સાકરમાં ચણાનો લોટ ભળે તો સાકર મોળી પડી જાય છે. તેમ સાકરરૂપી આત્મામાં કર્મનું મિશ્રણ થાય છે માટે ધર્મ થતો નથી. અહીં તો કહે છે કે આત્મામાં ધર્મ થતો નથી અને વિકારભાવરૂપી અધર્મ થાય છે તે કર્મના મિશ્રણથી થતો નથી. જો મિશ્રણથી તે ભાવ થતો હોય તો જીવની જેમ કર્મને પણ તેનું ફળ ભોગવવાનો પ્રસંગ આવે; પણ એમ તો બનતું નથી. માટે ભાવકર્મનો કર્તા આત્મા એકલો છે.

(૪) વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના અકર્તા છે—એમ પણ નથી; કારણ કે જો તે બન્ને અકર્તા હોય તો સ્વભાવથી જ પુદ્‌ગલ દ્રવ્યને મિથ્યાત્વાદિભાવનો પ્રસંગ આવે. મિથ્યાત્વાદિ ભાવોનો પુદ્‌ગલ દ્રવ્ય કર્તા ન હોય તો પુદ્‌ગલદ્રવ્યનો તે દર્શનમોહાદિ સ્વભાવ ઠરે. કેમ કે દર્શનમોહાદિ કાર્ય છે, તે કર્તાનું કાર્ય છે. પણ તે ત્રિકાળ સ્વભાવ નથી માટે જડપ્રકૃતિનો જડ કર્તા છે અને આત્માના વિકારીભાવોનો આત્મા કર્તા છે. બન્ને સ્વતંત્ર પોતપોતાનાં પરિણામના કર્તા છે. આમ જો કર્તા માનવામાં ન આવે તો જડને સ્વભાવથી જ દર્શન-મોહરૂપે રહેવાનો પ્રસંગ આવે. માટે સિદ્ધ થયું કે મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા આત્મા પોતે છે અને ભાવકર્મ તેનું કાર્ય છે.

આ બધું નક્કી કરવાનું કારણ એ છે કે આત્મા પોતે વિકારી ભાવ કરે છે ત્યારે નિમિત્ત એક જડકર્મ છે ખરું પણ તે વિકારી ભાવનો કર્તા આત્મા છે પણ જડકર્મ નથી. પણ અજ્ઞાની જડકર્મના કારણે વિકારી ભાવ થાય છે એમ માને છે. સમ્યગ્દર્શન થયા પછી પણ આસક્તિના કારણે જે અલ્પ રાગ-દ્વેષ થાય છે, તે પણ પોતાનો અપરાધ છે, પણ કર્મના કારણે તે થતા નથી.

ભાવાર્થ :—ભાવકર્મનો કર્તા જીવ જ છે—એમ આ ગાથાઓમાં સિદ્ધ કર્યું છે. અહીં એમ જાણવું કે—પરમાર્થે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યના ભાવનું કર્તા હોય નહિ. તેથી જે ચેતનના ભાવો છે તેમનો કર્તા ચેતન જ હોય. અજ્ઞાની માને છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે નહિ પણ પર્યાયમાં તો કરી શકે ને ? તેને કહે છે કે

દરેક દ્રવ્યના ભાવો પોતાના કારણે થાય છે. આ જીવને જે મિથ્યાત્વાદિ ભાવો છે તે ચેતન છે, જડ નથી. આ વાત અજ્ઞાનીને બેસતી નથી. જેમ નાનું બાળક કજીયે ચડે તો પછી જે કારણે કજીયે ચડ્યો હોય તે બતાવે, તોપણ માને નહિ, તેમ 'પરદ્રવ્યનું હું કરી શકું નહિ અને મારા ભાવ મારા કારણે થાય છે'—એ વાત અજ્ઞાનીને બેસતી નથી. અશુદ્ધ નિશ્ચયનયથી ભાવકર્મને (વિકારી ભાવને) ચિદાભાસ પણ કહેવામાં આવે છે.

એ રીતે વિકારી ભાવો ચેતન હોવાથી, તેમનો કર્તા પણ ચેતન જ છે; કારણ કે ચેતન કર્મનો કર્તા ચેતન જ હોય—એ પરમાર્થ છે. શાસ્ત્રમાં વ્યવહારનું કથન આવે કે કર્મના કારણે તે વિકારી ભાવ છે. તો તેવું કથન આવે માટે ભ્રમણા થાય છે—એમ નથી, પણ અણસમજણના કારણે ભાંજગડ ઊભી થાય છે. જ્ઞાનીને એ કથનથી ભાંજગડ થતી નથી. અહો ! આત્માના સૂક્ષ્મ પરિણામ અને જડકર્મ જે સૂક્ષ્મ છે, તે બન્ને પોતપોતાનાં સ્વતંત્ર કાર્યો કરે છે. તો પછી આત્માના કારણે સ્થૂળ એવાં શરીરાદિના પરિણામ થાય એમ તો બનતું નથી જ. અજ્ઞાની માને છે કે જીવ ન હોય તો શરીર ચાલતું નથી માટે જીવના કારણે શરીર ચાલે છે, પણ ઘણી વખત ઇચ્છા હોવા છતાં શરીર ચાલતું નથી કેમ કે કોઈ આત્મા પરદ્રવ્યની ક્રિયાને કરી શકતો જ નથી.

અભેદ દ્રષ્ટિમાં તો જીવ શુદ્ધ ચેતનામાત્ર જ છે. એટલે કે આત્મા એકલો જાણનાર—દેખનાર જ છે. પરંતુ જ્યારે તે કર્મના નિમિત્તે પરિણમે છે એટલે કે નૈમિત્તિકભાવે પોતે પરિણમે છે ત્યારે તે પરિણામોથી યુક્ત તે થાય છે અને ત્યારે પરિણામ—પરિણામીની ભેદદ્રષ્ટિમાં પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે. અભેદ દ્રષ્ટિમાં તો કર્તા-કર્મ ભાવ જ નથી, શુદ્ધ ચેતનામાત્ર જીવ વસ્તુ છે. આ પ્રમાણે યથાર્થ પ્રકારે સમજવું કે ચેતનકર્મનો કર્તા ચેતન જ છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—

## કળશ ૨૦૩

**અર્થ :—**આત્મામાં જે વિકાર થાય છે, તે નવું થયેલું કાર્ય છે તેથી તે અકૃત હોય નહિ એટલે કે તે ત્રિકાળી ચીજ નથી. જેમ ઘડો કાર્ય છે તેમ તે સંસાર ભાવ કાર્ય છે. આકાશ ત્રિકાળ છે તે કાર્ય નથી તેમ આત્માનો ત્રિકાળ ચૈતન્ય ભાવ તે કાર્ય નથી. ત્રિકાળી હોય તે કાં તો વસ્તુ હોય અને કાં તો ગુણ હોય પણ કાર્ય હોય તે નવું હોય છે. માટે કાર્ય હોય તે કોઈના કર્યા વિના થાય નહિ. વળી તે ભાવકર્મ

જીવ અને પ્રકૃતિ બન્નેનું કાર્ય હોય એમ નથી. કારણ કે જો તે ભાવકર્મ બન્નેનું કાર્ય હોય તો જડને તે કાર્યનું ફળ ભોગવવાનો પ્રસંગ આવે. માટે તે બન્નેનું કાર્ય નથી.

અજ્ઞાની માને છે કે શરીરમાં રોગાદિ થાય છે, એનું જે વેદન થાય છે તે શરીરને થાય છે, પણ એમ નથી. સુખ—દુઃખાદિનો ભોગવટો આત્મા કરે છે. જડને જ્ઞાન હોતું નથી તેથી તેને સુખ—દુઃખનો ભોગવટો હોતો નથી. અહીં તો કહે છે કે આત્માના વિકારી ભાવનો કર્તા જડ હોય તો તેનો ભોગવટો જડને હોય; પણ જડને ભોગવટો હોતો નથી માટે આત્મા એનો કર્તા છે.

અજ્ઞાની કહે છે કે જડકર્મ હોય તો જ આત્મામાં વિકારી ભાવ થાય છે માટે કર્મ અને આત્મા બન્ને ભેગા થઈને તે ભાવને કરે છે, પણ એમ નથી. કેમ કે **આત્મામાં જડકર્મનો અત્યંત અભાવ છે, તો અભાવમાંથી ભાવ થાય નહિ.** પણ આત્મા વિકારી ભાવનો કર્તા થઈને ભાવકર્મરૂપે પરિણમે છે. અહીં તો આચાર્ય ભગવાન કહે છે કે આત્મામાં જે ભૂલ થાય છે, તે કર્મના નિમિત્તના કારણે થાય છે—એમ માનવામાં આવે તો ભૂલ ટાળવાનો પ્રસંગ રહેતો નથી. માટે ભાવકર્મનો કર્તા જીવ જ છે અને ચેતનના પરિણામરૂપ એવું તે ભાવકર્મ, જીવનું જ કર્મ છે.

વળી તે ભાવકર્મ એકલી પ્રકૃતિનું પણ કાર્ય નથી કારણ કે પ્રકૃતિને તો અચેતનપણું પ્રકાશે છે અર્થાત્ પ્રકૃતિ તો અચેતન છે અને ભાવકર્મ તો ચેતન છે માટે તે ભાવકર્મનો કર્તા જીવ જ છે અને ચેતન સાથે અન્વયરૂપ એવું તે ભાવકર્મ જીવનું જ કર્મ છે, કારણ કે પુદ્ગલ તો જ્ઞાતા નથી તેથી તે ભાવકર્મ પુદ્ગલનું કર્મ હોઈ શકે નહિ.

અજ્ઞાની કહે છે કે કારણ બે છે. જો નિમિત્તકારણ કાંઈ કરતું નથી તો તેને કારણ કેમ કહ્યું ? તો તેને કહે છે કે આત્મા પોતે વિકારી ભાવરૂપે પરિણમીને કર્તા થાય છે, તો કર્મને નિમિત્તકારણ કહેવાય છે. પણ કર્મ વિકારી ભાવને કરાવતું નથી એટલે કે પ્રકૃતિ ભાવકર્મની કર્તા નથી પણ જીવ જ કર્તા છે.

**ભાવાર્થ :—**ચેતન કર્મ ચેતનને જ હોય; પુદ્ગલ જડ છે, તેને ચેતનકર્મ કેમ હોય ?

*

## શ્રી સમયસાર

*(આસો વદ ૫, શુક્રવાર, ૨૦૦૭, તા. ૧૯-૧૦-૫૧)*

જેઓ ભાવકર્મનો કર્તા કર્મને જ માને છે તેમને સમજાવવાને સ્યાદ્વાદ અનુસાર વસ્તુસ્થિતિ કહેશે. તે ગાથાઓની સૂચનારૂપ કાવ્ય પ્રથમ કહે છે :

## કળશ ૨૦૪

કેટલાકનો એવો અભિપ્રાય છે કે આત્મામાં વિકાર થાય છે તે જડ કર્મ કરાવે છે; એવો વસ્તુનો સ્વભાવ છે એમ માને છે. ગાથા ૨૭૯માં કહ્યું હતું કે સ્ફટિક પોતાની મેળે કાળા—લાલરૂપે થતો નથી પણ કાળા—લાલફૂલની ઉપાધિના કારણે તે રૂપે પરિણમે છે. કેટલાક લોકો તે ગાથાનો અર્થ સમજતા નથી. તેને કહે છે કે :—

સ્ફટિકનો સ્વભાવ તો શુદ્ધ છે તેમાં કાળી—લાલ જે ઝાંય પડે છે તે પરના કારણે નથી પણ સ્ફટિકની પોતાની યોગ્યતાના કારણે છે. તેમ આત્મા તો સ્વભાવે શુદ્ધ છે. તેની પર્યાયમાં જે વિકાર થાય છે તે પરના લક્ષે થાય છે. તે વિકાર આત્માનો સ્વભાવ નથી એમ બતાવવા તથા તે વિકાર ભાવનો નિષેધ કરવા, ઉપાધિના કારણે આત્મામાં વિકાર થાય છે એમ કહ્યું છે, પણ તેથી કર્મના કારણે વિકાર થાય છે એમ કોઈ માને તો એ વાત સાચી નથી. આત્મા અબંધસ્વભાવી છે; તેને જે બંધન ભાવ થાય છે તે નિમિત્તનું અવલંબન પોતે લ્યે તો થાય છે—એમ ન માનતાં કર્મના કારણે થાય છે એમ જે માને છે, તેને સ્યાદ્વાદ દ્વારા વસ્તુસ્થિતિ જણાવે છે.

કોઈ આત્માના ઘાતક સર્વથા એકાંતવાદીઓ કર્મને જ કર્તા વિચારીને આત્માના કર્તાપણાને ઉડાડે છે. અમારે ઘણો ધર્મ કરવો છે પણ ભારે કર્મનો ઉદય છે માટે ધર્મ સુઝતો નથી કેમ કે કર્મના ઉદયના કારણે અમારે વિકાર કરવો પડે છે. એમ માનનારા કર્મને વિકારનો કર્તા માની આત્મા તે વિકાર ભાવનો કર્તા છે તે વાતને ઉડાડે છે. તે આત્માના ઘાતક છે અને આત્મા કથંચિત્ વિકાર ભાવનો કર્તા છે એમ કહેનારી અચલિત શ્રુતિને કોપિત કરે છે એટલે કે નિર્બાધ જિનવાણીની વિરાધના કરે છે. ભગવાનને વાણી છૂટી એમાં આવ્યું છે કે વિકારીભાવનો કર્તા આત્મા પોતે પોતાના સ્વભાવને ચૂકીને થાય છે. તેને બદલે અજ્ઞાની માને છે કે કર્મનો ઉદય આવ્યો માટે વિકારીભાવ થાય છે. તે ભગવાનની નિર્બાધ વાણીનો વિરોધ કરે છે એટલે કે વીતરાગની વાણીની વિરાધના કરે છે.

તીવ્ર મોહથી જેમની બુદ્ધિ બિડાઈ ગઈ છે એવા તે આત્મ ઘાતકોના જ્ઞાનની સંશુદ્ધિ અર્થે વસ્તુસ્થિતિ કહેવામાં આવે છે. અજ્ઞાની પોતાના ચૈતન્ય સ્વભાવને ભૂલીને પરની રુચિ કરી પુણ્ય—પાપનો કર્તા થાય છે માટે તેની બુદ્ધિ બિડાઈ ગઈ છે અને જ્ઞાની નિર્મોહ હોવાથી એની બુદ્ધિ ખીલેલી હોય છે. અજ્ઞાનીના જ્ઞાનનું પરિણમન સંકોચાયેલું હોવાથી એટલે કે વિપરીત હોય છે એવા અજ્ઞાનીના જ્ઞાનની શુદ્ધિના અર્થે વસ્તુસ્થિતિ કહેવામાં આવે છે. તે અજ્ઞાની પોતાના આત્માના

સ્વભાવને ભૂલીને પર્યાયમાં દોષ પોતે કરે છે, છતાં કર્મના માથે નાખે છે માટે તે આત્માનો ઘાતક છે, એવા આત્મઘાતકને સમજાવવા માટે વસ્તુસ્થિતિ કહેવામાં આવે છે.

અજ્ઞાની માને છે કે ગોમ્મટસારમાં આવે છે કે કર્મના ઉદયથી આત્મામાં ક્રોધાદિ વિકારી ભાવો થાય છે અને તે કહે છે કે અમારે ક્રોધ કરવો ન હતો પણ કર્મનો ઉદય આવ્યો એટલે અમારે કરવો પડ્યો–તો તે વાત ખોટી છે. કર્મના સ્વભાવને અને આત્માના વિકાર ભાવને જે ભિન્ન જાણતો નથી, તે 'પર મને ક્રોધ કરાવે છે' એમ અજ્ઞાનથી માને છે—તે જ ક્રોધ કરવાનો ભાવ છે. આ રીતે અજ્ઞાનથી આત્મા પોતે ભાવકર્મનો કર્તા છે.

અહીં કહ્યું છે કે વસ્તુ સ્થિતિનું વર્ણન અજ્ઞાનીને સમજાવવા અર્થે કહ્યું છે. તેનો ખરેખર અર્થ એવો છે કે જ્ઞાનીને વિકલ્પ ઊઠ્યો છે કે આ સમજે તો સારું, તે વિકલ્પમાં પરનું નિમિત્ત હોય છે ખરું પણ પર જીવના કારણે એ વિકલ્પ ઊઠ્યો નથી; પણ વ્યવહારથી એમ કહેવામાં આવે છે કે અજ્ઞાનીને સમજાવવા માટે આ વિકલ્પ ઊઠ્યો છે. કેમ કે તે વખતે અજ્ઞાની નિમિત્ત તરીકે હોય છે. જેમ કે આત્મા પોતે પોતાથી બગડે તો એને બીજાએ બગાડ્યો એમ કહેવામાં આવે છે, એમ અહીં વ્યવહારથી કથન છે.

વસ્તુસ્થિતિએ સ્યાદવાદના પ્રતિબંધ વડે વિજય મેળવ્યો છે અર્થાત્ વસ્તુસ્થિતિ સ્યાદ્વાદરૂપ નિયમથી નિર્બાધપણે સિદ્ધ થાય છે. શાસ્ત્રમાં એકવાર એમ આવે કે આત્માની અવસ્થામાં થતાં વિકારીભાવોનો સ્વામી જડ પુદ્‌ગલ છે. તો ત્યાં આત્મા શુદ્ધ જ્ઞાતાચૈતન્ય છે—તેની દ્રષ્ટિ કરાવવા તે ભાવો પરના છે, એમ કહેવામાં આવે છે અને અહીં કહે છે કે તે વિકારી ભાવો આત્મા પોતે કરે છે તો થાય છે અને પોતાની પર્યાયમાં થાય છે. અજ્ઞાની અજ્ઞાનપણે તેનો કર્તા થાય છે, તે બતાવવા ભાવકર્મનો કર્તા આત્મા છે એમ સ્યાદ્વાદથી સિદ્ધ કરવામાં આવે છે.

ભાવાર્થ :—કોઈ એકાંતવાદીઓ સર્વથા એકાંતથી કર્મનો કર્તા કર્મને જ કહે છે અને આત્માને અકર્તા જ કહે છે. તેઓ આત્માના ઘાતક છે તેમના પર જિનવાણીનો કોપ છે, કારણ કે સ્યાદ્વાદથી વસ્તુ સ્થિતિને નિર્બાધ રીતે સિદ્ધ કરનારી જિનવાણી તો આત્માને કથંચિત્ કર્તા કહે છે. આત્માને અકર્તા જ કહેનારા એકાન્તવાદીઓની બુદ્ધિ ઉત્કટ મિથ્યાત્વથી બિડાઈ ગયેલી છે. તેમના મિથ્યાત્વને દૂર કરવાને આચાર્ય ભગવાન સ્યાદ્વાદ અનુસાર જેવી વસ્તુસ્થિતિ છે તેવી કહે છે.

આત્મા સર્વથા અકર્તા નથી, કથંચિત કર્તા પણ છે—એવા અર્થની ગાથાઓ હવે કહે છે.

## ગાથા ૩૩૨ થી ૩૪૪

"કર્મો કરે અજ્ઞાની તેમ જ જ્ઞાની પણ કર્મો કરે,
કર્મો સુવાડે તેમ વળી કર્મો જગાડે જીવને. ૩૩૨.
કર્મો કરે સુખી તેમ વળી કર્મો દુઃખી જીવને કરે,
કર્મો કરે મિથ્યાત્વી તેમ અસંયમી કર્મો કરે. ૩૩૩.
કર્મો ભમાવે ઊર્ધ્વ લોકે અધઃ ને તિર્યક્" વિષે,
જે કાંઈ પણ શુભ કે અશુભ તે સર્વને કર્મ જ કરે.૩૩૪.
કર્મ જ કરે છે, કર્મ એ આપે, હરે—સઘળું કરે,
તેથી ઠરે છે એમ કે આત્મા અકારક સર્વ છે. ૩૩૫.
વળી 'પુરુષ કર્મ સ્ત્રીને અને સ્ત્રી કર્મ ઇચ્છે પુરુષને,'
–એવી શ્રુતિ આચાર્ય કેરી પરંપરા ઉતરેલ છે. ૩૩૬.
એ રીત 'કર્મ જ કર્મને ઇચ્છે'—કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ અબ્રહ્મચારી અમ ઉપદેશમાં. ૩૩૭.
વળી જે હણે પરને, હણાયે પરથી, તેહ પ્રકૃતિ છે,
–એ અર્થમાં પરઘાત નામનું નામકર્મ કથાય છે. ૩૩૮.
એ રીત 'કર્મ જ કર્મને હણતું'—કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ છે હણનાર અમ ઉપદેશમાં. ૩૩૯.
એમ સાંખ્યનો ઉપદેશ આવો, જે શ્રમણ પ્રરૂપણ કરે,
તેના મતે પ્રકૃતિ કરે છે, જીવ અકારક સર્વ છે ! ૩૪૦.
અથવા તું માને 'આતમા મારો કરે નિજઆત્મને,'
તો એવું તુજ મંતવ્ય પણ મિથ્યાસ્વભાવ જ તુજ ખરે.૩૪૧.
જીવ નિત્ય તેમ વળી અસંખ્ય પ્રદેશી દર્શિત સમયમાં,
તેનાથી તેને હીન તેમ અધિક કરવો શક્ય ના. ૩૪૨.
વિસ્તારથીય જીવરૂપ જીવનું લોકમાત્ર જ છે ખરે,
શું તેથી હીન—અધિક બનતો ? કેમ કરતો દ્રવ્યને ? ૩૪૩.
માને તું—'જ્ઞાયક ભાવ તો જ્ઞાન સ્વભાવે સ્થિત રહે,'
તો એમ પણ આત્મા સ્વયં નિજ આતમા ને નહિ કરે.૩૪૪.

(આ રીતે કર્તાપણું સાધવા માટે વિવક્ષા પલટીને જે પક્ષ કહ્યો તે ઘટતો નથી) (આ પ્રમાણે, કર્મનો કર્તા કર્મ જ માનવામાં આવે તો સ્યાદ્વાદ સાથે વિરોધ આવે છે; માટે આત્માને અજ્ઞાન—અવસ્થામાં કથંચિત્ પોતાના અજ્ઞાનભાવ રૂપ કર્મનો કર્તા માનવો, જેથી સ્યાદ્વાદ સાથે વિરોધ આવતો નથી.)

**ટીકા :—**(અહીં પૂર્વ પક્ષ આ પ્રમાણે છે એટલે કે અજ્ઞાનીની દલીલ નીચે પ્રમાણે છે.)

**અજ્ઞાની એમ માને છે કે ''કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે'' કેમ કે જ્ઞાનાવરણ નામના કર્મના ઉદય વિના અજ્ઞાન હોતું નથી.**

અજ્ઞાની કહે છે કે આ વાત અમને સમજાતી નથી, અમારું જ્ઞાન કામ કરતું નથી. કેમ કે જ્ઞાનાવરણ કર્મનો ઉદય છે અને તેના કારણે અમને અલ્પજ્ઞાન છે .પણ જ્ઞાનની અવસ્થા પોતાના કારણે હીણી, પરિણમી છે ત્યારે નિમિત્તરૂપે જ્ઞાનવરણ કર્મ હોય છે ખરું, પણ તે કર્મના કારણે જ્ઞાન ઓછું છે—એમ નથી.

દાક્તર વકીલ, વડાપ્રધાન, વેપારી, વગેરે જે લૌકિક જ્ઞાનનો ઉઘાડ દેખાય છે, તે તો પૂર્વે જે પ્રકારે શુભ ભાવ કર્યો હતો તે પ્રમાણે લઈને આવ્યો હોય છે. તેમાં વર્તમાન પુરુષાર્થ કામ લાગે નહિ અને આત્માનું જ્ઞાન તો વર્તમાન નવો પુરષાર્થ કરે તો થાય છે. તે કર્મના કારણે થતો નથી. અહીં જ્ઞાનાવરણના ઉદયના કારણે અજ્ઞાન છે એમ કહ્યું છે ત્યાં અજ્ઞાનનો અર્થ ઓછું જ્ઞાન છે, વિપરીત જ્ઞાન છે, એમ અર્થ ન લેવો કેમ કે વિપરીતની વાત આગળ કહેવાશે. અહીં તો અજ્ઞાનીની દલીલ છે કે અમારે આત્માનું જ્ઞાન કરવું છે પણ પૂર્વે જ્ઞાનીની વિરાધના કરી હશે, જ્ઞાનીના ઉપકારને ઓળવ્યા હશે અને તેથી જ્ઞાનાવરણીય કર્મ બંધાણું છે ને તેના ઉદયે આત્મા—જ્ઞાન કરી શકતો નથી, તો તે વાત ખોટી છે. વર્તમાનમાં આત્માને જાણવાનો પુરુષાર્થ કરતો નથી માટે જ્ઞાન થતું નથી. કર્મના કારણે જ્ઞાન અટક્યું છે એમ નથી. આ વાતની અજ્ઞાનીને ખબર જ નથી.

વળી તે કહે છે કે ''જેમ કુંભાર વગર ઘડો થતો નથી એમ જ્ઞાનવરણ કર્મના ઉદય વગર આત્માના જ્ઞાનનો ઘાત થતો નથી માટે કર્મના કારણે અજ્ઞાન થાય છે. આત્મામાં અજ્ઞાન હોય ત્યારે જ્ઞાનાવરણીય કર્મનો ઉદય ન હોય એવો એક સમય પણ બતાવો માટે કર્મના કારણે જ જ્ઞાન અટક્યું છે,'' —આમ અજ્ઞાની માને છે પણ તે વાત સાચી નથી. આત્માનો જ્ઞાન સ્વભાવ છે તેની હીણી અવસ્થારૂપ કાર્યનો કર્તા આત્મા પોતે છે. જ્યારે આત્મામાં હીણી અવસ્થા થાય છે ત્યારે જ્ઞાનાવરણ નામનું કર્મ નિમિત્તરૂપે હોય છે ખરું, પણ તે કર્મના કારણે હીણી

અવસ્થા થઈ નથી. આ વાતને અજ્ઞાની જાણતો નથી. આગળ કહેશે કે શાસ્ત્રના અર્થને તે જાણતો નથી. તે ઊંધા અર્થ કરે છે. તે પોતે સમજવાનો પ્રયત્ન કરતો નથી માટે જ્ઞાન થતું નથી અને કર્મ ઉપર નાખે છે. તે આત્માની સ્વતંત્ર પર્યાયને જાણતો નથી.

## (૨) હવે અજ્ઞાનીની બીજી દલીલ છે કે "કર્મ જ આત્માને જ્ઞાની કરે છે, કેમ કે જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમ વિના જ્ઞાન થતું નથી."

અજ્ઞાની કહે છે કે :—"કર્મ જ આત્માને જ્ઞાની કરે છે કારણ કે જ્ઞાનાવરણ નામના કર્મના ક્ષયોપશમ વિના તેની અનુપસ્થિતિ છે. પૂર્વે કર્મ બાંધ્યાં હતાં તેના ફળ રૂપે જ્ઞાનનાં ઉપકરણો ન મળ્યાં માટે જ્ઞાન થતું નથી. કર્મનો ક્ષયોપશમ નથી માટે જ્ઞાન નથી. જ્ઞાનાવરણના ક્ષયોપશમ વિના કોઈને જ્ઞાન થતું નથી." આમ તે કહે છે. પણ તે વાત ખોટી છે. વર્તમાન જ્ઞાનના ઉપકરણો ન મળ્યાં તેમાં પૂર્વ કર્મ નિમિત્ત છે પણ વર્તમાન જ્ઞાન કરતો નથી. એમાં પૂર્વ કર્મ કારણ નથી; પોતે આત્માને જાણવાનો પુરુષાર્થ કરે તો જ્ઞાન કરી શકે છે ને તે વખતે જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ હોય છે ખરો, પણ તે કર્મના ક્ષયોપશમના કારણે આત્મામાં જ્ઞાન થયું છે એમ નથી. અહીં તો કહે છે કે આત્મા જ્ઞાન ઓછું કરે તો પોતે કરે છે અને વધારે કરે તો પણ પોતે કરે છે. એમાં કર્મ બિલકુલ કારણ નથી, તે વાત અજ્ઞાનીને બેસતી નથી માટે તે અજ્ઞાની રહ્યો છે.

***

# પ્રસાદ નં. ૩૫૫

## શ્રી સમયસાર ગાથા ૩૩૨—૩૪૪ ટીકા

*[આસો વદ ૫ (દ્વિતીય), શનિવાર, ૨૦૦૭, તા. ૨૦-૧૦-૫૧]*

અનાદિથી અજ્ઞાની જીવ પોતાના સ્વભાવને ચૂકીને વિકારી ભાવરૂપી અપરાધ કરે છે—તેને કર્મ ઉપર નાખે છે. તે વાતને સ્પષ્ટ કરતાં પહેલાં અજ્ઞાની પોતાની દલીલ જાહેર કરે છે. તેના બે બોલ થઈ ગયા છે.

(૧) અજ્ઞાનીની દલીલ છે કે જ્ઞાનાવરણ કર્મના ઉદય વગર આત્માની જ્ઞાનપર્યાયમાં હીનતા હોતી નથી માટે કર્મના ઉદયના કારણે તે જ્ઞાનની અલ્પતા છે, તેનો ઉત્તર આગળ કહેશે કે આત્મા પોતે જ્ઞાનની હીનતારૂપે પરિણમે છે ત્યારે કર્મ નિમિત્ત હોય છે; પણ કર્મના કારણે તે હીનતા થતી નથી.

(૨) કર્મ જ આત્માને જ્ઞાની કરે છે કારણ કે જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમ વિના તેની અપ્રાપ્તિ છે. તો અજ્ઞાનીની તે વાત પણ ખોટી છે.

હવે ત્રીજો બોલ કહે છે :

**(3) અજ્ઞાની માને છે કે કર્મ જ સુવાડે છે કારણ કે નિદ્રા નામના કર્મના ઉદય વિના નિદ્રા હોતી નથી. પણ તે વાત ખોટી છે.**

પહેલા બે બોલમાં જ્ઞાનાવરણ કર્મની વાત કરી હતી. હવે આ બોલમાં દર્શનાવરણકર્મના કારણે ઉંઘ આવે છે, એમ અજ્ઞાની કહે છે. જુઓ, ભગવાનને નિદ્રા નામનું કર્મ નથી, માટે તેમને નિદ્રા નથી એમ પણ અજ્ઞાની દલીલ કરે છે. એ વાત પણ સાચી નથી કેમ કે આત્મા પોતે દર્શનગુણની પર્યાય હીણી કરે છે તો ઉંઘ આવે છે. તે વખતે નિદ્રા નામનું કર્મ નિમિત્ત છે ખરું, પણ એના કારણે આત્માના દર્શનગુણની પર્યાય હીણી થતી નથી. પણ અજ્ઞાની કહે છે કે અમે ધર્મ સાંભળવા બેસીએ છીએ તે વખતે ઝોલાં આવે છે, અમારો ભાવ ઝોલાં ખાવાનો નથી છતાં કર્મના ઉદયના કારણે ત્યાં ઝોલા આવે છે. તો તેની તે વાત પણ ખોટી છે કેમ કે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલતા મુનિને પ્રમાદ નથી તેથી નિદ્રા હોતી નથી. માટે કર્મને કારણે નિદ્રા નથી પણ પોતે નિદ્રા લે તો કર્મને નિમિત્ત કહેવાય છે. કર્મને અને આત્માની હીણી પર્યાયને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ કર્તા-કર્મ સંબંધ નથી.

**(૪) કર્મ જ જગાડે છે કેમ કે નિદ્રા નામના કર્મના ક્ષયોપશમ વિના નિદ્રાનો અભાવ હોતો નથી—એમ અજ્ઞાની માને છે.**

પણ તે વાત ખોટી છે. અહીં દર્શનાવરણના મંદ ઉદયને ક્ષયોપશમ કહ્યો છે અને તેના કારણે આત્મામાં નિદ્રા હોતી નથી. એ પ્રકારનો ક્ષયોપશમ ન હોય અને નિદ્રાનો અભાવ હોય એમ બનતું નથી માટે કર્મના કારણે આત્મા જાગે છે. પણ તે જાણતો નથી કે કર્મના કારણે આત્માની અવસ્થા હોય નહિ. આત્માના દર્શનઉપયોગનો કાળ જાગ્રતદશામાં હોય છે તે આત્માના પોતાના કારણે હોય છે ને તે વખતે દર્શનાવરણ કર્મ મંદ હોય છે ખરું, પણ તેના કારણે આત્માની જાગ્રતરૂપ પર્યાય હોતી નથી.

## (૫) કર્મ જ આત્માને સુખી કરે છે કેમ કે શાતાવેદનીય નામના કર્મના ઉદય વિના સુખી હોતો નથી, એમ અજ્ઞાની માને છે.

અજ્ઞાનીની દલીલ છે કે શાતાવેદનીયકર્મના ઉદયના કારણે ધન, ધાન્ય, મકાન, દાસ, દાસીઓ વગેરે મળે છે. તે વખતે અમને સુખ લાગે છે, તે કર્મના ઉદયના કારણે લાગે છે. પૈસાવાળો સુખી હોય છે, ગરીબ સુખી હોતો નથી માટે તે સુખ થવાનું કારણ કર્મ છે. શાતાવેદનીયકર્મનો ઉદય ન હોય તો અમને રતિભાવ થતો નથી એમ અજ્ઞાની માને છે તો તે વાત સાચી નથી. શાતાવેદનીય કર્મના નિમિત્તે પૈસો, સ્ત્રી, કુટુંબ આદિ સારાં મળે ખરા પણ તેમાં રતિભાવ જીવ સ્વયં કરે છે. તે પૈસાના કારણે કે શાતાવેદનીયકર્મના કારણે કરતો નથી. આત્મા પોતે રતિભાવ કરે તો થાય છે; તે વખતે કર્મ નિમિત્ત તરીકે હોય ખરું પણ એના કારણે સુખની કલ્પના થતી નથી.

અજ્ઞાની માને છે કે અમે પૈસાવાળા, કુટુંબવાળા, છોકરાવાળા, આબરૂવાળા, સોનાવાળા છીએ. એમ વાળામાં તે સલવાયો છે. કેમ કે તે માને છે કે અમોને એ ચીજ મળી છે માટે રાગ થાય છે. દીકરો સારો થયો માટે અમને રાગ થાય છે, એમ અજ્ઞાની માને છે પણ આત્મા પોતાના અપરાધથી રાગ કરે છે એમ તે માનતો નથી. શાતાવેદનીય કર્મના ઉદય વગર રાજીપાની પ્રાપ્તિ હોતી નથી માટે કર્મને કારણે રાજીપો (રતિ) થાય છે એમ તે માને છે. વર્તમાન અનુકૂળ માનેલા એવા સંયોગો મળે છે તે પૂર્વકર્મના કારણે મળે છે પણ એમાં જે રાગ કરે છે, તે કર્મના કારણે થતો નથી. તે તો આત્મા પોતે સ્વભાવને ભૂલીને કરે છે, તો થાય છે પણ અજ્ઞાની તે વાતને સમજતો નથી માટે કર્મના કારણે સુખી થઈએ છીએ એમ તે માને છે.

## (૬) કર્મ જ દુઃખી કરે છે કારણ કે અશાતાવેદનીય નામના કર્મના ઉદય વિના દુઃખ હોતું નથી—એમ અજ્ઞાનીની દલીલ છે.

અજ્ઞાની એમ માને છે કે શરીરમાં વીંછી કરડે છે, એ વખતે આત્મામાં જે દુઃખ થાય છે તે અશાતાવેદનીય કર્મના કારણે થાય છે. પણ તે વાત ખોટી છે. અશાતાવેદનીયના ઉદયને કારણે પ્રતિકૂળ સંયોગો મળે છે પણ તે વખતે આત્મામાં દુઃખની લાગણી થઈ તે તો આત્મા પોતે ત્રિકાળી ચૈતન્ય સ્વરૂપી છે, તેને ચૂકીને દુઃખનો ભાવ કરે છે, તો થાય છે, તે વખતે વેદનીય કર્મનો ઉદય હોય છે ખરો પણ તે કર્મના કારણે દુઃખનો ભાવ થતો નથી. શ્રેણિકરાજા નરકમાં છે, ત્યાં અશાતાનો ઉદય હોવા છતાં પણ પરમાં એકત્વબુદ્ધિ નથી એટલે ત્યાં દુઃખ નથી. અલ્પ દ્વેષ થાય છે તે કર્મના કારણે થાય છે, એમ તે માનતા નથી. અજ્ઞાની માને છે કે પ્રત્યક્ષ પ્રતિકૂળતાના સંયોગો છે માટે તે દુઃખી છે અને અશાતાકર્મના ઉદયે દુઃખી થાય છે. પણ તે વાત ખોટી છે—નિર્ધનતા દુઃખનું કારણ નથી, સધનતા સુખનું કારણ નથી, કુરૂપ દુઃખનું કારણ નથી, સુરૂપ સુખનું કારણ નથી, પણ આત્મા પોતાની પર્યાયમાં સુખ—દુઃખની કલ્પના કરે તો સુખ—દુઃખ થાય છે, પણ કર્મના કારણે થતું નથી.

## (૭) કર્મ જ મિથ્યાદ્રષ્ટિ કરે છે કારણ કે મિથ્યાત્વકર્મના ઉદય વિના મિથ્યાત્વ હોતું નથી, એમ અજ્ઞાની માને છે.

અજ્ઞાનીની દલીલ છે કે દર્શનમોહનો ઉદય આવે તો ઊંધી શ્રદ્ધા થયા વગર રહે નહિ. વળી તે કહે છે કે જગતમાં એક દાખલો એવો બતાવો કે દર્શનમોહના ઉદય વગર કોઈ મિથ્યાદ્રષ્ટિ થયો હોય ? તો તેને કહે છે કે ભાઈ, તું જ્યારે તારો આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે તેને ચૂકી જાય છે અને પરમાં સુખ છે એમ માને છે ત્યારે મિથ્યાત્વભાવ છે અને તે વખતે દર્શનમોહને નિમિત્ત કહેવાય છે; પણ દર્શનમોહના કારણે આત્મામાં મિથ્યાત્વભાવ થાય છે—એમ નથી.

જો મિથ્યાત્વભાવ જડ કર્મના કારણે થાય છે—એમ માનવામાં આવે તો જડકર્મ કારણ અને મિથ્યાત્વભાવ તેનું કાર્ય થાય; પણ એમ તો બનતું નથી. વળી અજ્ઞાની કહે છે કે અમારે ઊંધી શ્રદ્ધા કરવાના ભાવ નથી પણ ભવ્યતા પાકી નથી માટે સવળી શ્રદ્ધા થતી નથી. તો તે વાત પણ ખોટી છે. દર્શનમોહના કારણે મિથ્યાત્વ થાય છે એમ શાસ્ત્રમાં લખાણ આવે, તે નિમિત્તનું કથન છે. એનો અર્થ અજ્ઞાની સમજતો નથી. તે એની પ્રજ્ઞાનો અપરાધ છે.

અજ્ઞાની કહે છે કે જેમ ઘોડા ઉપર માણસ બેઠો હોય ત્યારે ઘોડો ચાલે એટલે તે માણસને પણ ચાલવું પડે છે તેમ સંસારીને કર્મ જે પ્રમાણે ભાવ કરાવે એમ કરવો પડે છે. કારણ કે સંસારમાં રહેલો જીવ કર્મના ઉદયના ઘોડે ચડેલો છે. તેને કહે છે કે ઘોડા ઉપર બેઠેલા માણસની ચાલવાની ક્રિયા થાય છે તે ઘોડાની

પ્રેરણાથી થતી નથી પણ માણસની પોતાની લાયકાતથી થાય છે ત્યારે ઘોડાને નિમિત્ત કહેવાય છે. તેમ આત્મા પોતે પોતાના અજ્ઞાનભાવથી મિથ્યાત્વ કરે છે ત્યારે દર્શનમોહને નિમિત્ત કહેવાય છે; પણ દર્શનમોહના કારણે મિથ્યાત્વ થતું નથી.

**(૮) કર્મ જ અસંયમી કરે છે કારણ કે ચારિત્રમોહ નામના કર્મના ઉદય વિના અસંયમીપણું હોતું નથી, એમ અજ્ઞાની માને છે.**

અજ્ઞાની શાસ્ત્રના અર્થને સમજતો નથી તેથી જ્યાં નિમિત્તનું કથન કર્યું હોય ત્યાં તેને કારણે આત્મામાં ભાવ થાય છે એમ માને છે તેથી તે દલીલ કરે છે કે આત્માને અસંયમીપણાનો ભાવ થાય છે તે ચારિત્રમોહના ઉદયથી થાય છે કેમ કે તેના ઉદય વગર કોઈને અસંયમનો ભાવ હોતો નથી. શ્રેણિકરાજાને નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું એટલે વ્રત લઈ શક્યા નહિ. કેમ કે ચારિત્રમોહનો તેમને ઉદય હતો એમ અજ્ઞાનીની દલીલ છે. તેને કહે છે કે શ્રેણિક રાજાને પોતાની પર્યાયમાં સંયમ અને વીતરાગી પર્યાય પ્રગટ કરવાનો પુરુષાર્થ ન હતો માટે અસંયમીપણું હતું પણ નારકીનું આયુષ્ય બંધાયું હતું અને ચારિત્રમોહનો ઉદય હતો માટે અસંયમીપણું હતું—એમ નથી. સમ્યગ્દર્શન થયા પછી જેટલો અસંયમભાવ હોય છે તે પોતાના પુરુષાર્થની નબળાઈના કારણે હોય છે. તે વખતે ચારિત્રમોહકર્મનું નિમિત્ત હોય છે પણ એના કારણે અસંયમભાવ નથી.

**(૯) કર્મ જ ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં અને તિર્યગ્લોકમાં ભમાવે છે કારણ કે આનુપૂર્વી નામના કર્મ વિના એની પ્રતીતિ હોતી નથી, એમ અજ્ઞાની માને છે.**

અજ્ઞાનીની દલીલ છે કે જેમ બળદને નાકમાં નાથ નાખીને ખેંચીને દોરી જાય છે તેમ આત્માને આનુપૂર્વી નામની પ્રકૃતિના કારણે સ્વર્ગમાં જવું પડે છે કેમ કે આનુપૂર્વી નામના કર્મ વિના સ્વર્ગભવની ઉત્પત્તિ હોતી નથી. કોઈ મનુષ્યે સ્વર્ગનું આયુષ્ય બાંધ્યું હોય તો જીવ ત્યાં પહોંચે તે પહેલાં મનુષ્ય શરીરના આકારે આત્માનો આકાર હોય છે તે કર્મના ઉદયના કારણે હોય છે તેમ તે કહે છે. પણ અહીં તો કહે છે કે આત્માનો પોતાના કારણે એવો આકાર હોય છે અને પોતાની યોગ્યતાના કારણે તે સ્વર્ગગતિમાં જાય છે. કર્મના કારણે તે પર્યાય થતી નથી.

વળી તે કહે છે કે અધોગતિમાં એટલે કે નરકમાં શ્રેણિક રાજાને આનુપૂર્વી નામની પ્રકૃતિના કારણે જવું પડ્યું હતું. કેમ કે નરકમાં જવાનો કોઈને ભાવ હોતો નથી માટે જે કોઈ નરકમાં જાય છે તે કર્મના કારણે જાય છે અને તેના શરીરના

આકારે જીવનો આકાર થાય છે તે પણ કર્મના કારણે થાય છે તેમ અજ્ઞાની માને છે; પણ તેને ખબર નથી કે શ્રેણિકરાજાની નરકમાં જવાની તે સમયની યોગ્યતા હતી તે તેના પોતાના કારણે હતી. આનુપૂર્વી નામના કર્મના કારણે તે લાયકાત થઈ નથી. સૂત્રમાં નિમિત્તનું કથન કર્યું હોય તેનો અર્થ કરતાં અજ્ઞાનીને આવડતો નથી તેથી તે કર્મના કારણે થાય છે એમ માને છે.

માણસ મરીને માણસ થાય, માણસ મરીને ઢોર થાય અને ઢોર મરીને માણસ થાય, માણસ મરીને ઇતરડી થાય, તેના શરીરના આકારે આત્માનો આકાર થાય છે અને આત્મા તે તે ગતિમાં જાય છે તે આનુપૂર્વી નામના કર્મના કારણે છે એમ અજ્ઞાની માને છે, પણ એમ નથી. લૌકિક માણસો કહે છે કે આત્માને જમડા લઈ જાય છે એમ જૈન નામ ધરાવીને કહે કે આત્માને કર્મ લઈ જાય છે તો તે લૌકિક જનની જેમ મિથ્યાદ્રષ્ટિ છે. આત્મા પોતાના અપરાધના કારણે જાય છે પણ કર્મના કારણે જતો નથી. વળી તે કહે છે કે ગતિ એવી મતિ—તો તે પણ બરાબર નથી. કેમ કે માણસ મરતી વખતે જેવા ભાવ કરે તેવા થાય છે, પણ કર્મના કારણે તે ભાવો નથી. આમ આત્માની સમય સમયની પર્યાય સ્વતંત્ર છે; પણ અજ્ઞાનીને તે સ્વતંત્રતા ખ્યાલમાં આવતી નથી તેથી તે નિમિત્તમાં સલવાઈ ગયો છે.

## (૧૦) જેટલું શુભ અને અશુભ છે તે બધુંય કર્મ જ કરે છે કારણ કે પ્રશસ્ત—અપ્રશસ્ત રાગ નામના કર્મના ઉદય વિના પુણ્ય—પાપની પ્રાપ્તિ હોતી નથી—એમ અજ્ઞાની કહે છે.

અજ્ઞાની માને છે કે કર્મની મંદતા હોય તો પુણ્યનો ભાવ થાય કેમ કે તે પ્રકારના કર્મના ઉદય વિના એવો ભાવ થતો નથી. વળી તે કહે છે કે દયા, દાન, ભક્તિ, પૂજા આદિના પુણ્યભાવ કર્મનો તીવ્ર ઉદય હોય તો થાય નહિ—એમ મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે. પણ તે વાતને અજ્ઞાની સમજ્યો નથી. શાસ્ત્રના અર્થ કરતાં તેને આવડતા નથી, તે બધાં નિમિત્તનાં કથન છે. આત્મા પોતે પોતાની યોગ્યતાથી જેવો ભાવ કરે તેવો થાય છે, તીવ્ર કષાય કરે તો કર્મને તીવ્રમાં નિમિત્ત કહેવાય છે. જેમ અન્યમતમાં કહે છે કે ઈશ્વર વગર એક પાંદડું પણ ખસે નહિ, એમ જૈન નામ ધરાવીને કહે કે કર્મ વગર કાંઈ થાય નહિ, તો તે મૂઢ મિથ્યાદ્રષ્ટિ બન્ને સરખા છે. વળી મંદ ઉદય હોય તો મંદ કષાય થાય એવો પણ નિયમ નથી. આત્મા પોતે જેવો ભાવ કરે તેવો થાય છે. ઉદય પ્રમાણે કષાય થાય જ એ વાત સાચી નથી. જો કર્મના ઉદય પ્રમાણે રાગ થાય તો પછી આત્મા અશુભ ભાવમાંથી શુભભાવ કરી શકે નહિ, માટે તે વાત ખોટી છે.

*

## શ્રી સમયસાર : ગાથા ૩૩૨-૩૪૪

*(આસો વદ ૬, રવિવાર, ૨૦૦૭, તા. ૨૧-૧૦-૫૧)*

અહીં અજ્ઞાનીની દલીલ છે કે આત્મામાં જે વિકારી પરિણામ થાય છે તે કર્મના કારણે થાય છે. જ્ઞાનાવરણાદિ કર્મથી માંડીને, મોહનીયાદિ કર્મના ઉદયે આત્મામાં વિકાર થાય છે, કેમ કે તેના ઉદય વગર કોઈને વિકાર થતો નથી એમ અજ્ઞાની માને છે અને હવે કહે છે કે,

બધુંય સ્વતંત્રપણે કર્મ જ કરે છે, કર્મ જ આપે છે અને કર્મ જ હરી લે છે. તેથી અમે એમ નિશ્ચય કરીએ છીએ કે સર્વે જીવો સદાય એકાંતે અકર્તા જ છે, તેને કહે છે કે આત્મા પરદ્રવ્યનું કરી શકતો નથી એ અપેક્ષાએ તો અકર્તા છે, પણ આત્માના વિકારીભાવનો પોતે કર્તા નથી—એમ નથી. અજ્ઞાની તો બધી રીતે આત્મા અકર્તા છે એમ માને છે. નિશ્ચય કે વ્યવહારથી કોઈ રીતે પરનો કર્તા આત્મા નથી પણ ભાવ કર્મનો તો આત્મા પોતે કર્તા છે.

જ્ઞાનની હીણી કે વધારે અવસ્થા, નિદ્રાવસ્થા કે જાગ્રત દશા, ઊંધી માન્યતા, સુખ-દુઃખના પરિણામ, અસંયમીપણું, લોકમાં પરિભ્રમણ દશા અને પુણ્ય પાપાદિ ભાવો, તે બધા કર્મના કારણે થાય છે એમ અજ્ઞાનીની માન્યતા છે. આ બધો અપરાધ જીવ પોતે કરે છે છતાં તે કર્મના માથે નાખે છે, તે મૂઢ છે. આમ તે સર્વ પ્રકારે જીવને એકાંતે અકર્તા માને છે.

કેટલાક કહે છે કે અમારે દાન આપવાનો ભાવ તો છે પણ દાનાંતરાય નામનું કર્મ ખસે તો દાન દેવાના ભાવ થાય. આવી રીતે પૈસાની મમતાવાળો જીવ કહે છે કે અંતરાય કર્મના ઉદયના કારણે દાન આપવાનો ભાવ થતો નથી પણ તે તૃષ્ણા ઘટાડવા ધારે તો ઘટાડી શકે છે. એમાં કર્મનું કાંઈ કારણ નથી. કોઈ કહે ખરડો થાય ત્યારે પૈસા ભરવાનું મન થાય છે પણ પૈસા આપવાનો વખત આવે ત્યારે આપવાનું મન થતું નથી. તે કર્મનું કારણ છે એમ અજ્ઞાની માને છે, તો તે વાત ખોટી છે.

વળી તે કહે છે કે દાન દેવાનો ભાવ હતો પણ કર્મનો ઉદય આવ્યો માટે તે ભાવ હણાઈ ગયો, એમ પણ અજ્ઞાનીની દલીલ છે. પણ ખરેખર તો આત્મા પોતે ચૈતન્ય શુદ્ધ છે તેનું ભાન નથી. એટલે પોતાના દોષ, પર ઉપર નાખે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે યોગ્ય સ્થળે લક્ષ્મીને ન વાપરે તો તે તીવ્ર લોભી છે એટલે કે જ્યાં જ્યાં ધર્મની પ્રભાવના આદિનું કારણ લાગતું હોય ત્યાં ત્યાં તે વખતે પૈસા વાપરવાનો ભાવ ન થાય તે તીવ્ર લોભી છે એમ નિયમસાર ગાથા ૧૧૨ની ટીકામાં કહ્યું છે. યોગ્ય સ્થળે એટલે કે સ્ત્રી, કુટુંબ, પુત્ર માટે પૈસા વાપરવા તે યોગ્ય સ્થળ નથી;

પણ ધર્મની પ્રભાવના આદિમાં વાપરે તો તે યોગ્યસ્થળ છે. પૈસા વાપરે એનો અર્થ એવો છે કે ધર્મની પ્રભાવના માટે લક્ષ્મીનો લોભ ઘટાડે, એને પૈસા વાપરે એમ કહ્યું છે. વખત આવે ત્યારે તૃષ્ણા ઘટાડે નહિ અને બહાના કાઢે કે કર્મનો ઉદય છે માટે એ ભાવ થતો નથી, તો તેને કહે છે કે આત્મા તૃષ્ણાનો ભાવ વધારી કે ઘટાડી શકે છે. આત્માના લક્ષે તેનો અભાવ પણ કરી શકે છે, એમાં કર્મ કારણ નથી. આ રીતે અજ્ઞાનીની દલીલ છે કે અમે નિશ્ચય કરીએ છીએ કે સર્વ જીવો સદાય એકાંતે અકર્તા જ છે.

વળી શાસ્ત્રમાં પણ કહ્યું છે—એમ જિનવાણીનો આધાર આપે છે કે પુરુષવેદ નામનું કર્મ સ્ત્રીની અભિલાષા કરે છે અને સ્ત્રીવેદ નામનું કર્મ પુરુષની અભિલાષા કરે છે. એ વાક્યથી કર્મને જ કર્મની અભિલાષાના કર્તાપણાના સમર્થન વડે અબ્રહ્મચર્યના કર્તાપણાનો નિષેધ કરે છે.

અજ્ઞાની કહે છે કે પુરુષવેદ નામના કર્મનો ઉદય હોય ત્યારે સ્ત્રી સાથે રમવાના, સ્ત્રી વેદનો ઉદય હોય ત્યારે પુરુષ સાથે અને નપુંસક વેદનો ઉદય હોય ત્યારે સ્ત્રી-પુરુષ બન્ને સાથે રમવાના ભાવ થાય છે; માટે આત્મા અબ્રહ્મચર્યના ભાવનો કર્તા નથી. એમ દોષ કરે છે પોતે અને કર્મ ઉપર નાખે છે અને કહે છે કે અમારું પતન થયું તે કર્મના ઉદયના કારણે થયું છે. શાસ્ત્રમાં પણ આવે છે કે આદ્રકુમાર અને નંદીષેણ આદિ પડી ગયા, તે બધા કર્મના ઉદયના કારણે પડી ગયા. આ રીતે આત્મા વિકારી ભાવનો કર્તા નથી, એમ તે કહે છે. પણ શાસ્ત્રમાં તો આત્મા અબ્રહ્મચર્યના ભાવ પોતે કરે ત્યારે નિમિત્ત કોણ હતું તે બતાવવા, નિમિત્તથી કથન કર્યું કે આ કર્મના કારણે થયું; પણ એનો અર્થ કર્મે વિકાર કરાવ્યો છે એમ નથી. પણ અજ્ઞાની શાસ્ત્રના અર્થને સમજતો નથી. પરનો કર્તા આત્મા નથી એ વાત બરાબર છે પણ તેથી આત્માના ભાવનો પણ પોતે કર્તા નથી—એમ નથી.

વળી કોઈ અજ્ઞાની એમ પણ કહે છે કે ક્રમબદ્ધ પર્યાયમાં આવે છે કે વિષયનો ભાવ થવાનો હતો એટલે થયો છે—એમ સ્વચ્છંદી થઈ ક્રમબદ્ધ પર્યાયની ઓથ લઈને વિષયમાં આસક્ત થાય છે; તે પણ કર્તાપણાને સમજતો નથી. ક્રમબદ્ધની શ્રદ્ધાવાળાને દ્રષ્ટિ વિકાર ઉપર હોય તો તે ક્રમબદ્ધને સમજ્યો જ નથી. ક્રમબદ્ધ પર્યાય પોતાની થાય છે—એવી જેને શ્રદ્ધા છે, તેની દ્રષ્ટિ અક્રમ એવા આત્મા ઉપર હોય છે. જ્ઞાની સમજે છે કે વિષયાદિના ભાવો થાય છે તે મારો અપરાધ છે અને તે મારા કારણે થાય છે; એમ જાણ્યા પછી સ્વભાવની દ્રષ્ટિએ તેની ગણતરી નથી ત્યારે ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય સાચો કર્યો કહેવાય છે.

વળી અજ્ઞાની કહે છે કે "જે પરને હણે છે અને જે પરથી હણાય છે, તે પર ઘાત કર્મ છે"—એ વાક્યથી કર્મને જ કર્મના ઘાતનું કર્તાપણું હોવાના સમર્થન વડે જીવને ઘાતના કર્તા પણાનો નિષેધ કરે છે.

શાસ્ત્રમાં આવે છે કે પર ઘાત નામની પ્રકૃતિનો ઉદય આવે ત્યારે બીજાને હણવાનો ભાવ થાય, એમ અજ્ઞાની માને છે. પણ તેનો અર્થ એવો છે કે આત્મા સ્વયં બીજાને હણવાના ભાવ કરે ત્યારે તે પ્રકૃતિને નિમિત્ત કહેવાય છે. જો કર્મના ઉદયના કારણે આત્મામાં બીજાને મારવાના ભાવ થાય, એમ માનવામાં આવે તો આત્માને પરઘાતના ભાવનું સર્વથા કર્તાપણું રહેતું નથી—પણ એમ નથી. આત્મા શરીરની ક્રિયા વડે પરની ક્રિયા કરતો નથી પણ આત્મામાં બીજાને હણવાના ભાવ થાય, તે તો પોતે કરે તો થાય છે. પોતે હિંસાના ભાવ કરે અને કર્મના કારણે માને તો તે હિંસક નથી એમ ઠરે—પણ એ વાત બરાબર નથી. વળી અજ્ઞાની કહે છે કે બીજા જીવોને હિંસાના ભાવ થાય છે તે પણ કર્મના કારણે થાય છે તેથી તે પણ હિંસા ભાવનો અકર્તા છે. આમ એકાંતે સર્વ જીવો અકર્તા છે, એમ અજ્ઞાની માને છે. એને હવે આચાર્યદેવ દલીલથી કહે છે કે આત્મા એમ સર્વથા અકર્તા નથી.

આચાર્યદેવ કહે છે કે આ પ્રમાણે આવા સાંખ્યમતને, પોતાની પ્રજ્ઞાના અપરાધથી સૂત્રના અર્થને નહિ જાણનારા કેટલાક શ્રમણાભાસો પ્રરૂપે છે; તેમની એકાંતે પ્રકૃતિના કર્તાપણાની માન્યતાથી સમસ્ત જીવોને એકાંતે અકર્તાપણું આવી પડે છે; તેથી જીવ કર્તા છે એવી જે શ્રુતિ તેનો કોપ ટાળવો અશક્ય થાય છે અર્થાત્ ભગવાનની વાણીની વિરાધના થાય છે.

શાસ્ત્રમાં નિમિત્તના કથન આવે ત્યારે અજ્ઞાની મુનિ નામ ધરાવનાર ઊંધો અર્થ કરે છે. શાસ્ત્રનો કહેવાનો આશય તો પરથી આત્માની પર્યાય હણાય નહિ—એવો છે. આત્મા પરનું કરવાને સમર્થ નથી પણ આત્મા વિકાર કરવાને કે ટાળવાને સમર્થ છે—એમ એનો અર્થ નહિં કાઢતાં, પરના કારણે આત્મામાં અપરાધ થાય છે—એમ માને છે; તેથી તેને સર્વથા અકર્તાપણું આવી પડે છે. કર્મ માર્ગ આપે તો સમ્યગ્દર્શન થાય—એમ માનનારા શ્રમણા ભાસો છે. તે સૂત્રના અર્થને નહિ જાણતા હોવાથી, એવી પ્રરૂપણા કરે છે. વળી ઘણા એવા હોય છે કે પોતે આકરા દોષો કરે અને માંહોમાંહે સમજે કે કર્મનો ઉદય છે માટે દોષ છે; તે કર્મ ખરી જશે એટલે આપણે ચોખ્ખા થઈ જશું. એમ માનવામાં પણ સર્વથા અકર્તાપણું આવે છે. અજ્ઞાનભાવે તે દોષનો કર્તા આત્મા છે અને જ્ઞાન સ્વભાવે તેનો કર્તા નથી —એમ ભગવાનની વાણી છે, તેની અજ્ઞાની એકાંતે અકર્તા માની, વિરાધના

કરે છે. આ રીતે અજ્ઞાની શાસ્ત્રનો ઊંધો અર્થ કરે છે, તે ભગવાન વાણીની વિરાધના કરે છે અને આત્માનો ઘાતક થાય છે.

વળી અજ્ઞાનીની દલીલ છે કે કર્મ આત્માના અજ્ઞાનાદિ સર્વ ભાવોને કે જેઓ પર્યાયરૂપ છે તેમને કરે છે. અને આત્મા તો આત્માને જ એકને દ્રવ્યરૂપને કરે છે માટે જીવ કર્તા છે. એ રીતે શ્રુતિનો કોપ થતો નથી. એવો જે અભિપ્રાય છે તે મિથ્યા જ છે.

આત્માના વિકારી ભાવોનો કર્તા તો કર્મ છે અને આત્મા પોતાના દ્રવ્યને કરે છે માટે આત્મા કર્તા અને અકર્તા છે તેથી હવે વીતરાગની વાણીની વિરાધના થતી નથી—એમ અજ્ઞાની કહે છે, પણ તે જૂઠું છે. આત્માની પર્યાય પરથી થાય અને આત્મા દ્રવ્ય આખું પોતાથી થાય, એવો અભિપ્રાય ખોટો છે. કેમ કે આત્મા ચિદાનંદ ધ્રુવ નિત્ય છે એને શું બનાવે ? એ વાતને આચાર્ય દેવ હવે કહે છે :–

જીવ તો દ્રવ્યરૂપે નિત્ય છે અસંખ્યાત પ્રદેશી છે અને લોકપરિમાણ છે. તેમાં પ્રથમ નિત્યનું કાર્યપણું બની શકતું નથી. કારણ કે કૃતકપણાને અને નિત્યપણાને એકપણાનો વિરોધ છે. આત્મા નિત્ય છે તેથી તે કોઈથી કરાયેલો હોય નહિ. આ રીતે સમજાવે છે. અજ્ઞાની પણ પરપદાર્થનો તો કર્તા નથી અને પોતાની પર્યાયનો કર્તા છે, છતાં તે કર્મના કારણે થાય છે એમ માને છે એટલે તે પર્યાયનો પોતે અકર્તા છે એમ માને છે. ત્રિકાળી ધ્રુવ નિત્ય આત્મદ્રવ્યનો કર્તા આત્મા છે એમ કર્તા—અકર્તાપણું આત્માનું કહે છે, પણ તે વાત ખોટી છે. તે આચાર્ય ભગવાન સ્પષ્ટતાથી સમજાવે છે.

આત્મા નિત્ય છે માટે તેનો કર્તા કોઈ હોઈ શકે નહિ. પર્યાયમાં કરવાપણું હોય છે તો પર્યાયનો કર્તા તો અજ્ઞાની કર્મને માને છે. નિત્ય અને કર્તાપણાને વિરોધ છે. જેમ કે મારા મોઢામાં જીભ નથી એમ કોઈ કહે તો વિરોધ આવે છે; તેમ આત્મા નિત્ય છે અને એને હું કરું છું, તો તે વિરોધ છે માટે નિત્ય વસ્તુ નવી થાય નહિ અને પર્યાય નવી થાય છે એ વાતને જે સમજતા નથી તે ભ્રષ્ટ થાય છે. વળી તત્ત્વાર્થ રાજવાર્તિકમાં કહ્યું છે કે પર્યાય થવાનો પણ આત્માનો સ્વભાવ છે એટલે કે આત્મામાં ક્ષણે ક્ષણે પર્યાય થાય છે, તે આત્માનો અનાદિનો ધર્મ છે; છતાં અજ્ઞાની તે પર્યાય પરના કારણે થાય છે એમ માને છે, તે મૂઢ છે. આ રીતે આત્મ દ્રવ્ય નિત્ય છે તેથી તેને કોઈ બનાવી શકે નહિ, હવે ક્ષેત્રની વાત કરે છે.

વસ્તુ તો ત્રિકાળ છે. અસંખ્યાત પ્રદેશી લોક પરિમાણ છે. તેના પ્રદેશ ઓછા વધુ થતા નથી. જો ઓછા વધુ થાય તો કર્તાપણું બને પણ આત્મા તો

<u>અસંખ્યપ્રદેશી એક છે.</u> તેને ઓછા વધુ કરવાની કોઈની તાકાત નથી અસંખ્ય અવયવોનો એક અવયવી આત્મા છે.

વળી <u>અવસ્થિત અસંખ્ય–પ્રદેશવાળા એકને</u> (આત્માને) પુદ્‌ગલ સ્કંધની માફક, પ્રદેશોનાં પ્રક્ષેપણ તથા આકર્ષણ દ્વારા પણ કાર્યપણું બની શકતું નથી. કારણ કે પ્રદેશોનું પ્રક્ષેપણ તથા આકર્ષણ થાય તો તેના એકપણાનો વ્યાઘાત થાય. (સ્કંધ તો અનેક પુદ્‌ગલ પરમાણુંનો બનેલો છે માટે તેમાંથી પરમાણુઓ નીકળી જાય તેમ જ તેમાં પરમાણુંઓ આવે; પરંતુ આત્મા નિશ્ચિત અસંખ્ય—પ્રદેશવાળું એક જ દ્રવ્ય હોવાથી તે પોતાના પ્રદેશો કાઢી નાખી શકે નહિ તેમ જ વધારે પ્રદેશોને લઈ શકે નહિ.) વળી લોક જેટલું નિશ્ચિત તેનું માપ છે તેથી આત્માને સંકોચ—વિસ્તાર દ્વારા પણ કાર્ય બની શકતું નથી. જેમ ચામડું સૂકું–ભીનું થતાં વધુ ઓછું થતું નથી તેમ આત્માના અસંખ્ય પ્રદેશોમાં સંકોચ–વિસ્તાર થવા છતાં પ્રદેશોની વધઘટ થતી નથી માટે ક્ષેત્ર અપેક્ષાએ પણ કાર્ય બનતું નથી માટે એના નિત્ય પ્રદેશોમાં પણ કર્તાપણું સંભવતું નથી; એ રીતે આત્મા આત્માને કરતો નથી. તેથી અજ્ઞાનીની કર્તાપણાની દલીલ ખોટી છે કેમ કે ત્રિકાળમાં કર્તાપણું સંભવતું નથી તેથી તે જિનવાણીનો વિરોધ કરે છે અને આત્મઘાત કરે છે.

***

# પ્રસાદ નં. ૩૫૭

## શ્રી સમયસાર : ગાથા ૩૩૨—૩૪૪

*(આસો વદ ૭, સોમવાર, ૨૦૦૭, તા. ૨૨-૧૦-૫૧)*

જુઓ, અધિકાર શું ચાલે છે ? અને તે અધિકાર સમજવાની આત્માને કેમ જરૂર છે ? તે કહે છે. જેને ધર્મ કરવો હોય તેણે આત્મામાં જે વિકારી ભાવ થાય છે, તે જીવ પોતે કરે છે તો થાય છે—એમ પ્રથમ જાણવું જોઈએ. આત્મા પરવસ્તુને કરતો નથી, એમ વિકારને પણ કરતો નથી—એમ માનવામાં આવે તો વિકારને આત્મા કદી ટાળી શકે નહિ. માટે આત્મા પોતાના વિકારી ભાવનો કર્તા છે એમ પ્રથમ માનવું જોઈએ. વળી કોઈ કહે કે આત્મા વિકારી ભાવોનો કર્તા છે એમ પરદ્રવ્યનો પણ કર્તા છે—તો એ વાત સાચી નથી.

હવે વીતરાગની વાણી કહે છે કે આત્મા કોઈ પ્રકારે કર્તા છે અને કોઈ પ્રકારે અકર્તા છે. જો એમ માને તો વીતરાગની વાણીની વિરાધના કરી કહેવાય નહિ. આથી અજ્ઞાની કહે છે કે આત્મા ત્રિકાળી વસ્તુ છે તેનો આત્મા કર્તા છે અને વિકારી ભાવો થાય છે તેનો આત્મા અકર્તા છે કેમ કે વિકારી ભાવો કર્મના કારણે થાય છે આમ આત્મા કર્તા અને અકર્તા બન્ને છે તો આચાર્ય ભગવાન કહે છે કે તારી બન્ને વાત ખોટી છે. તે વાતને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એમ ચાર બોલથી સાબિત કરે છે.

(૧) આત્મા વસ્તુ છે તે ત્રિકાળ ગુણ પર્યાયનો પિંડ છે તે દ્રવ્ય છે, અસંખ્યાત પ્રદેશી પહોળો તે તેનું ક્ષેત્ર છે. સમય સમયની અવસ્થા થાય છે તે તેનો કાળ છે અને ત્રિકાળભાવ એટલે શક્તિ તે તેનો ભાવ છે. અજ્ઞાનીની દલીલ એવી છે કે આત્મવસ્તુને આત્મા કરે છે અને પર્યાયને કર્મ કરે છે. તે દલીલને આચાર્ય ભગવાન તોડી નાખે છે તેને કહે છે કે, આત્મા ત્રિકાળી ધ્રુવ નિત્ય પદાર્થ છે તેનો કર્તા કોઈ હોઈ શકે નહિ અને આત્મા અસંખ્ય પ્રદેશી લોક પરિમાણ એક દ્રવ્ય છે, તે કદી વધુ ઓછા થાય નહિ માટે ક્ષેત્ર અપેક્ષાએ પણ આત્માને કોઈ કરે નહિ. એ પ્રકારે તો આત્મા આત્માને કરે તે વાત ખોટી ઠરી.

(૨) આત્મા ક્ષેત્રની અપેક્ષાએ નવો થતો નથી, તે બીજા પ્રકારથી સમજાવે છે. વળી સકળ લોકરૂપી ઘરના વિસ્તારથી પરિમિત જેનો નિશ્ચિત નિજ વિસ્તાર—સંગ્રહ છે અર્થાત્ લોક જેટલું જેનું નિશ્ચિત માપ છે, તે આત્માને પ્રદેશોના સંકોચ–વિકાસ દ્વારા પણ કાર્યપણું બની શકતું નથી. કારણ કે પ્રદેશોના સંકોચ–વિસ્તાર

થવા છતાં પણ, સૂકા–ભીના ચામડાની માફક નિશ્ચિત નિજ વિસ્તારને લીધે આત્માને હીન–અધિક કરી શકાતો નથી. આ રીતે આત્માને દ્રવ્યરૂપ આત્માનું કર્તાપણું ઘટી શકતું નથી. જેમ રબર લાંબુ પહોળું થવા છતાં તે ઓછું વધુ થતું નથી; તેમ આત્મા કીડીના શરીરમાં હોય કે હાથીના શરીરમાં હોય પણ આત્માના પ્રદેશો નિશ્ચિત હોવાથી વધુ ઓછા થતાં નથી માટે ક્ષેત્ર નિત્ય હોવાથી આત્મા નવો કરી શકાતો નથી. તેથી આત્મા વસ્તુને કરે છે એવા કર્તાપણાનો વીતરાગની વાણીથી વિરોધ આવે છે.

(૩) વળી વસ્તુસ્વભાવનું સર્વથા મટવું અશક્ય હોવાથી, જ્ઞાયકભાવ જ્ઞાન સ્વભાવે જ સદાય સ્થિત રહે છે અને એમ સ્થિત રહેતો થકો, જ્ઞાયક પણાને અને કર્તાપણાને અત્યંત વિરુદ્ધતા હોવાથી, મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા થતો નથી અને મિથ્યાત્વ આદિ ભાવો તો થાય છે તેથી તેમનો કર્તા કર્મ જ છે એમ પ્રરૂપણ કરવામાં આવે છે. આવી જે માન્યતા પ્રગટ કરવામાં આવે છે તે પણ આત્મા આત્માને કરે છે; એવી (પૂર્વોક્ત) માન્યતાને અતિશયપણે હણે જ છે. કારણ કે સદા જ્ઞાયક માનવાથી આત્મા અકર્તા જ ઠર્યો, આ રીતે આત્મા દ્રવ્યથી, ક્ષેત્રથી અને ભાવથી નિત્ય છે. તેથી તે અપેક્ષાએ આત્મા આત્માને કરે એમ બને નહિ અને કાળથી એટલે પર્યાયમાં કાર્ય થાય છે તેનો કર્તા, કર્મ છે એમ અજ્ઞાની માને છે માટે તેના કર્તા અને અકર્તાપણામાં વિરોધ આવે છે.

આવી સ્પષ્ટતાથી ચાર બોલનું કથન વીતરાગની વાણી સિવાય બીજે ક્યાંય હોતું નથી. પર્યાયમાં કર્તાપણું છે તે કર્મ કરે છે એમ જે માને છે તે બીજા ત્રણ બોલમાં અકર્તા રહે છે તેથી તેની અપેક્ષાએ આત્મામાં કર્તાપણું રહેતું નથી. વસ્તુ છે તે પલટો ખાય છે અને પલટામાં ધર્મ થાય છે, એવી પર્યાયને તે કર્મ ઉપર નાખે છે તેથી તે જૈન નામ ધરાવતો હોવા છતાં જેમ અન્યમતીઓ ઈશ્વરને કર્તા માને છે તેમ તે કર્મને કર્તા માનતો હોવાથી મિથ્યાદ્રષ્ટિ જ છે.

હવે આચાર્ય ભગવાન કહે છે કે ભાઈ, સાંભળ, તારી ક્યાં ભૂલ થાય છે ? આ વાત સમજવા જેવી છે. આત્મા ત્રિકાળ છે. એનું ક્ષેત્ર પણ ત્રિકાળ છે અને શક્તિ અર્થાત્ ભાવ પણ ત્રિકાળ છે. એમાં ફરવાપણું નથી. હવે કાળ એટલે પર્યાયમાં પલટો થાય છે માટે જ્ઞાયકભાવ સામાન્ય અપેક્ષાએ જ્ઞાન સ્વભાવે અવસ્થિત હોવા છતાં, કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાન સમયે, અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદ વિજ્ઞાનથી શૂન્ય હોવાને લીધે, પરને આત્મા તરીકે જાણતો એવો તે જ્ઞાયક ભાવ, વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાન પરિણામને કરતો હોવાથી, તેને કર્તાપણું સંમત કરવું. અર્થાત્ આત્મા કર્તા છે એમ સ્વીકારવું.

જ્ઞાયક સ્વભાવનું વિશેષ પરિણમન જ્ઞાનરૂપે થવું તે છે. તે જ્ઞાનપણે ન રહેતાં, જ્ઞેય અને જ્ઞાનને અનાદિથી ભિન્ન નહિ જાણતાં, ભેદ વિજ્ઞાનના અભાવને લીધે આત્મા વિકારી ભાવોનો કર્તા થાય છે, તે મિથ્યાત્વ છે.

ખરેખર જ્ઞાન સ્વભાવ જીવનો છે, રાગનો નથી માટે 'રાગ થતી વખતે રાગરહિત જ્ઞાયકસ્વભાવી છે' તેનું જ્ઞાન તથા 'રાગ તે હું નથી'—એમ જ્ઞાન થવું જોઈએ, તેને બદલે "હું જ્ઞાન નથી પણ રાગ છું"—એવું મિથ્યાજ્ઞાન થાય છે, તે અજ્ઞાન છે. કર્મથી ઉત્પન્ન થતા મિથ્યાત્વાદિ ભાવો એમ જે કહ્યું છે એનો અર્થ એવો છે કે આત્માના જ્ઞાનથી રાગ-દ્વેષ થતા નથી પણ એવા જ્ઞાનકાળે અનાદિકાળથી જ્ઞાયક મારો સ્વભાવ છે અને રાગ તે જ્ઞાનમાં જ્ઞેય તરીકે જણાય છે, એવું ભેદજ્ઞાન નહિ હોવાથી રાગ અને આત્મા એક છે એમ માને છે. તે આત્માનો સ્વભાવ સ્વ—પર પ્રકાશક છે તેમ ન માનતાં રાગાદિમાં એકપણું કરે છે. તે અંશને આત્મા સ્વીકારતો મિથ્યાત્વ અને અજ્ઞાનનો કર્તા થાય છે.

હું જાણનાર છું, દયા—દાન આદિના પરિણામ અભાવ સ્વભાવવાળો છું—એમ ન માનતાં, હું તે વિકારી ભાવવાળો છું—એમ વિકારનું કર્તાપણું સ્વીકાર્યું ત્યાં અજ્ઞાનભાવે તે ભાવ કર્મનો કર્તા છે એમ સ્વીકારવું પણ કર્મનો ઉદય આવ્યો માટે વિકાર થયો એમ સમજવું નહિ. ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ છે, એનું વર્તમાન સમય સમયનું જ્ઞાન જે જાતનું પ્રગટે તે વખતે તે જાતના દયા, દાન, ભક્તિ આદિના ભાવ થાય છે, તેને જાણવાની તાકાત લઈને તે ઉત્પન્ન થયું છે. તેમાં સ્વ અને પરને જાણવાનું સામર્થ્ય છે—એમ ન સ્વીકારતાં દયા-દાનાદિવાળો હું છું—એમ અજ્ઞાની માને છે; તે અજ્ઞાનરૂપે થતો હોવાથી તેને કર્તાપણું છે એમ માનવું.

આત્મા ત્રિકાળ છે. તે જો જ્ઞાયકપણે રહે તો તે રાગાદિ પરિણામોનો જાણનાર રહે છે પણ જાણનાર ન રહેતાં તે વખતે જે મિથ્યાત્વાદિ ભાવો થાય છે તે મારું કાર્ય છે એમ વિકારને ભાળે છે. પણ જ્ઞાયક એવા આત્માને ભાળતો નથી. તે વિકારનો કર્તા થાય છે. આ વાત શાંતિથી સમજવી જોઈએ. અનાદિથી પોતાનો દોષ પર ઉપર નાખ્યો છે. આત્મા છે એને કરવાપણું હોય છે તે પર્યાયમાં છે; તે કરવાપણું કર્મ ઉપર નાખે તો પોતાને કરવાપણું રહેતું નથી. ત્રિકાળી સ્વભાવ તો જ્ઞાયક છે, તેમાંથી તો જ્ઞાન જ થવું જોઈએ એટલે કે રાગ થતી વખતે જ્ઞાન ભાસવું જોઈએ, એને બદલે રાગ ભાસે છે, તે જ રાગનું કર્તાપણું છે.

જ્ઞાયકસ્વભાવી આત્મા છે તેનાં બે પડખાં છે. એમાં એક તો ત્રિકાળી છે તે સામાન્ય એકરૂપ જ રહે છે. એમાં પલટો ખાતો નથી. પણ બીજું પડખું જે વિશેષ છે તે આત્માના જ્ઞાયકભાવના લક્ષે થાય તો એમાં વિકાર થતો જ નથી પણ તે

વખતે કર્મની રુચિ કરતાં અને સ્વભાવની રુચિ છોડતાં રાગનો જ્ઞાતા રહેતો નથી પણ રાગ તે હું છું—એમ રાગનો કર્તા થાય છે, તે જ સંસાર છે. જેમ ગોળનો રવો હોય તે ઓગળે તો તેમાંથી ગળપણ જ ઝરે છે. તેમ આત્મા જ્ઞાયક છે તેની પરિણતિ જ્ઞાનરૂપે જ હોય છે પણ જ્ઞાનરૂપે ન રહેતાં અનાદિ કાળથી રાગ-દ્વેષ અને આત્માના ત્રિકાળી સ્વભાવના જુદાપણાના જ્ઞાનનો અભાવ હોવાથી પરને પોતારૂપે જાણતો એટલે કે આત્મા જ્ઞાયક ત્રિકાળ સ્વભાવી છું એમ નહિ માનતો, વર્તમાન પર્યાયમાં રાગની રુચિ કરીને સ્વ-પરપ્રકાશક સ્વભાવના સામર્થ્યને ચૂકી જાય છે માટે અજ્ઞાનરૂપ પરિણમન કરે છે તેથી તે ભાવકર્મનો કર્તા છે, એમ માનવું.

અહીં ટૂંકાણમાં આચાર્ય ભગવાને ચૌદ પૂર્વનો સાર સમાડી દીધો છે. આ અંતરની વાત છે, બહારની ક્રિયા સાથે આને સંબંધ નથી. ભેદ વિજ્ઞાન ન થાય ત્યાં સુધી અજ્ઞાનભાવે જીવ વિકારનો કર્તા છે, એમ માનવું. કર્મના ઉદય પ્રમાણે રાગ થાય, એ વાત તો અહીં રહેતી જ નથી અને જે પરમાં કર્તાપણું માને છે તેને તો અંતરમાં જોવાનો અવકાશ પણ રહેતો નથી. જ્ઞાતાનું કાર્ય જ્ઞાન છે—એમ ન માનતાં, જ્ઞાતાનું કાર્ય રાગ છે—એમ સ્વીકાર્યું તે અધર્મની ક્રિયા છે અને જ્ઞાતાનું કાર્ય જ્ઞાન છે એમ સ્વીકારવું તે ધર્મની ક્રિયા છે. જેણે રાગને સારો માન્યો તેણે આત્માને સારો માન્યો નહિ.

આ કર્તાપણું ત્યાં સુધી સ્વીકારવું કે જ્યાં સુધી ભેદવિજ્ઞાનની આદિથી જ્ઞેય અને જ્ઞાનના ભેદ વિજ્ઞાનથી પૂર્ણ અર્થાત્ ભેદવિજ્ઞાન સહિત થવાને લીધે આત્માને જ આત્મા તરીકે જાણતો એવો તે જ્ઞાયકભાવ, વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ જ્ઞાન પરિણામે પરિણમતો થકો (–જ્ઞાનરૂપ એવું જે જ્ઞાનનું પરિણમન તે રૂપે જ પરિણમતો થકો) કેવળ જ્ઞાતાપણાને લીધે સાક્ષાત્ અકર્તા થાય.

આત્મા આત્માને પૂર્ણ ભેદ વિજ્ઞાન દ્વારા એટલે કે સમ્યક્જ્ઞાન દ્વારા જાણે, તે આત્માની વિશેષ વર્તમાન દશા છે. એવો જ્ઞાયકભાવ પર્યાયમાં પણ જ્ઞાનરૂપે જ પરિણમે (જ્ઞાનરૂપ કહેતાં એમ દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે સમાઈ જાય છે.) ત્યારે સાક્ષાત્ જ્ઞાની થાય છે. તે આત્મા અકર્તા છે, એમ જાણવું.

**ભાવાર્થ :—**કેટલાક નામધારી જૈન મુનિઓ પણ સ્યાદ્વાદ—વાણીને બરાબર નહિ સમજીને સર્વથા એકાંતનો અભિપ્રાય કરે છે અને વિવક્ષા પલટીને એમ કહે છે કે આત્મા તો ભાવ કર્મનો અકર્તા જ છે. તે શ્રાવક નામ ધરાવે કે મુનિ નામ ધરાવે તો પણ તે મિથ્યાદ્રષ્ટિ જ છે. શ્રીમદે આત્મસિદ્ધિ શાસ્ત્રમાં કહ્યું છે કે “વિચરે ઉદય પ્રયોગ.” એનો અર્થ એવો નથી કે કર્મના ઉદય પ્રમાણે આત્મામાં રાગાદિક ભાવો થાય; પણ ત્યાં તો પૂર્વ કર્મના કારણે શરીરાદિ વિકારની ક્રિયા

થાય એમાં આગ્રહ કરે નહિ પણ તેનો જ્ઞાતા રહે, જડની ક્રિયાનો સ્વામી થાય નહિ—એમ એનો અર્થ છે.

અજ્ઞાની માને છે કે આત્મામાં ઓછું જ્ઞાન થાય છે. વધારે જ્ઞાન થાય, સુખ દુઃખની અવસ્થા થાય, ઊંધી શ્રદ્ધા થાય, અસંયમભાવ થાય, આત્મા ઊંચે નીચે જાય અને આત્મામાં શુભ-અશુભભાવ થાય—એ બધાયને કર્મ જ કરે છે. જીવ તો અકર્તા છે.

*

## શ્રી સમયસાર : ગાથા ૩૩૨—૩૪૪, ભાવાર્થ

*(આસો વદ ૮, મંગળવાર, ૨૦૦૭, તા. ૨૩-૧૦-૫૧)*

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. એમાં કહે છે કે આત્મા પોતે પોતાની પર્યાયમાં ભૂલે છે અને ભાન કરે તો પણ પોતે કરે તો થાય છે છતાં અજ્ઞાની શાસ્ત્રમાં નિમિત્તનું કથન આવે કે કર્મના કારણે આત્મા મોહ કરે છે, તેને એમ જ માની પોતે દોષ કરવા છતાં કર્મ ઉપર નાખે છે, તે વાતને સ્પષ્ટ કરે છે.

વળી અજ્ઞાની જેને પોતાના આત્મસ્વભાવનું ભાન નથી, એવા નામધારી સાધુઓ શાસ્ત્રનો પણ એવો જ અર્થ કરે છે કે વેદના ઉદયથી સ્ત્રી—પુરુષનો વિકાર થાય છે એટલે કે પુરુષવેદના ઉદયથી સ્ત્રી સાથે રમવાના ભાવ થાય છે અને સ્ત્રી વેદના ઉદયથી પુરુષ સાથે રમવાનો ભાવ થાય છે અને ઉપઘાત તથા પરઘાત પ્રકૃતિના ઉદયથી પરસ્પર ઘાત પ્રવર્તે છે એટલે કે ઉપઘાત પ્રકૃતિનો ઉદય હોય તો પોતાનો ઘાત કરવાનો ભાવ થાય અને પરઘાત પ્રકૃતિનો ઉદય હોય તો પરને ઘાત કરવાનો ભાવ થાય છે. આ પ્રમાણે જેમ સાંખ્યમતી બધુંય પ્રકૃતિનું જ કાર્ય માને છે અને પુરુષને અકર્તા માને છે તેમ, પોતાની બુદ્ધિના દોષથી આ મુનિઓનું પણ એવું જ એકાંતિક માનવું થયું; માટે જિનવાણી તો સ્યાદ્વાદરૂપ હોવાથી, સર્વથા એકાંત માનનારા તે મુનિઓ પર જિનવાણીનો કોપ અવશ્ય થાય છે. આ રીતે જે શાસ્ત્રનો અર્થ સમજતા નથી, તે શ્રાવક હોય કે મુનિ હોય પણ તે સાંખ્યમતીની જેમ ગૃહીત મિથ્યાદ્રષ્ટિ છે.

જિનવાણીના કોપના ભયથી જો અજ્ઞાની વિવક્ષા પલટીને એમ કહે કે "ભાવકર્મનો કર્તા કર્મ છે અને પોતાના આત્માનો અર્થાત્ પોતાનો કર્તા આત્મા છે એ રીતે અમે આત્માને કથંચિત્ કર્તા કહીએ છીએ. તેથી વાણીનો કોપ થતો નથી."—તો આ તેમનું કહેવું પણ મિથ્યા જ છે. આત્મા દ્રવ્યે નિત્ય છે. અસંખ્યાત પ્રદેશવાળો છે. લોક પરિમાણ છે. તેથી તેમાં તો કોઈ નવીન કરવાનું છે નહિ; અને

જે ભાવકર્મરૂપ પર્યાયો છે તેમનો કર્તા તો મુનિઓ કર્મને જ કહે છે; માટે આત્મા તો અકર્તા જ રહ્યો ! તો પછી વાણીનો કોપ કઈ રીતે મટ્યો? માટે આત્માના કર્તાપણા અને અકર્તાપણાની વિવક્ષા યથાર્થ માનવી—તે જ સ્યાદ્વાદનું સાચું માનવું છે. આત્માના કર્તાપણા—અકર્તાપણા વિષે સત્યાર્થ પ્રરૂપણા આ પ્રમાણે છે :—

આત્મા સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે. પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે અનાદિકાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવે લીધે, જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે. તેથી એ રીતે વિશેષ અપેક્ષાએ અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી કર્તા છે.

આત્મા સ્વભાવ અપેક્ષાએ તો જ્ઞાનસ્વરૂપ જ છે, એમાં ફેરફાર થતો નથી. આત્મા તો ત્રિકાળ જ્ઞાન સ્વભાવી હોવા છતાં વર્તમાનમાં જ્ઞાનની પર્યાય વખતે 'હું જ્ઞાન છું' એમ ન માનતાં 'હું રાગ દ્વેષાદિવાળો છું' એમ માની બેસે છે, તે જ એનું કર્તાપણું છે. જેમ ઘઉંનો લોટ છે તે તેનું સામાન્યપણું છે અને એમાંથી ભાખરી, પૂરી, રોટલી વગેરે થાય છે તે તેનું વિશેષ છે. તે વિશેષમાં પણ લોટ તો લોટરૂપે જ છે, તેમ આત્મા જ્ઞાનસ્વભાવે તો ત્રિકાળ એકરૂપ છે, તેના વિશેષમાં એટલે કે પર્યાયમાં 'હું જ્ઞાન છું' એમ ન સ્વીકારતાં 'હું રાગ છું' એમ જે સ્વીકારે છે, તે રાગાદિભાવોનો કર્તા છે.

અનાદિથી આત્માનો ત્રિકાળી ચૈતન્ય જ્ઞાતાસ્વભાવ તો એવો ને એવો છે. એકેન્દ્રિયથી માંડીને સિદ્ધ સુધીના બધા જીવોનો સ્વભાવ તો જ્ઞાન જ છે. તેની વર્તમાનદશામાં તો જાણવું તે જ તેનું સામર્થ્ય છે. જાણપણારૂપે ન રહેતાં ''હું રાગાદિ વિકારરૂપ છું, દયા-દાનાદિના ભાવો થાય તે જ હું છું'' એમ અજ્ઞાની માને છે ને એ જ એની ભૂલ છે. આત્મા સ્વર્ગ, નરક, મનુષ્યાદિ ગમે તે ગતિમાં હોય પણ તેનો સ્વભાવ તો સ્વ—પરને જાણવાનો છે. સ્વની રુચિ છોડીને પરની રુચિ કરીને રાગાદિ થાય, તેનો કર્તા થાય છે પણ તેનો જાણનાર રહેતો નથી, તે અજ્ઞાનરૂપે પરિણમે છે. તે તેનું કર્તાપણું છે.

આત્મા છે. તે ક્યારે ન હોય ? સદાય છે, છે ને છે. એની જ્ઞાનશક્તિ પણ ત્રિકાળ છે. તેનું ચાલુ વર્તમાન જ્યારે જ્યારે જ્ઞાનપણે થાય છે તે વખતે રાગાદિની વૃત્તિ હોય છે. તેને જાણનાર આત્મા છે—એમ ન માનતાં તે રાગાદિ જેટલો જ આત્મા છે, એમ માનવું, તે જ મિથ્યાત્વ અને સંસાર છે. જેટલાં પ્રમાણમાં રાગ થાય છે તેને જાણતું જ્ઞાન તે જ સમયે હોય છે. તે જ્ઞાને સ્વને જાણતાં પરને જાણવાના સામર્થ્યવાળું હોવા છતાં તેને રાગ અને પુણ્ય તરફ વાળી તે રાગને અને આત્માને એક કરતો અજ્ઞાનરૂપ જ્ઞાન પરિણમન કરે છે.

આત્મવસ્તુને અનંતકાળથી જીવ સમજ્યો નથી તેથી સંસાર છે. જે ચીજ છે તે પોતાના ઘરમાંથી એટલે સ્વભાવમાંથી પ્રગટ થાય છે છતાં તે ઘરને ન માનતાં પરને પોતાનું માને છે તે જ ભૂલ છે. જો કોઈ ચોર કોઠીમાંથી દાણા ચોરી જતો હોય અને રસ્તામાં દાણા વેરાયા હોય તે દાણા પોતાની કોઠીના હોવા છતાં ચોરના દાણા માને તો તે બરાબર નથી તેમ ચૈતન્ય કોઠીમાંથી સમયે-સમયે જ્ઞાનનો પર્યાય વહે છે. તે વખતે રાગાદિ થાય છે, તેને જાણવાનો તે જ્ઞાનનો સ્વભાવ છે. તે વખતે 'આ જ્ઞાન મારું છે' એમ માનતો નથી. એટલે કે જ્ઞાન જેમાંથી આવે છે એનું નથી પણ રાગનું છે, એમ તે જ્ઞાન માને છે તેથી તે મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા થાય છે એટલે જ્ઞાનને અજ્ઞાનરૂપ કરતો કર્તા થાય છે. તે અજ્ઞાન આત્મા પોતે કરે છે, કર્મ કરાવતું નથી.

જ્ઞાનકાળ સ્વનો છે એમ ન માનતાં આ કાળ રાગનો છે એમ માનવાથી રાગના કર્તાપણાની ઉત્પત્તિ થાય છે. એને વિશેષ અપેક્ષાએ જ્ઞાનની પર્યાય અજ્ઞાનરૂપ પરિણમે છે એમ કહ્યું છે. જ્ઞાનસંપદા આત્મામાં છે, બહાર લેવા જવી પડે એમ નથી પણ એનો કાળ આવે છે ત્યારે તેને ભૂલીને પરમાં લેવા જાય છે. તેથી અજ્ઞાનભાવનો કર્તા થાય છે.

જ્યારે ભેદજ્ઞાન થવાથી આત્માને જ આત્મા તરીકે જાણે છે ત્યારે વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામે જ પરિણમતો થકો કેવળ જ્ઞાતા રહેવાથી સાક્ષાત્ અકર્તા છે. જ્ઞાનસ્વભાવ જ એવો છે કે સ્વને જાણતાં રાગાદિ જણાઈ જાય છે. તે રાગાદિ પરિણામોને જ્ઞેય તરીકે જાણવાની જરૂર પડતી નથી. "હું આત્મા જ્ઞાનસ્વભાવી છું, પરના અવલંબન વિનાનો છું અને મારી અવસ્થા તે જ્ઞાન છે"—એમ કેવળ જ્ઞાતા રહેવાથી સાક્ષાત્ અકર્તા છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :

## કળશ ૨૦૫

**અર્થ :—**આ અર્હંતના મતના અનુયાયીઓ અર્થાત્ જૈનો પણ આત્માને, સાંખ્યમતીઓની જેમ (સર્વથા) અકર્તા ન માનો; ભેદજ્ઞાન થયા પહેલાં તેને નિરંતર કર્તા માનો અને ભેદજ્ઞાન થયા પછી ઉદ્ધત જ્ઞાનધામમાં નિશ્ચિત એવા આ સ્વયંપ્રત્યક્ષ આત્માને કર્તાપણા વિનાનો, અચળ, એક પરમ જ્ઞાતા જ દેખો.

વીતરાગ, સર્વજ્ઞદેવ, અર્હંત, પરમેશ્વર, ત્રિલોકનાથ દેવાધિદેવ જેનાં ચરણ ઇંદ્રો સેવે છે તે અર્હત્ એટલે પૂજનીય છે એવા ભગવાનને જો તમે માનતા હો તો સાંખ્યમતીઓની જેમ આત્માને સર્વથા અકર્તા ન માનો વીતરાગદેવને માનીને

વીતરાગતા પ્રગટ કરવી હોય તો અથવા તો વિકારને જીતવો હોય તો જે વખતે આત્મામાં વિકાર થાય છે, તે વખતે તે વિકાર કર્મ કરાવે છે—એમ ન માનો.

જેમ લૌકિકમાં ચોરી કરનાર કે જૂઠું બોલનાર માણસ હોય તો તે એમ કહે છે કે શું અમે ચોરી કરનાર છીએ ? શું અમે જૂઠું બોલતા હશું ? એમ કહીને ઊંડાણમાં એને એમ છે કે 'આ હું કરું છું તે ઠીક નથી'—એમ લૌકિક બહાને પણ કહે છે એમ ધર્મને બહાને દરેકને વીતરાગતા પ્રગટ કરવી છે એટલે કે વીતરાગતા વહાલી છે. કેમ કે જગતમાં પ્રસિદ્ધ છે કે રાગ કરવો ઠીક નથી તો આ રીતે વીતરાગતા બરાબર રુચતી હોય છે તો રાગની પર્યાય થાય છે તેનો કર્તા, કર્મ છે એમ ન માનો. એમ માનવાથી પરતંત્રતા આવે છે. ને રાગ ટાળવાની સ્વતંત્રતા રહેતી નથી.

જગતમાં વીતરાગતા અને પૂર્ણજ્ઞાન પૂજ્ય હોય કે રાગ અને અપૂર્ણ જ્ઞાન ? રાગભાવ તથા અપૂર્ણ જ્ઞાન પૂજ્ય હોય નહિ. વીતરાગતા અને પૂર્ણ જ્ઞાન જ પૂજનીય છે અને તે વીતરાગી દશા અને સર્વજ્ઞતા અર્હંતને પ્રગટ થયેલ છે; એવા અર્હંતને તમે માનતા હો તો 'પર વિકાર કરાવે છે'—એમ ન માનો. જો વિકાર બીજો કરાવે એમ માનવામાં આવે તો તે પોતે સ્વતંત્રપણે તેનો અભાવ પણ કરી શકે નહિ. માટે પરના કારણે વિકાર થાય એમ માનનાર, વ્યવહારે પણ અર્હંતને માનતો નથી.

આ વાત બહુ વાર કહેવાની જરૂર એટલા માટે છે કે **જૈન સંપ્રદાયમાં રહીને પણ અજ્ઞાની પોતાના દોષને કર્મ ઉપર નાખે છે** તેથી તે વાતને અહીં વિશેષ સ્પષ્ટ કરે છે કે જ્યાં સુધી ભેદજ્ઞાન ન થયું હોય ત્યાંસુધી અજ્ઞાનથી પોતાના ભાવકર્મનો કર્તા આત્મા છે એમ માનો અને ભેદજ્ઞાન થયા પછી જ્ઞાનના પરિણામની અધિકાઈ થઈ અને વિકારની ગૌણતા થઈ એટલે વિકારી ભાવનો કર્તા રહેતો નથી. અજ્ઞાનીને વિકારની મુખ્યતા હોય છે તેથી તે વિકારી ભાવનો કર્તા છે. એ જ ફેર છે.

જ્ઞાનથી સ્વસંવેદન થતાં સ્વયં જ્ઞાનસ્વભાવે અધિક છું, અચળ છું. રાગાદિને જાણનાર છું એમ જ્ઞાનની પર્યાય સ્વમાં અભેદ થાય છે, એમ પરમ જ્ઞાતા જ આત્માને દેખો.

**ભાવાર્થ :—**સાંખ્યમતીઓ પુરુષને એટલે કે આત્માને સર્વથા એકાંતથી અકર્તા, શુદ્ધ ઉદાસીન ચૈતન્યમાત્ર માને છે. આવું માનવાથી પુરુષને સંસારના અભાવનો પ્રસંગ આવે છે અને જો પ્રકૃતિને સંસાર માનવામાં આવે તો તે પણ ઘટતું નથી, કારણ કે પ્રકૃતિ તો જડ છે, તેને સુખદુઃખ આદિનું સંવેદન એટલે કે

અનુભવન હોતું નથી. તો પછી તેને સંસાર કેવો ? આવા અનેક દોષો એકાંત માન્યતામાં આવે છે. સર્વથા એકાંત વસ્તુનું સ્વરૂપ જ નથી. માટે સાંખ્યમતીની જેમ જૈન નામધારી શ્રાવક કે સાધુ એ પ્રમાણે માને તો તે પણ મિથ્યાદ્રષ્ટિ છે.

તેથી આચાર્યદેવ ઉપદેશ કરે છે કે—સાંખ્યમતીઓની જેમ જૈનો આત્માને સર્વથા અકર્તા ન માનો; જ્યાંસુધી સ્વ-પરનું ભેદવિજ્ઞાન ન હોય ત્યાંસુધી તો તેને રાગાદિકનો—પોતાના ચેતનરૂપ ભાવકર્મોનો કર્તા માનો અને ભેદવિજ્ઞાન થયા પછી શુદ્ધ વિજ્ઞાનઘન, સમસ્ત કર્તાપણાના ભાવથી રહિત, એક જ્ઞાતા જ માનો. આત્મા અખંડ છે. તે પર્યાયમાં ખંડખંડ થતો હતો. તે સ્વભાવદ્રષ્ટિ થતાં જ્ઞાનઘનરૂપ થયો. જેમ પાણીનું પૂર પૂલના થાંભલાને લઈને તૂટી જતું હતું, તે પૂર પાછું એકરૂપ થઈ જાય છે તેમ આત્માનું જ્ઞાન પુણ્ય-પાપમાં અટકતું ખંડખંડ થતું હતું, તે હવે પુણ્ય-પાપમાં નહિ અટકતાં તેનો જ્ઞાતા જ રહે છે.

આમ એક જ આત્મામાં કર્તાપણું તથા અકર્તાપણું—એ બન્ને ભાવો વિવક્ષાવશ સિદ્ધ થાય છે. આવો સ્યાદ્વાદ મત જૈનોનો છે અને વસ્તુ સ્વભાવ પણ એવો જ છે, કલ્પના નથી. આવું સ્યાદ્વાદ અનુસાર માનવાથી પુરુષને સંસાર-મોક્ષ આદિની સિદ્ધિ થાય છે. સર્વથા એકાંત માનવાથી સર્વ નિશ્ચય-વ્યવહારનો લોપ થાય છે.

***